અમદાવાદમાં "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

प्रकाशकनुं निवेदन

"विविध ग्रंथमाळा"ना सं. १९९१ ना वर्षना प्रथम पुस्तक अने सळंग ग्रंथांक २६५,२६६ तरीके आ "हृदय तरंग" अने "ब्राह्मणनी गौ" सादर थाय छे. उपरनां बन्ने पुस्तको जुदां जुदां, मूळ हिंदी भाषामां, गुरुकुल कांगडीना अध्यापक अने एक वखतना त्यांना आचार्य पंडित श्री देवशर्मा "अभय"नां लखेलां छे.

आ ग्रंथना मूळलेखक पंडित देवशर्माजी अने आ ग्रंथमांना पहेला पुस्तक "हृदयतरंग" विषे, हिंदी साहित्यकार पं. पद्मसिंह शर्माए पोतानो परिचय दर्शाव्यो छे. आ ग्रंथमां ते आ पछीनां पृष्ठोमां अपायेलो जणाशे.

"हृदयतरंग"मां लेखके पोताना हृदयनी ऊर्मिओ वाचक समक्ष मूकी छे. ए ऊर्मिओ केटली ओजस्वी छे ते, ए पुस्तक उपर उपरथी वांचनारने पण सहजे समजाइ जाय तेवुं छे; तो पछी तेने विचार अने मननपूर्वक वांचनारने तो पोताने जरूरी एवा अनेक उदेश मळी आवे ते स्वाभाविक छे. ए संबंधे अत्र कंइ नथी लख्युं. ए माटे आ पछीनां पृष्ठोमां श्री. पद्मसिंह शर्माए आपेलो परिचय वांचवा विनति छे.

"हृदयतरंग" पूरुं थतां ते पछी, "ब्राह्मणनी गौ" नामक पुस्तक जोडायेलुं छे. एमां अथर्ववेदना ब्रह्मगवी सूक्त (पांचमा कांडना १८मा सूक्त)नो अनुवाद अपायो छे.

आपणा वेदोनी प्राचीन भाषा, अत्यारे पण कठण लागती संस्कृत भाषा करतां सेंकडो वर्ष पूर्वेनी छे. संस्कृत भाषाना ग्रंथोना अनुवाद आजे मात्र विद्वानोज करी शके छे. परंतु आ प्राचीन वेदनी भाषाने अत्यारनी आपणी प्रचलित भाषामां उतारवानुं काम एवा विद्वानोने पण घणुं कठण जणायुं छे. एनो अनुवाद श्री. देवशर्माजीए आ पुस्तक द्वारा आपणने आप्यो छे.

ब्रह्मगवी सूक्तनो विषय वगेरे पंडितजीए पोतानी प्रस्तावनामां दर्शाव्यो छे अने तेनुं विशेष स्पष्टीकरण, तेना प्रारंभिक विवेचनमा आपीने राजा-प्रजाना संबंधनुं तादृश वर्णन रजु कर्युं छे.

वाचक आ बन्ने पुस्तकोने विचारपूर्वक वाचशे तो तेमांथी तेने नवीन विचारश्रेणी प्राप्त थशे, अने पोते विशेष उन्नत थवा प्रेराशे.

परम सुहृद परमेश्वरना स्मरणपूर्वक ॐ तत्सत्

श्रावणी पूर्णिमा—सं. १९९० भिक्षु—अखंडानंद

हृदय-तरंगनी लेखकनी प्रस्तावना

મારા માનસસરોવરમાં ઉત્પન્ન થએલી આ વિચારતરંગાવલિને ભાષાની અકૃત્રિમ ચિત્રકળા દ્વારા ભાષાનું રૂપ આપીને 'હૃદયતરંગ' એવા નામથી સહૃદય વાચકોની આગળ ધરવામાં આવે છે. તેમાં રંગવિનાનાં સાદાં ૨૧ ચિત્રો છે. ભગવાને જો મને કવિત્વશક્તિ આપવાની કૃપા કરી હોત તો હું આ ચિત્રો ઉપર કવિતાનો રંગ ચઢાવત અને તેથી ઘણા વાચકોનું મનરંજન કરી શકત; પણ મારી પાસે કવિતાની કળા નથી એટલે હું નિરુપાય છું. આજના છાપખાનાના જમાનામાં હરકોઈ પોતાને મનમાં આવે તેવું લખી મારીને છપાવી શકે છે, તો પછી આ નિર્દોષ ચિત્રો પણ છપાય તેમાં કશું હાનિ જેવું તો નથીજ. કદાચ એમ પણ બને કે કોઇકોઇ લોક તેમને જોઇને પ્રસન્ન પણ થાય, અથવા મારા જેવા માનસવાળા લોકો આ તરંગોમાં ઝૂલવાનો આનંદ પણ માણે. મતલબકે આ ચિત્રો વાચકોના માનસસરોવરમાં પણ જો એવાજ તરંગો ઉત્પન્ન કરી શકતાં હોય તો તો થોડો ઘણો લાભ પણ છે. અને જો આ ચિત્રો કોઇક વિરલાને પણ 'સત્યધર્મ'નું સ્વરૂપ બતાવી દેવામાં સાધન-રૂપ નીવડે ત્યારે તો તેમને આલેખ્યાનો બધોજ શ્રમ સફળ થયો મનાય.

છેવટમાં એટલુંજ કહેવાનું છે કે આ નિબંધોમાંનો એક શબ્દ પણ લેખકે પૂર્ણ વિચાર કર્યા વગર નથી લખ્યો. આથી કરીને વાચક પણ જો તેને ઊંડા વિચારપૂર્વક વાંચશે, કોઇ વાર ચોક્કસ પ્રકારની મનોદશા હોય ત્યારે તેમાંનાં કોઇ કોઇ વાક્યો વાંચી જોશે—એક વાર નહિ, બે વાર નહિ પણ વારંવાર તેનું પારાયણ કરશે તો આશા છે કે આ લેખમાળા વાચકની પણ સારી સેવા બજાવશે.

ગુરુકુળ કાંગડી,
વૈશાખ ૧૩, ૧૯૮૩.

વાચકોનો સેવક
અભય

हृदय-तरंगनो परिचय

अंग्रेजीमां એક કહેવત છે કે "કોઇ પણ વૃક્ષ તેનાં ફળ વડે ઓળખાય છે" પણ કોઈ કોઈ વાર એવું પણ બને છે કે તદ્દન નવી જાતનાં ફળ પોતાના અપ્રસિદ્ધ વૃક્ષને ઓળખાતાં કરે છે. ફળની સુસ્વાદુતા, ઉત્તમતા એજ તેનું મુખ્ય કારણ હોય છે. એટલા માટે ફળના ગુણદોષની પરીક્ષા કરવાનું કામ તેનો સ્વાદ લેનાર સહૃદય વાચકવર્ગને સોંપી દઈને અમે અત્યારે તેને જન્મ આપનાર વૃક્ષનુંજ ઓળખાણ કરાવીશું.

આ વિચાર–તરંગોના સાગર પંડિત દેવશર્માજી કાંગડી ગુરુકુળના એક સાત્ત્વિક સ્નાતક અને ત્યાંના વેદશાસ્ત્રના અધ્યાપક છે.* શરીરે તેઓ એકવડા બાંધાના અને સુકલકડી સરખા દેખાય છે. એમનું વય પણ ત્રીસ વર્ષ કરતાં વધારે નથી. પણ આ તરુણ તપસ્વીનાં સંયમ અને તપને જોઇને વયોવૃદ્ધ અને લાંબા સમયથી સાધુઓના ધર્મ પાળવાનો દાવો કરનારા જૂના જોગીઓના મોંઢામાંથી પણ જો તેમનામાં સત્યજ કહેવાની હિમ્મત હોય તો એક વાર તપસ્વી અર્જુનને જોઇને ઇંદ્રે ઉચ્ચારેલા ઉદ્ગાર આપોઆપ નીકળીજ જાય કેઃ—

" त्वया साधुसमारम्भि नवे वयसि यत्तपः ।
ह्रियन्ते विषयैः प्रायो वर्षीयांसोऽपि मादृशाः ॥ "

વિદ્યાનીજ આરાધના કરવાનું વ્રત લઈ બેઠેલા આ વ્રતધારીને શુદ્ધ સ્નાતક થયા પછી ગૃહસ્થાશ્રમને યોગ્ય થયાને પણ કેટલાંક વર્ષ વીતી ગયાં છે; તે પોતાના વૃદ્ધ પિતાના એકના એકજ પુત્ર છે. પણ તે છતાં પોતે ગૃહસ્થાશ્રમી નથી બનતા તે નથીજ બનતા. પહેલાંની પેઠેજ હજી પણ બ્રહ્મચર્યનું બરાબર પાલન કરી રહ્યા છે. બ્રહ્મચારી અવસ્થાનો પોશાક હજી તેમના અંગ ઉપરથી ઉતર્યો નથી. હજી એની એજ દિનચર્યા, એનું એજ ભૂમિશયન, એનું એજ કૌપીનધારણ અને એનું એજ સ્વાદરહિત ભોજન તેમનું ચાલુ છે. "शरीर-बद्धः प्रथमाश्रमो यथा।"—તેમની શાન્ત વિનયપૂર્ણ મુખાકૃતિ પણ હજી તેની તેજ છે. મિતભાષીપણું જે વિચારશીલતાનું લક્ષણ છે અને સચ્ચારિત્ર્ય, વિનય વગેરે જે કુલીનતાનાં લક્ષણ છે તેના તેઓ સુંદર ઉદાહરણસ્વરૂપ છે. તેમને દંભરહિત, સ્વાભાવિક, અકૃત્રિમ

* ગયે વર્ષે આચાર્યની જગાએ પણ હતા. —અનુવાદક

સરળતા અને શાંતિનો અનુભવ કરીએ તો એવા જગાએ [illegible]
[illegible] મળી નથી.

પંડિત દેવશર્માજી મહાત્મા ગાંધીજીના દઢ ભક્ત અને સાચા અનુયાયી છે. પોતાના જીવનના આદર્શ જેવા ગાંધીજીની માફક તેઓને પણ ઇશ્વરની અનન્ય ભક્તિ ખૂબ લાગેલી છે અને જ્ઞાનમાર્ગના આનંદમાં મસ્ત રહેવું તેમને ખૂબજ ગમે છે. તેઓ કહે છે, મનુષ્ય માત્રે [illegible]-જીવનનું સત્ય સમજવું જોઈએ; તેમના [illegible] ગાંધીજીની અગાઉ [illegible] જેવી [illegible] પણ નથી. તેમનો બેસવા ઉઠવાનો ઓરડો પણ તેમના જેવોજ સાદો, પવિત્ર અને ઉજ્જવળ નમૂનો છે. જમીન પર એકાદ કામળો પાથરેલો હોય, તેના ઉપર એક બાજુએ કેટલાંક પુસ્તકો અને કાગળ ખડીઆ પડ્યાં હોય; બીજી બાજુએ એક બે રેંટીઆ અને પૂણીઓ પડ્યાં હોય—બસ આટલોજ તેમની ઓરડીનો [illegible] સરસામાન અથવા શણગાર—જે કહો તે. વરસ વરસનાં વ્રત અને ઉપવાસાદિ કરી કરીને તેમણે પોતાના શુષ્ક શરીરને વધારે શુષ્ક બનાવી દીધું છે; તોપણ તેમના શરીરમાં બળ અગર ચેતનશક્તિનો કદી અભાવ જણાતોજ નથી. તેઓ જે કાંઇ કરે છે અથવા આચરે છે તે માત્ર પોતાનું કર્તવ્ય છે એમ સમજીનેજ, ખૂણામાં બેસીનેજ, શોરબકોર કર્યા વગર શાન્તપણે, સાચી નિષ્ઠાપૂર્વક કર્યે જાય છે. તેઓ પોતાની જાહેર ખબરની દાંડી નથી પીટતા, તોપણ આ જાહેર ખબરીઆ જમાનામાં આવું રત્ન ઢાંક્યું રહેજ કેવી રીતે? સુકા પાંદડાના ઢગલાની વચ્ચે દબાએલા, ઢંકાએલા ફૂલને શોધનારની ચકોર આંખો શોધી કાઢે છે.

" निगाहें कामिलों पर पड ही जाती हैं जमानेकी ।
कहीं छिपता है 'अकबर' फूल पत्तोंमें निहाँ हो कर ॥"

આખરે તેમના મિત્રો તેમને છાપાંના બજારમાં ખેંચી લાવ્યા; તેમના એકાન્તવાસમાંથી બહાર કાઢીને તેમને જાહેર પ્રજાની નજર આગળ ખડા કરી દીધા. જે રત્ન તે પોતાની પાસે સંતાડી રાખતા હતા તે આજે છાપખાના ઉપર ચડે છે અને કાલે તેને વાંચતા થઇ જશે.

વૃક્ષનું આટલું ઓળખાણ કરાવ્યા પછી હેનાં ફળના સંબંધ-માં કશું કહેવાની ઇચ્છા તો નથીજ; પણ બે બોલ કહ્યા વગર

અમારો ઉદ્દેશ છે કે પરંપરાથી ચાલ્યા આવેલા શિક્ષણાદર્શ કોઈ ઉજ્જ્વલ કરવાનો છે। આ વિચાર-તરંગ-માળાના કર્તા મૌલિકતાના અંશ છે તેથી પ્રાચીનત્વની છાપ તેમના વિચારોમાં નહીં આવે છે. તેમના દેશકાળના વિચારો ઉપર ઘણા ભેદ રંગના છે. આથી તો મૌલિકતા રંગથી રંગાયેલા છે, પણ એ બધા ઉપર મહાત્મા શ્રી અરવિંદ મુનિના ઉપર પણ ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે છે. પ્રસ્તુત પુસ્તકમાં જે આધ્યાત્મવાદ છે તે ઉપરોક્ત અરવિંદ મુનિનો પ્રસાદ છે. આ બે મહાત્માઓના પ્રભાવ વડે પ્રભાવિત થઈને લેખક જે કંઈ લખે છે તે પોતાના દિલના સાચા ઉમંગથીજ લખે છે. તેમના વિચારોમાં મૌલિકતા છે, સ્વાભાવિકતા છે, કૃત્રિમતાની છાયા પણ નથી. લેખકે પોતાના અંતરમાં જે આવ્યું, જે અનુભવ્યું તે લખી દીધું છે.

આ "હૃદય-તરંગ" લેખકના માનસસરોવરનાં મોતી છે. પણ તેમના ઉપર પાણી નથી ચઢાવ્યું, કશી કાપકૂપ નથી કરી. ખાણમાંથી તરતનાંજ ખોદી કાઢેલાં, પહેલ પાડ્યા વિનાનાં રત્નો સરખાં છે. જેવાં ઉત્પન્ન થયાં તેવાં ને તેવાંજ લેખકે જગતની આગળ ધર્યાં છે. તેમનાં ઉપર રંગ નથી ચઢાવ્યો, તેમ કશી કારીગરી પણ નથી કરી. એને સાહિત્યની રચનાની દૃષ્ટિએ નહિ પણ તેમાં રહેલા ભાવગાંભીર્ય ઉપર નજર રાખીનેજ અવલોકવાની જરૂર છે. કોઈ વાચાળ, ચબરાક અને પોતાની મોહક શબ્દછટાથી શ્રોતાઓનાં મન હરી લેનાર વક્તાની વ્યાખ્યાનધારાની માફક નહિ પણ કોઈ સંતની મમતાળી વાણીની માફક એને સાંભળવાની જરૂર છે. તેની ભાષા સંસ્કાર વિનાની અથવા અરુચિકર છે એવું કહેવાની અમારી મતલબ નથી. ભાષા છે તો શુદ્ધ, પણ તેનામાં દાર્શનિકતા અને આધ્યાત્મિકતાનો સંભાર ભરેલો હોવાથી સામાન્ય કોટિના વાચકો પસંદ કરે એવી નથી.

*   *   *   *

છેવટે જગતના અંતર્યામી પરમાત્મા પ્રતિ અમારી એટલીજ પ્રાર્થના છે કે જે ઉદ્દેશથી આ વિચારરત્નો પ્રકટ થાય છે તે ઉદ્દેશ અને આ તરુણ તપસ્વીના શુભ સંકલ્પ સફળ થાઓ !

કાવ્યકુટિર, નાયક નગલા
ચાંદપુર, (બીજનૌર)
જ્યેષ્ઠ વદી ૩ સં. ૧૯૮૩ વિ.

પદ્મસિંહ શર્મા

બ્રાહ્મણની 'ગૌ' ની લેખકની પ્રસ્તાવના

આ વર્ષે સ્વાધ્યાયપ્રેમી સજ્જનોને તેમના અધ્યયનને માટે અથર્વવેદનું બ્રહ્મગવી સૂક્ત (પાંચમા કાંડનું ૧૮મું સૂક્ત) મારા તરફથી ભેટ ધરૂં છું. કોઇ મહાબળવાન પ્રજાદ્રોહી રાજાની સાથે એક ગરીબ બિચારા બ્રાહ્મણની ગરીબડી વાણી મુકાબલો કરવા તૈયાર થાય છે, અને અંતે એ 'બ્રાહ્મણની વાણી'નોજ અનાયાસે વિજય થાય છે, એ આ સૂક્તનો વિષય છે. આ જગત જેના ઉપર છેલ્લામાં છેલ્લી અને ઉંચામાં ઉંચી સત્તા તો એક ઈશ્વરનીજ ચાલે છે તેમાં ઉપર કહ્યો તેવો બનાવ કાંઈ એકજ વાર અને એકજ દેશમાં બનતો નથી. જગતના ઇતિહાસની આ એક કાયમની બિના છે. એ સનાતન સત્ય છે, પણ આપણે એવા છીએ કે તેને આપણી આંખ આગળ જોઇએ છીએ છતાં નથી જોતા.

ત્યારે હવે આ સત્યનું આપણને કોણ દર્શન કરાવી દે? ભારતવર્ષની માટીમાંથી ઉત્પન્ન થએલા આપણે ભારતનાં સંતાનો, જેઓ સનાતન કાળથી તાજી અને પૂર્ણ જોબનવંતી વૈદિક સભ્યતાનો વારસો ભોગવતા આવ્યા છે, તેમને આ સુંદર ઓજસ્વી સૂક્ત–ગીત સત્યનું દર્શન કરાવવામાં સહાયક નીવડે એમાં કશુંજ આશ્ચર્ય જેવું નથી.

વળી વૈદિક સૂક્તો તો રાજા અને પ્રજા બેઉના હિતને માટે છે. આ સૂક્તનો સાર્વભૌમ અને સાર્વદેશિક ઉપદેશ રાજા અને પ્રજા બેઉને હૈયે વસે તો તેમાં બેશક બેઉનું કલ્યાણ છે. આપણા રાજકર્તાઓ આ સૂક્તને સાંભળે કે ન સાંભળે તોપણ આપણે પ્રજાજનોએ તો તેમાં રહેલો બોધ ગ્રહણ કરવોજ જોઇએ. આ સૂક્તની અંદર જે મહાસત્યનું દર્શન કરાવ્યું છે તેને જો આપણે આપણાં અંતઃકરણ વડે ઝીલતા થઇએ–આ પ્રાણહીન, આશાહીન, પડેલા, પછડાએલા, છુંદાએલા ભારતવાસીઓની નાડીઓમાં નવા પ્રાણનો સંચાર થાય એમાં જરાએ સંદેહ નથી. આ સૂક્તમાં આપણે માટે આશાનો અને આત્મશ્રદ્ધાનો જીવનપ્રદ સંદેશ ભર્યો છે. એ સંદેશ જો આપણા અંતરમાં બરાબર ઉગી જાય તો ભલેને

આપણે અન્યાયની ચતુરંગિણી સેના વડે ચારે બાજુએથી ઘેરાએલા હોઈએ તોપણ આપણાં હૃદયમાંથી તો—

“અદ્ય જીવાનિ મા મૃ:”

એવી વૈખરી ગુંજી ઉઠે. “અન્યાય આજનો દહાડો ભલે જીવતો રહે, પણ આવતી કાલ તે નથીજ જોવાનો” આવી અચળ શ્રદ્ધાને લીધે ઉપર કહી તેવી અવસ્થામાં પણ આપણે નિર્ભય અને નિશ્ચિન્ત બનીને આપણા સત્યના રાહ ઉપર કૂચ કરતાજ રહીશું. આ સૂક્તના આઠમા મંત્રમાં જે દિવ્ય અસ્ત્રનું વર્ણન આવે છે અને જેને નવમા મંત્રમાં તો અમોઘ અસ્ત્ર કહ્યું છે તેને જો આપણે ખરા અંતઃકરણથી ધારણ કરી લઈએ તો આ જગતમાં એવી કોઈ શક્તિ નથી, કોઈની તાકાત નથી કે આપણને તેના પગ તળે દબાવી રાખે. આપણે ધનુષ્યબાણ અથવા તોપબંદૂકને હથિયાર સમજીએ છીએ; અહીંજ આપણી મોટામાં મોટી ભૂલ થાય છે. એવાં હથિયાર આજે આપણી પાસે નથી એમ સમજીને મનમાં દુઃખી થઈએ છીએ; પણ આપણું સાચું બળ, આપણાં સાચાં શસ્ત્રો તો સદાએ આપણી પાસેનાં પાસેજ છે અને તેમની આગળ તોપ બંદૂક તો જખ મારે છે એટલી જો આપણને ખબર પડી જાય તો પછી શું જોઈએ!

આ સૂક્તનું અધ્યયન કરતાં કરતાં ઈશ્વર પોતેજ કૃપાવંત થઈને આપણને—અસહાય થઈ ગએલા જીવોને—તેમના સાચા બળનો અનુભવ કરાવી દે અને આ સાચું અમોઘ અસ્ત્ર આપણા હાથમાં આપી દે એટલી તે જગદીશ્વરને પ્રાર્થના.

દેવશર્મા (અસંગ)

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૮	૧૯	કદી કદી	કદી
૮	૨૯	કરી કરી	કરી
૫૫	૧૧	તેઆ	તેઓ
૬૭	૬	જાને)	જાને !
૬૭	૧૩	ડબેલો	ડૂબેલો
૮૭	૧૬	ગયા ગયા છે	ગયા છે
૧૦૫	૨૬	માર	મારા
૧૧૧	૧૬	સાને	સૌને
૧૪૫	૬	(૦૧. ऋ.	(ऋ० १०-
૧૬૩	૧૩	લાલચ	લાલચે
૧૭૧	૧૩	આણીનો	અણીનો
૨૦૨	૮	વૈતવ્ય	વૈતહવ્ય
૨૨૭	૧૫	છાપખાનના	છાપખાનાના
૨૪૩	૧૨	આ બાબતના	બાબતના
૨૫૪	૩	છે ત	છે તે
૨૫૫	૨૦	શાસ્ત્રની	શસ્ત્રની
૨૫૮	૧	ગા	ગૌ
૨૬૬	૧૬	જ્ઞાનનો’	જ્ઞાન’
૨૮૫	૫	છટેલાં	છૂટેલાં

મંત્ર વિષય પૃષ્ઠ

બ્રહ્મગવી સૂક્ત

૧ બ્રાહ્મણની વાણીને રોકવી ઉચિત નથી ૨૦૮
૨ બ્રાહ્મણની વાણીને રોકે તે રાજા કેવો કહેવાય? ... ૨૧૩
૩ રૂંધાએલી બ્રાહ્મણની વાણી ઘણી ભયંકર વસ્તુ બની જાય છે. ૨૨૧
૪ એ વાણી બધે આગ ભડકાવી દે છે. ૨૨૬
૫ એવા રાજાને અંદર અને બહાર, ક્યાંય શાન્તિ મળતીજ નથી. ૨૩૫
૬ બ્રાહ્મણ પોતે અગ્નિસ્વરૂપ છે અને તમામ દેવતાઓ તેના સહાયક છે. ૨૪૨
૭ બ્રાહ્મણને ગળી જવો તો સહેલો છે, પણ હજમ કરવો મુશ્કેલ છે. ૨૫૦
૮ બ્રાહ્મણ કયા ધનુષ્ય વડે દેવપીયૂનો નાશ કરે છે? ... ૨૫૫
(૧) વાણીનું સ્વરૂપ ૨૫૬
(૨) વાણીની શક્તિ ૨૬૧
(૩) વેદોક્ત ધનુષ્ય... ... ... ૨૭૦
(૪) એ ધનુષ્યને પકડી તો જુઓ! ૨૭૫
૯ આ તો અમોઘ અસ્ત્ર છે.... ... ... ૨૮૩
૧૦ વૈતહવ્યોનો નાશ. ૨૯૨
૧૧ બ્રાહ્મણની વાણી મરતી મરતી તેમને તો મારતી જાય છે. ૨૯૪
૧૨ બ્રહ્મદ્રોહી રાજા ૨૯૬
૧૩ દેવપીયુ અને દેવબંધુ ૨૯૮
૧૪ જેને સંતપ્ત કરવામાં આવ્યો છે એવો બ્રાહ્મણ કેવી અવસ્થામાં રહે છે? ૩૦૨
૧૫ ઉપસંહાર ૩૦૩





હૃદય-તરંગ

તરંગ ૧ લો—વન્દન

હે જગદંબા! તને હું નમસ્કાર કરૂં છું. મારા બેઉ હાથ જોડીને તારા ચરણમાં મારૂં મસ્તક નમાવું છું. મારા પ્રાણ અને અપાન, સુખ અને દુઃખ, પ્રિય અને અપ્રિય, રાગ અને દ્વેષ, લાભ અને હાનિ, માન અને અપમાન, જય અને પરાજય, સિદ્ધિ અને અસિદ્ધિ—સર્વના ડાબા અને જમણા હાથને જોડીને હે જગન્માતા! હું તેમને તારા ચરણમાં અર્પણ કરૂં છું. હું મારા આ બેઉ હાથ જોડીને—પૂરેપુરા એક કરીનેજ—તને પ્રણામ કરવા ઈચ્છું છું. અને મારા અહંકારના મસ્તકને નીચું નમાવીને વિનમ્રભાવે તેને સદાને માટે તારા ચરણમાં સમર્પિત કરવા તલસું છું. હે જનનિ! તને આવો સંપૂર્ણ નમસ્કાર કરીને હું ક્યારે કૃતાર્થ થઇશ? આવી રીતે સર્વતોભાવે તારા ચરણમાં મારૂં શિર ઝુકાવી શકું એજ મારી સર્વોત્તમ સાધના અને એજ મારો મોટામાં મોટો પુરુષાર્થ છે.

× × × ×

તને માત્ર નમસ્કાર કરવા સિવાય બીજું હું કરી પણ શું શકું? તું તારા પુત્રની તમામ કામનાઓ પૂર્ણ કરવા

સમર્થ છે એમ જાણ્યા પછી, મારા મનમાં કશી કામનાજ નથી રહેતી. તું તમામ જરૂરીઆતની વસ્તુઓ મારા ઉપર સદા વર્ષાવતીજ રહે છે, માટે તો મારે તારી પાસે નથી કશી યાચના કરવાની કે નથી કશી અરજ ગુજારવાની. હે માતા! એટલા માટે તો હું તને ફક્ત નમસ્કાર કરીનેજ-મૌનયુક્ત નમસ્કાર કરીનેજ-સંતોષ માનું છું અને ચારે બાજુએ દૃષ્ટિ ફેરવીને જોઉં છું તો તને નમસ્કાર કરવા ઉપરાંત મારે બીજું કાંઈજ કરવાનું રહેતું નથી.

× × × ×

આ બધુંજ-આ આખું અનંત બ્રહ્માંડ-મને તારૂં પૂજન કરવાને માટેજ મળ્યું છે. મારા ગુરુદેવે મને જે કાંઈ ઉપદેશ આપ્યો છે તેનો સાર પણ આવોજ છે કે "પ્રાતઃકાળથી સાયંકાળ સુધી અને સાયંકાળથી બીજા પ્રાતઃકાળ સુધી હું જે કાંઇ કર્મ કરૂં, જે કાંઈ પ્રવૃત્તિ આદરૂં, મારી ઇંદ્રિયો વડે જે કાંઇ ક્રિયા કરૂં, મારા મન વડે જે કાંઈ સંકલ્પ કરૂં, તે પ્રત્યેક ક્ષણે ક્ષણનાં તમામ કર્મો, હે જગન્માતા! તારૂં પૂજનજ નીવડો." દિનભર ચોવીસે કલાક મારી નસોમાં રુધિર દોડાદોડ કરે છે, મારૂં હૃદય નિરંતર ધડકયા કરે છે, મને ખબર પણ ન પડે એવી રીતે મારા જ્ઞાનતંતુનું સ્પન્દન થયાજ કરે છે તે બધું તારા નામનુંજ રટણ છે. મારાં ફેફસાં બધો વખત શ્વાસપ્રશ્વાસની ક્રિયા સતત કર્યાં જાય છે અને એવી રીતે દિવસ તથા રાત્રિ મળીને એકવીસ હજાર અને છસો વાર તને અખંડ નમન થાય છે-મારા પ્રાણની ક્રિયા દ્વારા તને સતત નમસ્કાર થયાજ કરે છે. મારાં તમામ કર્મો એકમાત્ર નમસ્કારમાંજ પર્યવસાન પામે છે તે જાણીને મારા આનંદની સીમા નથી રહેતી. તને નમસ્કાર કરવામાંજ મારી ઇતિકર્તવ્યતા આવી જાય છે અને એ ઉપરાંત મારે કંઇજ કરવાપણું નથી રહેતું. એ કાંઈ જેવી તેવી નિવૃત્તિ છે?

એ તો કૃતાર્થતાની પરિસીમા છે.

× × × ×

તારા સિવાય આખા જગતમાં બીજું કોઈ નમસ્કારને યોગ્ય છેજ નહિ. આ વાત તો મારા મનમાં બરાબર ઠસી ગઇ છે. સંસારમાં કોઇની આગળ પણ મારૂં મસ્તક કદી કદી નમે છે ત્યારે ત્યાં તારો પવિત્ર પ્રકાશ જોઇનેજ નમે છે. જ્યાં તારો પ્રકાશ ન હોય ત્યાં આગળ મારા મસ્તકને કોઈ ચાહે તેટલું બળાત્કારથી નમાવે-મારા માથા ઉપર લાઠીના પ્રહાર કરીને નમાવે, તોપ-બંદુકનું નિશાન બનાવીને મને માથું નમાવવાનું કહે તોપણ તે એવું અક્કડ છે કે કદી નમેજ નહિ. મારી ખોપરીના કાચલીની માફક ટુકડા થઇ જાય તો ભલે થાય; પણ તે નમવાનું તો નથીજ એવું મને સમજાઈ ગયું છે. પણ જ્યાં આગળ તારો જરા જેટલો પણ પ્રકાશ મારી નજરે પડે છે ત્યાં આગળ કોણ જાણે ક્યાંથી મારી ડોક તરતજ નીચી નમી પડે છે અને તારા પ્રકાશરૂપી ચરણ આગળ જઇને ઢળી પડે છે.

હવે મને સમજાય છે કે ઉપર કહ્યો તે જાણે મારા મસ્તકનો કુદરતી સ્વભાવજ થઇ પડયો છે અથવા તારા પ્રકાશમાં મારા માથાને માટે કોઈ એવી સ્વાભાવિક ચુંબકશક્તિ હોવી જોઇએ કે તેની આગળ નમ્યા વિના મારા માથાને આવતુંજ નથી. પ્રકાશની ઝાંખી થતાની સાથે તે નમ્યુંજ છે.

આવો અનુભવ વારંવાર લાગલાગટ રીતે થયા કરવાથી મારી ખાત્રી થઇ છે કે, તારા સિવાય આ જગતમાં બીજું કોઈ નમસ્કારને યોગ્ય છેજ નહિ.

× × × ×

વળી એવી પણ મારી દૃઢ ખાત્રી થઇ ગઇ છે કે અખિલ બ્રહ્માંડની તમામ વ્યક્તિઓના સર્વ પ્રકારના નમ-

સ્કારને યોગ્ય પણ તું એકલીજ છે. સાચા અંતઃકરણથી જો કોઇને પણ નમસ્કાર કરવામાં આવે તો હે જગદંબે ! તે અંતે તારાજ ચરણોમાં જઈ પહોંચે છે. જગતના રોજના વ્યવહારમાં જ્યારે પણ કોઈ મને નમસ્કાર કરી જાય છે ત્યારે ઓ માતા ! તે નમસ્કાર હું તરતજ તને અર્પણ કરી દઉં છું. એક પળવાર પણ તે મારી પાસે નથી ટકી શકતો. તેને સારૂ મારી પાસે ટકી રહેવા લાયક જગ્યા પણ ક્યાં છે ? હું પણ કોઇક એવો છું કે જેને બીજાના નમસ્કાર સ્વીકારવાનો હક્ક છે એવો મારો ભ્રમ તો ક્યારનોય ટળી ગયો છે ! નમસ્કાર કરનાર પોતાના મનમાં સમજતો હોય કે ન સમજતો હોય, પણ જ્યાં જ્યાં નમસ્કાર થાય છે ત્યાં તનેજ થાય છે. હું તો મારા એકકેએક કર્મને પણ નમસ્કારનું રૂપ આપીને તને અર્પણ કરવાનો પ્રયત્ન કરૂં છું. પછી નમસ્કારનું તો પૂછવુંજ શું ? ભલે તે બીજા કોઇને કર્યા હોય, પણ વાસ્તવમાં તો તેઓ તારાજ ચરણમાં અર્પણ થાય છે. ઓ જનેતા ! તે તારાજ છે અને તે તું સ્વીકારી લેજે.


× × × ×

મને નાનપણથીજ નમસ્કાર કરતાં શીખવ્યું હતું. મારા મોટા ભાઇઓને નમસ્કાર કરતાં હું શીખ્યો હતો. હું મારી માતાને અને મારા પિતાને પગે લાગતો. મારા શિક્ષકોની આગળ પણ બે હાથ જોડીને માથું નમાવતો. મહાત્માઓ અને સંત સાધુઓને ચરણે પણ મારૂં મસ્તક લગાડતો હતો. પરંતુ જ્યારે એક દિવસ મને સમજાઈ ગયું કે પરમ વન્દનીય તો તું એકલીજ છે, ત્યારે હું મૂંઝવણમાં પડી ગયો કે હવે મારે શું કરવું ? હવે મારે તને કેવી રીતે નમસ્કાર કરવા ? તારા અદૃશ્ય ચરણને મારે ક્યાંથી શોધી કાઢવા ? અને કદાચ તારાં ચરણ મળી પણ જાય પરંતુ તેમને નમસ્કાર કરવાને માટે હાથનો ખપ પડે તે હાથ મારે ક્યાંથી

લાવવાં ? મારૂં કયું માથું તારી આગળ નમાવું ? તારા ચરણ તો તેજ, કે જે અખિલ બ્રહ્માંડનો અદૃશ્ય આધાર છે. તારાંજ આપેલાં સુખદુઃખાદિ દ્વન્દ્વોરૂપી - મારા પહેલાં કરેલાં હાથ છે કે જેમને, એકબીજાની સાથે જોડયા વગર તને નમસ્કાર કરી શકાયજ કેવી રીતે ! મારી અંદર "અહંકાર" નામનું એક તત્ત્વ છે તે પણ તારૂંજ આપેલું છે, તે તત્ત્વ મને બીજી તમામ વ્યક્તિઓથી—અરે ! તારાથી પણ ભિન્ન, વિશેષ બનાવી દે છે. આ મારા મસ્તકને તારા ચરણોમાં સર્વતોભાવે નમાવી દેવાને વાસ્તે મેં તેને અત્યાર સુધી ઉંચું કરી રાખ્યું છે. ઓ જનનિ ! હવે તું મને એવો સુયોગ આપ કે છેવટે તને પણ પ્રણામ કરી શકું અને તેમ કરીને પૂરેપુરો કૃતકૃત્ય બની જાઉં.

× × × ×

આખું બ્રહ્માંડ પોતાની અંદરના બૃહતથી બૃહત, મહાનથી મહાન અને વિશાળથી વિશાળ પદાર્થોસહિત સામટુંજ તારા ચરણમાં ઢળી પડે છે એ, વસ્તુ મને સમજાય છે, અને એ આખું દૃશ્ય મારાં નેત્ર આગળ ખડું થઇ જાય છે ત્યારે, હું પણ જેને મારૂં માનું છું તે બધુંજ, તને અર્પણ કરીને તને પ્રણામ કરવા ઉત્સુક બનું છું અને તે વખતે તને પ્રણામ કરવા એજ જાણે જીવતનું એકમાત્ર પરમ લક્ષ્ય હોય એવો મને યથાર્થ અનુભવ પણ થવા લાગે છે. મારાં પ્રત્યેક કર્મરૂપી નમસ્કાર વડે, આઠે પહરનાં કર્મો વડે તને સાષ્ટાંગ પ્રણિપાત કરતાં કરતાંજ મારે તારા ચરણની પ્રાપ્તિ કરવાની છે અને એક વાર પ્રાપ્તિ કર્યા પછી તારી ચરણ-રજમાં મારે નિશ્ચિન્ત બનીને આળોટયા કરવાનું છે ! આથી વધારે આનંદ કયો ? આથી વધારે ઉત્તમ મોક્ષ કયો ? અને બીજું પ્રાપ્તવ્ય સ્થાન પણ કયું ?



તરંગ ૨ જો—અહીં તારૂં પોતાનું કોણ છે?

કોણ તારૂં છે ?

તું જેને તારૂં પોતાનું કહે એવું છે કોઈ ?

પહેલાં બધુંજ કામકાજ એક બાજુએ પડયું રહેવા દઈને તું એક વાર એકજ બાબતનો છેવટનો નિર્ણય કરી લે કે અહીં તારૂં પોતાનું કોઈ છે કે નહિ ?

જે કાંઇ પ્રાણી–પદાર્થ ચારે દિશાએથી પોતાના ભભકભર્યા રૂપ અને રંગ વડે તારા મનને હરી લેવા દોડયાં આવે છે તેમના વડે તારા હૃદયને શાન્તિ તો નથીજ થવાની. પેલા વગર તેડયા ચાલ્યા આવનારા પરોણાઓ ભાતભાતના ચિત્તાકર્ષક સાજ સજીને તારી આસપાસ ભમ્યાજ કરે છે, પણ રખે તું ભૂલાવામાં પડી જતો કે તેઓ તારી નજીકજ છે. અરે ! તેઓ તો ઘણા દૂર છે. તારાથી સો સો ગાઉને છેટે છે. તેઓ પોતાની મનોહર ચેષ્ટાઓ વડે, નાના પ્રકારના હાવભાવ બતલાવીને તથા મીઠાં મધ જેવાં વેણ ઉચ્ચારીને, એમ વિવિધ પ્રકારની યુક્તિઓ વડે તારા મનને મોહિત કરે છે, તને આનંદોન્મત્ત કરી દે છે. તેમના હાથમાં, અફસોસ ! તે રોશની નથી કે જે તારી એકલી, સૂની ઘનઘોર અંધારી વાટને અજવાળે.

જેઓ તરેહ તરેહની સભાઓમાં, મિજલસોમાં, આવી આવીને સારહીન પોકળ શબ્દોનો જૂઠો, અર્થવગરનો શોર બકોર કરીને ચાલ્યા જાય છે, તેઓ વમળમાં ફસાઇ પડેલી તારી નાવને કિનારે પહોંચાડશે એવું તારા મનમાં તું સમજી બેઠો છે ? ખરી ભીડનો સમય ન હોય તેવે વખતે

જેઓ ખુશામતથી ખાલી સલામ કરતા કરતા આવ્યા જાય છે, તેઓ તને ખરી જરૂરીને વખતે કામ આવશે એવું શું તારા મનમાં ધારે છે ? શું તું એવો મદાર બાંધે છે કે જેઓ પાણીની સપાટી ઉપરના ફીણની માફક હમેશાં ઉપરના ઉપરજ તર્યા કરે છે, તેઓ તારી ઉંડી સેવા બજાવશે અને તારા ખરા લાભનું કામ કરી આપશે ?

× × × ×

જ્યારે રાજમાર્ગ ઉપર થઈને તારા રંગીલા શોખીન મિત્રોની ટોળી પુરદમામથી બહાર ફરવા નીકળે તે વખતે સડકની એક બાજુએ થઈને જે માણસ ચુપચુપ પસાર થઈ જાય તે કદાચ તારો હોય તો હોય ! જયકાર મિજલસોની ધામધૂમ મચી રહી હોય અને રંગની છોળો ઉડતી હોય તે વખતે મંડપના એક ખૂણામાં બેઠા બેઠા આત્મનિરીક્ષણ કરનાર માણસ કદાચ તારો હોય તો હોય ! સાગરને તળીએ છૂપાં પડી રહેલાં મોતીના તેજના જેવો નિર્મળ અને નમ્રતાભર્યો સ્નેહ જેઓ તારા પ્રતિ દાખવતા હોય તેઓ કદાચ તારા હોઇ શકે ! અને જેઓ તારૂં આત્મતેજ વધારવાને માટે તને તપાવતા હોય અને તારી એવી તપશ્ચર્યાના કલેશથી ભરેલી અવસ્થાને આનંદપૂર્વક નિહાળી રહેતા હોય તેઓ તો તારા પોતાનાજ છે; એમ તારે નિશ્ચયપૂર્વક માની લેવું.

તારા માથા ઉપર પોતાની કાળી–ઘેરી પાંખો વીંઝતી વિપત્તિરૂપી સંધ્યા તને ઘેરી વળે તે વખતે તારા પેલા બધા લીલા વનના સૂડા જેવા મિત્રો 'મારે હમણાં આ કામ છે અને હમણાં પેલું કામ છે' એમ કહીને પોતપોતાના માળા તરફ ઉડી જવા લાગે તેવે ટાંકણે જે તારી સાથે ઉભા રહ્યા હોય તેઓજ તારા છે. તારી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ જાય અને તારા આશાઓથી ભરેલા સોનેરી સં-

સારનો વિલય થઇ જાય તેવે વખતે તને ટકાવી રાખવા પૂરતું ચૈતન્ય જેની પાસેથી તને પ્રાપ્ત થતું હોય તેજ તારો છે. બધી બાજુએથી તારી પાયમાલી થઇ જાય; જ્યારે બચવાનો એકે ઉપાય તારા હાથમાં ન રહે; જ્યારે તને ચારે દિશાએ અંધારૂં અંધારૂં દેખાય અને નિઃસહાયતાની છેલ્લામાં છેલ્લી અવસ્થાએ તું પહોંચી જાય તે વખતે જે આવીને તારી બાંહ્ય ઝાલે અને તને પડતો બચાવે તેજ એકલો તારો પોતાનો છે.

× × × ×

અત્યારે કદાચ તે સાચા મિત્રની મૂર્તિ તને આછી આછી દેખાય ન દેખાય એવી જણાતી હોય તોપણ તું તેના ઉપરજ નજર માંડી રાખજે. તેની સાથે તું એવી મીટ માંડી દેજે કે, ફરી આખી જિંદગી સુધી તારી દૃષ્ટિ તેના ઉપરજ ચોંટી રહે અને તે કદી તારી આંખ આગળથી ખસેડયો ખસેજ નહિ અને વળી ઉપર કહી તેવી તારી શરણાગત અવસ્થા બીજી વાર કોઇ દિવસ થઇ જાય અને તેવે વખતે તને તેના કૃપાળુ હાથનો ટેકો મળી જાય તો તેને એવો વળગી રહેજે કે કદી કદી તારો હાથ તેનાથી છૂટો થાયજ નહિ. તેની સાથે એવી સજ્જડ મડાગાંઠ વાળી દેજે કે સંસારને ધક્કે ચઢીને તું ગમે તે દિશાએ અથડાય, પકડાય પણ તારી પકડ છૂટે નહિ.

બાપુ ! આ સંસારમાં આપણો કોણ અને પરાયો કોણ, તે જાણવું બહુ અઘરૂં છે; પણ તે જાણ્યા વિના કશુંજ કાજ સરતું નથી. જો ભૂલમાં તેં પરાયાને પોતાનો માની લીધો તો તારા પસ્તાવાનો પાર રહેવાનો નથી. તારી બાકીની આખી જિંદગીમાં તારે કેવળ હૈયાશેકની ભઠ્ઠીમાંજ નિરંતર તપતા રહેવું પડશે. માટેજ તને કહેવું પડે છે કે બધું કામકાજ એક કોરે મૂકી પરાયું કોણ અને તારૂં પોતાનું કોણ, તેની એક વાર ખાત્રી કરી કરી લે.

તરંગ ૩ જો—ચાતકનો વૈરાગ્ય

રૂપાળી રઢીઆળી નદીઓ સ્વચ્છન્દે ખળ ખળ વહી જાય છે; પૃથ્વીના પેટ ઉપર મોટા મોટા મહાસાગર જળથી ભરપૂર પડયા છે, તોપણ ચાતકને તેમાંના કોઇનું લગારે પ્રયોજન નથી. આ પૃથ્વી ઉપરના પાણી માટે તેને હવે તરસ રહી નથી; તે તો હવે આકાશ તરફ જ તાકીને બેઠું છે અને ત્યાંથી કોઇ દિવ્ય જળની ધારા તેના તરફ ચાલી આવે તો તેના સૂકાઇ ગએલા ગળાને શાન્તિ થાય એમ છે.

પૃથ્વીની સપાટી ઉપર તો પાણીની રેલ છેલ થઈ રહી છે; જ્યાં નજર કરીએ ત્યાં બધે પાણી પાણી થઇ રહ્યું છે. તેને પાણી પીવું હોય તો કોઇ પણ જગ્યાએ તેનો અભાવ નથી, તેમ તેને પ્રાપ્ત કરવામાં જરા પણ શ્રમ કરવો પડે એમ નથી; પણ બિચારા ચાતકને ધરતી ઉપરના પાણીની–ત્યાંના શીતળમાં શીતળ અને મધુરમાં મધુર પાણીની નિરુપયોગિતાનું, તેની નિઃસારતાનું પૂરેપુરૂં ભાન થઇ ગયું છે. તેને પાકી ખાત્રી થઈ ચૂકી છે કે, અહીંનું બધુંજ જળ એકસરખું નકામું છે. ભલે, મૃત્યુલોકના બીજા જીવો એ પાણી પીએ–પેટ ભરી ભરીને ધરાતા સુધી પીએ–તેમને સારૂ તે સદાએ ખુલ્લુંજ પડયું છે; પણ ચાતક તેનાથી દૂરનું દૂરજ ભાગતું ફરે છે; કારણ કે તેને અહીંના પાણીની નિઃસારતા સમજાઇ ગઇ છે. હવે તેને તેના તરફ જરા જેટલી પણ આસક્તિ રહી નથી. તે તરસે મરવા તૈયાર છે. તરસે મરવુ

પડે તો મરી જવું એ તેને માટે સહજ છે; પણ જેનો એક વાર મનથી ત્યાગ કર્યો તે તો હોઠે ન અડકાડવું તે નજ અડકાડવું, એવો તેનો ટેક છે. તેને વળી વિશ્વાસ પણ છે કે, જો મારે પાણીની ખરેખરી જરૂરજ હશે તો મારે માટે સ્વર્ગમાંથી અમૃત સરખું જીવનપ્રદ જળ પોતાની મેળેજ ઉતરી આવશે.

જોવા જઈએ તો તેની આ પ્રતિજ્ઞા અત્યંત ઉગ્ર છે; કારણ કે પોતાના મોઢા આગળ પાણીના ભંડાર ભર્યા પડ્યા હોય છતાં તરસ્યા રહેવું એ કાંઇ સહેલ વાત છે? એવી રીતે તરસ વેઠીને પોતાની પ્રતિજ્ઞા પાળનારા તો વિરલાજ હોય ને?

× × × ×

ચાતકને આ વ્રત લીધે પણ ઘણો લાંબો સમય વીતી ગયો છે. કોઇ કોઈ પ્રદેશમાં વર્ષાઋતુનો પણ આરંભ થઈ ચૂક્યો છે. કોઈ કોઇ જગ્યાએ આકાશમાં વાદળાંઓ પણ જામવા લાગ્યાં છે અને ચાતકના દિલમાં આશાનો સંચાર કરવા લાગ્યાં છે; પણ અત્યાર સુધી તો તેનો કંઠ પહેલાંના જેવો સૂકો ને સૂકોજ છે. દૂરથી ચાલી આવતી શીતળ વાયુની લહરીઓ જળપૂર્ણ મેઘના શુભાગમનના સંદેશા લાવે છે અને ચાતકને હરખાવે છે; પણ હજી તેના મનની આશાઓ મનમાં ને મનમાંજ રહી છે અને તેના માથા ઉપર થઇને ચાલી જતી વાદળીઓ તેને પાણીનાં બે નાનકડાં ટીપાં પણ નથી આપી જતી; તે છતાં પણ મહાવ્રતી ચાતક પોતાની તમામ ઈચ્છાઓનો ત્યાગ કરીને, દૃઢ વિશ્વાસ રાખીને, આકાશ તરફ અચળ દૃષ્ટિ કરતો ચુપચાપ બેઠો છે. પૂર્વ દિશાએથી પાણીના ભારથી નીચી નમેલી કાળી કાળી વાદળીઓ ચાલી આવે છે; પણ જોતજોતામાં સીધી ને સીધી પશ્ચિમ તરફ વળે છે અને ચાતક જે સ્ટેશન આગળ રાહ

જેનો બેઠો છે ત્યાં પંજાબ મેઘની આકૃતિ જોઈ ચમત્કાર જેવુ લાગ્યા વગર શરસરાટ આગળ દોડી જાય છે, આ કેવું થોડું આશ્ચર્યકારક છે? પણ વૈરાગ્યવાન ચાતક પોતાના વૈરાગ્યની ધુનમાં મસ્ત બનીને બેઠો છે.

ત્યારે શું તે ચાતક તરસ્યો ને તરસ્યોજ રહેશે? શું તેને તૃષાની પીડાથી આખરે મરવુંજ પડશે? અથવા અંતકાળની પીડાથી હારી જઈને પોતાના પ્રાણનું રક્ષણ કરવા માટે પોતે આદરેલું વૈરાગ્યનું વ્રત તજીને વળી ફરીથી સંસારી થવાની તેને ફરજ પડશે? આ બધીજ શંકાઓ નિરર્થક અને પાયા વગરની છે. ચાતકના મનમાં તો શંકાની નાની-શી છાયા પણ નથી. તેનો તો એવો દૃઢ વિશ્વાસ બેઠો ગયો છે કે "જો હું તરસની પીડાથી મૂર્છિત બનીને પૃથ્વી ઉપર ઢળી પડીશ તો મને જાગ્રત કરવાને વાસ્તે ખુદ ઇન્દ્રનેજ સ્વર્ગનું જળ લઇને આવવું પડશે અને તે પોતાને હાથેજ મારા મુખમાં તે જળનું સિંચન કરશે ત્યારેજ મારી મૂર્છા વળશે. એમ કર્યા વગર ઇન્દ્રનો છૂટકોજ નથી; અને તે પણ જો મારા મુખમાં આ જગતનું પાણી રેડશે અથવા છાંટશે તો ખુદ ઇન્દ્ર પણ મને શુદ્ધિમાં નહિ લાવી શકે." ઘોર મૂર્છામાં પણ ચાતકનો આત્મા એવો જાગ્રત ને જાગ્રતજ રહે છે કે જે સાંસારિક જળનો તેણે એક વાર મનથી ત્યાગ કર્યો છે તેનો સ્પર્શ તે મૂર્છિત દશામાં પણ સહન નથી કરતો; ઘોર મૂર્છામાં પણ તે પાણી તેને ગળે નથી ઉતરતું અને તેના સ્પર્શની પણ તેને કશીજ અસર નથી થતી; અને તેમ થાય તેમાં આશ્ચર્ય પણ શું? કારણકે જે સાંસારિક પદાર્થો પોતાના સૌંદર્ય અને માધુર્ય વડે લોકોને હમેશાં મોહિત કરીને ભાનભૂલા બનાવી દે છે તેમનામાં મૂર્છિત થયેલાને જગાડવાની શક્તિ હોયજ ક્યાંથી?

× × × ×

બંધુઓ! ગભરાશો નહિ; અધીરા થશો નહિ; સંતોષ ધારણ કરજો અને પરીક્ષામાં પાસ થઇ જજો. જે ત્યાજ્ય છે તેને સદાએ ત્યાજ્યજ ગણતા રહેશો તો તમને બધુંએ આવી મળશે. તમને મળવુંજ જોઇએ, કારણ કે જે નિયમ મુજબ તમને 'મનમાગ્યું' મળવાનું છે તે નિયમ અચળ અને અપરિવર્તનીય છે. માત્ર તમે તમારી કઠિન પરીક્ષામાંથી પાસ થઇને બહાર પડો એટલોજ વિલંબ છે. તમારૂં વૈરાગ્ય દૃઢ છે એટલું સિદ્ધ કરી બતાવો એટલીજ વાર છે. તમે એટલો તો વિચાર કરી જુઓને કે જેણે વિજાતીય સાંસારિકતાને પોતાનાથી સો ગાઉ દૂર ફગાવી દીધી છે તેને આત્મીય દિવ્યતા પ્રાપ્ત ન થાય તો તે જાય કયાં? અરે! કદાચ આજ ને આજ નહિ મળે તો બે ચાર દિવસ પછી મળશે, પણ મળવી તો જોઇશેજ; અને જેને દિવ્યતાની સાચી ભૂખ લાગી છે તેને શું નહિ મળે? બધુંજ મળશે. તે જે માગશે તે મળશે. એક વાર ત્યાગ કરી તો જુઓ! એક વાર તૃષ્ણાનો ત્યાગ કરીને વ્યાસ મુનિના વચન ઉપર વિશ્વાસ રાખીને જુઓ તો ખરા કે શું થાય છે! ભગવાન વ્યાસ કહે છેઃ-

यच्च कामसुखं लोके यच्च दिव्यं महत्सुखम् ।
तृष्णाक्षयसुखस्यैते नार्हतः षोडशीं कलाम् ॥

વિદ્યુત્ શક્તિથી ભરેલાં આ વચનથી પ્રાણવાન બનીને એક વાર ત્યાગ કર્યાનો અનુભવ તો લઇ જુઓ!

તમારે હમણાં જરા જેટલો પણ ત્યાગ કરવો પડે છે તો આકુળ વ્યાકુળ બની જાઓ છો; તમારૂં કાળજુંજ કપાઈ જાય છે અને 'હાય રે! મુઓ રે! બાપ રે! ગયો રે' એમ કહીને કોલાહલ કરી મૂકો છો; પણ એક વાર તમારી જાતને ડૂબવા દો. પછી જુઓ શું થાય છે તે!

અરે બુદ્ધિહીન! તું શાને ગભરાઈ જઇને ફોકટ મું-

હાય છે ? કયા મોહની અંધારી તારી દૃષ્ટિ આગળ આડી આવીને ઉભી છે ? અરે ! તું એટલું પણ નથી જાણતો કે, જેણે પોતાની તૃષ્ણાને જીતી છે તેને તરસ શું કરી શકવાની છે ! તેને મૂર્છા કેવી રીતે ? તે તો અમર છે. અમૃતનું સંતાન છે. તેને મારનાર મૃત્યુ છેજ ક્યાં ? અને ત્યાગ કરવો એમાં ડરવા જેવું પણ શું છે ? ફક્ત તૃષ્ણાનેજ છોડી દેવાની છે. એક વાર તૃષ્ણાનો ત્યાગ કરો. જેને તમે તમારૂં પોતાનું માની બેઠા છો તે બધુંજ ઇશ્વરને અર્પણ કરી દો અને પછી પૂર્ણ વૈરાગ્યવાન બનીને દૃઢ અચળ વિશ્વાસ ઉપર આસન જમાવીને બેસી જાઓ અને પછી જુઓ શું થાય છે તે ! અરે ! તમને મનાવવાને માટે ખુદ ઇશ્વરને પોતાના સિંહાસન ઉપરથી ઉઠીને પાસે આવવું પડે છે કે નહિ ?.





તરંગ ૪ થો—વિકટ રાહ

અરે ! તમે અહીં ક્યાંથી આવી ચઢ્યા ? આ તો ઘોર જંગલ છે ! તમે આ જંગલમાં શા માટે અથડાવા આવ્યા છો ? તમે તો લીસી શીતળ છાંયડીવાળી સડકો ઉપર વિચરનારા, આખો વખત મોટરગાડીમાં બેસીને ફરવાની ઇચ્છા રાખનારા—તમે આ કાદવ, કાંટા અને ઝાડી—ઝાંખરાંથી ભરેલા જંગલના રસ્તા ઉપર શા માટે પગપાળા ભટકતા ફરો છો ? બાપુ ! અહીં તમારા માર્ગની બેઉ બાજુએ સ્વાદિષ્ટ ખાદ્ય વસ્તુઓની દુકાનો મંડાઈ નથી. તમારા મનનું રંજન કરે એવું એક પણ માનવપ્રાણી અહીં તમારી દૃષ્ટિએ પડનાર નથી. તમે અહીં ખાશો પીશો શું ? અહીં નરમ બિછાનાં ક્યાંથી લાવશો ? શાના ઉપર પોઢશો ? બાપુ ! તમારાથી અહીં કેમ રહેવાશે ? અહીં તો જંગલી જાનવરોની ચીચીઆરી સાંભળીને તમે ભયભીત બની જશો; માટે મારા ભાઈ ! તમે જ્યાંથી આવ્યા ત્યાં પાછા ચાલ્યા જાઓ. આવી મુશીબતોમાં શાને જાણી જોઇને ફસાઇ પડો છો ?

હા, તમારા આરામથી ભરેલા માર્ગ કોઈ કોઇ વાર પોતાના સંતાડી રાખેલા દાંત વડે તમને બચકું ભરી લે છે, એવું તમે કહો છો તે ખરૂં છે; અને તેથી ગભરાઈ જઇને તે માર્ગ છોડીને આ 'વિકટ રાહ' ઉપર ચાલવાનો મનથી સંકલ્પ કરીને તમે આ તરફ ચાલ્યા આવો છો; પણ હવે

આ માર્ગની કઠણ ચઢાઇઓ ચઢતાં ચઢતાં તમે પેલાં બચકાં-ની પીડા ભૂલી પણ ગયા હશો; અને તે માર્ગ કેવો સુખભર્યો હતો, ત્યાં કેવી મજા હતી, તેનું તમને વારંવાર સ્મરણ પણ થતું હશે; માટે હવે તમે તમારી જાતને વધારે દુઃખી ન કરો. પાછા વળો અને મોજ કરો. હજી આ રાહ ઉપર ચાલવાનો તમારો સમય નથી થયો. હજી ઘણી વાર છે. છેવટમાં જ્યારે પેલા ઝેરી દાંત તમારા શરીરમાં તમને આખો વખતજ ઘોંચાતા લાગે; ત્યાંનાં ભર્યાં બજાર તમારી નજરે સ્મશાન સરખાં સૂનાં દેખાય; ત્યાંનાં મીઠાં ગાનતાન તમારા કાનમાં કાંટાની પેઠે ખૂંચવા લાગે; ત્યાંનો એકેએક ખાદ્ય પદાર્થ તમારી જીભને કડવો ઝેર જેવો માલૂમ પડે ત્યારે તમે આ રાહને યાદ કરજો. તેવે વખતે-તમારા આવા અપૂર્વ દુઃખના સમયમાં આ રાહ તમને આશરો આપશે અને પૂર્વે કદી નહિ અનુભવેલા આનંદના સ્થાન તરફ લઇ જશે; પણ તે સમય હજી ઘણો દૂર છે.

× × × ×

લોકોને ખેંચતાણ કરીને અહીં તેડી લાવશો મા. એ સારૂં નથી. એમાં એવા લોકોને પણ કશો લાભ થવાનો નથી. એમને સમજાવી-પટાવીને એમના અંતરની ઇચ્છાની વિરુદ્ધ ઘડી બે ઘડીને માટે એમનો આનંદ ખૂંચવી ન લો. એમને એમના આનંદથી વિખૂટા ન કરો. એમ કરવું એ પાપ છે. જેમને આવવું હશે તેઓ પોતાની મેળેજ આવશે. તેઓ કોઇથી રોકયા રોકાવાના નથી.

શામાટે લોકોને પરાણે પરાણે અહીં ખેંચી લાવો છો? કદાચ તમે પોતેજ આ માર્ગની નિર્જનતા અને નીરસતા જોઇને કાયર કાયર થઇ ગયા હશો; અને તેથીજ નીચેના સોબતીઓને આ તરફ તેડી આણીને 'તેમની સાથે આનંદ કરતાં કરતાં રસ્તો કપાશે' એમ ધારીને તેમને તેડવા જતાં

તમે પોતેજ તમારા રાહ ઉપરથી નીચે ઉતરી જાઓ છો; પણ તમે સાવ ભૂલી ગયા લાગો છો કે, આ રસ્તો ભાઈબંધ દોસ્તોની સાથે ગપ્પાં મારતાં મારતાં પસાર કરવાનો નથી. આ રસ્તો તો તદ્દન એકલાજ ખૂબ ધ્યાનપૂર્વક જપ, તપ કરતાં કરતાં, મૌન ધારણ કરીને કાપવા જેવો છે. ઉંચી ચઢાઇઓ ચઢી ચઢીને તમે થાકયા હો તો અહીંજ બેસી જાઓ અને થાક ખાઓ; પણ કોઈપણ બહાના હેઠળ નીચે તો નજ ઉતરી પડતા. અહીંની શીતળ વાયુની લહરીઓ એવું નવજીવન અર્પે છે કે થોડાજ વખતમાં તેઓ તમારો થાક ઉતારી નાખશે અને તમને તાજામાજા કરીને આગળ વધવા ઉત્સાહી બનાવશે.

તમે એટલો તો વિચાર કરો કે, જ્યારે તમે પોતે એક ડગલું પણ આગળ વધી શકતા નથી ત્યારે તમારા નવા મિત્રોને તમે કેવી રીતે તમારી સાથે ચલાવવાના હતા? માટે બાપુ! આવી રીતે કોઇને પરાણે પરાણે આ રસ્તે ખેંચી લાવશો નહિ. એ લોકોને ખાલી તકલીફમાં ન ઉતારો. એથી ફાયદો પણ શો છે? આ જગ્યા એવી નથી કે અહીં જનસંખ્યામાં વધારો કરવાથી કાંઈ લાભ થાય! જેમને આવવાની ઇચ્છા હશે તેઓ તો આંખને ઈસારે ચાલ્યા આવશે. તમે તેમને માર્ગનાં સંકટનો ગમે તેટલો ભય બતાવશો તોપણ તેઓ નથી અટકવાના.

× × × ×

જે ભૂખથી પીડાય છે તેને તમે કહો છો કે ખાવાનો વિચાર માંડી વાળ અને ઈશ્વરનું ભજન કર; જે તરસથી વ્યાકુળ થઈ ગયો છે તેને તમે તૃષ્ણારહિત થવાનો ઉપદેશ આપો છો. હવે તમારી વાત આ લોકોને ગળે ન ઉતરે એમાં નવાઇજ શી? એ લોકો તમને ભાવનાવાદી, તરંગી ઈ૦ કહીને તમારા ઉપદેશને હસી કાઢે એમાં

આશ્ચર્ય થાનું ?

જો તમારે પોતાને ભોજનની જરૂર રહી ન હોય તો તમારી થાળી પણ તેમની આગળ શા માટે નથી મૂકી દેતા ? આપી દો તેમને. તેમાં તમારું અને તેમનું બેઉનું કલ્યાણ છે. જેણે તમારું કલ્યાણ કર્યું છે તે તેઓનું પણ કલ્યાણ કરીજ રહ્યો છે; અને ભવિષ્યમાં પણ કરશેજ. તે પોતે તેમનો માર્ગ બતાવી દેશે. તેને સૌની ફિકર છે.

શહેરની સડકોને વટાવ્યા વગર જંગલની પગદંડીઓ સુધી પહોંચાય જ કેવી રીતે ?

હું જ્યારે જ્યારે આ વિકટ માર્ગ તરફ વળું છું, ત્યારે ત્યાંના લોકો "આવો ભાઈ ! આવો" એમ કહીને મને આવકાર નથી આપતા તેમ મને ભેટવા દોડયા પણ નથી આવતા; પરંતુ તેઓ બધા પોતપોતાના વિચારમાં મશગુલ બનીને એક બીજાથી આઘા રહ્યા રહ્યા નિરપેક્ષ ભાવે બેઠા હોય છે.

તેઓ મારા આવવાની અપેક્ષા નથી રાખતા. સાચી હકીકત તો એવી છે કે, આ "ઉચ્ચ માર્ગ" મારો સત્કાર કરવા દોડયો નહિ આવે; પણ મારેજ તેના ચરણમાં મારૂં મસ્તક નમાવીને તેનું પૂજન કરવું પડશે.

અહીં નવા આવનારાઓને રાજી કરવાને માટે શરૂઆતમાં તેમની ખાતર બરદાસ્ત કરવાનો અથવા થોડા દિવસ તેમની સાથે આનંદ ભોગવ્યા પછી તેમને ઝાડુ મારવાનો રિવાજ નથી; પણ આ માર્ગ ઉપર દાખલ થયેલો આત્મા જેમ જેમ આ નિરસ સ્થાનમાં વધારે રહેતો થાય છે, તેમ તેમ તેનું પવિત્ર માધુર્યમય સ્વરૂપ તેની આગળ વધારે ને વધારે ખીલતું જાય છે; અને તેની સાથે પોતાનો આંતરિક સંબંધ જોડતું જાય છે.

એટલા વાસ્તે હું તમને કહું છું કે, મારા ભાઈઓ! આ દુર્ગમ વાટ આપણને કોઈ દિવસ સમજાવીને, ફોસલાવીને તેડી જવા નથી આવવાની; પણ આપણેજ તેની આરાધના કરતા જવું પડશે, તે કદી ભૂલશો નહિ. તેની ખરી કિંમત મનમાં સમજ્યા પછી અવિચળ શાન્તિ પ્રાપ્ત કરવાને સારૂ આપણેજ તેનો સત્કાર કરીને તેનો આશ્રય લેવા જવું પડશે.





તરંગ ૫ મો—મને કોણ સતાવી રહ્યું છે?



મને વારંવાર છૂપાં બાણોથી વીંધનારો એ કોણ હશે? મારા શરીરમાં જ્યારે જ્યારે તીર ઘોચાય છે ત્યારે ત્યારે હું ચમકી ચમકીને ચારે દિશાએ જોઈ વળું છું; મને ઘાયલ કરનારને શોધું છું; પરંતુ કોઈ ધનુર્ધારી મારી નજરે પડતો નથી; છતાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ—એ ચારે દિશાએથી કોણ જાણે કોણ તીર મારી મારીને મારા શરીરને વીંધતોજ જાય છે! મારી વેદનાનો પાર નથી. અરે! આ પ્રમાણે તે મને ક્યાં સુધી સતાવતો રહેશે? એક તીરના જખમની પીડા તો શમી હોય નહિ તે પહેલાં બીજું તીર આવીને મારા શરીરમાં ભોંકાયુંજ જાણવું. એકજ દિવસમાં મારા ઉપર કેટલીએ વાર એક ઉપર એક પ્રહાર કર્યોજ જાય છે. જખમની વેદનાથી હું બૂમાબૂમ કરી મૂકું છું અને મને વિચાર આવે છે કે, આટલી બધી પીડા છતાં હું હજી જીવતોજ શાથી રહ્યો હોઈશ? પરંતુ આશા મારો કેડો મૂકતીજ નથી. વેદનાના વચગાળામાં કોઈ કોઈ ઘડીઓ આગાઉના દુઃખની અપેક્ષાએ કાંઈક શાન્તિમાં વીતી જાય છે ત્યારે ત્યારે મારા હૃદયમાં આશા ચમકવા લાગે છે કે, હવે કદાચ મારા સુખના દિવસ આવતા હોવા જોઈએ; પણ વળી પાછું કોણ જાણે ક્યાંથી એકાદ તીર આવીને એવું મારા શરીરમાં ઘોચાય છે કે, સુખના દિવસના ખ્યાલ જેવા આવ્યા તેવા ઉડી જાય છે અને પાછો હું મારી મૂળની અવસ્થામાં

આવી પડું છું. આવી રીતે રહી રહીને મને કોઈ સતાવ્યા કરે છે. હે ભગવાન ! હવે મારે કરવું શું ?

× × × ×

અમુક મને સતાવે છે અને અમુક નથી સતાવતો, એવું પણ ચોક્કસ કહી શકાય એમ નથી. એવી કોઇ ચીજ નથી કે જેમાંથી મારા તરફ તીર છૂટતાં ન હોય ! શરૂઆતમાં તો હું અમુક પ્રાણીઓને અથવા અમુક પદાર્થોને હું મારાં દુઃખદાતા માની લેતો હતો; પણ હવે મને ધીરે ધીરે સમજાતું જાય છે કે, આખો સંસારજ દુઃખનો ભંડાર છે. કારણકે સંસારની બધીજ વસ્તુઓ તીરની માફક ઘોચાય એવીજ છે. આ સંસારની અંદર કોઈપણ દિશાએ જાઓ; કોઇપણ વિશેષ અવસ્થામાં રહો; પરંતુ ત્યાંની ઉપર ઉપરથી સારી જણાતી વસ્તુઓ તમારા ઉપર તીક્ષ્ણ તીર વરસાવવા લાગશે.આટલા બધા વખત પછી પણ હજી મને એક વાત સમજાતી નથી કે, આ વસ્તુઓમાંથી જે તીક્ષ્ણ તીર છુટે છે તે તેઓમાંથી ઉત્પન્ન થાય છેજ કેવી રીતે ? પણ એક વાત હવે મને ચોક્કસ સમજાઈ ગઇ છે કે, આ સંસારની બધીજ વસ્તુઓમાંથી તીર તો છૂટયાજ કરે છે.

× × × ×

હું આકુળવ્યાકુળ બનીને ચારે દિશાએ રઝળું છું કે કોઇ ઠેકાણે મને એવી મરુભૂમિ જડી જાય કે જ્યાં આ બાણનો વરસાદ કદી પણ વરસતોજ ન હોય; પણ એવા વર્ષારહિત પ્રદેશની ભાળ મને મળી નથી. સીમલાની ઉંચી શીતળ ટેકરી ઉપર ચઢીને બેસો અથવા ગંગાના કિનારાનો આશ્રય લો; આખા જગતનાં તમામ તીર્થોમાં ફરી વળો; પણ તીરનો વરસાદ વરસતો ન હોય એવું એક પણ સ્થાન તમને શોધ્યું નહિ જડે. હું એકે એક તપોવન શોધી વળ્યો, પણ આ તીરના વરસાદથી મારો બચાવ થાય, એવું એક

પણ ધ્યાન મેં ત્યાંઇએ દીઠું નહિ. વર્ષાઋતુમાં હું એવી ઉમેદ રાખતો હતો કે, ઉનાળો બેસશે ત્યારે આ તીરનાં ઝાપટાં પોતાની મેળે બંધ થઈ જશે; પણ પાણીના વરસાદની અમુક ઋતુ હોય છે તેવી આ તીરના વરસાદની તો કોઇ ચોક્કસ ઋતુજ નથી. એને માટે તો બધીએ ઋતુઓ એકસરખી વર્ષાઋતુજ છે. વસંત ઋતુ સુખના ધામ સરખી અને દુઃખમાં વિશ્રાન્તિ આપનારી છે, એવું મેં ભૂલમાં માની લીધું અને વસંત ઋતુ બેસશે ત્યારે મારા દુઃખનો છેડો આવશે એવું મિથ્યા સ્વપ્ન હું સેવવા લાગ્યો, પણ તે સ્વપ્ન ખોટાં ઠર્યાં. વસંત ઋતુ આવી અને ગઇ. પછી ઉનાળાની ગરમીના લાંબા દોહ્યલા દહાડા મેં શરદ ઋતુની રાહ જોઇ જોઇને ગાળ્યા; પણ મારી બધી ગણત્રી ખોટી પડી. એકકે ઋતુએ મને દુઃખમાંથી રાહત ન આપી તે નજ આપી.

હું નાનો હતો અને નિશાળે ભણતો હતો ત્યારે એવું ધારતો હતો કે મેટ્રિકમાં પાસ થઇને કૉલેજમાં જઇશ એટલે મારા દુઃખનો છેડો આવી જશે; કૉલેજમાં ભણતો થયો ત્યારે એવું માનવા લાગ્યો કે કાંઇ ચિન્તા નહિ; કૉલેજનું શિક્ષણ પૂરું કરીને નોકરી–ધંધે વળગીને સ્વતંત્ર થઇશ એટલે પછી મારે કશું દુઃખ રહેવાનું નથી; ત્યારે તો આ ચાલુ સંતાપમાંથી મારો સદાને માટે છૂટકારો થઇ જશે; એ પ્રમાણે એક એક અવસ્થા વખતે હું માનતો ગયો કે, આ અવસ્થામાંથી બીજી અવસ્થામાં પ્રવેશ કરીશ એટલે દુઃખનો અંત આવી જશે. ચાલુ અવસ્થાથી અથવા ચાલુ ધંધાથી જ્યારે હું કાયર કાયર થઇ જતો ત્યારે હું બીજી અવસ્થા પ્રાપ્ત કરવા અથવા બીજો ધંધો ગ્રહણ કરવા તીવ્ર ઉત્સુક થતો; પણ હું જ્યાં ગયો ત્યાં દુઃખ તો મારી આગળનું આગળજ. મારી બધીજ ગણત્રી ખોટી પડી. મારાં તમામ સુખસ્વપ્ન મિથ્યા ઠર્યાં. હાય ! આ ક્લેશ–વર્ષાની

હેલીનો કદી વિરામજ નહિ આવે!

કોઈ અમુક જગ્યાએ જઇને ઠરી ઠામ થઇને બેસું છું અને ત્યાં બેઠો બેઠો આ તીરોના જખમથી ઉગરવાની જે જે યુક્તિઓ રચું છું તે બધીજ વ્યર્થ જાય છે. ઉગરવાને વાસ્તે નવી નવી આશાઓની સાથે સાથે હું નવી નવી ઢાલો ઉભી કરતો જાઉં છું પણ પરિણામે જોઉં છું તો એ ઢાલો-જ ઉલટી મારા ઉપર તીરનો મારો કરવા મંડી જાય છે; આમ હોવાથી નથી મને ભટકતા ફરવામાં ચેન પડતું કે નથી કોઇ એક જગ્યાએ બેસી રહેવામાં ચેન પડતું. હે પ્રભો! હવે હું હારી બેઠો છું; આકુળ વ્યાકુળ થઇ ગયો છું. હવે તો તમેજ મને આ ત્રાસમાંથી છૂટા થવાનો માર્ગ બતાવો. હું જ્યાં જાઉં છું ત્યાં મને કોણ સતાવી રહ્યો છે તે પણ તમેજ બતાવી દો.

× × × ×

કેટલાક કહે છે કે, તને સતાવનાર કોઈ છુપાં તીર નથી; પણ એક જાતના ઝેરી જંતુઓ છે. આ દુઃખમય સંસારના આરંભકાળમાં-એક પ્રાચીન ગ્રીક કથામાં આવે છે તે પ્રમાણે-પિંડોરા નામની એક કન્યાએ પેટીમાં શું છે, તે જોવાના કુતૂહલને તીક્ષ્ણ ઝેરી ડંખવાળા જંતુઓથી ભરેલી પેટીનું ઢાંકણું ઉઘાડી નાખ્યું. તે પેટીમાં જગતને દુઃખ દેવાને માટે પેદા થયેલા ઝેરી જંતુઓને પૂરી રાખ્યા હતા. પિંડોરાએ પેટીનું ઢાંકણું જેવું ઉઘાડી નાખ્યું તેવાજ પેલા જંતુઓ આખા જગતમાં ફેલાઇ ગયા. એજ પાંખો-વાળા જીવડા હું જ્યાં જાઉં છું ત્યાં આખો વખત તેમના ઝેરી ડંખ માર્યાજ કરે છે. ઓ મારા માલિક! શું આ દુઃખનો કદી છેડોજ નહિ આવે? એ છુપા કીડાઓને ફરીથી પાછા પેલી પેટીમાં પૂરીને કેદ કરી દેવાનો કોઇ ઈલાજજ નથી? શું અનંત યુગ સુધી એ જીવડાઓના શિકાર થઇ

પડવાનું મારે માટે નિર્માણ થયું છે !

× × × ×

હે પ્રભો ! હું માર્યો જાઉં છું; મારૂં રક્ષણ કરો. અરે ! આ તીરોએ મારા દેહને કોચી કોચીને ચાળણી જેવો બનાવી દીધો. હું માર્યો માર્યો બનીને આખી દુનિયામાં રખડી રઝળી આવ્યો; પણ કોઈ જગ્યાએ મને શાન્તિ ન મળી. એક પળવાર પણ ચેન પડ્યું નહિ. હવે હું ક્યાં જાઉં ? હવે ક્યાં જાઉં તો મને આશ્રય મળે ? કાંઇ સૂઝ પડતી નથી. ચારે દિશાએ મારા ઉપર માર તો ચાલુ ને ચાલુજ છે. મને કોણ દુઃખ દઇ રહ્યું છે, તેની શોધ કરતાં કરતાં અને તેની ભાળ ન મળવાથી ચારે દિશાએ વ્યર્થ ફાંફાં મારતાં મારતાં હું હવે થાકીને મરવા જેવો થઇ ગયો છું. મારા રેંસાઇ ગએલા હૈયા ઉપર હાથ દઇને હું આખા સંસારના ખૂણે-ખૂણા તપાસી વળ્યો. હવે મારામાં કૌવત રહ્યું નથી. શું કરૂં ? શું હવે કોઈ ઉપાયજ નથી ? હે પ્રભો ! જો તું ખરેખર હોયજ, જો તું મારો પ્રભુ અને મારો ત્રાતા હોય તો મને ઉગારી લે. હું હવે સદાને માટે મરી ચાલ્યો.

× × × ×

આવી રીતે હું કોણ જાણે કેટલાએ વખતથી રડયા કરૂં છું, પોકાર કરૂં છું, વ્યાકુળ બનીને આમતેમ અથડાતો ફરૂં છું. આખરે આજે તો હું છેકજ સોધપોધ બનીને અધમૂઓ થઇ ગયો છું અને આ દુઃખની ઝડીની વચમાં બેહોશ બનીને પડી રહ્યો છું. બહારનીજ વસ્તુઓને જોવાને ટેવાયલી મારી ભ્રમિત થઇ ગએલી આંખો, જેમને પહોળી કરીને મને સતાવનાર શત્રુને હું બરીક નજરે આખી આલમમાં શોધી વળ્યો હતો તે આંખો હવે એટલી હદ સુધી થાકી ગઇ છે કે હવે નથી તે ઉઘાડી રહી શકતી કે નથી બહારની વસ્તુઓને જોઇ શકતી. આથી કરીને લાચાર થઇને

મેં આંખોની બહારની ક્રિયા બંધ કરી દીધી અને અંદર જોવા માંડયું તો ગાઢ આંતરિક દૃશ્ય મારી સામે ખડું થઇ ગયું. હું મારી અંદરની પરિસ્થિતિ જોતાની સાથેજ સ્તબ્ધ બની ગયો! મારા ઉપર તીરનો વરસાદ વરસાવનારને આખા જગતમાં શોધતાં શોધતાં હું થાકી ગયો હતો; નિરાશ થઇ ગયો હતો; તેને તો મેં મારી અંદરજ, મારા અંતઃકરણમાં, ધનુષ્યબાણ લઇને બેઠેલો દીઠો! વધારે ઉંડું અન્તર્ધ્યાન કરતાં મને સમજાઇ ગયું કે, એના હાથમાં ધનુષ્યબાણ પકડાવનાર પણ હું પોતેજ બેવકૂફ હતો; અને તેનાંજ બાણોથી ઘાયલ થઇને હું આજની ઘડી સુધી હેરાન હેરાન થતો આવ્યો છું.

* * * *

આજે આંતર્દષ્ટિ કર્યાથી મને સમજાઇ ગયું છે કે, મારા ઉપર દુઃખની ઝડીઓ વરસાવનાર વાદળાં, જેની ભાળ મને આજ સુધી મળતીજ ન હતી; તે વાદળાં મારા પોતાના હૃદયાકાશમાંજ છવાયાં છે; અને મારા સંતપ્ત થયેલા કલેજાની વરાળ વડે મેં પોતેજ જમાવટ કરી છે. હવે મને માલૂમ પડી ગયું છે કે ÷ પિંડોરાની પેટી કોઈ બાહ્ય વસ્તુ નથી. તે પિંડોરાના ઘરના આંગણામાં પડેલી કોઇ સ્થૂળ પેટી નથી; પણ ઝેરી જંતુઓથી ભરેલી, દેખાવમાં સુંદર અને મનોહર લાગતી તે પેટી મારા માનસમંદિરના ચોકમાંજ ઉઘાડી પડી છે. સાચું કહેવડાવો તો તેને ઉઘાડનાર પણ હું પોતેજ છું અને હું ધારૂં તો હમણાંજ તેને બંધ

÷ જગતમાં દુઃખની ઉત્પત્તિ કેવી રીતે થઇ તેને માટે ગ્રીક દંતકથા એવી છે કે, પિંડોરા નામની કોઇ કન્યાને દેવોએ જાદુઇ પેટી આપી હતી. તેમાં શું હશે તે જોવા તેણે પેલી પેટી ઉઘાડી એટલે તેમાં પૂરી રાખેલાં નાના પ્રકારનાં દુઃખ આખા જગતમાં ફેલાઇ ગયાં. —સેવાનંદ

કરવા સમર્થ છું, એ વાત પણ હવે મને સમજાય છે.

* * * *

ધન્ય ઘડી! ધન્ય દહાડો! આજે મારૂં જીવ્યું સફળ થયું છે! અનાદિ કાળથી મેં ભોગવેલી પીડા અને જીરવેલું સંતાપ-એ બધું આજે સફળ થયું છે; કારણ કે તેમનાથી અત્યંત લાચાર બનીને મને મારી અંદર ડોકિયું કરવાની વૃત્તિ થઇ આવી! અંધારી ઘોર રાત્રિ વીતી ગઇ છે અને હવે પ્રભાતના શુભ પ્રકાશનાં મને દર્શન થાય છે. જેની શોધમાં હું બહાવરો બહાવરો આમતેમ ભટકતો હતો તેને પણ મેં આજે જોઇ લીધો છે.

આજે હું મારા દુઃખદાતાને બરાબર ઓળખી શક્યો છું. આજે હું હિંમતપૂર્વક કહેવા તૈયાર છું કે, બહારની કયી વસ્તુમાં મને લેશ માત્ર દુઃખ દેવાની તાકાત છે? મેં મારા અંતઃકરણ ઉપર મારો અધિકાર બેસારી દીધો. પછી મને સતાવનાર આ દુનિયામાં છે પણ કોણ? પેલી પેટીનું ઢાંકણું મેં મારે હાથેજ વાસી દીધું. હવે મને ડંખ મારનાર જંતુઓ ક્યાં રહીને મને ડંખ મારવા આવવાના છે? આજથી મારા દુઃખ ઉપર-મારા સંતાપ ઉપર છેલ્લો પડદો પડી ગયો છે. આજે દુઃખનું એક નાનું સરખું તીર પણ મારા શરીરને અડકવા આવે તો ખરૂં? હવે એની તાકાત શી કે મારા અંગને સ્પર્શ પણ કરી શકે? હવે મારે શાન્તિની પ્રાપ્તિને માટે નિરાપદ સ્થાન શોધવાની જરૂર રહી નથી. હવે મારી મરજીમાં આવે તો રાજમહેલમાંથી નીકળીને ઘનઘોર જંગલમાં જઇને રહું; મારી મરજીમાં આવે તો સીમલાની શીતળ ટેકરી ઉપરનો બંગલો છોડીને ધગધગતી રેતીના રણમાં જઇને ઉભો રહું; મારી મરજીમાં આવે તો કડકડતી ઠંડીમાં શરીર ઉપરનાં બધાં કપડાં ઉતારીને નાગો બનીને ફરવા માંડું. મને હવે દુઃખની દહેશતજ ક્યાં છે? એ

દુનિયાની તમામ પીડાઓ ! આવી જાઓ મેદાનમાં ! આવી જાઓ મારી સામે અને હું જોઉં તો ખરો કે, તમારામાંથી કોણ હવે મને જરા પણ દુઃખી કરી શકે છે ?

* * * *

મને પોતાનો શત્રુ સમજી લેનારાઓનાં કડવાં વચનરૂપી તીર હવે મને શું કરી નાખવાનાં છે ? જો હું તેમને મારા સગા ભાઈઓનાં મીઠાં કાલાં કાલાં વચન માની લઉં તો પછી તેની મારા મન ઉપર શી અસર થવાની છે ? હું હલાહલ વિષને અમૃત ગણીને પી જઈશ તો પછી તે વિષ મને શું કરી નાખવાનું છે ? મારા કાલ્પનિક શત્રુઓ મારા ઉપર ઈંટ, પથ્થર વગેરે જે કાંઇ ફેંકે તેમને જો હું પુષ્પવૃષ્ટિ સમાન ગણી લઉં અને આનંદપૂર્વક વધાવી લઉં તો પછી તેમનાથી મારા શરીરને દુઃખ થવાનો સંભવજ ક્યાં છે ?

× × × ×

જે ભયાનક દર્દોને મારાં પૂર્વનાં પાપકર્મોએ નોતર્યાં હતાં તેઓ પોતાની અસહ્ય પીડા અને યાતનાઓસહિત ભલે ચાલ્યાં આવો; મને તેમની હવે જરાએ પરવા નથી. કારણ કે તે તમામ દુઃખોને, દર્દોને મારી પોતાનીજ શુભ સહનશક્તિરૂપી પારસમણિના સ્પર્શથી હું સુખ અને શાન્તિના રૂપમાં ફેરવી નાખીશ.

બીજી ત્રીજી વિપત્તિઓ અને સંકટોને આવવાની મરજી હોય તો તેઓ પણ આવી જાય. મેં તે પરમ સુખ સુધી પહોંચાડી દેનારી નીસરણી ઉપર પગ મૂકી દીધો છે. હું તો તેનાં પગથીઆં ઉપર પગ મૂકતો મૂકતો ઉંચે ચઢતોજ જઈશ અને પરમ સુખનું મંદિર હવે કેટલું નજીક છે તે જોવાને મારી નજર તો હું ઉપર ને ઉપરજ રાખતો જઈશ.

હવે મેં મારા દરવાજા ખુલ્લા મૂકી દીધા છે. હવે મારા તરફથી તમામ પ્રકારનાં દુઃખ, ક્લેશ, સંતાપ, વિપત્તિ -સૌને ખુલ્લું નિમંત્રણ છે. જેને આવવું હોય તે સુખેથી અંદર ચાલ્યું આવે; પણ અંદર આવતાંની સાથેજ તેમને પોતાનો દુઃખદાયક અને ભયોત્પાદક જભ્ભો ઉતારીને સૌમ્ય-સુખદ સ્વરૂપ ધારણ કરવુંજ પડશે; કારણ કે હું તેમને ઈશ્વરના અવિચળ નિયમો મુજબ ચાલ્યાં આવેલાં અને મારી ઉન્નતિનો સંદેશો લાવનાર દૂત સમજીને તેમનો યથા-યોગ્ય સત્કાર કરીને તેમને માન આપીશ.

× × × ×

જો હું મારી આખી જિંદગી સુધી બસ એકજ ધૂન-માં મસ્ત રહીશ તો પછી કોઇ પણ જાતની અકર્મણ્યતા, ચિંતા અથવા ક્લેશને મારી મુલાકાતે બોલાવવાનો મને એક ક્ષણનો પણ અવકાશજ શાનો રહેશે? જો હું દૃઢતાનું અભેદ બખતર મારે શરીરે સદાએ ધારણ કરતોજ રહીશ તો પછી દારુણ દુઃખ મને સંતાપવાને વાસ્તે કયે રસ્તે થઇને અંદર ચાલ્યું આવશે? જો મારી આસપાસનું આખું વાતાવરણજ મારા અહિંસાવ્રતની અને અભયદાનની ખૂશ-બોથી ચકચૂર થઇ રહ્યું હશે તો પછી ભય અથવા ત્રાસના જંતુઓને અંદર આવીને મને મારવાનો માર્ગજ ક્યાંથી મળશે? જો હું મારા માથા ઉપર આનંદમય પરમેશ્વરની સઘન છત્રછાયાનો નિરંતર અનુભવ કરતોજ રહીશ તો પછી શોક અથવા ચિંતાની ગરમીને મારા સુધી આવીને મને સંતપ્ત કરવાનો અવસરજ કેવી રીતે મળશે?

× × × ×

મને તો હવે દૃઢ વિશ્વાસ છે કે જેમ જેમ હું સત્યના માર્ગ ઉપર આગળ ધપતો જઈશ, તેમ તેમ મારી હૃદયમાં

નડતર કરનારી મુસીબતો અને વિપત્તિઓની સાંકળના આંકડા આપોઆપ એક પછી એક તૂટતા જશે.

જે વિચારો મારા મનને મલિન અને ખિન્ન કરવાને વાસ્તે આવશે, તેઓ જ્યારે મારા મનને એકાગ્રતારૂપી સદા જાગ્રત અને નહિ જીતી શકાય એવા ચોકીદારથી સુરક્ષિત થએલું જોશે ત્યારે અવળે પગલે ચુપચુપ પાછા ભાગવા માંડશે.

જો હું પરમાત્માની આજ્ઞાનેજ મારૂં એકમાત્ર લક્ષ્ય, ઉદ્દેશ્ય અને મારી આંખોના ધ્રુવતારા સમાન ગણીને તેના તરફજ મીટ માંડીને મારા માર્ગ ઉપર આગળ ધપ્યો જઇશ તો આસપાસ ગમે ત્યાં સળગતી પ્રતિષ્ઠાની લાલસારૂપી દુઃખ અને ચિંતાના અગ્નિની ઝાળમાં હું ગબડી પડું એવો સંભવજ નથી.

અરે પોતાને બળવાન સમજનાર અન્યાયી અત્યાચારી? તારા કાપુરુષને છાજે એવા અત્યાચારમાં કશુંજ સામર્થ્ય નથી. તું તારા અત્યચારોથી મને શું સતાવી શકવાનો છે? તું ધારે તો મારા શરીરને સકંચામાં ઘલાવીને પીસાવે, કૂતરાઓની પાસે મારા શરીરને બચકે બચકે કરડાવે, મારી ચામડી ઉતરાવીને અને શરીરે મીઠું મરચું ચોપડાવીને મને ઉકળતા તેલમાં તળાવે અથવા બીજા ગમે તે મનમાન્યા ઉપાયથી આ નિશ્ચેતન શરીરની તું ફાવે તેવી દુર્દશા કરે પણ તેથી મને શું? મને પોતાને તું શી રીતે દુઃખ દેવાનો હતો? મારા મનરૂપી સુખદુઃખનું સાધન મારા તાબામાં છે તો પછી તારી પાસે એવું કયું હથિયાર છે કે જેના વડે તું મને-સુખદુઃખનો માત્ર અનુભવ કરનારને-તારા ક્રૂર અત્યાચારોથી સતાવી શકે? તારી અત્યાચારી તલવાર મને મારવાને વાસ્તે મારા શરીર સુધી આવશે ખરી, પણ મારા શરીરને અડકતાંજ ત્યાંની ત્યાં ઠરી જશે અને પોતાના ઘાતક પ્રહારની પીડા તે મને નથી કરી શકી એમ જાણીને તેને

પોતાની નિર્બળતાની ખાત્રી થશે.

*   *   *

આ દુનિયા ઉપરની તમામ સરકારો જાણે કોઈ ભયંકર ચીજ હોય એવી લોકોના મન ઉપર છાપ પડી ગઈ છે. આ સુધરેલા જુલમગારોએ દુનિયાના અનેક ધાર્મિક પુરુષો ઉપર ગુજારેલા સિતમની કથાઓ પ્રસિદ્ધ છે. એમના જુલમો વિષે લોકોના મનમાં એવો ખ્યાલ પડી ગયો છે કે પ્રજાના હાથમાં તેમનો કયો ઇલાજ નથી. પણ ધર્મમાર્ગના પ્રવાસીને સતાવી શકે એવો કયો જુલમગાર છે ?

ધર્મકાર્ય કરતાં કરતાં કોઈ સરકાર મને બળજબરાઈથી અન્યાયપૂર્વક કેદ કરીને મારા ઉપર ભલે જૂઠાં આળ ચઢાવે, પણ તેને પરિણામે ઉપરથી માલૂમ પડશે કે, તેમ કરીને આખા જગતમાં મારો યશ ફેલાવનારી જાહેર ખબર તે વગર પૈસે વહેંચી રહી છે. મારા સરખા સ્વતંત્ર આત્માને તેનાં કેદખાનાંની ઉંચી અને પહોળી દિવાલો કેવી રીતે કેદ કરી શકશે તેજ મારાથી સમજાતું નથી. અરે ! એનું કેદખાનું તો મારૂં ધ્યાનમંદિર બની જશે. તે એજ કેદખાનાં છે ને કે જેમને અનેક ધર્મવીરો પોતાની ચરણરજથી પવિત્ર કરીને તીર્થક્ષેત્ર જેવાં બનાવી ગયા છે ? મારા હાથની હાથકડીઓ અને પગની બેડીઓ મને જકડી તો શું રાખે પણ તેઓ ઉલટી મારા હાથપગના આભૂષણરૂપ બની જશે.

×   ×   ×

ઓ રાજાઓ ! તમે વિચાર તો કરો કે માનવીની શક્તિ ઘણામાં ઘણી કેટલી હદ સુધી જઈ શકે છે ? કદાચ બહુ બહુ તો મૃત્યુ એ કલેશની પરાકાષ્ઠા છે એમ સમજીને તમે મને દુઃખ દેવાને વાસ્તે દેહાંતદંડની સજા કરશો, પણ હું તો હસતો હસતો ફાંસીની દોરડી ઉપર મારાં જૂનાં વસ્ત્ર

લટકતાં રાખીને મારા પરમ પિતા પાસે નવાં વસ્ત્ર માગવા દોડી જઇશ. તમે આથી વધારે શું કરી શકવાના છો ?

ઓ રાજશક્તિ ! તું ભલે મારા ઉપર તારી પૂરેપુરી સત્તાનો કોરડો ચલાવ, તારી સુસજ્જિત ભયંકર ચતુરંગ સેનાને લઇને મારા એકલાના ઉપર તૂટી પડ અથવા તારી ત્રિભુવનને કંપાવનારી તોપોના કડાકા ધડાકા સાથે મારા ઉપર ચઢી આવ તોપણ મેં હમણાંજ કહ્યું તેના કરતાં તું વધારે શું કરી નાખવાની છે ?

× × ×

અરે મૃત્યુ ! લોકો તને વિકરાલ કાળ કહે છે ખરૂં ને ? તેઓ કહે છે કે "તારૂં સ્વરૂપ ઘણું ભયાનક છે. તારૂં નામ સાંભળતાંજ લોકોનાં છક્કાં છૂટી જાય છે. દુનિયાના મોટા મોટા માણસો મૃત્યુના આવવાથી તરફડીઆં ખાતા મરી ગયા, અને તેમનું તેની સામે કશુંએ જોર ન ચાલ્યું; પણ ઓ મારા પ્રિય મૃત્યુ ! આ બધાંજ વચન જૂઠાં છે. જો તું આવું હોત તો ફાંસીનો હુકમ સાંભળ્યા પછી પેલા યુવાનનું વજન આનંદને લીધે ચાર શેર વધેજ કેવી રીતે ? જો તું દુઃખદાયકજ હોત તો મરતી વખતે ઋષિ દયાનંદની મુખ-કાન્તિ પ્રફુલ્લિત થાયજ શી રીતે ?

ઓ મૃત્યુ ! તું સાચેજ ભયંકર તો છેજ નહિ. તું તો વિશ્રામદાતા છે–મુક્તિદાતા છે. તું કાળા પાડા ઉપર સ્વારી કરનાર ભયંકર કાળદંડને ધારણ કરનાર કોઇ બિહામણી આકૃતિ નથી, પણ મારી નજરે તો તું સુંદર મનોહર તોરણોથી શણગારેલા એવા દરવાજા જેવું દેખાય છે કે જેમાં થાકી ગએલો તપસ્વી થોડી વાર વિશ્રાન્તિ લઇને તાજો થવા આનંદપૂર્વક અંદર પ્રવેશ કરે છે અને જેમાં થઇને છેલ્લી વારનો જેમનો જન્મ છે એવા સિદ્ધ મુનિગણો મંગલ મય પરમ પિતાના ધામમાં પ્રવેશ કરે છે અને તેમના

સ્નેહપૂર્ણ વક્ષસ્થલમાં કાયમની વિશ્રાન્તિ લે છે.

* * *

'આ જીવ'ની નજરે તો આજથી સંસારનાં તમામ જાતનાં દુઃખોનો ખરેખર લોપજ થઇ ગયો છે. જે ક્ષણે મને સમજાઈ ગયું કે બાહ્ય પદાર્થોને દુઃખપ્રદ બનાવનાર મારૂં પોતાનું અંતઃકરણજ છે, તે ક્ષણથી પૃથ્વીના પડ ઉપરનાં તમામ દુઃખોનાં કાજળ ધોવાઇ ગયાં અને સુખપ્રદ પ્રકાશ –સુધાની તેજસ્વી પીંછીથી ચારે દિશાઓ ધોવાઇ ગઇ છે. આજથી મારા જીવનમંદિરના આકાશમાં કોઇ પણ પ્રકારના દુઃખનો ઓળો નથી પડવાનો. આજથી 'આ જીવ'ના અનંત અવિનાશી આનંદમાં જગતનો કોઈ પણ પદાર્થ અડચણ નથીજ કરવાનો. અહો ! આખું વિશ્વ આજે આનંદના પુનિત પ્રકાશથી ઝગમગી રહ્યું છે ! ૐ આનંદ ! આનંદ ! આનંદ !





તરંગ ૬ ઠ્ઠો—પ્રતિષ્ઠા

અરે ! ઉંચા માર્ગ ઉપર થઇને પ્રવાસ કરનારા મુસાફરો ! હુંશિયાર રહેજો. પ્રતિષ્ઠારૂપી આ પિશાચિનીથી સાવધાન રહેજો. એ પોતાની જાળ બિછાવીને દરેક જગ્યાએ આપણી રાહ જોતી બેઠી છે. પોતાના ફંદામાં આપણા હાથ પગ જકડીને આપણને નીચાણના પ્રદેશમાં ફેંકી દેતાં તેને વાર નથી લાગવાની.

જ્યારે તમારા ઉપર લોકો પુષ્પવૃષ્ટિ કરવા લાગે, જ્યારે વર્તમાનપત્રોમાં તમારાં નામ મોટા મોટા અક્ષરમાં છપાવા લાગે, જ્યારે હજારો માણુસોની સભામાં તમને ઉંચા આસન ઉપર બેસાડવામાં આવે, ત્યારે તમારે સમજી લેવું કે પ્રતિષ્ઠાની સ્વારી આવી પહોંચી છે. તમારે તેવે વખતે આ ચીકણા લપસણા રસ્તા ઉપર બહુ જાળવીને પગ મૂકવા, નહિ તો લપસી જશો અને ઉંધે મોઢે પછડાશો.

× × × ×

કોઇ એક સંત પુરુષને ખૂબ આદર સહિત કોઇએ ભોજનનું નિમંત્રણ દીધું ત્યારે તેમણે નિમંત્રણનો ઇન્કાર કરતાં કહ્યું કે, મારે તો તિરસ્કારથી મળેલો રોટલાનો ટુકડો જ જોઇએ. એમ કહેવાની તેમની શી મતલબ હશે ? અથવા બ્રાહ્મણોએ અપમાનામૃતની હમેશાં તૃષ્ણા રાખવી એવો આદેશ મનુ ભગવાને શા હેતુથી કર્યો હશે ? "પ્રતિ-

ષ્ઠા શૂકરી વિષ્ઠા " ઇત્યાદિ શાસ્ત્રવચનોનો શો ઉદ્દેશ હશે ? હકીકત એવી છે કે આ પ્રતિષ્ઠારૂપી શ્રાપણનો ડસેલો માણસ કદી બચતોજ નથી. કેટલાક લોકો એવા છે કે જેમનો નાશ કરવાના બધાજ ઉપાય જ્યારે નિષ્ફળ નીવડયા, કેદખાનાનો ત્રાસ અને મોતનો ભય તેમને ચલાયમાન ન કરી શકયાં-પણ જ્યારે તેજ માણસોને સન્માનનું હલાહલ વિષ પ્રેમપૂર્વક ઘૂંટડા ભરી ભરીને 'પાયું' ત્યારે તેના ઘેનમાં તેઓ એવા ઉંઘવા પડયા કે ફરી બેઠા થયાજ નહિ.

× × × ×

મારા અંગબળનાં પરાક્રમો જોઈને જેઓ મારી પ્રશંસા કરે છે, તેઓ શું મારી સ્તુતિ કરે છે? જેના બક્ષેલા બળ વગર અખિલ વિશ્વમાં કોઈ એક પાંદડું પણ હલાવી શકતો નથી તે શક્તિસ્વરૂપ પરમેશ્વરના સિવાય બીજા કોનીજ સ્તુતિ થઇ શકે?

જેઓ મારા સૌન્દર્ય ઉપર મુગ્ધ થઈને કોમળ શબ્દોમાં મારી પ્રશંસાનાં ગીત ગાવા લાગે છે તે મૂર્ખાઓને એટલી પણ ખબર નથી કે તેઓ ખરી રીતે મારા તેમજ તેમના પોતાના દિવ્ય કારીગરનાંજ સ્તોત્રો ભણી રહ્યા છે! જેણે પોતાના સૌન્દર્ય વડે આ વિશ્વોદ્યાનનાં સારામાં સારાં પુષ્પોને રંગ્યાં છે તેનીજ પ્રશસ્તિ તેઓ ગાઇ રહ્યા છે.

જ્યારે મારી બુદ્ધિના ચમત્કારની સ્તુતિ હું લોકોને મોઢેથી સાંભળું છું, ત્યારે તો મને એવું થાય છે કે હે સ્વયપ્રકાશ ભગવન! એમાં હું કેવી રીતે મારી પોતાની સ્તુતિ માની લઉં? જેનાં અસંખ્ય કિરણોમાંનાં થોડાંક મારા આ ક્ષુદ્ર માનવમસ્તિષ્કમાંથી પ્રતિબિંબિત થાય છે તે અસલ સૂર્ય તો આપ એકલાજ છો.

× × × ×

અરે! મને આ થયું છે શું? પ્રતિષ્ઠારૂપી શેઠાણીનો અવાજ જેવો મારે કાને આવે છે કે તરત જાણે હું તેનો પાળેલો કૂતરો હોઉં તેમ તેની પાસે દોડી જાઉં છું અને મારી પૂંછડી પટપટાવવા લાગું છું. તે પ્રતિષ્ઠારૂપી પિશાચિનીની આંગળી જે બાજુએ ઉંચી થાય છે તેજ બાજુએ હું નાચવા મંડું છું. તેનાં વાજીંત્રોનો અવાજ મારે કાને આવતાંજ મારૂં આખું શરીર થનગની ઉઠે છે, હું બેઠો હોઉં ત્યાંથી ઉભો થઇ જાઉં છું અને પછી ભલે તે સ્થાન દેશના ગમે તે એક ખૂણામાં હોય અથવા ગહનમાં ગહન સ્થળ ઉપર ભલે હોય, પણ તે તરફ હું તદ્દન પરવશ બનીને તણાતો ખેંચાતો ચાલ્યો જાઉં છું.

"આપ તો મોટા મહાત્મા છો," "આપના સિવાય આ કાર્ય કરે એવો છેજ કોણ?" આવાં આવાં સ્તુતિગાનોની કડીઓ મારે કાને હું રાતદિવસ સાંભળ્યા કરૂં ત્યારેજ હું જીવતો રહી શકું. કોઇ આવીને મને પ્રણામ કરે છે અથવા "મહાશયજી! આપને ધન્ય છે" એવું તેવું કાંઇક કહી જાય છે ત્યારે મને એવું લાગે છે કે આવડી મોટી વિશાળ દુનિયામાં અક્કલવાળો માણસ તો એવું કહેનાર એકલોજ છે. બસ, મારાં એટલાં વખાણ કરો; પછી તો મારૂં સર્વસ્વ લૂંટી લેશો તો પણ હું રાજીખુશીથી લૂંટાવા દઇશ. મને "કનક કામિની"ની જરાએ તૃષ્ણા નથી એવો હું પ્રામાણિકપણે એકરાર કરી શકું છું, પણ આ લોકેષણાનું ભૂત મારી ખાંધ ઉપર તેના પૂરેપુરા બળથી ચઢી બેઠું છે. હું એનાથી જરૂર છૂટો થવા ઇચ્છું પણ છું, પરંતુ જ્યાં એનો આંખને ઉડીને વળગે એવો સરસામાન મારી નજરે પડે છે એટલે મારો જીવ ઝાલ્યો રહેતો નથી.

* * * *

આવો, આવો! જેમણે આવા તુચ્છ-અતિ તુચ્છ પ્રલોભનની કોઇ કાળે પણ પરવા રાખી નથી એવા મહર્ષિઓની ચરણરજ આપણે શ્રદ્ધાપૂર્વક માથે ચડાવીએ. તેઓ એવી વસ્તુની સ્પૃહા રાખેજ શા માટે? કારણ કે જેમનો અંતર્યામી હૃદયાધિષ્ઠિત પરમ દેવતા-જેમનો અંતરાત્મા-તેમના પ્રત્યેક કાર્યની આઠે પ્રહર સ્તુતિ કરતો હોય છે તેઓ મનુષ્ય નથી પણ મનુષ્યદેવતા છે; પછી બીજા કોઇ તેમના કૃત્ય તરફ લક્ષ આપે છે કે નહિ તેની તેમને પરવાજ શા માટે હોય? તેમનાં કાર્યોની પ્રશંસાનાં દિવ્ય સ્તોત્રો તેમની અંદરના ભાગમાં નિરંતર ગવાતાંજ હોય તો પછી બહારના લોકોની પ્રશંસાનાં મિથ્યા બૅન્ડ-વાજાં વાગે તોએ શું અને ન વાગે તોએ શું?

એવા મહાત્માઓ તો એવી કોઇ અવિચળ અને અતિ ઉંચી ભૂમિકા ઉપર જઇ બેઠા હોય છે કે કદાચ આખા જગતના તમામ મહારાજાઓ પોતપોતાના મુકુટ તેમના ચરણમાં મૂકવાને ઉત્સુક બનીને તેમની આગળ હાથ જોડીને ઉભા રહે તોપણ તેથી તેમનું માન લેશમાત્ર પણ વધતું નથી અને આખી દુનિયાના તમામ સુધરેલા કહેવાતા લોકો તેમને "જંગલી" કહે અથવા તેમને વિષે નિન્દાના ઠરાવો પસાર કરે અથવા બીજી કોઈ રીતે તેમને ઉપદ્રવ કરે તોપણ તેમને કશીએ માનહાનિ થતી નથી.

તેઓ તો પોતાના અંતર્યામી દેવની પાસેથી નિરંતર પ્રાપ્ત થતી પ્રતિષ્ઠાના સુખમાં એવા મગ્ન થઇ ગયા હોય છે કે તેમના માથા ઉપર ફૂલ વરસે છે કે ખાસડાં, તેમના ચરણમાં આખી જનતા નમી રહી છે કે બેડીઓ ઠોકાઇ રહી છે, લોકો તેમને ધન્ય ધન્ય કહે છે કે ધિક્ ધિક્ કહે છે તેની તેમને જરા જેટલીએ ખબર નથી હોતી.

તેઓ પોતાના વિશાળ હૃદય-ભુવનમાં રાજરાજેન્દ્રની

માફક એવી પરિપૂર્ણતાનો આસ્વાદ ભોગવતા બેઠા હોય છે કે તે મહેલની બહારની દિવાલો ઉપર નાનાં નાનાં છોકરાં શી શી રમતો રમે છે તેના તરફ તેમનું ધ્યાન પણ જતું નથી.

આવા કોઈ દ્વન્દ્વાતીત મહાત્માનો એક વાર સાક્ષાત્કાર થાય ત્યારે સમજાય કે, અમૂલ્ય મોતી સમુદ્રના અગાધ ઉંડાણમાં શા માટે છૂપાતાં પડયાં હોય છે? જેમને જગતના કોઈ પણ માનવી પ્રત્યે દ્વેષ નથી અથવા કોઈ પણ પ્રાણીનો જેમને ભય નથી તેઓ નિર્જન પ્રદેશોમાં શામાટે [illegible] ફરતા હશે? ભારે ભારે સિદ્ધિઓ તો તેમના હાથમાં આવી ગએલી છે, છતાં લોકોની આગળ તેમનો ચમત્કાર બતાવીને શા માટે જરા ખાટી જતા નહિ હોય? [illegible] લોકો તેમને ઓળખતા હોય, તેમનું પૂજન કરીને [illegible] સત્કાર કરવા તલપતા હોય ત્યાંથી તેઓ શા માટે [illegible] ને [illegible] ભાગતા ફરતા હશે અને પોતાની ઓળખ [illegible] હશે? આ બધું ત્યારેજ સમજાય કે [illegible] કોઈ આવા વિરલ મહાત્માના આંતર્જીવનને જોવાનો [illegible] મળે. ઉપર જણાવેલા બધા પ્રશ્નોનો એકજ ઉત્તર છે કે, તેઓ [illegible] એટલી હદ સુધી પરિણત થએલા હોય છે કે બીજા લોકો તેમનામાં સન્માનનો [illegible] [illegible] લોકોના સન્મા- [illegible] છે; કારણ કે લોકો તેમને [illegible]

* * * *

[illegible]

ઘસાતું બોલે એટલે તારૂં મોઢું ઉતરી જાય એમાં નવાઈ શી ? તારૂં મોઢું ઉતરી જાય છે તેનું મૂળ કારણ તારૂં હરપૈલાપણુંજ છે.

જ્યારે કોઈ તારા નામની પાછળ "જી" લગાડવાનું ભૂલી જાય છે, અથવા તને યથાયોગ્ય અભિવાદન ન કરે ત્યારે તારા મુખ ઉપર અપમાનનું કાળું વાદળ છવાઈ જાય; જ્યારે કોઇ ઠેકાણે બધા મિત્રો ભેગા બેસીને ભોજન કરવાના હોય અને તેમાં ભાગ લેવાનું તને નિમંત્રણ મળે ત્યારે તે દહાડે તને આખું જગત ઉજળું ઉજળું દેખાય છે, અને આ સંસારમાં "હું પણ કાંઇક છું" એવું તે દિવસે તને લાગ્યા કરે છે. અરે મારા મન ! તું આટલું બધું ક્ષુદ્ર છે ! જ્યારે તું ચોમાસાની નદીની માફક જરા જરામાં પારકાની મહેરબાનીથી ફુલાઈ જાય છે, અને તેવી મહેરબાની ઓછી થતાંજ તું સુકાઇ જાય છે ત્યારે તારા જેવાને સાથે રાખીને આ સંસારમાં હું શું ઉકાળવાનો હતો ?

હે ત્રિભુવનના વિધાતા પ્રભુ ! તું મારા હૃદયને વધારે ઉદાર અને વિશાળ બનાવ. ભગવાન શ્રીકૃષ્ણના અને મહાત્મા સૉક્રેટીસના હૃદયને ઘડનાર પરમાત્મા ! તું મારા હૃદયને સમુદ્રના સરખું ગંભીર અને એવું તો "અચલપ્રતિષ્ઠ" બનાવી દે કે તેમાં પ્રશંસાની મોટી મોટી હજારો નદીઓની નદીઓ ઠલવાયાજ કરે તોપણ પોતાની માઝા મૂકે નહિ અને હજારો નિંદાખોરોની નિંદારૂપ સૂર્યનાં કિરણ તેની ઘણામાં ઘણી ગરમીથી રાતદિવસ મારા હૃદયને શોષ્યાજ કરે તોપણ તે તેવું ને તેવુંજ રહે; નહિ તો હે ભગવન્ ! જરા જરામાં જે છલકાઈ જાય અથવા સૂકું ભાઠા જેવું બની જાય એવા પામર હૃદયને લઇને તારા આ સંસારમાં કયું ભારે કામ હું કરી શકવાનો હતો ?

* * *

સન્માનરૂપી વસંત ઋતુ બેસતાની સાથેજ અસલ કોણ અને નકલી કોણ તે તરતજ પરખાઈ જાય છે. નકલી વેષધારી સાધુ સન્માનને આવતું જોઇને અહંકારથી "કા" "કા" કરવા મંડી જાય છે; પણ જે સાચો સંત હશે તે તો પોતાને ચારે બાજુએથી લોથી છવાએલો અને મંદમંદ વાયુની લહેરોથી ડોલતી ઉંચી આંબાડાળીએ બેઠેલો જોઇને નમ્રપણે પોતાનું મસ્તક નમાવીને મીઠાં મધુર વચન બોલીને પોતાના હૃદયની કૃતજ્ઞતાને જાહેર કરતાં ધરાતોજ નથી.

એવા નમ્ર મહાત્માઓને અર્પણ કરેલાં સન્માન અને પ્રતિષ્ઠા તેમની પાસે પળવાર પણ ટકતાં નથી. તે તો કમળપત્ર ઉપર આવીને પડેલું જળબિન્દુ જેમ તરતજ તેના મૂળ સ્થાનેજ જઇ પહોંચે છે, તેમ તેમની પાસે આવતાની સાથેજ જે મહાન પ્રભુના ચરણમાં તેઓ પોતેજ પડેલા છે ત્યાંજ જઇને તે ઠરે છે. આથી કરીને આવાં સન્માન ઇત્યાદિથી આ મહાપુરુષો તદ્દનજ નિર્લેપ, અળગા અને કોરા ને કોરાજ રહે છે.

જેમણે પ્રતિષ્ઠાને પ્રાણનાશક દંશ દેનારી સર્પિણીના જેવું કામ કરતી જોઇ છે તેઓ જ્યારે એજ પ્રતિષ્ઠાને સાચા મહાત્માઓને ગળે પુષ્પના હારની પેઠે શોભતી અને તેમને પણ શોભાવતી જુએ છે, ત્યારે તેમના આશ્ચર્યનો પાર રહેતો નથી. તેઓ પૂછે છે કે આ જાદુ કોણે કર્યું? કાળી નાગણ તો ખાસ્સી પુષ્પની માળાની માફક અથવા સુંદર આભૂષણની માફક તેમના કંઠમાં શોભી રહી છે! આ ચમત્કાર શું તે મહાપુરુષોનો હશે? પણ તેમને પૂછતાં તેઓ કહે છે કે નથી આમાં કશો ચમત્કાર કે નથી અલૌકિક સિદ્ધિના ખેલ! આ તો માત્ર નિર્લેપ ભાવે રહેવાનીજ ખૂબી છે; એને જાદૂ કહો, ચમત્કાર કહો, જે કહો તે, પણ છે તો એજ.

* * * *

શરૂઆતમાં જ્યારે હું એકાન્ત સ્થળમાં રહ્યો રહ્યો કોઇને ખબર પડે નહિ એવી રીતે ગુપચુપ તારી રાતદિવસ આરાધના કરતો હતો તે દિવસ મારે માટે કેટલા સૌભાગ્યના હતા તે હુંજ જાણું છું. પણ જ્યારથી લોકોનાં ટોળેટોળાં મારૂં દર્શન કરવા આવતાં થયાં, મને ગામેગામથી નોતરાં આવવા લાગ્યાં, જ્યાં જ્યાં ગયો ત્યાં દુનિયાના રીતરિવાજ મુજબ મારાં સામૈયાં અને સરઘસો નીકળવા લાગ્યાં, બસ તે દિવસથી તારી પૂજા કરવાનું કામ અત્યંત મુશ્કેલ થઇ ગયું છે. મારો તે અંગલનો આનંદ ઉડી ગયો છે. ભલે જેવી તારી મરજી. જે આ કામ પણ તેંજ મારે માથે નાખ્યું હોય તો ભલે હું તે પણ ઉપાડી લઇશ; પણ જે વખતે તારે ત્યાંથી-ફક્ત તારેજ ત્યાંથી-પ્રતિજ્ઞાની દિવ્ય વૃષ્ટિ મારા ઉપર થયા કરતી હતી અને તારા સિવાય મને ઓળખનાર પણ કોઇ ન હતું, તેમ સાંસારિક સત્કારરૂપી કાદવવાળું પાણી મારા ઉપર ઢોળનાર પણ કોઇ ન હતું, તે વખતના તારી શાંત ઉપાસનાના દિવસ મારા સ્મરણમાંથી ખસતાજ નથી.

પણ તેનાથીય વધુ આઘેના સમયમાં જ્યારે મને તારા ચરણની કશીએ ભાળ મળી ન હતી ત્યારે એક દિવસ મારી એવી અવસ્થા હતી કે, એક નાની સરખી સભાનું પ્રમુખપદ લેવાને પણ જાણે દશ દહાડાનો ઉપવાસી માણસ રસ્તામાં રોટલાનો એક ટુકડો પડેલો જોઇને તેને ઉપાડી લેવાને જેટલી તાલાવેલીથી દોડે, તેટલીજ તાલાવેલી અને ઉત્કંઠાથી હું દોડયો જતો હતો. અહો મારા ઉદ્ધારક! ધન્ય છે તારી લીલાને!

* * * *

હવે જ્યારે કોઇ એવો માણસ મારી નજરે પડે છે કે જેને તેની પોતાની ભૂલો બતાવનાર કોઇ ન મળવાથી ગુમાનનો ભરેલો અક્કડનો અક્કડજ ચાલે છે ત્યારે તેને

જોઇને તેના ઉપર મને ઘણીજ દયા આવે છે અને મારૂં હૃદય પણ ઘણું દુઃખાય છે. તે વખતે મારા મોઢામાંથી એવો પ્રાર્થનાનો ઉદ્‌ગાર નીકળી જાય છે કે "હે વિધાતા ! તારી મરજીમાં આવે તો ભલે મને એકાદ જંગલમાં કેદ કરી રાખજે, પણ ખુશામતખોરોના ટોળામાં તો મને કદી ન રહેવા દેતો. જો મારા કોઈ દુર્ભાગ્યને લીધે મને મારા ગુણ-દોષને યથાવત્ બતાવી દેનાર સાચા સમાલોચકનો સંગ ન મળે તો છેવટે મને મારી હડહડતી નિંદા કરનારાઓની વચમાં રાખજે. પણ મારા ઉપર કૃપા કરીને મને એવી ભયંકર જગ્યાએ તો કદી ન રાખતો કે જ્યાં મારા તમામ પ્રશ્નોના જવાબમાં 'હાજી' 'આપ યોગ્યજ કહો છો' એવા-જ ઉત્તર મારે કાને સદાએ પડયા કરે અથવા જ્યાં 'હાજી હા' સિવાય બીજા કોઈ જાતના સમાચારની હવાનો પણ મને સ્પર્શ ન થાય."

હું તો એવું માનું છું કે જો મારા ચારિત્ર્યની કાળી બાજુ ઉપરજ હમેશાં અજવાળું પડતું રહેશે તો ધીમે ધીમે તેની બધી કાળાશ ઉડી જશે અને તેજ પ્રમાણે જો મારી ઉજળી બાજુ ઉપર અજવાળું પડતું રહેશે તો તેનું ઉજળાપણું પણ ઉડી જશે અને મારી નરી કાળાશજ બાકી રહી જશે; પછી હું મને પોતાને ઉજળો માનીને ભલે મનમાં ને મનમાં ફુલાયા કરૂં. આવી ભ્રાન્તિમાં ને ભ્રાન્તિમાં પડયા રહેવું એ કેટલી ભયંકર દશા છે ? પછી છેવટે જ્યારે આંખ ઉઘડે છે અને પોતાની અવસ્થાનું સાચું ભાન થવા માંડે છે ત્યારે તો [illegible] જઈને આત્મઘાત કરવા સિવાય બીજું કશુંજ કરવાપણું રહેતું નથી.

હું પહેલેથી [illegible], અને તે ઉપરાંત જે હું "[illegible]" અને "હા જી હા"ની નગરી [illegible] રહું અને [illegible] કરવાને [illegible] નિંદામય વાતા-

વરણમાં મને થોડા વખત પણ રહેવાનું ન મળે તો તો મારૂં શરીર છેકજ ગળી જાય ને ?

* * * *

આપણાં વખાણ કરનાર તદ્દન મૂર્ખ અને અજ્ઞાની છે એવું આપણે સારી રીતે જાણતા હોઇએ છીએ, છતાં આપણે તેને મોઢેથી આપણાં વખાણ સાંભળવાની આશા રાખીએ છીએ, એ થોડું નવાઈ જેવું છે ? આપણને તેની પાસેથી કેવી ધૂળ જેવી વસ્તુ મળે છે તે પણ આપણે વખાણ સાંભળવાની લાલચમાં સાવ ભૂલી જઇએ છીએ. એવફૂફોએ આપેલી પ્રતિષ્ઠાની કિંમતજ શી હોય ? જે પામર લોકોને મારી અવસ્થાની કશી સમજણજ નથી તેઓ મારાં વખાણ કરે તોએ શું અને નિંદા કરે તોએ શું ? અજ્ઞાની અને સ્વાર્થી લોકો જ્યારે જ્ઞાની લોકોની નિંદા અથવા જૂઠી અફવાઓનો પ્રચાર કરવા માંડે છે ત્યારે જ્ઞાનીઓ તો તેને ઘણુંજ શુભ શુકન માની લે છે.

ઓ પ્રતિષ્ઠા ! સંસારમાં તારૂં પણ યોગ્ય સ્થાન તો છેજ. પણ તે ત્યાંજ છે કે જ્યાં અનુભવી અને વૃદ્ધ માણસો પ્રસન્ન થઇને આપણે માથે હાથ ફેરવે, જ્યાં સજ્જનમંડળી પોતાના મનની ઉલટથી તેમનો નિર્મળ પ્રેમ અર્પણ કરે અને આમ પુરુષોના આદરની ઇચ્છા અને તેમના નિરાદરનો ભય આપણને સદા ઉત્સાહિત કરીને આપણા સન્માર્ગ ઉપરથી લટી પડવા ન દે. અમુક અવસ્થામાં આપણને બીજાની આપેલી પ્રતિષ્ઠાની આપણો પોતાનો વિકાસ સાધવામાં ખૂબ જરૂર હોય છે અથવા નાનકડા કૂમળા છોડને જેમ વખતોવખત પાણી સીંચવું જરૂરનું છે, તેમ આપણી પણ અપરિપક્વ દશામાં એવા સમયોપયોગી ઉત્સાહપ્રદાનની પણ જરૂર પડે છે. તેવે વખતે યોગ્ય વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત થતી પ્રતિષ્ઠા હાનિકારક નહિ પણ જીવનદાતા નીવડે છે.



તરંગ ૭ મો—બસ, જરાકજ, એટલામાં શું?

એક નાનો સરખો છોકરો માંદો થઇને પથારીમાં સૂતો છે. તે પોતાની માતાને કહે છેઃ "મા! મને ખાવાનો આગ્રહ ન કરો. આજે તો વૈદ્યરાજ મને ખાવાની ખાસ મના કરી ગયા છે. તે જતી વખતે કહેતા ગયા છે કે આજે તું જો જરાક પણ ખાઇશ તો બહુ નુકસાન થશે." પણ થાળીમાં ખાવાનું લઇને તેની પથારી પાસે ઉભેલી જનેતા તેને કહે છેઃ "એ ખરૂં, પણ બેટા! જરાક બે કોળીઆ ખાઇ લે ને? એટલામાં શું થઈ જવાનું છે? બીજું કાંઈ ન ખા તો લે, તારે સારૂ હું ખીર કરી લાવી છું, તે જરાક પી લે. બાપડો છોકરો આખો દહાડો ભૂખે પેટે પડયો રહે તે મારી આંખે કેમ જોવાય?"

* * * *

અમુક ચોક્કસ સંજોગોમાં કોઇ સત્યની પ્રતિજ્ઞાવાળો માણસ લોકોને કહે છેઃ "મારા ભાઇઓ! સત્યના મહાવ્રતનું પાલન કરવાનો મહિમા તમે કાંઇજ નથી સમજતા તેથી તમને હું ઝાઝું શું કહું?" પણ લોકો તેને કહે છે કે એક વાર જરાક જૂઠું બોલી લેવાથી શું થઈ જવાનું હતું? એમ તો યુધિષ્ઠિર રાજા પણ એક વાર જૂઠું બોલી ગયા હતાજ ને? જરાક જૂઠું ન બોલવાથી હાથવેંતમાં

આવેલું કામ ધૂળી જશે."

* * * *

સંયમી સાધુને માટે એક વાર ભારે પ્રલોભનની પળ આવી પહોંચી છે. તે પોતાની સામે ઉભેલી મોહિનીને કહે છે કે "તું મારા મોઢા આગળથી ચાલી જા. તારૂં અહીં કાંઇજ કામ નથી. હું કોણ છું તે તું નથી જાણતી ?" પણ તેને ચારે બાજુએથી ઘેરી વળેલી મોહિનીઓ તેની આગળ પોતાના હાવભાવ બતાવીને કહે છેઃ "અરે ! જરાક વાર તો આનંદ માણી લે. ને તો ખરો કેવી મજા પડે છે તે ? પછી તારે અમને છોડી દેવી હોય તો છોડી દેજે. બસ, જરાક સ્વાદ ચાખી લે. તને ક્યાં અમે વધારે ચાખવાનું કહીએ છીએ ?"

* * * *

કુદરતના ખોળામાંજ ઉછરીને મોટો થએલો કોઇ તરુણ આ સંસારના બજારમાં નવો સવેજ આવીને ઉભો છે. તે જ્યાં જાય છે ત્યાં તેને "અપ-ટૂ-ડેટ"-છેલ્લામાં છેલ્લી-ફેશનવાળા સુધરેલા લોકો મળે છે. તેઓ તેને કહે છે કે "અરે ! થોડુંક માંસ તો ખાવુંજ જોઇએ; જરાકજ, વધારે નહિ. એનાથી શરીરનું દૌવત વધે છે. કદાચ નુકસાન થતું હોય તો તે વધારે ખાવાથી; થોડુંક ખાવાથી નહિ." બીજા વળી કહે છે કે "દોસ્ત ! જરાક છાંટો પાણી પણ લેવોજ જોઇએ. એનાથી મન આનંદમાં રહે છે. જોને, સાહેબ લોકો પણ જમ્યા પછી થોડો થોડો પીએ છે. વધારે ન પીતો. જરાકજ પીજે." વળી કોઇ કહે છેઃ "ચટણી, મસાલો, પાચક ચૂર્ણ એ પણ જરાક ખાવાં તો જોઇએજ. વૈદ-દાકટરો પણ એવુંજ કહે છે, એના વગર ખોરાક પચેજ નહિ. "બળી જમ્યા પછી બીડી, સીગારેટ, હુકો એમાંનું એકાદ ધુમ્રપાન પણ બહુ ફાયદાકારક છે. તમને આખો દિવસ ફૂંક

કૂંક કરવાનું કોણ કહે છે? એ તો જરાક જમ્યા પછીજ."

* * * *

વીંછી કહે છે કે "મને જરાકજ-મારા પાતળા ડંખની નાની સરખી અણી મારવા જેટલીજ તમારા શરીરમાં જગ્યા આપો. બાકીના તમારા આખા શરીરનું મારે કાંઈજ કામ નથી."

આગ લગાડનારો કહે છે કે "મને તમારા છાપરાના એક ખુણામાં જરાક ચીનગારી મૂકવાનીજ રજા આપો. આથી વધારે હું તમારી પાસે કાંઈજ માગતો નથી."

પાપવૃત્તિ કહે છે કે "મને તમારા હૃદયમાં જરાક જેટલુંજ સ્થાન આપો. હું ત્યાં ખુણામાં ને ખુણામાં ચુપચુપ બેસી રહીશ. કદી કશું કરીશ નહિ તેમ બોલીશ પણ નહિ."

સરકારનો નાણાં ખાતાનો પાવરધો પ્રધાન કહે છે કે "મને તમારા અમુક માલ ઉપર જરાક એક પૈસાનોજ કર નાખવાની રજા આપો. વધારે હું કહેતો નથી."

પરદેશી માલનો વેપારી આવીને કહે છે કે "તમારા આવડા મોટા વિશાળ દેશના એક કિનારા ઉપર મને જરાક જમીન આપી દો-ફક્ત મારી એક 'કોઠી' સ્થપાય એટલીજ."

વામનાવતાર બલિરાજાને આવીને કહે છે કે "હે મહાદાનેશ્વર બલિરાજા! તું મને માત્ર સાડાત્રણ ડગલાં મૂકવા જેટલી જરાક જમીનજ આપી દે. બસ, બીજું મારે કાંઈજ જોઇતું નથી."

* * * *

આજે મેં સંકલ્પ કર્યો કે મારે અમુક અમુક વસ્તુઓ નજ ખાવી. પણ પેલા ....ભાઈ મારે ત્યાં પેંડા મૂકી ગયા! ભલે, પણ હું નહિજ ખાઉં. છો પડયો રહેતો........"પણ તે માણસ ભાવ કરીને આપી ગયા અને હું છેકજ ખાઉં

નહિ તે કાંઇ ઠીક કહેવાય ?" માટે જરાક ખાવી લઉં છું. એટલું તો એના માનની ખાતર પણ મારે ખાવું જોઈએ. આમ કહીને મેં પેંડો ભાંગીને જરાક એટલો મોઢામાં નાખ્યો. થોડી વાર થઈ એટલે એક બીજો ટુકડો આંખ મીંચીને મોઢામાં મૂકી દીધો. પછી બાકી રહેલા પેંડને બે આંગળીઓ વચ્ચે રાખીને હું આમતેમ આંટા મારવા મંડ્યો. મારું મન કહેવા લાગ્યું કે હવે રહ્યો છે કેટલો ? એમ વિચારીને મેં બાકીનો પેંડો એકકે કોળીએ જઠરમાં ઉતારી દીધો—જલદી ઝટપટ ખાઈ જવું અને બિલકુલ ન ખાવું એ બરોબર ન હોય!

"મેં દારૂ પીવાનું તો ઘણા વખતથી છોડીજ દીધું છે; પણ આજે દારૂની દુકાન મારી સામેજ આવીને ઉભી છે. લાવ ત્યારે, જરાક એક નાનીશી પ્યાલી..........." એમ કહીને હું એક પ્યાલો તો ગટગટાવી ગયો. "અરે પીઠાવાળા! બીજો પાંચ આનાનો ભરી આપને." પાંચ આ-નાનો....પણ પી નાખ્યો. પછી મારું મન કહેવા લાગ્યું: "વટલાયા ત્યારે પૂરા વટલાવું. જ્યારે આટલે દિવસે ફરીથી પાછો પીવા માંડ્યો ત્યારે ચકાચક શા માટે ન પીવો ?" ગજવાં ખંખેરતાં કુલ સવાચાર રૂપીઆનું પરચુરણ નીકળ્યું. તે બધુંજ પીઠાવાળાને આપી દીધું અને બાટલી ઉપર બાટલી ચઢાવીને હું ત્યાંથી ચાલી નીકળ્યો.

"મને મરડો થયો છે તેથી આમલીની ચટણી અને પનું તો મારે નજ ખાવાં જોઈએ." પણ લાવ જરાક રસો-જ—ઉપરનું પાણી પાણીજ ભાતમાં રેડીને ખાઉં તો શું? એમ કહેતાં તો ચાર પાંચ ચમચા ભાતમાં રેડી દીધા. પછી મારૂં મન મને કહેવા લાગ્યું. * "ચટણી કેવી સરસ બની છે હેં! ચાલ જીવ! જીવાય કે મરાય પણ આટલી તો

* મયુરન પ્રાન્તમા લોકો પ્રવાહી ચટણી બનાવે છે. શિવાનંદ

કૂંક કરવાનું કોણ કહે છે ? એ તો

* *

વીંછી કહે છે કે "મને
ડંખની નાની સરખી અણી મારવા
માં જગ્યા આપો. બાકીના તમારા
કાંઈજ કામ નથી."

આગ લગાડનારો કહે છે કે
એક ખુણામાં જરાક ચીનગારી
આથી વધારે હું તમારી પાસે કાં

પાપવૃત્તિ કહે છે કે "મને
જેટલુંજ સ્થાન આપો. હું ત્યાં
ચુપ બેસી રહીશ. કદી કશું કરીશ ન

સરકારનો નાણાં ખાતાનો
"મને તમારા અમુક માલ ઉપ
નાખવાની રજા આપો. વધારે

પરદેશી માલનો વેપારી
આવડા મોટા વિશાળ દેશના
જમીન આપી દો-ફક્ત મારી

વામનાવતાર બલિરાજ
મહાદાનેશ્વર બલિરાજા ! તું
મૂકવા જેટલી જરાક જમી
મારે કાંઈજ જોઈતું નથી."

* *

આજે મેં સંકલ્પ કર્યો કે મા
નજ ખાવી. પણ પેલા ....આઈ મારે
ભલે, પણ હું નહિજ ખાઉં. છો પ
તે માણસ ભાવ કરીને આપી ગયા.

બધીજ વાતોમાં જરાજરા તો સામેલ થવુંજ જોઇએ; નહિ તો ભાઇબંધી શા કામની? પછી તેની બધી વાતોમાં સામેલ થવા લાગ્યો. એમ કરતાં કરતાં ઘણાં વરસ નીકળી ગયાં. પછી એક દિવસ મનમાં વિચાર આવવા લાગ્યો કે "મેં મારા મિત્રની બધીજ ઇચ્છાઓ પૂર્ણ કરી ત્યારે એક શા માટે બાકી રહેવી જોઇએ? કાંઇ ચિન્તા નહિ; કાલેજ હું મારા સગા ભાઇને ઝેર ખવરાવી દઇશ. એ મારી આંખોના પાટા જેવો છે, તેનું કાસળ કાઢી નાખવું એજ ઠીક છે. પકડાઇ જઇશ તો તે વખતે જે થશે તે જોઇ લેવાશે." બસ, બીજેજ દહાડે મેં મારા ભાઇને તેના ખોરાકમાં સોમલ ભેળીને ખવરાવી દીધો.

* * *

દરેક કામની શરૂઆત તો જરાકથીજ થાય છે. શરૂઆતમાં જરાક આંગળી પકડાતાં પકડાતાંજ આખું પોંચું પકડાઇ જાય છે અને તે માણસ પૂરેપુરો પરવશ બને છે.

જે આગથી આખું નગર બળીને ખાક થઇ ગયું હતું તે શરૂઆતમાં તો જરાક જેટલી ચીનગારીજ હતી.

જે ચાંદાનું ઝેર આખા શરીરમાં ફેલાઇ ગયું અને અંતે જીવ ગયો તે શરૂઆતમાં તો એક જરાક જેટલી ફોલ્લીજ હતી.

શરૂઆતમાં જરાક જેટલા કડવા વચનમાંથીજ ધીમે ધીમે આપસ આપસમાં વેર બંધાયાં અને તેમાંથી મહાયુદ્ધ મંડાયું, જેમાં અસંખ્ય પ્રાણીઓનો વિનાશ થયો અને આખા જગતના જીવનને ધક્કો લાગ્યો.

પોતાના વીર્યની બરબાદી કરનાર પેલો અભાગીઓ જેનું સારૂંય શરીર સડી ગયું છે, નાક ખરી પડ્યું છે અને પડ્યો પડ્યો પોતાની ભયંકર બે આંખો મટમટાવી રહ્યો

છે, જેને આ દુનિયામાં કાળી ઘોર નિરાશા સિવાય બીજું કાંઇજ દેખાતું નથી તે શરૂઆતમાં તો **જરાક** જેટલા કામ-વિકારના આવેગથીજ આ રસ્તે વળ્યો હતો.

પેલો દગાબાજ ધૂર્ત જે આજે આખા જગતમાં કોઇના ઉપર પણ વિશ્વાસ રાખતો નથી, જેને મન જૂઠું બોલી દેવું એ સાચું બોલી નાખવાના જેવુંજ તદ્દન સહેલું અને સ્વાભાવિક થઇ ગયું છે તેણે શરૂઆતમાં તો માત્ર **જરાક** જેટલું જૂઠું બોલીનેજ બીજાને છેતર્યો હતો.

આ કોગળીઆનો રોગ જેના આક્રમણથી પહાડ જેવી કાયા પણ થોડાક કલાકમાંજ તરફડીઆં મારીને ઠંડી થઈ ગઇ તેની શરૂઆતમાં તો આંખે પણ ન દેખાય એવા અતિ ક્ષુદ્ર જંતુ વડેજ થઇ હતી.

પેલું નઠારૂં વૃક્ષ જે આજે ઘણું ઉંચું વધી ગયું છે, જેની અસંખ્ય મોટી મોટી શાખાઓનો ઘણે આઘે સુધી ફેલાવો થઇ ગયો છે, જેનું થડ અને જેનાં મૂળીઆં ખૂબ-જ મજબૂત બની ગયાં છે, તેની શરૂઆત તો **જરાક** જેટલા બીજમાંથીજ થઈ હશે ને?

× × × ×

પોતાના વહાણમાં પડેલા જરા જેટલા બાકોરાની બેદરકારી કરનાર નાવિકને ખબર ન હતી કે આ **જરાક** જેટલું છિદ્ર આખા વહાણને પાણીથી ભરી દેશે અને તેમાં ભરેલા માલને અને હજારો ઉતારૂઓને સમુદ્રને તળીએ ઘસડી જશે.

પાંચજ મિનિટની **જરાક** જેટલી ઢીલ કરનાર સેના-પતિને ખબર ન હતી કે તેની આવી નજીવી ઢીલથી તેના શહેનશાહનો સદાને માટે પરાજય થશે અને આખા જગ-તના ઇતિહાસનો ક્રમ પલટાઇ જશે.

નિશાળમાંથી જરાક જેટલી ચોપડી ચોરી લાવનાર છોકરો આગળ જતાં ધાડુપાડુ નીવડશે અને ફાંસીને માંચડે લટકશે એ તેની મા જાણતી ન હતી.

કૂવામાં અમુક ચીજ જરાક રતીભાર જેટલી પડે તો આખા કૂવાનું પાણી ઝેરી બની જાય અને તેને જરાકજ ચાખનાર માણસ તરતજ યમલોક સિધાવી જાય, તેની અબુધ્યા માણસને ક્યાંથી ખબર હોય ?

ઉંચી ટેકરી ઉપર સુખપૂર્વક ઉભેલા ઢોરને ખબર નથી કે પેલી ઘાસથી ઢંકાએલી ભેખડના લીલાછમ ઘાસનું જરાક ડાકું ભરવા જતાં તે ઉંડી ખોમાં ધસી પડશે અને તેનાં હાડકાં પાંસળાંનો ભાંગીને ભૂકો થઈ જશે.

× × × ×

આ 'જરાક' ઘણીજ ભયંકર વસ્તુ છે. તેને ક્ષુદ્ર સમજીને કદાપિ તેની ઉપેક્ષા ન કરવી. પોતાના મધ્યબિંદુથી જરાક આઘી ખસનારી રેખા—પછી થોડીક ખસે કે વધારે ખસે પણ આખા વર્તુળ સાથેનો તેનો સંબંધ બગડી જાય છે. કોઇ પણ વસ્તુ તેના ગુરુત્વના મધ્યબિન્દુ ઉપરજ સ્થિર રહી શકે છે. ત્યાંથી તે જરાક હટે કે વધારે હટે પણ તેણે એક વાર પોતાનું મધ્યબિન્દુ છોડયું એટલે તેની સ્થિરતા સાચવી શકાતી નથી. એવીજ રીતે સંસારને ધારણ કરી રાખનારા વ્યાપક નિયમોની સત્ય રેખાથી જરાકજ આઘા ખસવાથી આખા વિશ્વની સાથેનો આપણો સંબંધ દૂષિત થઇ જાય છે અને તેમાં રહેલા મહાન રક્ષક બળથી આપણે તરતજ વિખૂટા પડી જઇએ છીએ. તેથી કરીને અમુક કામ થોડુંક કરવું કે વધારે કરવું એનો અહીં પ્રશ્નજ નથી. પરંતુ તે કામ કરીજ નાખવું અથવા સુદ્દલે ન કરવું એજ ખરો મુદ્દાનો સવાલ છે. થોડું કરી થોડું રહેવુંજ નથી. પાણીની મજામાં સોયની અણી જેવડું જરાક છિદ્ર પડયું

છે, જેને આ દુનિયામાં કાળી ઘોર નિરાશા સિવાય બીજું કાંઇજ દેખાતું નથી તે શરૂઆતમાં તો જરાક જેટલા કામ-વિકારના આવેગથીજ આ રસ્તે વળ્યો હતો.

પેલો દગાબાજ ધૂર્ત જે આજે આખા જગતમાં કોઇના ઉપર પણ વિશ્વાસ રાખતો નથી, જેને મન જૂઠું બોલી દેવું એ સાચું બોલી નાખવાના જેવુંજ તદ્દન સહેલું અને સ્વાભાવિક થઇ ગયું છે તેણે શરૂઆતમાં તો માત્ર જરાક જેટલું જૂઠું બોલીનેજ બીજાને છેતર્યો હતો.

આ કોગળીઆનો રોગ જેના આક્રમણથી પહાડ જેવી કાયા પણ થોડાક કલાકમાંજ તરફડીઆં મારીને ઠંડી થઇ ગઇ તેની શરૂઆતમાં તો આંખે પણ ન દેખાય એવા અતિ ક્ષુદ્ર જંતુ વડેજ થઇ હતી.

પેલું નકામું વૃક્ષ જે આજે ઘણું ઉંચું વધી ગયું છે, તેની અસંખ્ય મોટી મોટી શાખાઓનો ઘણે આઘે સુધી ફેલાવ થઇ ગયો છે, જેનું થડ અને જેનાં મૂળીઆં ખૂબજ મજબૂત બની ગયાં છે, તેની શરૂઆત તો જરાક જેટલા બીજમાંથીજ થઇ હશે ને?

× × × ×

[illegible] પડેલા જરા જેટલા બાકોરાની [illegible] ન હતી કે આ જરાક જેટલું [illegible] પાણીથી ભરી દેશે અને તેમાં [illegible]

[illegible] જરાક જેટલા [illegible]

વખતે કેમ આ "જરાક"થી મહત્ત્વ કહેવું નથી ? અરેરે, દરરોજ જરાક અભ્યાસ પણ આપણે કરી શકીએ, સારાં સારાં પુસ્તકોમાંથી દરરોજ જરાક વાચન કરીએ........ વગેરે વગેરે. આવું કેમ કોઈ કરતું નથી ? ત્યાં પણ એમ ન સમજતા કે આ "જરાક" તે અલ્પ "જરાક" રહેવાનું છે અને એમ સમજીને તેનું મૂલ્ય ઓછું ન આંકતા. નાનાં નાનાં રજકણો એકત્ર થવાથી હિમાલય જેવડો પર્વત ઊભો થયો છે; નાનાં નાનાં જળબિન્દુ ભેગાં થઈને અગાધ મહાસાગર બન્યો છે. એક એક પળ કરતાં કરતાં અનંત કાળ બની જાય છે. એક એક પરમાણુ મળીને આખું બ્રહ્માંડ રચાય છે. એક એક સત્કર્મનાં ફૂલડાં ભેગાં કરીને મહાત્માઓની ચારિત્ર્યમાળા ગુંથાય છે. એક એક ડગલું ઉપર જતાં જતાં કોઈ ઈન્દ્રાસન સુધી પહોંચી ગયા છે. "જરાક" "જરાક" કરતાં જેટલું આગળ જવાય તેટલું રૂડું. એવી જો કોઈ ક્રિયા હોય તો આ એકજ છે. અહીં "જરાક"ના સિદ્ધાંતનો ઉપયોગ કરવો ઘણોજ યોગ્ય અને હિતકર છે; કારણ કે એમ "જરાક" "જરાક" કરતાં કરતાં આપણે આગળ ધપતા ધપતા આપણા પરમ લક્ષ્ય સુધી પહોંચી જઈશું.





તરંગ ૮ મો—મને હસવું આવે છે.

મારી આસપાસ ચારે દિશાએ હાસ્ય અને વિનોદનું સામ્રાજ્ય પથરાઈ ગયું છે. હું જેને જોઉં છું તેને જોઈને મને તો હસવુંજ આવે છે. વિશાળ પ્રકૃતિદેવી પોતાનાં એકે એક અંગ વડે ચારે દિશાએ ખિલખિલાટ હસી રહી છે. માથા ઉપરનું આકાશ, કોઈ વાર કાળાં કાળાં વાદળથી ઘેરાએલું, કોઈવાર સ્વચ્છ ઘેરાભૂરા રંગને ધારણ કરતું, કોઈવાર તારાકણીઓથી ઝગમગતું પોતાના અવનવા રઢીઆળા રૂપથી આઠે પ્રહર શોભાયમાન દેખાય છે. પૃથ્વીની સપાટી ઉપર ચારે દિશાએ નજર પહોંચી શકે ત્યાંસુધી લીલાં હરીઆળાં ખેતરો વાયુની લહેરોની સાથે ઝૂલી રહ્યાં છે. પર્વતો ઉંચાં માથાં કરીને આકાશની સામે મીટ માંડી રહ્યાં છે. રમતીઆળ નદીઓ અને ઝરણાં ઉછળતાં, કૂદતાં, ખેલતાં દોડાદોડ કરી રહ્યાં છે. કોઈ ઠેકાણે પંખીઓનાં ગીત સંભળાય છે, કોઈ ઠેકાણે ચપળ હરણાં છલંગો મારી રહ્યાં છે, કોઈ ઠેકાણે કળાધર મોર નૃત્ય કરી રહ્યા છે, કોઈ ઠેકાણે વૃક્ષોનાં ઝુંડ લીલા વાઘા સજીને પોતાના રંગબેરંગી પુષ્પોના આભરણ પહેરીને મંદ મંદ હાસ્ય કરી રહ્યાં છે. અહો! આનંદ અને ઉલ્લાસની છોળોથી ભરેલો આખો સંસારસાગર લહેરાઈ રહ્યો છે. આ વિરાટ હાસ્યસંમેલન કોણ જાણે કયા અજ્ઞાત સમયથી ચાલ્યું આવે છે!

મારી જિંદગીમાં એક વખત એવો પણ હતો કે

જ્યારે આ વિરાટ હાસ્ય અને કોઈ 'ભયાનક હાસ્ય'ના જેવું લાગતું હતું અને તે વખતે મને એવું લાગ્યા કરતું કે ચારે દિશાએથી હસનારાં પ્રાણી પદાર્થો નિરંતર મારીજ મશ્કરી કરતાં હસી રહ્યા છે. તેથી કરીને હું ઉદાસ ચિત્તે નીચી નજર કરીને ચાલતો હતો અને બધો વખત મનમાં દુઃખી ને દુઃખીજ રહ્યા કરતો હતો. પણ એક દિવસ મને શુભ સંદેશ મળી ગયો કે "એ તો બધાં તને હસાવવાને માટેજ હસે છે, માટે એમની સાથે હળી મળીને તારે પણ હસવું જોઈએ." ત્યારથી હું હસવા લાગ્યો છું અને બધો વખત હસતોજ રહું છું.

× × × ×

આ આખો સંસાર એક અદ્‌ભુત, જીવતું જાગતું વિરાટ અદ્‌ભુતાલય (મ્યૂઝિયમ) છે. એની અંદર ગોઠવેલી બધીજ વસ્તુઓ અદ્‌ભુત અને તેથી કરીને હાસ્યને ઉત્પન્ન કરે એવી છે. હું અહીંની કોઈ પણ ચીજને જરાક વાર ધ્યાનપૂર્વક જોઉં છું એટલે પછી થોડીજ વારમાં મારાથી હસ્યા વગર રહેવાતું નથી. અહીં એક જગ્યાએ આનંદોત્સવ ઉજવાતો હોય છે તો બીજી જગ્યાએ હાયપીટ અને શોકકળ મચી રહી હોય છે; એક જગ્યાએ કોઈ યોગનિદ્રામાં લીન થએલા હોય છે તો બીજા અજ્ઞાનના ભયંકર ઓથાર નીચે દબાઈ ચંપાઈને લાંબા થઈને ઘેનમાં ઘોરતા પડયા હોય છે; એક જગ્યાએ દારૂડીઆઓ ઢીંચાઢીંચ કરતા હોય છે તો બીજેજ કોઈ ઠેકાણે સ્મશાનનું તાંડવનૃત્ય ચાલી રહ્યું છે. આ અદ્‌ભુત તમાશો જોઇને હું રાતદિવસ મનમાં ને મનમાં ખડખડ હસ્યાજ કરૂં છું. કોઈ ઠેકાણે સત્ત્વગુણનું જોર વધારે દેખાય છે અને ત્યાં હું લોકોને જ્ઞાનના પ્રકાશમય પ્રદેશમાં ઉંચે ને ઉંચે ચડતા જોઉં છું; કોઇ ઠેકાણે રજોગુણ લોકોને મોટાં મોટાં કાર્યોમાં ધકેલી

રહ્યો હોય છે અને તેમને પળવાર પણ ઠરીને બેસવા દેતો જ નથી; કોઈ ઠેકાણે તમોગુણનું રાજ્ય જામ્યું હોય છે અને ત્યાંના લોકો આળસને તાબે થઈ મોહમાં ફસાઇ પડેલા હોય છે. આ વિશ્વવ્યાપી મહાન તમાશો ખરેખર જોવા લાયક છે. જે લોકો અત્યંત વ્યાકુળતાપૂર્વક ભારે ભારે સાધનાઓ સાધવા મંડી પડયા છે તેમને જાણે ઢંઢાળીને ઉભા કરૂં અને કહું કે "જરા આમ નજર તો કરો. આ વિશાળ હાસ્યરસના દ્રષ્ટા બનીને જરા જુઓ તો ખરા! તમે શા માટે આ બધી જંજાળમાં ગૂંચવાતા ફરો છો? આ લીલાને જોઈ જોઇને પેટ ભરીને હસો; બસ, આજ મોક્ષનો સીધો ઉપાય છે. તમને તમારી આંખ આગળ ભજવાતું આ અદ્‌ભુત નાટક નથી દેખાતું? જરા એક બાજુએ અળગા ઉભા ઉભા જોયા કરો. તમે નાટકના ખેલાડી મટીને દ્રષ્ટા બનશો એટલે તેજ ક્ષણે તમારા મોક્ષના દરવાજા ઉઘડી જશે અને તેમાં પેસી જવાનો પરવાનો પણ તમને મળી જશે. 'ઉઠો, જુઓ અને હસો!' મારી સાધનાનો તો આજ મંત્ર છે."

* * * *

સૃષ્ટિનાં ગહન રહસ્યો વિષે ઉંડો વિચાર કર્યા પછી પણ જ્યારે કશી ગડ બેસતી નથી ત્યારે કોણ જાણે કયા વિચારનો ધક્કો લાગવાથી હું પેટ પકડીને હસવા મંડું છું! સવારના પહોરથી એકજ પલાંઠીએ બેસીને હું આખો દિવસ મારા કામમાં ગુંથાએલો રહું છું, પણ સાંજ થતાં હું જોઉં છું કે મારા ઉપરનો ચિન્તાનો બોજો તો જરાએ હલકો થયો નથી; ત્યારે આખરે હારીને હું બધુંજ કામકાજ સમેટી લઉં છું અને બીજું બધું વિસારે નાખીને હું હસી પડું છું. જ્યારે કોઈ પણ મુશીબતને ટાળવાને માટે બધાજ વાજબી ઉપાયો કર્યા છતાં પણ તે ટળતી નથી,

ત્યારે હું તેને મારી સામે આવવા દઉં છું અને ખડખડાટ હસી પડીને તેનો સત્કાર કરું છું. સંસારની તમામ મુશીબતો અને જંજાળોમાંથી બચવાનું મારું કોઈ એકજ ઈશ્વરનું આશ્રયસ્થાન હોય તો આ 'હાસ્ય'જ છે.

એજ પ્રમાણે તમે મને ગમે તેવા પ્રશ્નો પૂછશો અથવા મારી આગળ નાના પ્રકારની દલીલો કરશો તો તે સર્વનો મારો એકજ રામબાણ જેવો જવાબ આ મારું હાસ્ય છે. જેમને હું વધારે નથી સમજાવી શકતો તેઓ મને કહે છે કે 'તમારા વિચાર તો દુનિયાથી જુદાજ પ્રકારના છે.' ત્યારે હું મનમાં ને મનમાં હસી પડું છું. તેઓ જ્યારે મારા ઉપર આગ્રહપૂર્વક દબાણ કરીને કહે છે કે 'તમારી આ વિચિત્ર વાતો સાચી છે એવું સાબિત તો કરી બતાવો' ત્યારે પણ તેમની આજ્ઞાનું પાલન કરવાને વાસ્તે હસવા લાગું છું. કોઈ જોરજુલમથી મારી સાથે શાસ્ત્રાર્થ (?) કરવા કેડ બાંધે તો હું તેમને સમજાવું પણ કેવી રીતે ? ઈશ્વરકૃપા વડે જ્યારે હું તદ્દન નિરુત્તર થઈ જાઉં છું ત્યારે પણ હું મારું હૈયું ખોલીને હસું છું.

× × × ×

સાચું કહેવડાવો તો હું બધો વખત હસ્યાજ કરું છું–અરે ! મારી આસપાસનાં પ્રાણી–પદાર્થો ! જ્યારે તમે મને હસતો જોવાને બદલે દુઃખી અને ઉદાસ થએલો જુઓ ત્યારે તમારે એમ તો નજ માની લેવું કે મારી અંદરનો હાસ્યનો દીવો હોલવાઈ ગયો છે. તમે જરા આઘે પાછે નજર કરીને જોશો તો તમને તેનો પ્રકાશ દેખાયા વિના રહેશેજ નહિ. ખરી હકીકત તો એવી છે કે બહારની મુશીબતો અને વિપત્તિઓના વંટોળ જ્યારે વાવા લાગે છે ત્યારે તેના ઝપાટાથી મારા હાસ્યના દીવાને જાળવી લેવાને વાસ્તે હું પોતેજ તે વખતે તેને ઢાંકી દઉં છું, બાકી હું તો નિરંતર

હસતો જ રહું છું.

કોઇ કોઇ વાર લાંબા વખત સુધી બીજા વિષયોમાં મારૂં ધ્યાન પરોવાએલું રહેવાની આ દીવાની વાટ જરા નીચે ઉતરી જાય છે એ વાત ખરી છે; પણ એ વાત તરફ મારૂં લક્ષ જતાંજ હું તેને પાછી ઉંચી ચઢાવું છું. બાકી મારો દીવો તો આઠે પ્રહર સળગતો ને સળગતોજ રહે છે. મારૂં હાસ્ય કદી બંધ પડયુંજ નથી.

* * * *


જે વખતે સંસાર હાયપીટ અને રોકકળ કરતો હોય છે અને પોતાનું હાસ્ય ભૂલી જઈને ગંભીર મુખાકૃતિ ધારણ કરે છે તે વખતે સંસારના વાતાવરણના ભારને લીધે મારૂં હાસ્ય જો કે દબાઇ જાય છે અને મારો ચહેરો ગંભીર બની જાય છે તોપણ મારી અંદરના કોઇ એક ખુણામાં મારૂં હાસ્ય તો ચાલુ ને ચાલુજ હોય છે. જ્યારે કોઈ મારી આગળ આવીને રડે છે કે "અરે! મારા આખા જન્મારાનો કમાએલો પૈસો મારા હાથમાંથી જતો રહ્યો! કોઇ કહે છે કે "અરે! મારો એકનો એક જુવાન જોધ છોકરો મરી ગયો!" કોઈ વળી કોઈ જુલ્મગારના રોમાંચ ઉત્પન્ન કરે એવા જુલ્મોની વાત કરે છે-આવી આવી દુઃખની વાતો હું સાંભળતો હોઉં છું ત્યારે પણ મારો એક અંશ તો હસ્યાજ કરે છે. હું માંદા માણસને પંખો કરતો કરતો અથવા તેના પગ દાબતો દાબતો પણ મારી અંદરની એક ગુફામાંથી હસતોજ હોઉં છું અને "રામ બોલો ભાઈ રામ" "રામ બોલો ભાઇ રામ" બોલતા બોલતા ડાઘુઓ ઠાઠડીઓ લઇ લઈને મારા આગળથી પસાર થાય છે ત્યારે પણ હું અંદરખાનેથી હસતોજ રહું છું. એક દિવસ હું પણ આવી ઠાઠ- ઉપર પોઢીને શ્મશાનયાત્રા કરવા જતો હોઇશ એવું ભારતાં પણ મારાથી હસી દેવાય છે. અરે! હું મરવાનો

...મુખ સેનાથી થોડી વાર અગાઉ પણ હું મારું હસવાનું ...નથીજ ભૂલવાનો; મરતી વખતે પણ હું હસતો હસતોજ ...રીશ, અને મૂઆં પછી પણ મારા દાંત તો પહોળા ને પહોળાજ રહી ગયા હશે! અરે! એ તો શું પણ મારી ચિતામાંથી પણ છેવટની પળે એક વિકટ હાસ્યનો શબ્દ સંભળાશે અને તેમાંથી હાસ્યનાં નાનાં નાનાં ફૂલડાં નીકળી પડશે તેને વીણી લેવા માટે લોકો મારી ચિતાની ભસ્મને તળે ઉપર કરવા મંડી પડશે.

* * * *

આ સર્વવ્યાપી હાસ્યના આદિસ્રોત! હે આખા વિશ્વને હસાવનારા! હે આનંદમય! તારાં ગણ્યાં ગણાય નહિ એવાં પારવિનાનાં દાનમાંથી હું તો તારા આ હાસ્યના દાનનેજ ઓળખી શકું છું અને તેનો એકલાનોજ હું પૂરેપુરો લાભ લેતો આવ્યો છું. હે મારા દાતાર! તારી આપેલી આ ભેટ મારા હાથમાંથી એક ક્ષણ વારને માટે પણ પાછી ખેંચી ન લેતો. તારી નજરમાં હું નાલાયક ઠરું તો તારી બીજી બધી બક્ષિસો ભલે પાછી લઈ લેજે, પણ હે કરુણાનિધાન! આ તારું હાસ્યનું દાન તો મુજ રંકની પાસે તારા એક સંભારણાતરીકે પણ રહેવા દેજે; અને મારા અપરાધોની સજાના બદલામાં તારી આપેલી બીજી તમામ શક્તિઓ, આવડતો તું સુખેથી પાછી ખેંચી લેજે; પણ તારી આપેલી આ હાસ્યવૃત્તિને હું સર્વદા પ્રકટ કરી શકું, મારાં પાપ અને અધર્માચરણોની સજાના રૂપમાં આવી પડતી વિપત્તિઓ અને ક્લેશોને પણ હું હસીને આવકાર દઈ શકું—તેમને પણ આ તારી આપેલી ભેટ વડે પવિત્ર બનાવી દઉં—તારા આપેલા આ પુષ્પના પરાગથી મારા કાંટાળા રસ્તાને પણ મઘમઘાવી દઉં, એટલીજ—બસ, એટલીજ શક્તિ તું મારી પાસે રહેવા દેજે. હે નાથ! તારી આગળ મારી આટલી એકજ

માગણી છે. હું તને વિનવી વિનવીને તારી આગળ માત્ર એકજ યાચના કરૂં છું કે આ લોકમાં તેમજ પરલોકમાં મારી જુવાનીમાં તેમજ મારા ઘડપણમાં ચોમાસામાં તેમજ ધખધખતા હોય એવા ઉનાળામાં, દિવસે તેમજ રાત્રે આ ક્ષુદ્ર છોડવા ઉપર તારા અર્પેલા ઉપહારરૂપી આ પુષ્પ સદા ખીલેલું ને ખીલેલુંજ રહે-તે કદી કરમાય નહિ, ઓ પ્રભુ ! તે કદી પણ કરમાય નહિ એટલુંજ વરદાન હું તારી પાસે માગી રહ્યો છું.





તરંગ ૯ મો—સંધ્યા

ખબરદાર! મારા ચોકામાં કોઈ આવ્યા તો! કચરો, પૂંજો, મેલું, છગતું બધું વાળી ઝાડીને, ચોખ્ખું ચટ કરીને, લીંપીને ચોકો કરીને હું મારી આત્મિક રસોઈ બનાવવા બેઠો છું. તેથી હું બધાંને કહું છું કે રખે કોઈ મારા પવિત્ર ચોકામાં પગ મૂકતા.

આવો નિશ્ચય કરીને હરરોજ સવારસાંજ જ્યારે મને આત્મિક ક્ષુધા લાગે છે ત્યારે હું ચોકો કરીને પવિત્રતાપૂર્વક રસોઈ બનાવવા બેસું છું; પણ મારા ભાઈબંધ દોસ્તદારો એવા તો નફટ છે કે–મિત્રોને માટે આથી વધારે આકરો કયો શબ્દ વાપરૂં?–તેઓ મને મારૂં ભોજન પણ કરવા દેતા નથી. કોઈની સાથે દિવસના ગમે તે વખતે અથવા રાત્રે જરાક ક્ષણવારને માટે પણ પરિચય થયો એટલે લાગલોજ તે વગર-સંકોચે બેધડક ઠેઠ મારા ચોકા સુધી ઘુસી આવે છે, અને મારી સાથે ગપાટા મારવા મંડી જાય છે. અને હું પોતે પણ એવો રસિયો છું–હું મને પોતાને 'નિર્લજ્જ' કહેતાં શરમાઉં છું–કે હું શું કરી રહ્યો છું તેનું મને ભાન પણ નથી રહેતું. કોઈ કોઈ વાર તો કેટલીય મિનિટો દોસ્તોની સાથે વાતોના તડાકા મારવામાં નીકળી ગયા પછી હું આ શું કરી રહ્યો છું તેનું જ્યારે મને એકાએક ભાન આવે છે ત્યારે હું બૂમ પાડી ઉઠું છું કે "અરે! તમે બધાએ મળીને મારો ચોકો અભડાવી નાખ્યો; ચાલો, ઉઠો, નીકળો અહીં-

થી! જોતા નથી કે હું જમવા બેઠો છું!" એમ કહીને હું બધાને ત્યાંથી પાણીચું આપીને પાછો ફરીથી ચોકો કરીને નવેસરથી રસોઇ બનાવવા બેસું છું; પણ પાછા એ ભગવાન એના એ. આખો દિવસ જેમની સાથે ભાઇબંધી બાંધી તેઓ આ વખતે આઘા રહે પણ કેવી રીતે? નવા નવા મુલાકાત કરનારા આવે છે, અને મારો ચોકો ચૂલો અભડાવી દે છે. હું પાછો નવેસરથી ચોકો કરીને રાંધવા બેસું છું. એમ વારંવાર અબોટ ચોકા કરવામાં મારો વખત બરબાદ થઈ જાય છે. અને હું હેરાન હેરાન થઈ જાઉં છું. હવે કરૂં શું? ખૂબ અસૂરૂં થઇ જાય છે. અને શું હું બધો દિવસ અબોટ ચોકોજ કર્યા કરૂં? એટલી બધી ધીરજ ક્યાંથી લાવું? ત્યારે શું મારે આ બીજાની અભડાવેલી રસોઇજ ખાઈ લેવી? તે વાત પણ રૂચતી નથી, કશી સૂઝ પડતી નથી. આખરે કંટાળીને, કાયર થઇને એ અડકેલી આભડેલી એંઠી જૂઠી અને કાચી પાકી રસોઈ જેવી હોય તેવી ખાઈ લઇને આ લપમાંથી જેમ તેમ કરીને છૂટો થાઉં છું. પણ આવી અભડાએલી રસોઈ ખાધી તોએ શું અને ન ખાધી તોએ શું? એ તો ખાધી ન ખાધી સૌ સરખી. એનાથી મને આત્મિક પોષણ તો મળતું નથી. સવારસાંજ બે વખત ખાઉં છું તોએ હું રહું છું તો દુબળો ને દુબળોજ.

❊ ❊ ❊ ❊

એક એવી નદી છે કે જેને તમામ પ્રવાસીઓએ જ્યારે ત્યારે એક વાર ઓળંગવીજ પડશે. ઘણા લોકો તો તે નદીને કિનારે કેટલાંએ વર્ષોથી આવીને બેઠા છે—બીજા ઘણા હજી નાહવા આવે છે, કોઇ હજી છેટે છે, કોઈ કોઇ છેક નજીક આવી પહોંચ્યા છે—વળી 'અમારે આ નદી વહેલી મોડી ઓળંગવીજ પડશે' એવી જેમને ખબર સુદ્ધાં નથી એવા પણ ઘણા છે; પરંતુ નદીને સામે કિનારે શી રીતે પહોંચી જવું તે આ

બધામાંથી કોઇનેજ આવડતું નથી. એટલી વાતમાં સૌ સમાન છે. બધાય હજી આ કિનારેજ પડયા રહ્યા છે.

કિનારે ઉભેલામાંથી કોઇ કોઈ થોડેક સુધી પાણીમાં જઇ આવે છે, પણ ગભરાઇને પાછા આવે છે. સામે કિનારે જવા માટે ખૂબ કોશિષ કરે છે, નવી નવી યુક્તિઓ શોધી શોધીને અજમાવી જુએ છે. કેટલાક વળી ત્યાંથી બીજે ત્રીજે ઠેકાણેથી નદી ઓળંગી શકાય એવું છે કે નહિ તે બધે ફરી ફરીને જોઇ આવે છે; પણ સામી પાર ન જવાય ત્યાં-સુધી એ બધા પ્રયત્નોની કશીજ કિંમત નથી. તેઓ પ્રયત્ન નહિ કરનારાઓના સરખાજ છે. તેમનામાં કશી વિશેષતા નથી તેમ કશુંજ મહત્ત્વ પણ નથી.

એ નદી કયી હશે? એ તેજ નદી છે કે જેના વડે *વ્યુત્થાનતાના પ્રદેશની મર્યાદા બને છે અને જેને પેલે કિનારે એકાગ્રતા અને નિરોધના પુણ્ય પ્રદેશોના વિસ્તારનો આરંભ થાય છે; જ્યાં ધારણા, ધ્યાન અને સમાધિ એ નામોથી પ્રસિદ્ધ થએલાં ઉત્તરોત્તર પ્રકાશમય સામ્રાજ્યો આવેલાં છે અને જ્યાંની દિવ્ય લોકોત્તર વિભૂતિઓથી ભરેલાં તેજોમય ભવન અહીંના કોઇ કોઇ પ્રવાસીઓ આ કિનારે રહ્યા રહ્યા પણ જોઇ શકે છે. એ તેજ નદી છે કે જેને સામે કિનારે પગ મૂક્યા પછી પોતાની આત્મિક રસોઇ બનાવનારને તેના 'ભાઇબંધ દોસ્તદારો' રસોઇના કામમાં વિઘ્ન કરવા નથી આવતા અને તેથી ત્યાં આત્મિક પુષ્ટિ વગર હરકતે સૌને મળી શકે છે.

* * * *

ત્યારે હવે તે નદીને ઓળંગીને પેલે કિનારે જવાય કેવી રીતે? જે પ્રવાસીઓ સંસારના નાના પ્રકારના

*સમાધિનો ભંગ થયા પછીની અવસ્થા.—સેવાનંદ

વિષયોથી બંધાએલા છે અને જેઓ પોતાની ખાંધ ઉપર 'રાગ'નો ભારે બોજો લઇને ફરે છે તેઓ તો નદી ઓળંગી નજ શકે, એ તો તદ્દન ઉઘાડી વાત છે. તેઓ પાણીમાં પડશે તો ડૂબી જશે, પણ સામે કિનારે તો નહિજ પહોંચી શકે. એટલા માટે નદી ઓળંગવાનો વિચાર કરતાં પહેલાં સૌથી પહેલી તૈયારી તો એ કરવાની છે કે 'રાગ'નો બોજો ખાંધ ઉપરથી ઉતારી નાખીને હલકા ફૂલ જેવા વૈરાગી થવું. જે એક વાર વૈરાગી થઇ ચૂકયો હશે તે કોઇ ને કોઈ રીતે વારંવાર યત્ન-અભ્યાસ કરતો કરતો વહેલો યા મોડો એક દિવસ સામે કિનારે જવાનોજ. જે આ કિનારાની વસ્તુઓના રાગથી છૂટો થઇ ચૂકયો છે તેને તો સામા કિનારાની વસ્તુઓનું પ્રબળ આકર્ષણ પણ લાગુ પડવાનું. એટલે પછી તે સામે કિનારે પહોંચવોજ જોઇએ.

જે વૈરાગી થયો હોય તેને "વારંવાર યત્ન-અભ્યાસ" એટલે શું એ પ્રશ્ન પૂછવાનો અધિકાર છેજ. એના જવાબમાં સંત પુરુષો કહે છે કેઃ—

(૧) કેટલાક નિરંતર નિરવચ્છિન્ન જપરૂપી પૂલ ઉપર થઇને સામે પાર ચાલ્યા જાય છે. એ લોકો પ્રણવમંત્રનો અથવા બીજા કોઈ મંત્રના જપનો આશ્રય લે છે.

(૨) જ્ઞાનમાર્ગનું અવલંબન કરનારા જ્ઞાની ભકતો પોતાની વિચારસિદ્ધિની મદદથી એવી રીતે નદી ઓળંગી જાય છે કે પોતે નદી જેવું કાંઇક વિઘ્ન ઓળંગેલું તેની તેમને ખબરજ પડતી નથી. એવા સાધકો શરૂઆતમાં પોતાના મનને સમજાવે છે કે "હે મારા ચંચળ મન! તું તારે ફાવે એટલું ભટક. હું જોઉં છું કે તું ભટકી ભટકીને ક્યાં જવાનું છે? તું જ્યાં જઇશ ત્યાં ભગવાન તો હાજર ને હાજરજ છે." એવી રીતે તેમના મનને પ્રત્યેક પદાર્થમાં ઈશ્વરનું દર્શન કરવાનો અભ્યાસ પડી

જતાં તે છેવટે એકજ રંગથી સંપૂર્ણ રીતે રંગાઇ જાય છે.

(૩) બીજા કેટલાક સાધકો ઇશ્વરને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દઇને મનઃસમર્પણ નામના વિમાનમાં ચઢીને નદીની ઉપર રહ્યા રહ્યા પેલી પાર ચાલ્યા જાય છે. જ્યારે મનજ પોતાનું નથી રહ્યું અને ભગવાનનુંજ બની ગયું છે તો પછી તે ચિંતન કરે પણ કોનું ? તેનો આપોઆપજ નિરોધ થઇ જાય.

(૪) પ્રાણનું સાધન કરનારા પ્રાણની ગતિ મુજબ 'સોઽહં' એવો અજપાજપ કરીને અને તદનુરૂપ સોઽહં ભાવનાની પદ્ધતિનો આશ્રય લઇને બરાબર ઘાટ ઉપરજ જઇ પહોંચે છે કે જ્યાં તેમને પાણી નડતું નથી પણ તેનો પ્રવાહ ઉલટો તેમને મદદગાર થઈ પડે છે. એવા લોકો પ્રાણની નિરંતર ચાલતી ગતિમાં મન દ્વારા સોઽહં અથવા ૐકારનું શ્રવણ કરતા રહે છે.

(૫) કોઇ બળવાન ઈચ્છાશક્તિવાળા પોતાની પ્રબળ ઈચ્છારૂપી બાહુ વડે પાણી કાપતા કાપતા પેલે પાર જઇ પહોંચે છે.

(૬) ઉપર જણાવેલી રીતો ઉપરાંત ગુરુના ઉપદેશ દ્વારા પ્રાપ્ત થતી અનેક જાતની હોડીઓ, મછવા વગેરે પણ છે, જેમાં બેસી વૈરાગીઓ નદી ઓળંગી શકે છે.

આ રીતે નદી ઓળંગવાના ઉપાયો તો સેંકડો છે. એમાંનો હરકોઇ ઉપાય નદીને પેલે પાર લઇ જાય છે. ત્યારે આપણે બેસી શા માટે રહ્યા છીએ ? ચાલોને, આપણે પણ ગમે તે એક ઉપાય વડે આ નદીને સામે કિનારે ચાલ્યા જઇને ત્યાં નિર્વિઘ્ને આત્મિક પુષ્ટિ પ્રાપ્ત કરીએ.





તરંગ ૧૦ મો—ઉદ્બોધન

હે રાજપુત્ર ! ઉઠો, જાગો ! તમારા બંદીજનો તમારાં મંગલ યશોગાન ગાઇને તમને નિદ્રામાંથી જગાડે છે. તમારા રાત્રિના સ્વપ્નમાંથી હવે જાગ્રત થઇ જાઓ અને તમે ખરેખરા રાજકુમારજ છો—સ્વપ્નમાં તમે પોતાને એથી જુદા દેખતા હતા તેવા નહિ—એ અવસ્થાનો અપરોક્ષ રીતે અનુભવ કરતા થઇ જાઓ. આ વિશાળ સામ્રાજ્યના કાયદેસર માલિક એવા હે રાજયુવરાજ ! ઉઠો, બંદીજનો તમારે દરવાજે ઉભા ઉભા તમારાં બિરદ ગાઇ રહ્યા છે.

હે સેનાપતિ ! નિરાશામાં ડૂબીને આમ કેમ પડી રહ્યા છો ? જુઓ તો ખરા ! આ બધી શિથિલ થએલી વેરણ ખેરણ થઇ ગએલી પણ દિવ્ય અસ્ત્રોને ધારણ કરનારી અનંત સેના તમારીજ છે. એક વાર જાગ્રત થઇને તમારો રણશંખ તો ફૂંકો એટલે તમારી બધીજ દિગ્વિજયી સેનાઓ વ્યૂહબદ્ધ બનીને પોતાના હુંકારથી ત્રિભુવનને કંપાવતી, આકાશ અને પાતાળને એક કરી દેતી તમારી આજ્ઞા સાંભળવા માટે તૈયાર ઉભી રહેશે.

હે દેવાધિદેવ ! તમે જરા જાગ્રત થઇને ચારે બાજુએ નજર ફેરવીને જુઓ તો ખરા કે તેત્રીસ કરોડ દેવતાઓ પણ તમારા હુકમની રાહ જોતા તમારી આસપાસ હાથ જોડીને કેવા ઉભા રહ્યા છે ! તેમને તમારા હુકમ સંભળાવીને કૃતાર્થ કરો—તેમના ઉપર એટલો અનુગ્રહ તો કરો.

હે પુરુષ ! જુઓ, તમારી ચારે દિશાએ નજરે પડતી પ્રકૃતિ-આ વિશ્વરૂપા અનંત પ્રકૃતિ-તમારે માટે અનાદિ કાળથી પ્રવૃત્તિ કર્યાજ કરે છે. એને પોતાને માટે તો કશું કાર્ય કરવું નથી, તે જે કાંઈ કરે છે તે તમારે માટેજ કરે છે. તમે જાગીને બેઠા થાઓ, એ પ્રકૃતિને ઓળખો અને તમારૂં પુરુષપણું સિદ્ધ કરો.

× × × ×

હે દેહિ ! તમે દેહ નથી પણ દેહને ધારણ કરનારા પવિત્ર આત્મા છો. ઉઠો, આ પાપરૂપી ગંદા કાદવમાં ક્યાં પડયા રહેશો ? તમે તો નિર્લેપ છો. ત્યારે તમારી પાસે પાપને રહેવા દેવાનું પ્રયોજન જ શું છે ? પાપ તમને સ્પર્શ પણ નથી કરી શકતું. હે વિશુદ્ધ આત્મા ! ઉઠો, જાગો અને કાદવમાંથી બહાર આવો.

હે મનુષ્ય ! તું અહીં વિષયભોગમાં ક્યાંથી ફસાઇ પડયો છે ? તું દિવ્ય સ્વર્ગીય આનંદનો અધિકારી, તું વૈરાગ્યના પવિત્ર માર્ગ દ્વારા બ્રહ્માનંદની પ્રાપ્તિ કરવાનો હક્કદાર ! તું શું આવી અધમ દશાને યોગ્ય છે ? ઉઠ, ઉઠ, જાગી ઉઠ ! તું તો મનુષ્ય છે-પશુઓની અસંખ્ય ભોગયોનિઓમાંથી ઉંચે ઉંચે ચઢતો ચઢતો તું મનનશીલ માનવયોનિને પ્રાપ્ત થયો છે.

ઓ જીવ ! તું કેમ હારી બેઠો છે ? તારામાં તો સંસારની અનંત શક્તિઓ ધમધમી રહી છે. તારા મગજમાં જ્ઞાનનો સૂરજ ઝગારા મારી રહ્યો છે. તારા હૃદયમાં ભગવાન પોતેજ બિરાજે છે. તું શું નહિ કરી શકે ? બસ, તું જાગી ઉઠ એટલીજ વાર છે.

* * * *

અહયા મૃત્યુથી ડરનારા ! મોતનું નામ સાંભળીને

ફફડી ઉઠનારા ! તું આંખ ઉઘાડીને જો તો ખરો કે અહીં મોત જ ક્યાં છે ? ઓ અમૃતના સંતાન ! ઓ સારાય જગતની સર્વોત્તમ સત્તા ! તું અનાદિકાળથી મુઓ નથી અને ભવિષ્યમાં મરનાર પણ નથી. તું અગાઉ મર્યો હતોજ ક્યારે કે ભવિષ્યમાં મરવાની બીકે નાહક ડરતો ફરે છે ?

નાના પ્રકારનાં દુઃખ અને સંતાપથી આઠે પ્રહર બળીને ખાક થનારા ! તું જરા ઉઠીને ઉભો થા અને તારી આંખો ઉઘાડીને જો તો ખરો કે તું જેને દુઃખ દુઃખ કહે છે, તું જેનાથી કાયર કાયર થાય છે તે છે શું ? અલ્યા ! આ તો આનંદમય ભગવાનની સૃષ્ટિ છે. 'તે આનંદમાંથી ઉત્પન્ન થઈ છે, આનંદમાં તેની સ્થિતિ છે અને અંતે આનંદમાંજ લીન થઇ જવાની છે,' અહીં દુઃખને માટે અવકાશજ ક્યાં છે ?

અરે ઓ ઘોર અંધકારથી ગુંગળાઇ ગએલા ! તને આ કાળામસ ભયંકર અંધારામાં કશુંએ સૂઝતું નથી ! જરા ઉભો તો થા અને તારાં બારીબારણાંની ભોગળો ઉઘાડીને બહાર નજર તો કર ! જોને, આખું બ્રહ્માંડ સ્વયંજ્યોતિ સૂરજનાં તેજસ્વી કિરણથી ઝળાંઝળાં થઈ રહ્યું છે કે નહિ ?

અરે ઓ નાના પ્રકારના ભયથી ફફડી ઉઠનારા ! તું શામાટે હરઘડીએ અનિષ્ટની ખોટી ખોટી શંકાઓ કરીને સંકોચાયા કરે છે ? આ ઘરમાં તો જે કોઇ છે તે બધાં તારાં પોતાનાં જ છે અને પરાયું કોઇ જ નથી; તે તું એક વાર આંખ ઉઘાડીને જોઇ તો લે. અહીં સૌ તારૂં પોતાનું; પછી તારે ભયજ કોનો ! અહીં તો ત્રણે કાળમાં કોઇનું કશું અકલ્યાણ થઈ શકતુંજ નથી, અને જો એમજ છે તો આ મ કલ્યાણમય રાજ્યમાં શામાટે છાતી કાઢીને તદ્દન ર્ભયપણે ફરતો નથી ?

અરે અસંખ્ય ચિન્તાઓના ભારથી અકળાઈ ગએલા ...! આ બોજો લાદવાનું કહ્યું'તું જ કોણે? જે સર્વનો અં-તર્યામી છે અને સર્વ પ્રકારની યોજનાઓનો વિચારનાર છે ... સર્વશક્તિમાન ખભા ઉપર એ તારો બોજો દેઈ ...ને તું તારી મેળે નિશ્ચિન્ત બની-જાને) અરે ઓ બેવ-કૂફ! તું એટલું પણ નથી સમજી શકતો કે જેની સર્વદા ... અને સર્વશક્તિમતી માતા બેઠી હોય તેને ફિકર કેવી અને ચિન્તા પણ કેવી? તું બધી વાતે બેફિકર અને ...બનીને તેના ખોળામાં શામાટે આળોટતો નથી!

× × × ×

અરે ઓ મહાપુરુષ! તમે અહીં છેક સામાન્ય મનુષ્યની માફક શાને ભટકાતા ફરો છો? દુઃખમાં ડુબેલો પાપમાં લદબદ બની ગએલો આ આખો સંસારજ તારા ચરણરજની મદદ જોતો ઉભો છે. તમે આખરે કોણ થવાના છો તેની પણ તમને ખબર નથી–તમારી ભાવી ઐતિહાસિક મહત્વનું પણ તમને ભાન નથી. યાદ રાખો કે જે કાર્ય તમારૂં કરવાનું છે તે તો આખા સંસારમાં કોઈ જ નથી કરી શકવાનું.

હે કર્મવીર! ઉઠીને ખડા થાઓ. તમારે સારૂ સંસારનું કાર્યક્ષેત્ર ખુલ્લુંજ પડ્યું છે. તમે જે નાનામાં નાનું કામ હાથમાં લેશો તે તમારા સ્પર્શથી ખૂબ મહ-ત્વપૂર્ણ બની જશે. તમે દીનદુઃખીઓના ઉદ્ધારને માટે–ધર્મની સંસ્થાપના કરવા માટે અવતર્યા છો. તમારામાં મહાન શક્તિ ભરેલી છે, પણ હું આ સમુદ્રને એક છલંગ મારીને ઓળંગી જઈશ એવી પવનસુત હનુમાનને પહેલાં ખબર ન હતી, તેમ તમને પણ તમારી શક્તિની ખબર નથી. ઉઠો, ઉઠો, હવે તમારી ભારે ભીડ પડી છે અને દેશ રાહ જોઈ રહ્યો છે. ભારતભૂમિની રજમાંથી ઘણા-

ફફડી ઉઠનારા ! તું આંખ ઉઘાડીને જો તો ખરો કે અહીં મોત જ ક્યાં છે ? ઓ અમૃતના સંતાન ! ઓ સારાય જગતની સર્વોત્તમ સત્તા ! તું અનાદિકાળથી મુઓ નથી અને ભવિષ્યમાં મરનાર પણ નથી. તું અગાઉ મર્યો હતોજ ક્યારે કે ભવિષ્યમાં મરવાની બીકે નાહક ડરતો ફરે છે ?

નાના પ્રકારનાં દુઃખ અને સંતાપથી આઠે પ્રહર બળીને ખાક થનારા ! તું જરા ઉઠીને ઉભો થા અને તારી આંખો ઉઘાડીને જો તો ખરો કે તું જેને દુઃખ દુઃખ કહે છે, તું જેનાથી કાયર કાયર થાય છે તે છે શું ? અલ્યા ! આ તો આનંદમય ભગવાનની સૃષ્ટિ છે. 'તે આનંદમાંથી ઉત્પન્ન થઈ છે, આનંદમાં તેની સ્થિતિ છે અને અંતે આનંદમાંજ લીન થઇ જવાની છે,' અહીં દુઃખને માટે અવકાશજ ક્યાં છે ?

અરે ઓ ઘોર અંધકારથી ગુંગળાઇ ગએલા ! તને આ કાળામસ ભયંકર અંધારામાં કશુંએ સૂઝતું નથી ! જરા ઉભો તો થા અને તારાં બારીબારણાંની ભોગળો ઉઘાડીને બહાર નજર તો કર ! જોને, આખું બ્રહ્માંડ સ્વયંજ્યોતિ સૂરજનાં તેજસ્વી કિરણથી ઝળાંઝળાં થઈ રહ્યું છે કે નહિ ?

અરે ઓ નાના પ્રકારના ભયથી ફફડી ઉઠનારા ! તું શામાટે હરઘડીએ અનિષ્ટની ખોટી ખોટી શંકાઓ કરીને સંકોચાયા કરે છે ? આ ઘરમાં તો જે કોઇ છે તે બધાં તારાં પોતાનાં જ છે અને પરાયું કોઇ જ નથી; તે તું એક વાર આંખ ઉઘાડીને જોઇ તો લે. અહીં સૌ તારૂં પોતાનું; પછી તારે ભયજ કોનો ! અહીં તો ત્રણે કાળમાં કોઇનું કશું અકલ્યાણ થઈ શકતુંજ નથી, અને જો એમજ છે તો આ પરમ કલ્યાણમય રાજ્યમાં શામાટે છાતી કાઢીને તદ્દન નિર્ભયપણે ફરતો નથી ?

અરે અસંખ્ય ચિન્તાઓના ભારથી અકળાઈ ગએલા તને, આ બોજો લાદવાનું કહ્યું'તુંજ કોણે? જે સર્વનો સં-રક્ષક છે અને સર્વ પ્રકારની યોજનાઓનો વિચારનાર છે તેના સર્વશક્તિમાન ખભા ઉપર એ તારો બોજો ફેંકી દઈને તું તારી મેળે નિશ્ચિન્ત બની જાને) અરે ઓ બેવ-કૂફ! તું એટલું પણ નથી સમજી શકતો કે જેની સર્વદા જાગ્રત અને સર્વશક્તિમતી માતા બેઠી હોય તેને ફિકર કેવી અને ચિન્તા પણ કેવી? તું બધી વાતે બેફિકર અને મસ્ત બનીને તેના ખોળામાં શામાટે આળોટતો નથી?

× × × ×

અરે ઓ મહાપુરુષ! તમે અહીં છેક સામાન્ય માણસની માફક શાને અથડાતા ફરો છો? દુઃખમાં ડબેલો, પાપમાં લદબદ બની ગએલો આ આખો સંસારજ તારા ચરણુરજની રાહ જોતો ઉભો છે. તમે આખરે કોણ થવાના છો તેની પણ તમને ખબર નથી-તમારી ભાવી ઐતિહાસિક મહત્તાનું પણ તમને ભાન નથી. યાદ રાખો કે જે કાર્ય તમારૂં પોતાનું છે તે તો આખા સંસારમાં કોઇ જ નથી કરી શકવાનું.

હે કર્મવીર! ઉઠીને બેઠા થાઓ. તમારે સારૂ સંસારનું કાર્યક્ષેત્ર ખુલ્લુંજ પડયું છે. તમે જે નાનામાં નાનું કામ હાથમાં લેશો તે તમારા સ્પર્શથી ખૂબ મહ-ત્ત્વપૂર્ણ બની જશે. તમે દીનદુઃખીઆંના ઉદ્ધારને માટે-ધર્મની સંસ્થાપના કરવા માટે અવતર્યા છો. તમારામાં મહાન શક્તિ ભરેલી છે, પણ હું આ સમુદ્રને એક છલંગ મારીને ઓળંગી જઈશ એવી પવનસુત હનુમાનને પહેલાં ખબર ન હતી, તેમ તમને પણ તમારી શક્તિની ખબર નથી. ઉઠો, ઉઠો, લોકોને તમારી ભારે ભીડ પડી છે અને તમારી રાહ જોઈ રહ્યા છે. ભારતભૂમિની રજમાંથી પદા-

ઓલા ઋષિઓનાં સંતાન ! આખું જગત તમારી જાગૃતિ-ને માટે અને આ પુણ્યભૂમિ પાસેથી પ્રકાશની પ્રાપ્તિ કરવાને માટે અધીરૂં થયું છે. હે ભાસ્કર ! ઉદય પામો. તમારાં તમોવિનાશક કિરણોને પ્રકટાવો. ઉઠો તમારે હાથે જગતનું ભારે કલ્યાણ નિર્માણ થયું છે.

અરે ! આ જંગલમાં પગ ઉપર પગ ચઢાવીને કોણ ઘોર્યા કરે છે ? અરે ઓ ઉંઘણસી ! તારામાં તો ચક્રવર્તી-નાં એકે એક લક્ષણ હું જોઉં છું. અરે ! ઉઠ, ઉઠ, તું અહીં પડીજ કેમ રહ્યો છે ? તું તો સામ્રાજ્યો ઉપર શાસન કરવા સરજાયો છે. તું જો તો ખરો કે આ ત્રિભુવનમાં તારોજ પ્રતાપ ગાજી રહ્યો છે. ઓ વનરાજ ! તમારી તેજસ્વી વિશાળ આંખો તો ઉઘાડો ! મહારાજાધીરાજ ! બંદીજનો જગાડવા સારૂ પ્રભાતગીત ગાઈ રહ્યા છે.





તરંગ ૧૧ મો—ભયંકર આગ

" આગ લાગી રે આગ ! અરે દોડો ! દોડો ! ઘણે ભયંકર આગ લાગી છે ! જેનાથી જે લઇ જવાય તે લઇને દોડી જાઓ અને આગ હોલવવામાં મદદ કરો." આમ બૂમાબૂમ પાડતા કેટલાક લોકો આવી પહોંચ્યા. મેં પણ તેમની માફક આગ હોલવનારાઓના જેવો પોશાક પહેરીને તેમની સાથે ચાલવા માંડ્યું. મારો પાડોશી વિલક્ષણ સ્વભાવનો અને બધી બાબતમાં ન્યારો ને ન્યારોજ રહે એવો હતો તેને આ વખતે મેં કહ્યું: "દોસ્ત ! ચાલ તો ખરો, જરાક પરોપકાર કરી આવીએ. આજે અમુક ઠેકાણે લોકો ઉપર ઉપકાર કરવા સારૂ અમે જઇએ છીએ. કેમ, આવે છે ને ?" પણ તેણે આ વખતે પણ હમેશના જેવોજ જવાબ આપ્યો. તે સાંભળીને હું તેના ઉપર ખીજવાયો અને તેને બે ચાર ઠંડી ગરમ સંભળાવી દીધી. ત્યારે વળી પાછો તે મને કહેવા લાગ્યો: "અલ્યા ભાઈ ! તું આમ તપી શું જાય છે ? શું તું જોતો નથી કે હું પોતેજ આગમાં બળી રહ્યો છું તે વળી બીજાને લાગેલી આગ શી રીતે હોલવવાનો હતો ?" આવા વિચિત્ર માણસો હમેશાં આવું ને આવુંજ ઢંગધડા વગરનું ગાંડુ ગાંડુજ બકતા ફરે છે. એટલે પછી કંટાળીને હું તેના આગળથી મોઢું ફેરવીને ચાલતો થયો ત્યારે તે તો ઉલટો કહેતોજ ગયો કે અલ્યા ! તારી પોતાની જાતજ સડસડતી આગમાં બળી રહી છે તેને તો પહેલી

હોલવી નાખ ! તે પહેલાં તું બીજાની આગ હોલવવા નીકળ્યો છે; પણ તારી પોતાની આગના ભડકા વડે તું બીજાં કેટલાંને બાળી મૂકશે તેનું તને કાંઇ ભાન છે ?" તે આમ ને આમ બકતોજ ગયો.

મને રસ્તામાં પણ આવાંજ કેટલાંક વિચિત્ર પ્રાણીઓ મળ્યાં. એક તો વળી સૌને માથે ટપી જાય એવો હતો અને બહુ ઉતાવળીઓ જણાતો હતો. તેણે તો મને ખરેખર આગમાં બળતો જાણીને ઉપદેશના બે ચાર ઘડા મારા માથા ઉપર ઠાલવી દીધા; પણ હું તો જે કામે નીકળ્યો હતો તે કામ પૂરૂં કરીનેજ ઘેર આવ્યો હતો અને તેથી દાંડી પીટવા મંડયો કે " આગ હોલવી આવ્યો છું." આ સાંભળીને પેલો 'વિલક્ષણ' માણસ પોતાના ઘરમાં રહ્યો રહ્યો ફરીથી કહેવા લાગ્યો કે " અરૂયા ! આગ કોની હોલવી આવ્યો ? તારી પોતાની **ખરેખરી આગ** કે બીજા કોઇની ?"

આવી રીતે મારો પોતાનોજ સ્વાર્થ સાધવાના કામમાં મેં હમણાં કહ્યું તે પ્રમાણે, હું ઘણી વાર સામેલ થઈ આવ્યો. પણ આખરે ધપ્પા ખાતાં ખાતાં એક દિવસ મારી આંખ ઉઘડી ગઇ. **એક દિવસ ખરેખરી આગ—મારી જાતનેજ લાગેલી આગ મારા જોવામાં આવી ગઈ.** તે દિવસથી મારા ઉપર ઇશ્વરની કૃપા થઈ ગઈ. મારી જાતનેજ લાગેલી ભયંકર આગ હવે કેવી રીતે હોલવવી તેનોજ વિચાર કરતાં કરતાં મને ગભરાટ થવા લાગ્યો. ત્યારેજ મને સ્પષ્ટ માલૂમ પડી ગયું કે બીજાની આગ હોલવવા જવાનું તો માત્ર બહાનુંજ હતું. ખરૂં જોતાં એ તો પોતાની જાતનેજ લાગેલી આગની ક્ષણિક શાંતિ કરવાને [illegible] પ્રાણાયામના જેવો આડકતરો ઉપાય હતો.

તે દિવસથી મારી જાતનેજ લાગેલી આગ હોલવવા ઉપરજ હું વધું લક્ષ આપું છું. મારી નજીકમાંજ રહેતા

બીજા કોઈને મારા કરતાં વધારે આકરી આગમાં બળતો જોઉં છું ત્યારે તેને શાંતિ આપવાને વાસ્તે મારું પોતાનું કામ પડતું મૂકીને તેને થાય તેટલી મદદ હું જરૂર કરી છૂટું છું. આવા પ્રસંગોને બાદ કરતાં બાકીનો બધો વખત હું મારી પોતાની જાતનેજ લાગેલી આગ હોલવવામાં ગાળું છું.

× × × ×

વાહ ! દુનિયામાં એવા લોકો પણ પડયા છે કે જેમની પોતાની જાતનેજ આગ લાગી રહી હોય છતાં પણ જેમને તેનું લગારે ભાન ન હોય ! જેમને પોતાને લાગેલી આગનું ભાન થઈ ગયું છે તેઓ તો ભયસૂચક ઘંટનાદ કરીને બીજાઓને પોતાની મદદે બોલાવે છે અથવા પોતે જાતેજ બીજાની પાસે જઈને તેમનું શરણ લે છે અથવા આગ હોલવવાનો બીજો કોઈ ઉપાય અજમાવે છે; પણ જેઓ આગની અંદર ધડધડ બળતા હોય છે અને છતાં જેમને તેની કશીજ ખબર પડતી નથી એવી દુર્દશાની પરાકાષ્ઠાએ જેઓ પહોંચ્યા છે તેમની આખરે શી હાલત થવાની છે તે તો પ્રભુને ખબર; પણ તે છતાં એ લોકો પારકાની આગ હોલવવા સારૂ આમતેમ દોડાદોડી કર્યાજ કરે છે ! આ જગતમાં આવ્યા પછી જો કોઈ પણ બાબત સૌથી પહેલીજ જાણી લેવા જેવી હોય તો તે આ પ્રકારની છે કે આ પાપી પોતાની જાતને આગ લાગી રહી છે. બુદ્ધ ભગવાને ઘોર તપશ્ચર્યા કર્યા પછી જે ચાર [illegible] પહેલું [illegible] છે કે [illegible]

આ જગતનું દૃશ્ય જોઇને તેનું વર્ણન કરવા લાગે છે ત્યારે તે કહે છે કેઃ—

"ईं जग जरते देखिया, सब अपनी अपनी आगी।"

× × × ×

આગળ જતાં કબીર કહેવા લાગે છે કે "ऐसा कोई न मिला जासों रहिये लागी" આ જગદ્વ્યાપી આગમાં બળી રહેલા લોકો ટાઢક પામવાની મૃગતૃષ્ણાના માર્યા ઘડીમાં અહીં અને ઘડીમાં ત્યાં એમ તરફડીઆં માર્યાજ કરે છે. કેટલાક લોકો સ્ત્રીને ઠંડક આપનારી સમજીને તેની સાથે અંગેઅંગ અડકાડીને લપટાઇ જાય છે. કેટલાક પોતાનાં વહાલાં છોકરાંઓને છાતી સરસાં દબાવીને પોતાના કાળજાને લાગેલી આગ ટાઢી પાડવા ઇચ્છે છે. કેટલાક વળી ભાઇબંધ દોસ્તદારોની સોબતમાંથીજ ટાઢક મેળવવાની ઉમેદ રાખીને તેમની સાથેજ આખો દિવસ પડયા ને પાથર્યા રહે છે. કેટલાક લોકો વળી શાંતિની આશાએ સાધુઓ અને ફકીરોનો આશરો લે છે અથવા એવાજ બીજા લોકોનો આશરો શોધતા ફરે છે; પણ ગમે ત્યાં જાઓ, ગમે તેને આલિંગન દો, ગમે તેનું શરણુ લો, પરંતુ તમને થોડી વારમાંજ ખબર પડી જશે કે "એ પણ અમારી પેઠેજ બળી રહેલા છે—એ બધાજ પોતાપોતાની આગમાં અમારી માફકજ શેકાઈ રહેલા છે." આખા સંસારમાં જેની કોટે વળગી રહીએ—અથવા જેને વળગીને ચાર ક્ષણ સુધી પણ આપણને ટાઢક વળે એવો એક માણસ પણ શોધ્યો જડતો નથી.

આગના ભડકામાં બળી રહેલા આ સંસારમાં નાના છોકરા મનમાં એમ ધારે છે કે જ્યારે અમે પરણવા જેવડા થઇશું ત્યારે અમારી આગ હોલવાઇ જશે અને અમને ટાઢક વળી જશે. ત્રીજા ધોરણમાં ભણનાર છોકરો એમ સમજે છે કે હું મેટ્રિકમાં પાસ થઇશ એટલે મારા તમામ

[illegible] છોડીને
[illegible] આવતી
[illegible] દેશ અને
[illegible]
[illegible] સંસારમાં
[illegible]

× × × ×

[illegible]

તેમને બચાવવાના ઉદ્દેશથી કોઇ તેમને અટકાવે તો રક્ષા કરનારની સાથેજ અથડાઇ અથડાઇને પોતાનું મોત માગી લે છે; પણ ત્યાંથી પાછા ખસવાનો વિચારજ નથી કરતાં. આવાં અભાગીઆં પ્રાણીને તે શી રીતે બચાવાય ? તમે તમારી આસપાસ આવાં પતંગીઆં નથી જોયાં ? કામાગ્નિથી બળી જળીને રાખ થઈ જનારાં પતંગીઆં તમે રોજરોજ નથી જોતા ? ક્રોધાગ્નિમાં તપીને લાલ અંગારા જેવાં થઇ જતાં પતંગીઆં પણ તમે દીઠાં હોવાંજ જોઇએ. વળી લોભની ઝાળમાં બળી મરનારાં, મોહાગ્નિની દારુણ આગમાં પડીને વ્યાકુળતાપૂર્વક રડારોળ કરી મૂકનારાં જીવડાં તમે તમારી આસપાસ જ્યાં જ્યાં નજર કરશો ત્યાં તમારી સામે ઉભાંજ હશે. આ પ્રમાણે નાના પ્રકારના વિષયોની આગમાં પડીને રોજ રોજ અસંખ્ય પતંગીઆંનો ઘાણ નીકળી જાય છે અને છતાં નવાં નવાં પતંગીઆં આગમાં પડવા ચાલ્યાંજ આવે છે–આગને જોઇને તેમનું મન ઝાલ્યું રહેતું નથી, પોતાના મનને રોકવાની તેમને ઇચ્છા પણ નથી થતી, એટલી ઇચ્છા કરવા જેટલું પણ તેમનામાં મનોબળ હોતું નથી.

હે જગતના સર્વશક્તિમાન પિતા ! આપ તેમને ઉગારો તોજ તેઓ ઉગરે.

બરાબર મોતના મોઢામાંજ લઈ જનાર આ અસાધ્ય મહાવ્યાધિનું નિદાન જો જાણવું હોય તો મનુ ભગવાન શું કહે છે તે સાંભળો. તે કહે છે કે આ બધા દુઃખનું મૂળ કારણ એવી જાતનું અજ્ઞાન છે કે જેને વશ થઈને પ્રાણીઓ પોતાને હાથેજ અગ્નિની અંદર ઘીની આહૂતિઓ આપ્યા કરે છે અને તેઓ એમ માને છે કે એવું કર્યાથી અગ્નિ તૃપ્ત થશે અને તેમને બાળવાનું છોડી દેશે, પણ એવી આહૂતિઓ વડે તે 'કૃષ્ણવર્ત્મા' ઝાળ ઉલટું વધારે ઉગ્ર

સ્વરૂપ ધારણ કરે છે અને આહુતિ આપનારને સદંતર બાળીનેજ હોલવાય છે અને છેવટે તેની કાયાના થોડાક કાળા અવશેષ સિવાય બીજું કાંઈજ બાકી રહેતું નથી.

× × × ×

આગ જાતે તો નુકસાનકારક નથી; તે ઉપયોગી પણ છે. આપણા ચૂલામાં પણ આગ તો હોય છે, પરંતુ તે આપણને બાળતી નથી; તે તો આપણા ખોરાકને રાંધીને આપણા જઠરને યોગ્ય બનાવે છે. આપણા યજ્ઞકુંડમાં પણ પવિત્ર આગ બળ્યાજ કરે છે; પણ "બાપ રે ! આગ લાગી રે આગ !" એમ કહીને કોઈ તેને હોલવવા ઇચ્છતું નથી, તેમ તેને હોલવી નાખવી તે પણ વાજબી નથી. આપણા સૌનો જીવનદાતા સૂર્ય એ પણ અગ્નિનો વિરાટ્ ગોળો છે. તેમાંથી આપણને હમેશાં જીવનશક્તિ મળ્યા કરે છે. અગ્નિ તો ઇષ્ટદેવતા છે, આપણું જીવન છે, આપણો પ્રાણ છે; પણ અહીં સંસારમાં તો એથી તદ્દન ઉલટીજ સ્થિતિ આપણે જોઈએ છીએ. અહીં તો અગ્નિદેવ આપણા ઘરના છાપરા ઉપર બેસીને આપણું ઘર બાળી રહ્યો છે–આપણા ઘરની તમામ વસ્તુઓને, આપણાં વસ્ત્રને, અરે ! આપણી જાતને પણ બાળીને ખાક કરી રહ્યો છે. એ આગ તો કૃત્રિમ આગ છે, જેને કોઇ પણ રીતે હોલવવીજ જોઈએ. તે આપણો સર્વનાશ કરી રહી છે. તે દિવસના બમણી અને રાતના ચારગણી વધતીજ જાય છે. તેમાં સમસ્ત સંસાર બળીને ખાક થઇ જાય છે. આ સર્વવ્યાપી આગના તાપ આગળ આપણી સ્વાભાવિક જીવનપ્રદ ઉષ્ણતા તો એવી દબાઈ જાય છે કે તે છે કે નહિ તેનીજ ખબર પડતી નથી. તેની આગ આગળ આપણી ઇન્દ્રિયોની સ્વાભાવિક શક્તિ, આપણા જઠરમાં રહીને "ચતુર્વિધ અન્ન"નું પાચન કરનાર વૈશ્વાનર અગ્નિની ગરમી, દિવસે દિવસે ઠંડી પડતી જાય છે–તેનો

નાશ થતો જાય છે. જેમ જેમ આ કૃત્રિમ આગ ભયંકર રૂપ ધારણ કરીને આપણા સર્વસ્વને સ્વાહા કરી જતી, આગળ ને આગળ વધતી જાય છે. તેમ તેમ આપણો સ્વાભાવિક અને હિતકર અગ્નિ ઝાંખો અને બળહીન બનતો જાય છે.

× × × ×

એક બાજુએ ઉપર કહ્યું તે પ્રમાણે આગ આખા સંસારને ઘેરી વળીને ચોતરફ ફેલાતી જાય છે, ત્યારે માનવસમાજનો એક મોટો વર્ગ એવું માને છે કે રોજ રોજ નવી નવી આગ લગાડવાજ જાઓ કે જેથી કરીને તેને હોલવવાની નવી નવી રીતો શોધી કઢાય. એનું પરિણામ એવું આવે છે કે રોજ નવી નવી આગ લાગતીજ જાય છે અને તેને હોલવવાને વાસ્તે નવી નવી યુક્તિઓની, નવાં નવાં સાધનોની શોધ થતીજ જાય છે. આગ હોલવવાની નવી નવી કળાઓની શોધખોળ થાય છે, નવાં નવાં યંત્રો રચાય છે અને તેની સાથે આગના ભડકા પણ પૂરજોસથી વધ્યાજ જાય છે. આજનો પ્રગતિમાન માનવસમાજ આ સિદ્ધાંત પ્રમાણે કામ કરી રહ્યો છે. આ બધી નવી શોધખોળ પરોક્ષ રીતે અથવા અપરોક્ષ રીતે માણસની કામનાઓની આગને હોલવી નાખવાના ઉદ્દેશથીજ થઇ હોય છે. પરંતુ પાણી છાંટીને આગ હોલવવાની જૂની રીતની જગ્યાએ હાલમાં બનેજ ઠેકાણે પાણીને બદલે નવી નવી જાતના દારૂનો છંટકાવ કરવાનો પ્રયોગ રોજરોજ વધારે વધારે પ્રમાણમાં થવા લાગ્યો છે. તમે સાંભળીને નવાઇ ન પામતા, પણ આગ હોલવવા દીવાસળીઓનાં વહાણનાં વહાણ દેશાવર મોકલવાની હરીફાઇ આજના સુધરેલા દેશો કરી રહ્યા છે. તેમનો સૌનો ઉદ્દેશ તો આગને હોલવી નાખવાનોજ છે. મોટી મોટી તોપો, બોંબગોળા, ઝેરી વાયુ, ૪૨ સેન્ટીમીટરની મશીનગનો, સીગારેટની પેટીઓ—એ બધી

વસ્તુઓની શોધ આગ હોલવવાને વાસ્તેજ થએલી છે. તાડછાંના પંખા નહિ પણ વીજળીના પંખા પણ આગ હોલવવાના કામમાંજ વપરાય છે. કોઇ કોઇ જગ્યાએ તો આગ હોલવવાને માટે ઘાસલેટ અને સ્પિરિટનો પ્રયોગ પણ થાય છે.

* * * *

અહીં તો અમે ચાર પાંચ વસ્તુઓનાંજ નામ ગણાવ્યાં, પણ ખરૂં પૂછાવો તો આગ હોલવવાને વાસ્તે અસંખ્ય વસ્તુઓની શોધ થઇ ચૂકી છે અને લાખો માણસોની સુસંગઠિત કંપનીઓ અને તેમનાં ગંજાવર કારખાનાં એક પળવારમાં તેમને તૈયાર કરીને સ્ટીમરો ઉપર ચઢાવીને જગતને ખૂણે ખૂણે પહોંચાડવા સારૂ તડામાર કામ કરી રહ્યાં છે. જો કોઇ પણ દેશમાંથી આ બધી વસ્તુઓને માટે માગણી નથી આવતી તો કોઇ પણ યુક્તિ પ્રયુક્તિ કરીને તેમનાં મકાનોમાં પ્રથમ આગ લગાડાય છે અને પછી ઉપર કહી તે બધી આગ હોલવવાની સામગ્રીઓ આગ લગાડનાર લોકોજ તેમને ભેટ આપે છે. આવી રીતે પેલા લોકોને પણ આ નવા સિદ્ધાન્તની દીક્ષા મળી જાય છે અને નવી નવી શોધખોળ થાય તે માટે આગ વધારવાની કેટલી બધી જરૂર છે એ વાત તે લોકો પણ સમજતા થઇ જાય છે. બીજી બાજુએથી અસભ્ય જાતિઓની આગ હોલવવાને વાસ્તે "નવીન સભ્યતા"નો પ્રચાર અનેક રીતે પૂરજોસથી ચાલ્યાજ કરે છે.

વળી યુરોપના કેટલાક દેશોના લોકોએ તો પૂર્વના લોકોની આગ હોલવવાનો ઈજારો પોતાને હાથેજ લઇ લીધો છે. અહીંના લોકો તો, તેમને વારંવાર વિનવી વિનવીને કહે છે કે "ભાઈસાહેબ! અમે અમારી આગ અમારી મેળેજ હોલવી લઈશું; અરે! હવે તો અમે સાવ ઠંડા થઇ ગયા છીએ. અમારામાં હવે બળવા જેવું કશું દૈવતજ રહ્યું નથી." તોપણ યુરોપના લોકો કહે છે કે "નહિ નહિ, હજી

તમારામાં થોડીક ગરમી રહી ગઈ છે." એમ કહીને તેઓ પોતાના દેશમાં રહ્યા રહ્યા આગ હોલવવાના તેમના મહાન યંત્રોનો સંચો ચલાવવા મંડી જાય છે.

× × × ×

જેમ જેમ આ "યુગપરિવર્તક" વસ્તુઓની શોધખોળ અને તેમનો પ્રચાર આગળ ધપે છે, તેમ તેમ આગ પણ જોરથી આગળ વધતીજ જાય છે. અને એ રીતે આગમાં બળતા સમસ્ત સંસારનું સ્વરૂપ પણ પલટાતું જાય છે. કારણ કે આધુનિક સભ્યતાનો સિદ્ધાન્તજ એવો છે કે આગ તો વધારતાજ જવું-જ્યાં આગ લાગી ન હોય ત્યાં આગ લગાડતાજ રહેવું-નહિ તો નવી નવી શોધખોળ થાયજ કેવી રીતે? નવી શોધખોળ એ સાધન નથી પણ પોતેજ સાધ્ય છે-ઉદ્દેશ્ય છે. જો તે માત્ર આગ હોલવવાનું સાધનજ હોત તો નવી નવી આગ લગાડવાની જરૂરજ શી હોય! બસ, આ પ્રમાણે નવી નવી શોધખોળની ધૂમ મચી રહી છે અને તેની સાથે આગ પણ ધમધોકાર વધતીજ જાય છે. જોનારા તો જોયાજ કરે છે કે આ બધી નવા જમાનાની શોધો અને શોધાયલી વસ્તુઓની સાથે સાથે સર્વભક્ષી આગની જ્વાલાઓની હજારો વિકરાળ જિહ્વાઓ ભયંકર લપકારા લેતી લેતી, સમસ્ત સંસારને ગળી જવાને વાસ્તે ભડભડાટ વધતીજ ચાલી જાય છે.

× × × ×

દિવસે દિવસે વધારે ઉગ્ર બનતી જતી આ આગની જ્વાળાઓમાં બળી મરવું ન હોય તો કપિલ મુનિના "શાસન"ના પ્રદેશમાં ચાલ્યા જાઓ. જે ત્રણ પ્રકારના અગ્નિમાં આખું જગત સળગી રહ્યું છે તેમાંથી તેનો "ઐકાન્તિક" અને "આત્યન્તિક" છૂટકારો શી રીતે થાય એ પ્રશ્નની ચર્ચાથીજ તેમણે પોતાના શાસ્ત્રની શરૂઆત કરી છે.

અનિશ્ચિત અને થોડા કાળને માટે બચી જવાના ઉપાય

તો સૌ કોઇ બતાવી શકે છે, અને એવા ઉપાય બતાવનારા દંભી ગુરુઓ પણ જ્યાં ત્યાં ભટકતા ફરે છે. સંભાળજો, રખેને એવા કોઇને તમે તમારો ગુરુ બનાવી દેતા. આંખ મીંચતામાંજ દુઃખની પેલી પાર લઇ જનારા તેમના મોહક ઉપાયો તરફ લક્ષજ ન આપતા. તે તમારી રક્ષા કરવાને બદલે ઉલટા તમને નરકની ધગધગતી ભઠ્ઠીઓમાંજ ધકેલી દેશે. ઋષિમુનિપ્રણીત ઉપાયોનો ઉપદેશ કરનારજ સાચો ગુરુ છે. તે આગને ચોક્કસપણે હોલવી શકે છે, એટલુંજ નહિ પણ ફરીથી સળગી ઉઠવાની ધાસ્તીજ ન રહે એવી હોલવી નાખે છે.

એ આગ હોલવવાની દવાઓ વેચનારા વૈદો, હકીમો અને ડોક્ટરો પણ શેરીએ શેરીએ ભમતા ફરે છે. પણ તેમને તમે દાદજ ન આપતા; નહિ તો તેઓ તમને ભરમાવી નાખશે. તેઓ તમને એવી એવી ગોળીઓ અને ચૂરણ ખવરાવશે કે થોડીક વાર તો તમને આગ હોલવાઇ ગયેલી માલૂમ પડશે; પણ તેનાથી તમારા શરીરમાં કોણ જાણે કેટલીએ બીજી નવી નવી આગની ઉત્પત્તિ કરશે? એવાઓને નમસ્કારજ કરજો. જે સાચી ઔષધિ આપે—એટલે [illegible] કરે તેજ સાચો વૈદ.

× × × ×

[illegible]

છે. જે માણસ પોતાનીજ ચિતાને માટે લાકડાં વીણતો ફરે છે, અને જે પોતાને હાથેજ સળગાવેલી આગમાં થોડા વખતમાંજ બળી મરવાનો છે, તે વળી બીજાની આગ શું ધૂળ હોલવવાનો હતો? તેને હાથે બીજા લોકો બળતી આગમાં-થી બચી જાય તેની આશાજ શી રીતે રખાય? ખરેખર, આગ હોલવનારા તો તેઓજ છે કે જેમને પોતાને આગની ઉન્હી આંચ પણ લાગતી ન હોય અને પોતે બધી રીતે પૂરેપુરા શાંત બની ગયા હોય. આગને તો તેઓજ હોલવી શકે અને હોલવે છે પણ ખરા. સંસાર અત્યાર સુધી જેમ તેમ ટકી રહ્યો છે તે માત્ર તેમનીજ દયાથી પ્રેરાયલાં કર્મોનું પરિણામ છે. સંસાર ઉપર તેમની કરુણાનો છંટકાવ થયા કરતો ન હોત તો તે આ ભયંકર આગમાં કોણ જાણે ક્યારનોય બળીને ખાક થઈ ગયો હોત!

× × × ×

જેઓ પોતેજ આગમાં બળી તો રહ્યા છે અને છતાં પોતે આગ હોલવવાની દાંડી પીટતા ફરે છે અને વગર બોલાવ્યા તમારી પાસે આવીને ઉભા રહે છે એવા પાખંડી-ઓથી ચેતીનેજ ચાલજો. અત્યાર સુધીમાં એમણે પોતાને હાથે કેટલાંય ઝૂંપડાં ફૂંકી માર્યાં હશે, અને હજી તેમનો એ ધંધો ચાલુજ છે. વળી કેટલાક તો જેટલી અને જેવી આગ લગાડવા ઇચ્છે તેવીજ સળગાવી દે એવા સામર્થ્યવાળા છે તેમનાથી તો ખાસ ચેતતા રહેજો. નિર્બળ માણસો એજ આગમાં ઘાસની માફક ભડભડાટ તડતડાટ બળવા લાગે છે. આવી આગની સાથે રમત કરનારાઓથી પણ સાવધાન રહેજો. તેમની આગના ખેલ જોઈને મોહી ન જતા, પણ તે વખતે તમારૂં પોતાનું આત્મબળ વાપરજો.

તમારે પોતાને હાથે તો આગ લગાડતાજ નહિ. અર-ણીનાં લાકડાંને એકબીજાની સાથે ઘસીને નિરર્થક આગ

તો સૌ કોઇ બતાવી શકે
દંભી ગુરુઓ પણ જ
રણેને એવા કોઇને ત
મીંચતામાંજ દુઃખની
ઉપાયો તરફ લક્ષજ ન
ઉલટા તમને નરકની
ઋષિમુનિપ્રણીત ઉપાયે
તે આગને ચોક્કસપણે
ફરીથી સળગી ઉઠવાની

એ આગ હોલ
અને ડૉકટરો પણ શે
તમે દાદજ ન આપતા
તેઓ તમને એવી
કે થોડીક વાર તો
પડશે; પણ તેનાથી
બીજી નવી નવી
ગાઉના નમસ્કારજ
એટલે અગ્નિને પી

×

આગ હોલ
રહેજો. તેઓ જુદ
ફાયર બ્રિગેડનો
જાણે તેમની મ
પાયા ઉપર ચાલી
કરે છે. પણ સાચ
તેમની પોતાનીજ
મારૂં તેઓ લાકડાં
પરખાવી દો કે તમે

એ આગ તો પોતાની મેળેજ હોલવાઈ જાય એવી છે, પણ તેને રોજ નવો નવો ખોરાક આપી આપીને તે કદી પણ તૃપ્તિ ન થાય એવી આગને આપણે હાથેજ વધારી મૂકીએ છીએ અને આ ભયાનક અગ્નિકાંડને આપણે પોતેજ પેદા કર્યું છે કે જેની સર્વનાશક જિહ્વાઓના લપકારા પ્રભુનાં સંતાનને અત્યંત નિર્દય રીતે બાળી રહ્યાં છે.

× × × ×

હે આનંદમય પ્રભુ! તમેજ સર્વના નિશ્ચિત અને અંતિમ શરણસ્થાન છો. બળેલા જળેલા આત્માઓને આખરે તમારોજ શીતળ સ્પર્શ કાયમની શાંતિ આપી શકે છે. હવે તો તમેજ સૌના ઉપર કૃપા વરસાવો. અમે તમારો સ્પર્શ અનુભવી શકીએ તેટલા માટે તમેજ તમારે હાથે અમારા બહેર મારી ગએલા જ્ઞાનતંતુઓને જાગ્રત કરી દો. પછી તો હે જગદીશ્વર! આખા વિશ્વમાં અમે તમારી નરી શીતળતાનોજ અનુભવ કરતા થઈ જઈશું. એક વાર તમારા શીતળ ચરણનો અમને સ્પર્શ થયો એટલે પછી તો ગમે તેવી ભયાનક આગની વચ્ચે પણ અમે તમારા સુખદ સ્પર્શનોજ અનુભવ કર્યા કરીશું; કારણકે એવો એક પણ દેશ કે કાળ નથી કે જ્યાં તમે તમારા આનંદમય રૂપે બિરાજતા ન હો.

× × × ×

હે આનંદઘન! જ્યારે આખો સંસાર ભડકે બળી રહ્યો છે, ત્યારે તો તમારા સિવાય તેનું રક્ષણ કરેજ કોણ? ભયંકર ધ્વનિ કરતી આગ સમસ્ત બ્રહ્માંડને બાળી રહી છે. તમામ પ્રાણીઓ દુઃખથી હાહાકાર કરી રહ્યાં છે–ત્રાહ ત્રાહ પોકારી રહ્યાં છે–કોણ તેમને છોડાવે? કોણ તેમને આસમાની મદદ કરે? એની જ્વાળાઓ ઠેઠ આકાશ સુધી ઉંચે પહોંચી ગઈ છે, અને હિનત્વનાં દેખાઈ રહી છે તે શું તમારી સુંદર સૃષ્ટિનો વિનાશ કરીનેજ હોલવાશે? હે આનંદઘન! તમેજ

ચેતાવતાજ નહિ. બીજો કોઈ તમારા ઘરને બાળી મૂકવાના ઇરાદાથી બળતા અંગારા ફેંકે તો તરત તેના ઉપર પ્રેમ-જળ રેડીને હોલવી નાખજો અથવા તેમ ન બને તો તમારા દિલની લાગણીઓની ફૂંક મારીને અથવા તીવ્ર લાગણીઓનો પંખો ચલાવીને તે અંગારાને વધારે સળગવા તો નજ દેતા.

× × × ×

બળતા સંસારની સાથેનો તમારો તમામ સંબંધ તોડી [illegible] અળગા થઈ જાઓ અને પછીથી તમારી પોતાની [illegible] આગ બૂઝાવી નાખો. આ કુત્રિમ આગ જેમ જેમ [illegible] જશે, તેમ તેમ તમારામાં છુપાઈ રહેલું [illegible] જશે. જ્યાંસુધી તમે પોતે અગ્નિ[illegible] થઈ જાઓ ત્યાંસુધી આગને હોલવતાજ જજો. [illegible] સંસારની કોઈ પણ જાતની આગ [illegible] ત્યારે તમે પૂરેપુરા જ્ઞાનસ્વરૂપ થઈ ગયા [illegible] ત્યારે [illegible] જાતની આગ શાંત કરી જાય ત્યારે [illegible] બીજાની આગ હોલવવાનું કામ [illegible] નિશ્ચયપૂર્વક માની લેજો. [illegible] કર્તવ્ય બાકી રહેતુંજ નહિ.

* * * *

[illegible]

…આગ તો પોતાની મેળેજ હોલવાઇ જાય એવી છે, પણ …ને રોજ નવો નવો ખોરાક આપી આપીને તે કદી પણ તૃપ્તિ ન થાય એવી આગને આપણેજ હાથેજ વધારી મૂકીએ …ીએ અને આ ભયાનક અગ્નિકાંડને આપણે પોતેજ પેદા કર્યું છે કે જેની સર્વનાશક જિહ્વાઓના લપકારા પ્રભુનાં સંતાનને અત્યંત નિર્દય રીતે બાળી રહ્યાં છે.

× × × ×

હે આનંદમય પ્રભુ! તમેજ સર્વના નિશ્ચિત અને અંતિમ શરણસ્થાન છો. બળેલા જળેલા આત્માઓને આખરે તમારોજ શીતળ સ્પર્શ કાયમની શાંતિ આપી શકે છે. હવે તો તમેજ સૌના ઉપર કૃપા વરસાવો. અમે તમારો સ્પર્શ અનુભવી શકીએ તેટલા માટે તમેજ તમારે હાથે અમારા બહેર મારી ગએલા જ્ઞાનતંતુઓને જાગ્રત કરી દો. પછી તો હે જગદીશ્વર! આખા વિશ્વમાં અમે તમારી નરી શીતળતાનોજ અનુભવ કરતા થઇ જઇશું. એક વાર તમારા શીતળ ચરણનો અમને સ્પર્શ થયો એટલે પછી તો ગમે તેવી ભયાનક આગની વચ્ચે પણ અમે તમારા સુખદ સ્પર્શનોજ અનુભવ કર્યા કરીશું; કારણકે એવો એક પણ દેશ કે કાળ નથી કે જ્યાં તમે તમારા આનંદમય રૂપે બિરાજતા ન હો.

× × × ×

હે આનંદઘન! જ્યારે આખો સંસાર ભડકે બળી રહ્યો છે, ત્યારે તો તમારા સિવાય તેનું રક્ષણ કરેજ કોણ? ભયંકર ધ્વનિ કરતી આગ સમસ્ત બ્રહ્માંડને બાળી રહી છે. તમામ પ્રાણીઓ દુઃખથી હાહાકાર કરી રહ્યાં છે-ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહ્યાં છે-કોણ તેમને છોડાવે? કોણ તેમને આગમાંથી બહાર કાઢે? જેની જ્વાલાઓ ઠેઠ આકાશ સુધી ઉંચે પહોંચી ગઈ છે, અને દિગન્તમાં ફેલાઇ રહી છે તે શું તમારી સુંદર સૃષ્ટિનો વિનાશ કરીનેજ હોલવાશે? હે આનંદઘન! તમેજ

[illegible] ઉપરના [illegible] અને [illegible] પણ [illegible] [illegible] મારૂં તેમાંનું [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આગળ [illegible] [illegible] [illegible] પડ્યો; પણ તેની [illegible] [illegible] [illegible] [illegible] જ પણ [illegible] [illegible] [illegible] તે હું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આગળથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ?

[illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] —

[illegible] [illegible] [illegible]



તરંગ ૧૨ મો—તારી ઠગાઈ

હે સંસારના રચનાર! તું ઠગ છે, ધૂતારો છે, એવી એવી તને પેટ ભરીને ગાળો દેવાનું મને મન થયું છે. તને "ઠગ" "ઠગ" કહી કહીને બોલાવવાનું મને ઘણુંજ ગમે છે. મારા દિલના પ્રેમને પ્રકટ કરવાને માટે આના કરતાં વધારે ભાવપૂર્ણ શબ્દ અત્યારે મને શોધ્યો જડતો નથી. તારી આખી રચનામાં જ્યાં નજર કરૂં ત્યાં મેં ફક્ત ઠગાઈ ને ઠગાઈજ દીઠી અને તેથી હું ઘણો અકળાઈ ગયો હતો; પણ આજે મને તારા ખેલનો મર્મ બરાબર સમજાઇ ગયો છે અને તેથી હું તને ઠગ કહીને મારા આનંદમાં હું મગ્ન થઈ ગયો છું.

ઓ મારા પ્રિય ઠગ! મને ઠગાઇથી બચાવી લેનાર ઉસ્તાદ ઠગ! પરમ દયાળુ અને દુષ્ટોનું દમન કરનાર ઠગના સરદાર! આ સંસારમાં તારી ઠગાઇનો ભેદ આજ સુધીમાં કોણે જાણ્યો છે? ઉંચામાં ઉંચા જ્ઞાનનું અભિમાન રાખનારાઓ આખર સુધી કહેતા ગયા ગયા છે કે "અત્યાર સુધી અમે ઠગાતા આવ્યા હતા."

× × × ×

આ દુનિયામાં ઠગાઇનો ધંધો કરનારા લોકો પોતાના પાડોશીઓના પૈસા અથવા તેમની કોઈ ચીજ ઠગી લઇને કેવા ખુશખુશ થાય છે! પણ ઓ ઠગોના ઠગ! તારી ઠગાઇના સપાટામાં તો તેઓ ક્યારનાય ફસાઈ ગએલા છે

તેં બધી જગ્યાએ પાથરી મૂકેલી તારી અદૃશ્ય જાળને તેઓ જોઈ શકતા નથી અને તેથી બીજાને ઠગવાથી અમને કાંઈજ નુકસાન થતું નથી એમ સમજીને તેઓ પોતેજ ઠગાય છે; પણ પારકાને ઠગવાનો મનમાં વિચાર આવતાની સાથેજ તેં પાથરી મૂકેલી અદૃશ્ય જાળની કોઇ ને કોઈ દોરીઓમાં તેઓ તરતજ ફસાઇ જાય છે, જો કે પોતે ફસાઇ ગયા છે તેની તેમને તે વખતે ખબર નથી પડતી, પણ વખત આવતાં તારી જાળનાં બંધન તેમને સજાની જગ્યાએ તાણી લાવે છે-તેને કોઈ કદી પણ બાળી શકતુંજ નથી.

અમે ચોરી કરીએ છીએ, જૂઠું બોલીએ છીએ અને એવી બીજી તરેહ તરેહની ઠગાઈ કરીએ છીએ અને છતાં જાણે કશુંજ થયું ન હોય એમ અમે નચિંત થઇને ફરીએ છીએ. પણ એવા એક એક અપરાધના બદલામાં તારા ગેબી હાથની થપ્પડો ફડાફડ વાગે છે અને છતાં તે થપ્પડો કોણ મારી જાય છે તે કોઈ દેખતું નથી. તારી આજ્ઞા અનુસાર તારા દૂતો અમને દુઃખ દઈ જાય છે અને અમારી કરણીનાં ફળ અમને ચખાડી જાય છે. તારી આ જાળમાં ન સપડાય-તારી બિછાવેલી જાળના તાંતણા જોઇ લે અને તેથી પોતે બીજા કોઇને છેતરે નહિ એવા તો વિરલાજ મળી આવે છે. હે સંસારનાં મનુષ્યો! જો કોઇ તમને ઠગી જાય તો તમે તેના ઉપર દયા આણજો-તે પરમ ઠગને યાદ કરજો કે જેની બિછાવેલી જાળમાં પેલો બાપડો ફસાઇ પડેલોજ છે. આ જગતમાં જે જેટલો ઠગવિદ્યામાં કુશળ તેટલોજ તે પેલા ઉસ્તાદ ઠગની જાળમાં વધારે [illegible] સપડાઈ જાય છે [illegible] તેની ઠગાઈનું [illegible] [illegible] તેની પેઠે [illegible]

×

કોઇની નજરેજ નથી પડતો. કેટલાક લોકો તો ખભા ઠોકી ઠોકીને તને પડકાર કરે છે કે જો ઈશ્વર હોય તો આવી જાય અમારી સામે; પણ તું અગાધ મૌન ધારણ કરીને ચુપચૂપ બેસી રહે છે. તે બોલનારની જીભ અને હૃદયમાં તું સચરાચર રમી રહેલો છતાં મોઢેથી શું કે ચાં નથી કરતો. તું તેની સામેજ ઉભેલો છે તોપણ 'લે ભાઈ, હું આ રહ્યો' એમ કહીને તેની આગળ છતો થતો નથી.

તું સંસારનો એકમાત્ર સાર છે; જે કાંઈ છે તે બધુ તું પોતેજ છે તોપણ તું બધે અભાવના જેવો બનીને છુપાઇ બેઠો છે. અમે તો એવીજ ભૂલમાં ગોથાં ખાઇએ છીએ કે જાણે તું કોઇ ઠેકાણે કદી છેજ નહિ. તેં પાંચ ઇન્દ્રિયયુક્ત શરીર ધારણ ન કરીને અમને ભારે ભુલાવામાં નાખી દીધા છે. તું સંતાઇ રહીને અમારાં એકે એક કામને જોયાજ કરે છે. ગુપ્તમાં ગુપ્ત અને અંધારામાં અંધારી જગ્યાએ જઇશું તો ત્યાં પણ તું અમારી આગળ આગળ આસન માંડીને બેઠોજ હોય છે. અમારા મનમાં જ્યારે કોઇ પણ વિષયનો વિચાર ચુપચુપ ગણગણવા માંડે છે ત્યારે તું ત્યાંજ બેઠો બેઠો બધું સાંભળી લે છે. પરંતુ ઓ ઠગના સરદાર ! તું ત્યાં બેઠો છે તેની અમને ખબર પણ પડતી નથી, અમને લગારે શક પણ જતો નથી. "મેં સાંભળી લીધું છે," "આ હું રહ્યો" "હું અહીંથી ખસ્યોજ નથી," "હજી આ જગ્યા પૂરેપુરી એકાંત નિર્જન કહેવાય નહિ" એવું એવું કાંઇક તારાથી આપોઆપ બોલાઈ જવાતું પણ નથી ! તું ખરો ઉસ્તાદ છે.

હે પરમ પૂજ્ય ઠગ ! તુંજ કહેને કે માણસો તને કેવી રીતે ઓળખી લે ?

× × × ×

તારા રચેલા આ સંસારમા પાપી લોકો લીલા લહેર

કરે છે-ધન, આબરૂ અને તમામ પ્રકારની સંપત્તિ તેમની પાસે ચાલી આવે છે. બીજી બાજુએ પુણ્યાત્મા લોકો ઉપર વિપત્તિ ઉપર વિપત્તિ વરસ્યાજ કરે છે-એક વિપત્તિ ઓળંગી કે બીજી વિપત્તિનો ડુંગર તેમની સામે ઉભોજ હોય. જે દુષ્ટ લોકો બિચારા ગરીબ લોકોનું લોહી પી રહ્યા છે, તેમને ઓ ઠગ ! તું મનમાગ્યું આપ્યોજ જાય છે. તું તેમના બળમાં વધારો કરીને તેમને હાથે બીજાં વધારે વધારે પાપ-કર્મજ કરાવ્યા કરે છે, પણ ઉઘાડી આંખે જોનાર અને જોએલી વસ્તુ ઉપર વિચાર કરનાર જગતના લોકો આના ઉપરથી શો સાર કાઢશે તેનો તો તું વિચારજ કરતો નથી. અને ઓ ઠગોના ગુરુ અને શિરોમણિ ! જે બિચારા ભલા માણસો યમનિયમના ખાંડાની ધાર જેવા રસ્તા ઉપર થઇને ચાલે છે તેમને સારૂ કોણ જાણે કયા કોચરા કાળનો જૂનો ચોપડો તું ખોળી કાઢે છે અને તેમના ખાતાના જૂનામાં જૂના હિસાબનો તું નિકાલ કરવા મંડી જાય છે. તેઓ દુઃખથી કાયર કાયર થઇ જઇને શ્રેયસનો માર્ગ છોડીને પ્રેયસ્‌ના માર્ગ તરફ વળી જશે કે નહિ તેનો પણ તું વિચાર કરતો નથી અને તેમના ઉપર જરા જેટલી પણ દયા લાવતો નથી. તેં આખા સંસારને એવો ભુલાવો ખવરાવી દીધો છે કે આ બધું શું થાય છે, શાથી થાય છે તેની કોઇને કશી સમજજ પડતી નથી; સૌ ડાચાં વિકાસીને ઉભા થઈ રહ્યા છે. પણ જે દહાડે પાપીઓનાં પાપનો ઘડો છલાછલ ભરાયા પછી ફૂટી જશે, બધી બાજી પલટાઈ જશે, જે આજે બગીચો છે તે ઉજ્જડ વેરાન બની જશે અને ઉજ્જડ વેરાન છે તે બગીચો બની જશે, તે દિવસને તેં તારે હાથે ભવિ-ષ્યના ગર્ભમાં એવો સંતાડી રાખ્યો છે કે કોઇની આંખે દેખાતોજ નથી. આખું જગત ચગડોળે ચઢયું છે.

લોકો તો પોતાની ઉઘાડી આંખે જુએ છે કે અન્યાયી

લોકો કચેરીઓમાં દાવા જીતે છે, જૂઠ અને અધર્મનેજ પોતાનાં સાધનો બનાવનારા જગતના મુત્સદ્દીઓ યુદ્ધો જીતે છે, વિજય ઉપર વિજય મેળવતાજ જાય છે, રાજ્યોનાં રાજ્યો હોઇઆં કરી જાય છે અને પોતાનાં 'સામ્રાજ્ય અને સત્તાનો વિસ્તાર' સંગીનની અણીએ બેધડક વધારતાજ જાય છે; ત્યારે અક્ષ્યા ઓ 'સત્યમેવ जयते नानृतम्' વગેરે નીતિ-વચનોના ધૂર્ત ઉપદેશક ! આ બધું જોતાં અમને એવું ન લાગે કે એ બધાં તારાં પ્રેરેલાં શાસ્ત્રોનાં ટાંચણાંમાં કશોજ માલ નથી-એ તો કોઈ જંગલી, અભણ, મૂર્ખ ભરવાડનો લવારોજ છે ? બીજી બાજુએ લોકો જુએ છે કે સદાચારી લોકો તનતોડ મહેનત કર્યા પછી પેટ ભરીને ખાવાનુંય પૂરૂં પામતા નથી અને મફતનો માલ ખાનારા વિપથી લોકો તેમના તરફ આંગળીઓ કરી કરીને તેમના તપસ્વીપણાની મશ્કરીઓ કરી રહ્યા છે. ત્યારે ઓ પરમ ન્યાયકારી ધૂર્ત ! આ બધા ઉપરથી અમને તો એવુંજ લાગે ને કે આ દુનિયામાં ન્યાય નથી, કાયદો નથી અને કાયદાનો અમલ કરનાર પણ કોઇ નથી ?

વાહ ! તેં જગતને ખરેખરી ભૂલભુલામણીમાં ગૂંચવી નાખ્યું છે ! આબાદ ચગડોળે ચઢાવી દીધું છે ! તેં પડદા પાછળ છુપાવી રાખેલ 'બ્રહ્માનંદનું સુખ' અને 'નરકની બીકણી ભઠ્ઠીઓ' કોઇની નજરે પડતાંજ નથી. કબીરના જેવા કોઇક વિરલા તેને જોઈ જાય છે અને તેઓ મરતાં સુધી જતા સુધી બૂમો પાડી પાડીને લોકોને ચેતવે છે. પણ તેં લગાડેલી ભૂરકીમાં જગત એવું ભ્રમિત થઇ ગયું છે કે બિચારાઓનાં કહેવું કોઈ સાંભળતું નથી અને સૌ તારા મોહના મેદાનમાં ધકેલાતાંજ જાય છે.

× × × ×

લોકો તારૂં નામ સાંભળીને તને જોવા કાલા નીકળી

પડે છે, પણ તું એવો લપાઇ જાય છે કે કોઇને હાથ આવતોજ નથી. લોકોમાં કહેવાય છે કે વિદ્યા વડે તારી પ્રાપ્તિ થાય છે, આવું જાણ્યાથી જેઓ ભણ્યા ગણ્યા નથી તેઓ ભણવા મંડી ગયા છે—નાના પ્રકારની વિદ્યાઓ અને કળાઓ શીખવા પ્રયત્ન કરી રહ્યા છે. શા માટે? તને ખોળી કાઢવા માટે. કોઇ કોઇ સંસ્કૃત ભણવા મંડી જાય છે, અને દર્શનશાસ્ત્રોનાં સૂત્રોનાં શસ્ત્ર સજીને તારો પીછો પકડે છે; પણ ઓ ઉસ્તાદ ઠગ! તું ઘડીમાં આ અને ઘડીમાં પેલી ઝાડીમાં એવો ભરાઈ બેસે છે કે આજ સુધીમાં તો તું કોઇને હાથ નથી આવ્યો. કેટલાક વળી વિજ્ઞાનશાસ્ત્રો ભણવા માંડે છે અને નવી નવી શોધખોળો, કળાઓ અને ભાતભાતનાં સૂક્ષ્મથી સૂક્ષ્મ યંત્રો વડે તને પકડવા મથે છે. પરંતુ તેમની આંખોમાં પણ ધૂળ નાખીને તું કોઇક ઠેકાણે લપાઈ બેસે છે. તારા દરવાજાનો 'સીધો રસ્તો' બતલાવનારા પંથો અને સંપ્રદાયો તો જોઈએ તેટલા છે. દરેક પંથવાળા તને પામવાનો 'સીધો રાજમાર્ગ' બતાવવાનો દાવો કરે છે. પણ વૈષ્ણવ, શૈવ, ખ્રિસ્તી, મુસલમાન વગેરે કોઇ ધર્મ કે પંથવાળા તને આજ સુધીમાં પકડીને બતાવી શક્યા નથી. લોકો બિચારા નવી નવી આશાઓથી ભોળવાઇને કોઈ સનાતની તો કોઇ આર્યસમાજી થઈને તને ખોળવા કમર કસે છે; પણ તું કોઈ સનાતનીની કે કોઇ સમાજીની ઝોળીમાં આવ્યો દેખાતો નથી. લગભગ બધાજ એકકે અવાજે બોલે છે તો ખરા કે યોગવિદ્યા તને પકડવાનો સર્વોત્તમ ઉપાય છે; પણ જ્યારે યોગવિદ્યાના અભ્યાસીઓ નેતિ, ધોતિ વગેરે યોગની ક્રિયાઓ કરવા માંડે છે અને [illegible] કર્યા પછી આસુવાસ સુધી પહોંચી જાય છે [illegible] ની સાથે ઉલટ ઉલટ [illegible] કાયના [illegible] છે. તરેહ તરેહના મંત્ર, જપ, જાપ, તપ, [illegible]-નિયમાંથી કોઈ તને દેખાડીને [illegible] કરી શકતું

નથી. તું હમેશાં એક યા બીજી રીતે ગુપ્તનો ગુપ્તજ રહે છે.

અમારી સાથે આવી સંતાકૂકડી અથવા આંખ-મીંચા-મણાંની રમત તું કોણ જાણે કેટલાએ વખતથી રમતો આવ્યો હોઈશ-અમે તને ખોળતા ફરીએ છીએ અને તું સંતાતોજ ફરે છે. અમે જાણીએ તો છીએ કે હરકોઈ જગ્યાએ તું મળી શકે છે તોપણ તું કદી અમને નથી મળતો કે નથી અમારી નજરે પડતો-અમને ભ્રાન્તિમાં નાખીને સંતાતા ફરવામાં તને કોણ જાણે કયી જાતની મઝા આવે છે? અને વળી જો કોઈને મળવાનું તને મન થઇ આવે છે ત્યારે તે ભણેલો છે કે મૂર્ખ છે, કોઈ મતસંપ્રદાયના વાડામાં પુરાએલો છે કે હરાયા ઢોરના જેવો રવડતો છે, તેનો કશો વિચાર કર્યા વગર લાગલોજ તું તેની આગળ ખુલ્લો થઈ જાય છે અને તું તેને મળ્યો છે તે પણ તેને સાફ સાફ સમજાવી દે છે.

× × × ×

તું પોતે નિરાકાર અને અવ્યક્ત છે, અને છતાં આ સાકાર જગત તેં રચ્યું છે, તું પોતે કાંઇજ ખાતો નથી અને છતાં સૌને ખવડાવીને પાળે પોષે છે; માટેજ હું તને ખરેખર ઠગ કહું છું.

તેં અમારી આંખોની રચના પણ એવી કરી છે કે બહારની વસ્તુઓનેજ તેઓ જોઈ શકે. તેથી કરીને અમે નવી નવી ઠીકરીઓ વીણતા ફરીએ છીએ, પણ અમારી અંદર રહેલો રત્નભંડાર અમારી નજરેજ પડતો નથી એટલા માટે હું તને ઠગ કહું છું.

તારી સૃષ્ટિમાં અત્યંત વેગથી ઘૂમતી વસ્તુઓ અમારી આંખે જાણે સ્થિર હોય એવી દેખાય છે અને જેના વડે બધી વસ્તુઓ દેખાય છે તે પ્રકાશનાં કિરણ પોતે અદૃશ્ય છે-તારા આવા વિચિત્ર ખેલને જોઇને હું તને ઠગની પદવી

આપું છું.

તેં ઉંચે ચઢવાનું અઘરૂં અને નીચે ઉતરી પડવાનું સહેલું કરી રાખ્યું છે. તેં ઉગાદામાં ઉમદા મેવાને જાડાં અને સખત કોટલાંની અંદર સંતાડી રાખ્યા છે. પાછલી જગ્યા છોડયા વગર આગળની જગ્યા ઉપર પગ મુકાયજ નહિ એવો તેં બંદોબસ્ત કરી રાખ્યો છે. એટલા માટે હું તને ઠગ કહું છું.

આગના જેવી દેખીતી સુંદર વસ્તુમાં તેં બાળવાનો ગુણ મૂકયો છે. તેં ગુલાબની ચારે બાજુએ કાંટા ઉગાડયા છે. સાપ જેવાં આંખને જોવાં ગમે એવાં રૂપાળાં જાનવરના મોઢામાં તેં ઝેરની કોથળીઓ ભરી રાખી છે તેથી તો હું તને ઠગનો ઈલ્કાબ આપું છું.

તારાં ઠગાઈનાં કામો તો ગણ્યાં ગણાય નહિ એટલાં છે; પણ તે બધાંને ગણાવતાં કયાં પાર આવે ? તેથી હું સંક્ષેપમાં એટલુંજ કહું છું કે જગતમાં જે કાંઇ સત્ય છે તેને તેં 'હિરણ્મય પાત્ર'માં * છુપાવી રાખ્યું છે એટલા માટે હું તને ઠગ કહું છું.


× × × ×

હે જગતના સર્જનહાર ! તું પરમ પવિત્ર અને તમામ પ્રકારની માયાથી રહિત છે; પણ તારો આ સંસાર, જેમાં હું રહું છું, તે તો ખરેખર ભૂલભુલામણી છે, જાદુગરનું જાદુઈ કુંડાળું છે કે જેમાંની વસ્તુઓ તેમનાં ખરાં સ્વરૂપમાં તો કોઇને દેખાયજ નહિ. તેમાં હું જ્યાંસુધી રહું ત્યાંસુધી તારા ગુણનો મહિમા ગાવાને માટે પણ અહીંના ભુલ ખવડાવે એવા શબ્દોનોજ મારે ઉપયોગ કરવો રહ્યો. હું

* આ વચન ઇશોપનિષદનું છે. 'हिरण्मयेन पात्रेण' વગેરેનો મર્મ એ છે કે સુવર્ણના ઢાંકણ નીચે સત્ય છુપાઇ રહ્યું છે.

અહીં એથી જુદી જાતના દાખલા લાવું જ ક્યાંથી ?

તારી ઠગાઈની ખુબી તો એ છે કે તારી જૂઠીની અસરમાંથી છૂટી જઈએ ત્યારેજ અમને ખબર પડે છે કે અત્યાર સુધી અમારી આંખે તેં અંધારી ઓઢાડી દીધી હતી, અમારી અક્કલ ગૂમ થઈ હતી; પણ તે પહેલાં તો કશી ખબર પડતીજ નથી. **એટલાજ માટે અમે ભુલાવામાં પડ્યા નથી એવું માનીનેજ અમે મોટા ભુલાવામાં પડીએ છીએ.** આટલી એકજ બાબત ન જાણવી એજ અમારી તમામ પ્રકારની ભ્રાન્તિનું મૂળ કારણ છે. માટેજ હું તને કહું છું કે, હે સૃષ્ટિકર્તા ! તું ખરેખરો પાકો ઠગ છે એવું જેઓ જાણી જાય છે તેઓ એકલાજ તારી ઠગાઈની-જાળમાં સપડાતા નથી. હે સ્વયંપ્રકાશ ! હે વિશુદ્ધ જ્યોતિ-સ્વરૂપ ! તારા નિર્મળ પ્રકાશનાં કિરણ અમને જેમ જેમ મળતાં જાય છે, તેમ તેમ આ તારી ઠગાઈ છે, પેલી તારી ભૂલભુલામણી છે એ બધું ધીમે ધીમે સમજાતું જાય છે. હે પવિત્ર સૂર્ય ! જે લોકો આવી રીતે સર્વને અંધકારમાંથી તારનારા પવિત્ર જ્યોતિની મદદ લે છે, તેઓ ધીમે ધીમે વધારે વધારે પ્રકાશમય પ્રદેશો તરફ પ્રગતિ કરતા કરતા અંતે તને આવી મળે છે. પછી તેમને ભુલાવામાં નાખે એવું આ જગતમાં કાંઈજ હોતું નથી. તેમની આગળ તારી ભૂલભુલામણીની રમતનો બધો ભેદ ખુલ્લો થઈ જાય છે. સંસારના વ્યવહારની અંદર ગુંથાએલા કાર્યકારણના મહા-નિયમોના ઝીણા ઝીણા પણ ભારે કુનેહથી વણેલા તાંતણા તેમને ચોખ્ખેચોખ્ખા દેખાય છે ત્યારે નથી કોઇ જાતની ભૂલભુલામણી રહેતી કે નથી તે ભૂલભુલામણીનો રચનાર ઠગશિરોમણિ રહેતો-ઉતરવાપણું કે છેતરાવાપણું કશુંજ રહેતું નથી.



તરંગ ૧૩—મો નગ્નતા અને શરમ



હું તદ્દન નાગો ક્યારે થઈ શકીશ ? નાના પ્રકારનાં દૃશ્ય અને અદૃશ્ય વસ્ત્રો વડે મેં મારી જાતને ઢાંકી દીધી છે તે બધાંને એક પછી એક કાઢી નાખીને હું તદ્દન નાગો થઈ જાઉં તો કેવી મઝા પડે ? હે પ્રભુ ! હે જગદંબે ! મને જલદી જલદી નાગો કરી નાખો—તદ્દન ઉઘાડો કરી નાખો. જેવો મને મારી માએ જણ્યો હતો તેવો ખાસ્સો નંગધડંગ બનાવી દો.

* * * *

શું નાગા ફરવું એ અસભ્યતાની નિશાની છે ? એમાં કાંઇ શરમાવા જેવું છે ? કોણ કહે છે કે નાગા થવામાં લજવાવું જોઇએ ? હા, નાગા થઇએ એટલે આપણી બધી નબળાઇઓ સાવ ઉઘાડી પડી જાય તેની શરમ આવતી હશે; બાકી નાગા ફરવામાં તો કશું શરમાવા જેવું નથી. અમારી નબળાઇઓને ઢાંકવાને વાસ્તે રખે કોઇ તેમને દેખી જાય તે બીકે—આપણે તેમને વસ્ત્રની નીચે ઢાંકી રાખીએ છીએ. નિર્દોષ અને સંપૂર્ણતાએ પહોંચેલા મનુષ્યને નાગા ફરવામાં શાની શરમ હોય ?

દાખલા તરીકે જ્યારે મારા શરીર ઉપરનું પહેરણ ફાટેલું અથવા જૂનું હોય ત્યારેજ હું તેના ઉપર કોટ [illegible] છું. જો તે પહેરણ નવું અને સુંદર હોત તો

હું કોટ કાઢી નાખીને ખાલી બદન અર્ધનગ્નજ તે લોકોને દેખાડતો હતો. બાદ આજનુ વખતની સખત કાનુને કોઈ દેવાનું કોઈને ગમતું નથી.

* * * *

અને મારી જાતને મેં એક ઉપર એક અનેક વસ્ત્ર વગેરે વડે ઢાંકી છે છતાં હું વાસ્તવિક રીતે તો નગ્નજ છું. આ બધાં આવરણોની અંદર કોઈ મારી અસલ જાતને જોઈ શકે તો તેને હું મારી અસલ નગ્નાવસ્થામાંજ [illegible] બેઠેલો દેખાઈશ.

ખરું જોતાં હું પોતે તો બધા વખત નગ્નજ છું. લોકો જેને નગ્ન કહે છે તે તો ખરા અર્થમાં જરાએ નગ્ન નથી. આ મારા ઉઘાડા દેહની વાત કરું ત્યારે તો મારા ઉપર કેટલાંએક પ્રસિદ્ધ ખોળીઆં (કોશ) ચડાવેલાં છે. એવાં ચાર પાંચ ખોળીઆંની પાછળ હું પોતે-વસ્ત્ર આવરણરહિત, કેવળ કુંજ-બેઠેલો છું. જે નગ્નતા મારે જોઈએ છે તે આ સાચી નગ્નતા છે. હું મારી જગન્માતાના ગર્ભમાંથી આવીજ નગ્ન અવસ્થામાં ઉત્પન્ન થયો હતો.

* * *

જ્યારે જ્યારે મને નવું વસ્ત્ર મળે છે ત્યારે ઘણી ખરી વાર તે કોમળ અને રૂપાળુંજ હોય છે. આથી કરીને ઘણા લોકો મને ચાહે છે. હું પણ તેથી ફૂલાઈ જાઉં છું અને રખેને તે મેલું થઈ જાય, એવી ધાકને લીધે હું મારાં કર્તવ્ય કર્મો પણ નથી કરતો. પરંતુ જ્યાં સાઠ સિત્તેર વર્ષ થયાં એટલે તે જુનું થઈ જાય છે, તેનું સૌન્દર્ય ઉડી જાય છે અને તેના ઉપર કરચલીઓ વળવા લાગે છે. ત્યારે લોકો તેને જોઈને હસવા લાગે છે. જે એક વાર લોકોને જોવું ઘણુંજ ગમતું, તેનીજ આખરે આવી દશા થઈ ગઈ છે! થોડીક વાર તો હું તેને કેટલા ટાંકા કરાવીને નિભાવી લઉં

છું, પણ આખરે તો તે છેકજ ઘસાઇને નકામું થઈ જાય છે તોપણ તેને કાઢી નાખવાનો મારો જીવ નથી ચાલતો–ત્યારે પ્રકૃતિ મારી પાસેથી તેને પરાણે પરાણે ખૂંચવી લઈને તેની જગ્યાએ નવું વસ્ત્ર પહેરવા આપે છે.

જેવી ફેશનનું વસ્ત્ર મારી તે વખતની સ્થિતિને અનુકૂળ હોય તેવુંજ મને હમેશાં મળી જાય છે. વસ્ત્ર તો બધાંએ પાંચજ જાતના તાંતણાનાં બન્યાં હોય છે; પણ તેના વણાટમાં, કાપમાં અને સીલાઈમાં એટલો બધો ફેર હોય છે કે તેના લાખો પ્રકાર જોવામાં આવે છે. લોકો જેને 'કીડી' કહે છે એવાં એવાં નાનાં નાનાં વસ્ત્ર પણ મને કોઈ કોઈ વાર મળે છે; વળી કોઇ વાર હાથીના જેવાં મોટાં જંગી વસ્ત્રો પણ મળે છે; કોઇ વાર 'ઊંટ'ના જેવાં એક બાજુએથી ખૂબ લાંબાં તો કોઇ વાર 'અળસીઆં'ના જેવાં છેકજ પાતળાં, વળી કોઈ વાર 'ઘેટાં'ના જેવા ઉનના ગરમ ડગલા–એ પ્રમાણે જે '**ફેશન' તરફ મારા આગલા સમયમાં મારા મનનો ઝોક વધી ગયો હોય તેવી ફેશનનાં** વસ્ત્ર–કોઈ વાર બિલાડીની ફેશનનાં, કોઈ વાર કૂતરાની ફેશનનાં, કોઇ વાર હાથી કે ઊંટની ફેશનનાં વસ્ત્ર મને પ્રકૃતિ પહેરાવ્યાજ કરે છે.

* * * *

જે કાંઇ નઠારૂં અથવા ખોડખાંપણવાળું હોય તેને તો ઢાંકયેજ છૂટકો.

શરીર નબળું અને લજામણું હોય તો લોકો શરીરે લૂગડાં પહેર્યાં ને પહેર્યાંજ રાખે છે. કોઇ અમુક અવયવમાં ખોડ અથવા કદરૂપાપણું હોય તો તેને પણ ઘરેણાંની નીચે અથવા બીજા કોઇ સાજ–સજાવટની નીચે છુપાવવામાં આવે છે. જેની આંખે ખોડખાંપણ હશે તે પોતાની ખોડ ઢાંકવા ચશ્મા પહેરે છે. માથે પળીઆં આવે એટલે પળીઆંને

ઢાંકવા માટે કલપ લગાડવા માંડે છે. મોઢાનું રૂપ ઓછું એટલે લોકો પાઉડર, પોમેટમ વગેરે લગાડીને તેની બદસૂરતી ઢાંકવાનો પ્રયત્ન કરે છે. શરીર નિર્જીવ થઈ જાય ત્યારે તેને પણ શાલ, પીતાંબર ઇત્યાદિ વડે ઢાંકી દેવાનો રિવાજ સર્વત્ર છે. લોકો જ્યારે પાપાચરણ કરે છે ત્યારે તેમને અસત્યના આવરણ નીચે કાળજીપૂર્વક ઢાંકી દે છે.

એવીજ રીતે નિર્મળ આત્મા પણ તદ્દન ઉઘાડો રહી શકતો નથી; તેના ઉપર ઓછામાં ઓછું એક ખોળિયું તો ચઢીજ જાય છે. પરંતુ જ્યારે તે ખોળિયું પણ ઘસાઇને નબળું થઈ જાય છે ત્યારે તેના રક્ષણને માટે પાછું બીજું એક નવું ખોળિયું ચઢવા માંડે છે. એ પ્રમાણે આપણે આપણી જાત ઉપર એક ઉપર એક પાંચ પાંચ ખોળીઆં ચઢાવી દીધાં છે. એક સ્થૂળ દ્દષ્ટાંતજ લઇએ તો આપણા આ સ્થૂલ શરીર ઉપરજ ગંજીફાક, ખમીસ, જેકેટ, કોટ અને તેના ઉપર વળી લાંબો ઓવરકોટ, તેના ઉપર શાલ અથવા ચાદર, એવાં એવાં એક ઉપર એક એમ બધાં મળીને પાંચ સાત આવરણ ચઢાવી દીધેલાંજ છે.

* * * *

વીજળીનો એવો સ્વભાવ છે કે હમેશાં તે બહારની સપાટી ઉપરજ આવી જાય છે; તેવીજ રીતે આપણો આત્મા અહંકારનું રૂપ લઈને આપણા સૌથી ઉપરના આવરણ ઉપર ફૂટી નીકળે છે.

આત્માએ પોતાના રક્ષણને માટે પાંચ શરીરરૂપી આવરણોને પોતાના ઉપર ચઢાવી દીધાં એટલે આત્મા સૌથી ઉપરના સ્થૂળ દેહમાંજ આવી જાય છે. પછી આપણે આપણા દેહનેજ આપણું અસલ સાચું સ્વરૂપ સમજીને તેનેજ લાડ લડાવવા મંડી જઇએ છીએ, તેનીજ હરેક રીતે પૂજા કરવા મશગુલ થઇએ છીએ-તેને નાના પ્રકારના સુગંધી સાબુઓથી

ખોળીઆની ઉપર ઉપરાઉપરી ખોળીઆં ચઢતાં જાય છે, તેમ તેમ આપણી નિર્બળતા વધતી જાય છે, આપણી ખરાબી થતી જાય છે અને છેક અંદરના ભાગમાં રહેલા આપણા સાચા આત્માની નગ્નતા ઢંકાઇ જાય છે અને તે બિચારો અસંખ્ય ખોળીઆંની નીચે દબાઇને રૂંધાઇને આખરે ગુંગળાઈ જાય છે. ઉપર ગણાવેલી પાંચ મોટી મોટી ગુફાઓને વીંધીને તેનો અવાજ આપણા કાન સુધી નથી આવતો. તેનો સ્વાભાવિક પ્રકાશ આ ભારે ભારે પડદાઓની અંદર ગુંગળાઇને ઝાંખો પડતો પડતો આખરે હોલવાઈ જવા આવે છે અને અંધારામાં આપણે આપણી જાતને ખોઇ બેસીએ છીએ—આપણે કોણ છીએ તેનુંજ ભાન સુદ્ધાં આપણને રહેતું નથી. આવી રીતે આપણા અહંકારની જાડી અને ઉંચી દિવાલો જેમ જેમ ચારે બાજુએથી રોજરોજ સજડાસજડી ચણાતી જાય છે, તેમ તેમ આત્મા વધારે ને વધારે ઉંડા અંધકારમાં કેદ પુરાતો જાય છે.

ત્યારે આ ભયંકર સખત કેદખાનામાંથી આત્માને છૂટો કરવો એમાં શરમાવાનું શું છે? આ બધાં આવરણોને તોડી ફોડીને આપણા અસલ સ્વરૂપમાં બહાર પડવામાં અસભ્યતા જેવું શું છે?

જ્યારે આપણે આ બધાં આવરણ અને મળનાં પડમાંથી મુક્ત થઇને આપણા પોતાના નિર્મળ, નગ્ન અને આવરણરહિત સ્વરૂપમાં પ્રકટ થઇશું અને એ બધાં આવરણોમાં ભરાઈ બેઠેલા આપણા અહંકારને ધકેલીને તેને આત્માની અંદર સ્થિર કરીશું, ત્યારે આપણી તમામ નબળાઇઓ આપણાથી દૂર ભાગી જશે.

× × × ×

ત્યારે આ બધાથી છૂટા થઇને નગ્ન થઈ જવાને શું કરવું રહ્યું? કોઇ પણ રીતે એક એક કરીને નીચેનાં અથવા

અંદરનાં ખોળીઆંને પૂર્ણ અને પુષ્ટ કરતા રહીને, તેમની ઉપરનાં એટલે બહારનાં ખોળીઆં તરફ બેદરકાર રહીને તેમની સાથેનો સંબંધ ધીમે ધીમે જ્ઞાનપૂર્વક છોડતા જઇશું તો આખરે આપણે સર્વ નિરપેક્ષ, સ્વયં સમર્થ, સ્વયંપ્રકાશ અને નિરાવરણ સ્વરૂપમાં બહાર પડીશું. ત્યારે આપણને કોઇ પણ આવરણ ઢાંકી શકશે નહિ.

અત્યારની આપણી આવરણોથી ઢંકાએલી અવસ્થામાં આપણને આપણી જનેતા કોઇ કોઈ વાર સાંભરી આવે છે. પણ માને મળવું કાંઈ સહેલ છે ? અલબત્ત, માતા તો પુત્રને પોતાનાં સદા જાગ્રત અને પ્રેમપૂર્ણ નેત્રોથી બધો વખત ખોળતીજ ફરે છે; પણ આપણેજ આપણી નબળાઈઓને તાબે થઇને આપણી જાતને ભાતભાતનાં ખોળીઆંમાં ઢાંકતા ફરીએ છીએ, પછી માતા બિચારી શું કરે ? આટલાં બધાં આવરણો નીચે ઢંકાએલી, દબાએલી આપણી જાતને માતા ઓળખેજ કેવી રીતે ? અને માતા ઓળખે નહિ ત્યાં સુધી તે ખોળામાં લે પણ શી રીતે? એ તો આપણી માતાના જેવુંજ આપણું તેજસ્વી મુખડું, જે આ બધાં કપડાંના ઢગ નીચે ઢંકાઈ ગયું છે, તેને આપણે બહાર કાઢીશું કે તરત માતાના ખોળામાં બેઠાજ જાણજો. માતા તો આપણને ખોળામાં બેસાડવાને માટે લાંબા હાથ કરીને પાસેની પાસેજ ઉભેલી છે. એક વાર આપણો અસલ દિદાર તે જોશે એટલે તરતજ તે આપણને ચૂમીઓ લેશે અને અહીં તહીં વ્યાકુળતાપૂર્વક આથડીઆં ખાતાં પણ જે પરમ સંતોષ આપણે કદી પણ ચાખ્યો નથી તે ચખાડીને પરિતૃપ્ત કરશે.



તરંગ ૧૪ મો—મારી યાત્રા

મુસાફરને વળી વિસામો કેવો ?

હું તો મારે રસ્તે ચાલતાં થાકયો નથી—મારા પગમાં પણ હજી ચાલવાનું જોર છે, તે છેક થાકી નથી ગયા. પણ મારા વહાલા હિતેચ્છુ મિત્રો ! મારા ઉપર દયા લાવીને ખૂબ દયાથી ભરપૂર શબ્દોમાં મને આરામ લેવાની સલાહ આપતાં કહે છે કે "તારૂં શરીર હવે છેકજ લેવાઈ ગયું છે. તારાં અંગે અંગમાં અમે શ્રમનાં ચિહ્ન જોઈએ છીએ." આવું સાંભળીને હું પોતે પણ ભુલાવો ખાઉં છું અને ક્ષણ વાર મને પોતાને પણ એવું લાગે છે કે ખરેખર, તેઓ કહે છે એવોજ હું થઇ ગયો છું; પણ જરાક સ્થિર થઇને વિચાર કરૂં છું ત્યારે તો મને મારા શરીર ઉપર જરા જેટલી પણ દયા નથી આવતી; પણ મને તો તેમનાં દયાપૂર્ણ વચનો ઉપરજ દયા આવે છે. આવો વિચાર કર્યા પછી હું પાછો મારે રસ્તે પડું છું.

કોઇ કોઈ વાર આપણને આપણી જાતનુંજ વિસ્મરણ થઇ જવાથી આવા ભુલાવામાં પડી જવાય છે; પણ વિચાર કરી જોતાં આપણામાં ચાલવાની અનંત અખૂટ શક્તિ છે એવો અનુભવ થવા માંડે છે. આવો અનુભવ થયા પછી કોઇ પણ કારણને લીધે મારો ઉત્સાહ ઓછો થઇ જતો નથી.

× × × ×

અરે ભાઇ ! હું વિસામો લઉંજ કેવી રીતે ! મારા કિસ્મતમાં તો એવી લાગલાગટ સજા કરવાનુંજ લખાયું છે

કે અનંત વર્ષો સુધી રાતદહાડો, પળવારનો વિરામ લીધા વગર ટાંટીઆ ઘસડયોજ જાઉં છું તોપણ મારા રસ્તાનો છેડો આજ સુધી તો મારી નજરે પડયો નથી. ત્યારે હવે મને કહો જોઇએ કે મારાથી અધવચ વિસામો લેવા કેવી રીતે થોભાય ? મને મારી સડકનો છેડો ન દેખાય ત્યાંસુધી મને કળજ કેવી રીતે વળે ? મારા આ લાંબા રસ્તાનો કોઇ દહાડોય છેડો આવશે કે નહિ અને મને નિરાંતે ઠરીને બેસવાનો વખત આવશે કે નહિ તેનોજ હવે તો મારા મનમાં સંદેહ પેદા થવા લાગ્યો છે.

હું મારી આંખ આગળ ચોખ્ખું જોઉં છું કે મારી સામે કદી પણ પૂરો ન થાય એવો અનંત માર્ગ પડયો છે તો પછી થાક ખાવાનો મનમાં વિચાર આવતાં મારો જીવ ગભરાઇ ઉઠે એમાં કાંઈ નવાઈ છે ? ખાસ કરીને તો યુક્તિ અને તર્કનાં દૂરબીન માંડીને જોતાં પણ આ સીધી સડક ઘણે આઘે ગયા પછી પણ પૂરી થતી હોય એવું કશુંજ દેખાતું નથી.

× × × ×

મારા મિત્રો મને કોઇ કોઇ વાર કહે છેઃ “ અલ્યા ભાઇ ! આજનો દહાડો તો આરામ લે. વ્રત, નિયમ પાળતાં પાળતાં તો તારી આખી જિંદગી એમ ને એમ પૂરી થઇ જવાની. પગ મૂકતાંમાં પગ ગરકી જાય એવી નરમ પોચી તળાઇ ઉપર પોઢવામાં કેવી મઝા છે તે તો જો ! આજનો દહાડો તો સારૂં સારૂં ખાઇ લે, અમારી સાથે વાતોના તડાક મારી લે—સારાં સારાં વસ્ત્ર તો શરીરે અડકાડ ભલા ! તે ગળ્યો ગળ્યો શીરો તો કદી મોઢામાં મૂકયોજ નથી. જરાક વાર થોભી જઇને ખાઇ લે; તેમાં શું તારા બાપનું બગડી જવાનું છે ? એકજ દિવસ મનને મોજ કરાવવાથી શું મોટું નુકસાન થઇ જવાનું છે ? अति सर्वत्र वर्जयेत् । આજ

નિયમ પાળવાં તે પણ સારું ન કહેવાય. આજનો રૂડો રસ છે-બસ, આજનોજ દિવસ તું આનંદ ભોગવી લે-સૂકી ભાઠા જેવી સડક છોડીને તું થોડી વાર તો છાંયડે લો રહીને આરામ લે. લે તો ખરો, આપણે કેવી મજેની ગ્રિક વાતો કરીશું!" પરંતુ મારે ઘેર પહોંચી જવાનો વિચાર મારા મનમાં આવે છે એટલે આ મીઠા મીઠા શબ્દો મને અકારા લાગે છે-અને તેમાં કશો રસજ નથી આવતો. હું તો તે મારા વહાલા મિત્રોને જવાબ આપવા જેટલો વખત પણ ન બગાડતાં ધીરે ધીરે મારો રસ્તોજ કાપવા મંડી જાઉં છું.

× × × ×

તહેવાર અને માંગલિક પ્રસંગો બહુ ઠાઠમાઠ અને આનંદોલ્લાસ સહિત ઉજવાય છે. બધે ધામધૂમ મચી રહે છે-જ્યાં જોઇએ ત્યાં રસિકતા અને શણગારની જમાવટ થઇ રહી છે. જેની લોકો ઘણા દિવસથી રાહ જોતાં હતા અને જેને માટે તૈયારી કરી રહ્યા હતા તે આનંદનો ઉજમાળો દિવસ આજે આવી પહોંચ્યો છે. ચોતરફ આનંદોત્સવની સામગ્રીઓ જેની તેની જગ્યાએ ગોઠવાઇ ગઇ છે. એ બધી વસ્તુઓ એકજ પ્રકારની જાહેરાત કરી રહી છે કે "આવો, આજે બસ આનંદોલ્લાસમાં અને હર્ષની લૂંટાલૂંટમાં મશગૂલ થઇ જાઓ. તમારી તમામ ઇન્દ્રિયોની લગામ છૂટી મૂકી દો અને તેમના વડે લૂંટાય તેટલો આનંદ લૂંટી લો. આજે બધુંજ ભૂલી જઇને મોજ ઉડાવો. બસ, આજે તો આનંદ! આનંદ! બીજું કાંઇજ નહિ."

પણ અરે! મારે જેવાને માટે તો આ કામ પણ ઘણું કઠિન છે. આજનો દિવસ પણ મારાથી વ્યર્થ કેમ ગુમાવાય? મારા પૂજ્ય આદર્શ ગુરુ અને તેના ઉચ્ચ સિદ્ધાન્તો, જેના સ્મરણમાં અમે આજના દિવસને પવિત્ર

આનીને જોઈએ. તેનું સ્મરણ મનમાં તાજું થતાં મને તો ઉપર કહી તેવી અમર્યાદિતની જાતની પ્રવૃત્તિમાં તો વિષાદને બદલે ક્ષોભ સંકોચ અને શરમ ઉપજાવે છે. આપણા પૂર્વજો સ્વર્ગલોકમાં રહ્યા રહ્યા તેમનાં સંતાનોની દુર્દશા જોઈ કેટલી આંસુ સારી રહ્યા હશે. ત્યારે તો આપણો પર્વ આપણને રોજ કર્તવ્યમાર્ગે ચલાવે છે કે આજે આપણે સંયમહીન અને શિથિલ ન થતાં ત્યારે સાવધાનતા-પૂર્વક જાગ્રતી રાખવું જોઈએ.

આજે વિજયાદશમીનું પર્વ છે. આજે આપણા મર્યાદા-પુરુષોત્તમ રામ રામચંદ્રે અસુરોનો પરાજય કર્યો હતો. તેમની દીપ્યમાન વિજયી યાત્રાનું સ્મરણ જો આપણા મનમાં તાજું થાય તો આપણે બધા લોકો મળીને આજનો પવિત્ર દિવસ ફોકટ "ખાના પીના" કરવામાં બરબાદ કરતા અટકીએ. રામચંદ્રજીનો પવિત્ર ક્રિયાત્મક ઉપદેશ આપણા હૃદયનાં ઉંડાણમાંથી ગુંજી ઉઠે છે અને આપણી આજની હીન પતિત દશાને માટે આપણે ફરીથી સાચી વ્યાકુળતાની વેદના અનુભવીએ છીએ. તેમ થતાંજ સારી સારી ચટાકાદાર રસોઈ આરોગવામાં અને ગાનતાનમાંજ આજનો તહેવાર ઉજવવાનું પાખંડ આપણે નજ કરી શકીએ. તે ખાનપાનનો અને મોજમજાહનો તહેવાર તો નજ થઈ શકે. આજના પર્વની ભવ્યતા અને પવિત્રતાને આવી રીતે ભ્રષ્ટ કરીને આપણે ભારે પાપ કરી રહ્યા છીએ એવું આપણને ભાન થવું જોઇએ. આજે તો સારૂં સારૂં ખાવું અને સારાં સારાં લૂગડાં ઘરેણાં પહેરીને ફરવા નીકળવું એ આપણું આવશ્યક કર્તવ્ય છે, એવી માન્યતાનો ઓછાડ ઓઢીને આપણી જાતને આપણે નજ છેતરી શકીએ. મારા અંતઃકરણના કોણ જાણે કયા ખૂણામાંથી મને વારંવાર પરોણીની અણી ઘોચાયા જ કરે છે અને મને આગળ માર્ગ કાપવા ધકેલે

છે; તેથી કરીને આજ તહેવારનો દિવસ છે એમ સમજીને વિશ્રાન્તિ લેવાને બદલે હું તો તે દિવસે રોજના કરતાં પણ બે ચાર ડગલાં વધારે ચાલી નાખું છું.

× × × ×

હે ત્રિભુવનના સ્વામી ! મારા પ્રભુ ! તમે દીનવત્સલ છો. તમે તમારાં સંતાનોની આ તીર્થયાત્રાને માટે ઘણીજ ઉત્તમ વ્યવસ્થા કરી રાખી છે. લોકો મને ભટકાવે છે કે અરેરે ! તારો રથ તો સાવ ડોદળો કાકાપુરી જેવો થઈ ગયો છે. થોડા દિવસમાંજ તે આરીઆડમણ થઈ જશે અને રસ્તા વચ્ચે ભાંગી પડશે; પણ હે કરુણાસિન્ધુ પ્રભુ ! મને તારા તરફથી સૂચના મળી ચૂકી છે કે જ્યારે આ મારો રથ રસ્તે ચાલતો ચાલતો ભાંગી પડશે ત્યારે હું છેક સાધન વગરનો નહિજ રહું. ત્યારે હું છેકજ અસહાય અનાથ બનીને નહિજ રવડી મરૂં; પણ જેણે આ સમસ્ત બ્રહ્માંડની રચના ઉભી કરી છે તેનો ગેબી હાથ મારે સારૂ એક તદ્દન નવો અને ઉત્તમ રથ તૈયાર કરીજ આપશે અને જ્યાંસુધી મારી યાત્રા પૂર્ણ કરીને હું મારા પોતાના અસલ તીર્થ-સ્થળ સુધી ન પહોંચી જાઉં ત્યાંસુધી મને જ્યારે જરૂર પડશે ત્યારે નવા નવા રથ મળ્યાજ કરવાના. પછી હું શા માટે રથની ફિકર કરતો ફરૂં ? શા માટે હું મારી યાત્રા અ-ટકાવીને મારા રથના સમારકામમાં મારૂં ચિત્ત પરોવું ? શા માટે રસ્તા વચ્ચે થોભી જઇને તેને ઠીકઠાક કરવામાં અથવા તેના ઉપર રંગરોગાન લગાડવામાં મારો વખત બરબાદ કરૂં ? આ રથ જેવો છે તેવો પણ મારા માલિકે મને યાત્રા કરવાને માટે ઉછીનો આપેલો છે. એનો માલીક તો તેજ છે. હે પ્રભુ ! તમે જ આ રથના સાચા માલિક અને પ્રેરક છો. તમારે એનું જે કરવું હોય તે કરો; એ બધી રીતે જ તમારો પોતાનો છે.

* * *

ઓ મારાં સ્નેહી સંબંધીઓ ! તમે મારા ભાતાની પોટલીમાં તમારાં પૂરી-પકવાન્ન બાંધી આપવાનું માંડી વાળો. મારે તે કશા ખપનાં નથી. ઉલટો મારે એટલો નકામો બોજો ઉંચકવાનું થશે. જરા આમ તો જુઓ! તમે આટલા બધા અશ્રદ્ધાવાન કયાંથી ? મારા માલિકની દયામાં વિશ્વાસ રાખો. તેણે પહેલેથીજ મારા પ્રવાસને સુખરૂપ બનાવવા સારૂ મારા માર્ગની બેઉ બાજુએ મીઠાં અને પાકાં ફળથી લચી પડતાં વૃક્ષો પોતાને હાથેજ ઉગાડી રાખ્યાં છે. તમે સૌ મારા ઉપર ઘણોજ પ્રેમ રાખો છો તે કબૂલ રાખતાં પણ તમે તમારા પ્રેમનો દાવો કરીને મને તમારાં રેશમી વસ્ત્રોમાં અને બટન તથા કૉલર નેકટાઈનાં બંધનોમાં જકડી રાખો તે હું કેમ ચલાવી લઉં ?

તમે મારે હાથે પગે ભારે ભારે ઘરેણાંની બેડીઓ નાખી છે તેથી મારા શરીરનો ભાર વધી પડે છે અને રસ્તે ચાલવામાં મને ઘણીજ અડચણ પડશે તેનો તો તમને ખ્યાલજ નથી આવતો ?

પ્રિય બંધુઓ, તમે જાણતા નથી, પણ જે રસ્તે મારે જવાનું છે તે રસ્તે જનારા લોકો તો મારો આવો વેશ જોઈને મારાં વખાણ નહિ કરે પણ ઉલટા મારી મશ્કરી કરશે. તમારાં પહેરાવેલાં સુનાં ઘરેણાંથી મારા શરીરની શોભા તો નથીજ વધવાની. મહેરબાની કરીને મને એવી કીમતી વસ્તુઓ પહેરાવીને વધારે બેડોળ અને હાસ્યાસ્પદ ન [illegible] હું [illegible] તેથીજ [illegible] [illegible] તીર્થસ્થળ તરફ જતાં હું નીકળ્યો છું ત્યાંની [illegible] [illegible]-વસ્તુઓ [illegible] [illegible]

ખીજા બધા આડંબર વગરજ મને સ્વતંત્ર રીતે મારે રસ્તે જવા દો. મને મારા પોતાના અસલ સ્વરૂપમાંજ મારા ઇષ્ટ તીર્થ સુધી પહોંચી જવા દો.

* * * *

મેં તો હવે નિશ્ચય કર્યો છે કે રસ્તામાં પક્ષીઓનાં મધુર સંગીત સાંભળવાને માટે પણ નહિજ થોભું. હું ચાલતાં ચાલતાં ભલે સાંભળી લઇશ, પણ ઉભો તો નહિજ રહું. રસ્તામાં સુંદર સુંદર દૃશ્યો આવશે તેમને પણ હું આનંદ-સહિત જોઇશ ખરો, પણ તેમના સૌન્દર્ય ઉપર મોહિત થઇ હું કોઇ ઠેકાણે ઉભો તો નથીજ રહેવાનો. રસ્તે ઉગેલાં પુષ્પોની સુગંધ લેવાને હું મારાં નસકોરાં ભલે ઉઘાડાં રાખીશ, પણ તે રૂપાળાં ખુશબોદાર ફૂલ તોડી લેવા સારૂ હું મારી સડક ઉપરથી એક ડગલું પણ આઘોપાછો થવાનો નથી.


દૂર દૂર સુધી ફેલાએલાં લીલાં છમ મેદાનોની શોભા નીરખીને હું મનમાં ઘણો મગ્ન થઇશ, પણ તેમાંના કોઇ પણ સ્થળના સૌન્દર્યની પાછળ ઘેલો બનીને હું ત્યાંની કાંટાવાળી પગદંડીઓ ઉપર ભટકવા મારી સડક ઉપરથી નીચો ઉતરૂં એ તો કદી બનવાનું નથી.

વળી મેં એવો પણ નિશ્ચય કરી દીધો છે કે રસ્તામાં મને મારો કોઇ પરિચિત સ્નેહી મળી જશે અને તે પોતાની સાથે પ્રેમાલાપ કરવાને સારૂ જરાક થોભી જવાનું મને કહેશે તો તેને પણ હું ચોખ્ખું સંભળાવી દઇશ કે "ભાઇ! મને મારે મુકામે પહોંચતાં અસુરૂં થઈ જાય છે, મને રોકો મા." એમ કહીને હું તો મારે રસ્તે ચાલવા માંડીશ. મને મારે રસ્તે આગળ વધવામાં જે મદદગાર થાય તેજ હવે મારો સગો અને તેજ મારો મિત્ર.

* * * *

અરે ભાઇ ! હું તમને પૂછું છું કે જીવનમાર્ગના પ્રવાસીને ચેન પડેજ કેવી રીતે ? આપણે પોતાને ઘેર જઇને બેઠા વગર રસ્તામાં રખડતાં બાળકોના જીવને કરારજ કેવી રીતે વળે ? માટે આવો ભાઇઓ ! આપણે રાતદિવસ જાગતાં ને ઉંઘતાં, ફરતાં ફરતાં, સૂતાં ને બેસતાં આપણી કમ્મર તો કસેલી ને કસેલી જ રાખીએ, બધો વખત સાવધાન રહીએ અને આગળ ને આગળ ડગલાં ભરતાંજ જઇએ. અહીં અધવચ વિશ્રામ અથવા શાન્તિની આશા રાખવી એ વ્યર્થ છે. મુસાફર રસ્તામાં આનંદ અને શાન્તિ ભોગવી શકેજ શી રીતે ? ચાલો ભાઇ, હવે બહુ મોડું થાય છે. હવે તમે તમારી રમતો પડતી મૂકો અને આપણા પોતાના ઘરની શોધમાં રાતદિવસ થાકયા વગર-વિસામો લીધા વગર-આગળ ને આગળજ ધપતા જાઓ અને જ્યાં સુધી આપણા મૂળ ધામના પવિત્ર જ્યોતિથી ઝગમગતા દિવ્ય પ્રદેશ ઉપર આપણે પગ ન મૂકીએ, જ્યાં અનંત પ્રકાશ ને અગાધ શાંતિ કદી પણ મંદ થાય નહિ એવું ચૈતન્ય અને અપાર અનિર્વચનીય આનંદ આપણું સ્વાગત કરવાને અનાદિકાળથી આપણી આવ્યાની રાહ જોતાં ઉભાં છે ત્યાં પહોંચી જતા સુધી આપણે અધવચ આરામ લેવાનો વિચાર સરખો પણ ન કરીએ.






તરંગ ૧૫ મો—ટુંકી નજર અથવા માયોપિયાનો નેત્રરોગ



અત્યારે તો આપણે જ્યાં જઈએ ત્યાં લોકોને ચશ્માં પહેરીને ફરતા જોઈએ છીએ. એનું મોટું કારણ તો એ છે કે ઘણા લોકોને ટુંકી નજર—જેને અંગ્રેજીમાં 'શૉર્ટ સાઈટ' અથવા માયોપિયા કહે છે—તે દર્દ લાગુ પડ્યું છે. જેની આંખે આવું દર્દ થયું હોય તેનાથી આઘેની વસ્તુ દેખાતી નથી. આ રોગ જગતમાં અનાદિકાળથી ચાલ્યો આવે છે કે હમણાં હમણાંજ નવો સવો પેદા થયો છે તે તો રામ જાણે; પરંતુ આટલી વાત તો સાચી જ છે કે હાલમાં આવા રોગવાળા માણસોની સંખ્યા પહેલાંના કરતાં બહુજ વધી ગઈ છે. જેઓ આંખે ચશ્માં પહેરીને ફરે છે તેમના ઉપરાંત એ રોગવાળા બીજા ઘણા છે પણ તે લોકો બિચારા ગરીબ હોવાથી ચશ્માંના પૈસા ખરચી શકતા નથી. એવા લોકો વગર ચશ્માંએ ફરે છે અને તેથી તેઓ પોતાને થએલો રોગ સાને જાહેર કરી શકતા નથી.

પાશ્ચાત્ય દેશનો એક વિદ્વાન કહે છે કે, આપણા પૂર્વજો 'અસભ્ય' તો હતા, પણ તેઓની નજર એટલી લાંબી હતી કે જે તારાઓ અને નક્ષત્રોને આજના સભ્ય લોકો દુરબીન માંડીને જોઈ શકે છે તેમને તેઓ પોતાની નરી આંખે જોઈ શકતા અને એ રીતે તેઓ વગર દુરબીને જ્યોતિષવિદ્યાનાં સત્યો જાણી લેતા. આ દૃષ્ટિબિન્દુથી

અરે ભાઈ ! હું તમને પૂછું છું કે જીવનમાર્ગના મુસાફરીને ચેન પડેજ કેવી રીતે ? આપણે પોતાને ઘેર જઈને બેઠા વગર રસ્તામાં રખડતાં થાકેલા જીવને કરારજ કેવી રીતે વળે ? માટે આવો ભાઈઓ ! આપણે રાતદિવસ જાગતાં ને ઊંઘતાં, હરતાં ફરતાં, સૂતાં ને બેસતાં આપણી કમ્મર તો કસેલી ને કસેલી જ રાખીએ, બધો વખત ચાલતાજ રહીએ અને આગળ ને આગળ ડગલાં ભરતાંજ જઈએ. ક્યાંઈ આરામ વિશ્રામ અથવા શાન્તિની આશા રાખવી એ વ્યર્થ છે. મુસાફર રસ્તામાં આનંદ અને શાન્તિ ભોગવી શકેજ શી રીતે ? આવો ભાઈ, હવે બહુ મોડું થાય છે. હવે તમે તમારી રમતો પડતી મૂકો અને આપણા પોતાના ઘરની શોધમાં રાતદિવસ થાક્યા વગર-વિસામો લીધા વગર-આગળ ને આગળજ ધપતા જાઓ અને જ્યાં સુધી આપણા મૂળ ધામના પવિત્ર જ્યોતિથી ઝગમગતા દિવ્ય પ્રદેશ ઉપર આપણે પગ ન મૂકીએ, જ્યાં અનંત પ્રકાશ ને અગાધ શાંતિ કદી પણ મંદ થાય નહિ એવું ચૈતન્ય અને અપાર અનિર્વચનીય આનંદ આપણું સ્વાગત કરવાને અનાદિકાળથી આપણી આવ્યાની રાહ જોતાં ઉભાં છે ત્યાં પહોંચી જતા સુધી આપણે અધવચ આરામ લેવાનો વિચાર સરખો પણ ન કરીએ.





તરંગ ૧૫ મો—ટૂંકી નજર અથવા માયોપિયાનો નેત્રરોગ



અત્યારે તો આપણે જ્યાં જઈએ ત્યાં લોકોને ચશ્માં પહેરીને ફરતા જોઈએ છીએ. એનું મોટું કારણ તો એ છે કે ઘણા લોકોને ટૂંકી નજર–જેને અંગ્રેજીમાં 'શૉર્ટ' સાઈટ' અથવા માયોપિયા કહે છે–તે દર્દ લાગુ પડ્યું છે. જેની આંખે આવું દર્દ થયું હોય તેનાથી આઘેની વસ્તુ દેખાતી નથી. આ રોગ જગતમાં અનાદિકાળથી ચાલ્યો આવે છે કે હમણાં હમણાંજ નવો સવો પેદા થયો છે તે તો રામ જાણે; પરંતુ આટલી વાત તો સાચી જ છે કે હાલમાં આવા રોગવાળા માણસોની સંખ્યા પહેલાંના કરતાં બહુજ વધી ગઈ છે. જેઓ આંખે ચશ્માં પહેરીને ફરે છે તેમના ઉપરાંત એ રોગવાળા બીજા ઘણા છે પણ તે લોકો બિચારા ગરીબ હોવાથી ચશ્માંના પૈસા ખરચી શકતા નથી. એવા લોકો વગર ચશ્માંએ ફરે છે અને તેથી તેઓ પોતાને થએલો રોગ બીજાને જાહેર કરી શકતા નથી.

પાશ્ચાત્ય દેશનો એક વિદ્વાન કહે છે કે, આપણા પૂર્વજો 'અસભ્ય' તો હતા, પણ તેઓની નજર એટલી લાંબી હતી કે જે તારાઓ અને નક્ષત્રોને આજના સભ્ય લોકો દૂરબીન માંડીને જોઈ શકે છે તેમને તેઓ પોતાની નરી આંખે જોઈ શકતા અને એ રીતે તેઓ વગર દૂરબીને જ્યોતિષવિદ્યાનાં સત્યો જાણી લેતા. આ દૃષ્ટિબિન્દુથી

વિચાર કરતાં તો અત્યારની આખી માનવજાતિને-જેમની આંખે ચશ્માં નથી આવ્યાં અને તેથી જેઓ પોતાને નીરોગ માને છે તેઓને પણ-આ 'ટુંકી નજર' અથવા શૉર્ટ-સાઇટનું દર્દ તો લાગુ પડેલુંજ છે.

વળી જેવી રીતે કેટલાકને આઘેની વસ્તુ ન જોઇ શકવાનો નેત્રરોગ થાય છે, તેવીજ રીતે બીજા કેટલાકને પાસેની ઘણીજ નાની સૂક્ષ્મ વસ્તુ સૂઝતી નથી. તેમને આઘેની વસ્તુ ચોખ્ખી દેખાય, પણ પાસેનીજ ન દેખાય. આવા લોકોને "બેતાળાં' આવ્યાં કહેવાય છે. એવા લોકો પોતાની આંખે બહિર્ગોળ કાચવાળાં ચશ્માં પહેરે છે અથવા તેથીએ જ્યારે બરાબર ન સૂઝે ત્યારે ચડતા ઉતરતા નંબરના 'મેગ્નિફાઇંગ ગ્લાસ' વાપરે છે.

* * * *

આ તો જાણે બહારનાં સ્થૂળ નેત્રોની વાત થઈ, પણ સ્થૂળ નેત્રોને લાગુ પડતા ટુંકી નજર નામના નેત્રરોગનું હું અત્યારે વર્ણન કરવા બેઠો નથી. મનુષ્યમાં જે કાંઇ છે તે બધું તેનાં સ્થૂળ નેત્રોમાંજ હોત તો ભક્ત સૂરદાસ, વિરજાનંદ સ્વામી, મિલ્ટન વગેરે આંધળા પુરુષો સંસારભરમાં ખરેખરા ક્રાન્તિદર્શી થઇ ગયા તે ન થાત અને આપણે પણ આપણું જેટલું કામ આપણાં અંદરનાં નેત્રો વડે કરીએ છીએ તેટલું બહારનાં નેત્રો વડે નથીજ કરતા. આપણું હરકોઇ કામ, હરકોઇ પ્રવૃત્તિ આપણાં અંદરનાં નેત્રો વડે થાય છે. તેથી કરીને જો અંદરનાં નેત્રોને ઉપર કહ્યો તેવો ટુંકી નજરનો રોગ લાગુ પડયો હોય તો તો તેની સરખામણીમાં બહારનાં નેત્રોનો રોગ કાંઇજ હિસાબમાં નથી. તેનાથી જેટલી હાનિ થાય છે તેના સોમા ભાગની પણ બહારની આંખોના રોગથી થતી નથી. જેમની અંદરની આંખો વડે આઘે સુધી દેખાતું ન હોય તેમની

દયા તો ખરેખર દયાને પાત્રજ ગણાવી જોઇએ. જેમની અંદરની આંખોને ટુંકી નજરનો રોગ લાગુ પડયો હોય એવા લોકોની સંખ્યા તો પેલા લોકોના કરતાંએ ઘણી મોટી છે. આખો સંસાર દુઃખથી વ્યાકુળ બની રહ્યો છે અને આર્ત્તનાદ કરી રહ્યો છે તેનું એકજ નિદાન છે કે તેમને અંદરની આંખોની ટુંકી નજરનો વ્યાધિ થયો છે. આયેની વસ્તુ અથવા આયેની પરિસ્થિતિ તેમની આંખે દેખાતી નથી તેથી તો આ સંસારમાં ગો હાયધોય કરતા ફરે છે. કોઇ એવો સૂરમો કે નયનાંજન બતાવે કે જેથી આ ટુંકી નજરનો વ્યાધિ મટી જાય ? અરે ! ચશ્માંના નંબર કાઢી આપનારા ચશ્માંવાળાઓ, પદવીધર ડૉકટરો, નેત્રવૈદ્યો અને 'આઇસ્પેશિયાલિસ્ટો'! છે તમારી પાસે અંદરની આંખને લાગુ પડતી ટુંકી નજરનાં ચશ્માં ? અરે બાપુ ! મને તો એવું કહેવાનું મન થઇ આવે છે કે "પહેલાં તમારી પોતાની આંખો તો સુધારો; પછી બીજા-ની આંખોએ ચશ્માં અથવા સૂરમો લગાડજો." ટૂંકી નજર-નો રોગ માત્ર બહારનાં સ્થૂળ નેત્રોને જ થાય છે, એવું નથી. એ તો બહુજ ઉંડું દર્દ છે. હું તો આ વાસ્તવિક ટુંકી નજરના અથવા અંદરની આંખોની ટુંકી નજરના રોગનો ફેલાવો જોઇને હેબક ખાઇ ગયો છું.

* * * *

હું જ્યારે નાનો છોકરો હતો અને ચોથી ચોપડીમાં ભણતો હતો ત્યારે ગારાથી વર્ગમાંના કાળા પાટીઆ ઉપર (બ્લેક બોર્ડ) લખેલું વંચાતું ન હતું. કેમકે છેક નાનપણથીજ મારી આંખોનું ટૂંકી નજરનું દર્દ ઘણું સખત હતું; પણ જ્યારે મને ખબર પડી ગઇ કે હું ક્રોધને વશ એટલા માટે થાઉં છું કે મારી નજર ટુંકી થઇ ગઇ છે; હું કામી લોભી અદેખો અને મિથ્યાભિમાની પણ એટલાજ માટે થાઉં છું

કે મારી નજર ટૂંકી થઇ ગઇ છે, ત્યારથી મારી [illegible] આંખોના વ્યાધિની વાત તો હું ભૂલીજ ગયો અને [illegible] મારા સાચા રોગની–મારી અંદરની આંખોની ટુંકી નજર ની ચિંતા પેઠી. મને બરાબર સમજાઇ ગયું છે કે [illegible] સામેની વસ્તુ જોઇ શકતો નથી તેટલા માટેજ હું [illegible] [illegible]રની પ્રવૃત્તિને તાબે થાઉં છું. હું ટુંકી નજરનો છું તેટલા માટેજ હું સંસારમાં બંધાઇ રહ્યો છું. [illegible] [illegible] દર્શન [illegible] 'બ[illegible]ને સામાટે [illegible] છે, સામાટે તેનેજ બધા વ્યાધિઓ [illegible] [illegible] મને સમજાય છે.

× × × ×

[illegible]

[illegible]

આનું કરવું શું? વિષયભોગમાં ગુલતાન થઈ ગએલાને પોતાનાં કર્મોનું પરિણામ સૂઝતું નથી. ધનનું દાન કરવું એ તેનો સર્વોત્તમ ઉપયોગ છે એ વાત કંજૂસને, સાંકડા મનના માણસને સૂઝતી નથી. શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ભણવાના ફાયદા સૂઝતા નથી. દેશને માટે મરી ફીટવામાં કેટલો આનંદ આવે છે તે કાયરની આંખે દેખાતો નથી. પરિશ્રમનું આવેનું મીઠું ફળ આળસુને સૂઝતું નથી. આંધળાને રૂપ દેખાતું નથી. હવે આ મહારોગનો ઉપાય શો કરવો? જેમની આંખેજ સૂઝતું ન હોય એમાં તેમનો શો વાંક કાઢીએ? વાંક તો તેમની દૃષ્ટિનોજ છે.

× × × ×

દરેક માણસ પોતે જેટલે દૂર જોઇ શકે છે તેટલે સુધી તો હરકોઇ માણસ શુભ કાર્યજ કરતો રહે છે. જાણી જોઇને કોઇ ખાડામાં પડતું નથી, પણ દરેકને દૃષ્ટિમર્યાદા હોય છે–કોઇને લાંબી તો કોઇને ટૂંકી. એટલી મર્યાદામાં તો બધાએ શુભ કર્મજ કરે છે; પણ એ મર્યાદાની બહાર? ત્યાં સૂઝતું નથી એટલે ખોટામાં પગ પડે છે. કોઇ કોઇ લાંબી નજરવાળા આખો સંસાર અને સંસારનું તત્ત્વ યથાવત્ જોઇ શકે છે, તેઓ સંસારનો પૂરેપુરો આનંદ માણે છે.

હિન્દુસ્તાનના વતનીઓમાંથી જેમની આંખે દેશ સૂઝે છે તેઓ પોતાના દેશની ગુલામીની બેડીઓ તોડવા અધીરા થઈ જાય છે અને દેશને માટે કડણુમાં કડણુમાં તાવણીઓમાં તપવાનું કામ તેમને માટે અતિસહજ છે. તેવા લોકો દેશને માટે ઉગ્ર તપશ્ચર્યાઓ આદરે છે અને તેટલું ફળ પ્રાપ્ત કરે છે. જેમની આંખે પોતાના નાના નાના દોષ દેખાય છે તેઓ ઉન્નતિના રસ્તા ઉપર ખૂબ વેગથી આગળ ધપે છે. જેમની નજરે પોતાનો 'ધર્મ' અને 'આત્મા,' એ બે વસ્તુઓ દેખાય છે તેઓ બહુધા ઉચ્ચના સુકોમળ

કે મારી નજર ટૂંકી થઇ ગઇ છે, ત્યારથી મારી બહારની આંખોના વ્યાધિની વાત તો હું ભૂલીજ ગયો અને મને મારા સાચા રોગની–મારી અંદરની આંખોની ટુંકી નજરની ચિંતા પેઠી. મને બરાબર સમજાઇ ગયું છે કે હું આઘેની વસ્તુ જોઇ શકતો નથી તેટલા માટેજ હું નાના પ્રકારની પાપવૃત્તિને તાબે થાઉં છું. હું ટુંકી નજરવાળો છું તેટલા માટેજ હું સંસારમાં બંધાઇ રહ્યો છું. આપણાં બધાંજ શાસ્ત્રો અદર્શન અથવા 'અવિદ્યા'ને શામાટે મહા વ્યાધિ કહે છે, શામાટે તેનેજ બધા વ્યાધિનો મૂળ કારણ માન્યો છે તે બધું હવે મને સમજાય છે.

× × × ×

કુદરતી રીતે જુવાનીઆઓને આઘેથી ચાલ્યું આવતું ઘડપણ દેખાતું નથી તેથીજ ઘડપણ વહેલું વહેલું આવતું જાય એવાંજ કામો પાછળ તેમની આખી જુવાની ખરચી નાખે છે અને પાછળથી પસ્તાવો કરે છે.

હિંદુસ્તાનના વતનીઓને તેમનો દેશજ સાંકડો લાગે [illegible]

[illegible]

[illegible]

નું કરવું શું ? વિષયભોગમાં ગુલતાન થઈ ગએલાને વાનાં કર્મોનું પરિણામ સૂઝતું નથી. ધનનું દાન કરવું તેનો સર્વોત્તમ ઉપયોગ છે એ વાત કંજૂસને, સાંકડા મનના માણસને સૂઝતી નથી. શાળામાં જાણતા વિદ્યાર્થીઓને ભણવાના ફાયદા સૂઝતા નથી. દેશને માટે મરી ફીટવામાં કેટલો આનંદ આવે છે તે કાયરની આંખે દેખાતો નથી. પરિશ્રમનું આવેલું મીઠું ફળ આળસુને સૂઝતું નથી. આંધળાને રૂપ દેખાતું નથી. હવે આ મહારોગનો ઉપાય શો કરવો ? જેમની આંખેજ સૂઝતું ન હોય એમાં તેમનો શો વાંક કાઢીએ ? વાંક તો તેમની દૃષ્ટિનોજ છે.

× × × ×

દરેક માણસ પોતે જેટલે દૂર જોઇ શકે છે તેટલે સુધી તો હરકોઇ માણસ શુભ કાર્યજ કરતો રહે છે. જાણી જોઇને કોઇ ખાડામાં પડતું નથી, પણ દરેકને દૃષ્ટિમર્યાદા હોય છે—કોઇને લાંબી તો કોઇને ટૂંકી. એટલી મર્યાદામાં તો બધાએ શુભ કર્મજ કરે છે; પણ એ મર્યાદાની બહાર ? ત્યાં સૂઝતું નથી એટલે ખાડામાં પગ પડે છે. કોઇ કોઇ લાંબી નજરવાળા આખો સંસાર અને સંસારનું તત્ત્વ યથાવત્ જોઇ શકે છે, તેઓ સંસારનો પૂરેપુરો આનંદ માણે છે.

હિન્દુસ્તાનના વતનીઓમાંથી જેમની આંખે દેશ સૂઝે છે તેઓ પોતાના દેશની ગુલામીની બેડીઓ તોડવા અધીરા થઈ જાય છે અને દેશને માટે કઠણમાં કઠણમાં તાવણીઓમાં તપવાનું કામ તેમને માટે અતિસહજ છે. તેવા લોકો દેશને માટે ઉગ્ર તપશ્ચર્યાઓ આદરે છે અને તેટલું પુણ્ય પ્રાપ્ત કરે છે. જેમની આંખે પોતાના નાના નાના દોષ દેખાય છે તેઓ ઉન્નતિના રસ્તા ઉપર ખૂબ વેગથી આગળ ધપે છે. જેમની નજરે પોતાનો 'ધર્મ' અને 'આત્મા,' એ બે વસ્તુઓ દેખાય છે તેઓ બહુજ સહજમાં મુક્તિના

અધિકારી થઇ જાય છે. ષડ્રિપુ ગમે તેવા મહાબળવાન હો તોપણ તેમને જોઈ શકનારની સામે તેઓ ઊભાજ નહિ રહેતા. વ્યાપક સુખ જેમની આંખે દેખાતું હોય તેમને 'કામ' ઉત્પન્ન થાયજ શી રીતે? આખા વિશ્વને ગતિ આપનાર શક્તિને જેઓ સર્વત્ર કામ કરતી જુએ છે તેમને કોના ઉપર 'ક્રોધ' ચડે? જેમને આખા સંસારના પરમ લોભનો અનુભવ થયો હોય તેમને કઈ વસ્તુ ઉપર 'લોભ' પેદા થાય? એવીજ રીતે જેમને વિશ્વવ્યાપી પ્રેમનો, વિશ્વવ્યાપી સત્તાનો અને આખા વિશ્વમાં ચરાચર વ્યાપી રહેલા 'આત્મ' [illegible] અનુભવ થયો હોય તેમને વળી મોહ કેવો, મદ કેવો અને મત્સર કેવો? આ ષડ્રિપુઓ [illegible] જોઈ [illegible] તો [illegible] દૂર થઇ જાય [illegible] રહેવા ન પામે.

[illegible] જોતાની શક્તિ-એટલી [illegible]

[illegible]

દેશ તો એકલા સદ્‌ગુરુનાજ હાથમાં છે. પરંતુ કોઇને એવો કુશળ મનુષ્ય-ગુરુ કદાચ ન મળે તો તેણે ગભરાઈ જવું નહિ; કારણ કે છેલ્લે સરવાળે તો જે સૌ ગુરુઓના ગુરુ–પરમ ગુરુને શરણ જવાનું છે તે તો દરેકે દરેક માણસની પાસેનો પાસેજ છે; તેની દીક્ષા તો માણસ જે ઘડીએ માગે તે ઘડીએ મળી શકે એવી છે. પણ એ ઉપરાંત કાં તો બુદ્ધદેવ, કાં તો શંકર ભગવાન, કાં તો સ્વામી દયાનંદ કે કાં તો મહાત્મા ગાંધી અથવા એવા કોઇ પણ સદ્‌ગુરુએ તમારી આંખોમાં કાંઈક તો પ્રકાશ પાડયો હશે ને–તમને થોડા ઘણા તો દેખતા કર્યાજ છે ને ? જો આમાંના કોઇએ પણ તમારે માટે આટલું કર્યું હોય તો હવે તમારે શ્રદ્ધાપૂર્વક તેની ‘ઉપાસના’ કરવાનું એટલે તેની નજીક બેસવાનું બાકી રહે છે. તેમના બતાવેલા સૂરમાની સળીઓ જેમ જેમ આપણી આંખોમાં ફરતી જશે, તેમ તેમ મોતીઆનાં પડ કપાતાં જશે, આંખોનું તેજ વધતું જશે અને એમ કરતાં કરતાં એક દિવસ આપણે પૂરેપુરા દેખતા થઇ જઇશું ત્યારે આપણે પણ કૃતજ્ઞતાપૂર્વક ગદ્‌ગદ્‌ સ્વરે નીચેના સ્તોત્ર વડે આપણા ગુરુદેવને યાદ કરીશું:–

आचरणसुधामय्या ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

પણ આને માટે તો સાચી શ્રદ્ધા એ એકજ સાધન છે. પહેલાં તો શિષ્ય આ શ્રદ્ધાના બળ વડેજ પોતાના ગુરુની આંખો વડે જોતો થાય છે. કદી કદી ગુરુનાં આપેલાં પવિત્ર ચશ્માં ચઢાવીને પણ પોતાનો રસ્તો જોઇ લે છે, પછી નવાં નવાં જ્ઞાનાંજનો આંજીને પોતાનાં નેત્રોનું તેજ વધારતાં વધારતાં છેવટે તેને પૂર્ણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય છે. એટલા વાસ્તે શ્રદ્ધા એ સંઘરવા જેવી વસ્તુ છે. જો તમારે સદ્‌ભાગ્યે સાચો સદ્‌ગુરુ તમને મળી ગયો હોય તો તમારી

[illegible] છે. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] ગુરુ પણ [illegible]
છે. [illegible]
[illegible] નથી, [illegible]
[illegible] આંખો [illegible]
ઔષધિ છે. જેને શ્રદ્ધાજ નથી તે [illegible] ગુરુને શરણે
[illegible] અને તેના [illegible]
ગુરુ' [illegible] તે પણ તેનાથી શા [illegible] ને આશીર્વાદ
શકે ને? એટલા માટે હું ફરીથી કહું છું કે આંખ ઉઘા-
ડવાનો સાચો ઉપાય જો કોઈ હોય તો તે શ્રદ્ધાજ છે.

પણ એવી શ્રદ્ધા તો બહારની આંખો બંધ કરવાથી પ્રાપ્ત થાય છે. બહારની આંખો બંધ થાય તોજ અંદરની આંખો ઉઘડે. આપણે આંધળાજ હોત તો વળી વધારે સારું થાત. તો કદાચ આપણે શ્રદ્ધાનો આશ્રય લેત. હવે અત્યારે આપણે જાણી જોઇને આંખો મીંચીને આંધળા થવાનુંજ રહ્યું. નથી આપણે તદ્દન આંધળા અને નથી તદ્દન દેખતા, એજ મોટી મુશ્કેલી છે. આપણને થોડું થોડુંજ સૂઝે છે એજ મોટી આફત છે. જુવાનીનો વખત એટલાજ માટે સૌથી વધારે વિકટ છે. જુવાની આવતાં મીંચાઈ રહેલી આંખો ઉઘડવા માંડે છે ત્યારે બાળપણની સ્વાભાવિક શ્રદ્ધા ઉડી જાય છે અને તે વખતે 'મને બધુંજ દેખાય છે, હવે મારે માતા-પિતાની કે ગુરુની શી જરૂર છે' એવો ખોટો આત્મવિશ્વાસ જાગ્રત થાય છે. પણ વાસ્તવમાં તો મને જે કાંઈ દેખાય છે તે બહુજ થોડે સુધીનુંજ હોય છે. વળી 'ટુંકી નજર'નો

રોગ તો જુવાનીઆઓનેજ હોય છે. કોઈ ન માનતા હો તો ડૉક્ટરોને પૂછીને ખાત્રી કરજો. ઘરડા માણસોની આંખોમાં જે બગાડો થાય છે તે એથી તદ્દન ઉલટીજ જાતનો હોય છે—તેમને આઘેનુંજ સૂઝે છે અને નજીકનું નથી સૂઝતું. ઉંમરે પહોંચેલા માણસો જ્યારે કાંઇ વાંચે છે ત્યારે કાગળ આંખથી હાથ દોઢ હાથ છેટે રાખીને વાંચે છે. એ લોકો વાતો કરે છે તે પણ દૂરની, પુરાણા જમાનાની. તેમને પોતાની પાસેની વસ્તુજ દેખાતી નથી. આથી કરીને ઘરડાઓ જુવાનીઆઓને ખીજવે છે અને જુવાનીઆઓ, તેમની પોતાની આંખો પણ બગડેલી છે છતાં, ઘરડાઓની મશ્કરી કરે છે. પછી જ્યારે એજ જુવાનો ઘરડા થાય છે ત્યારે તેમના જમાનાના જુવાનોને શિખામણ દેવા લાગે છે. પણ તેઓ જ્યારે જુવાન હતા ત્યારે તેમના વખતના ઘરડાઓની વાતો સમજતા ન હતા; તેમ આ જુવાનોને પણ તેમની વાતોમાં સમજ પડતી નથી. આ રીતે આંખોના રોગથી મુંઝવાઇ ગએલા આખા સંસારમાં જ્યાં ત્યાં આંધળાબહેરૂં કુટાય છે. ચોખ્ખી દૃષ્ટિવાળા છે પણ બહુ થોડાજ. તેથી કરીને જેને જુવાનીમાં ટુંકી નજરનો રોગ નથી લાગુ પડ્યો તે જુવાનને ધન્ય છે; કારણ કે તેને ઘડપણમાં લાંબી નજરનો રોગ પણ નહિંજ લાગુ પડે. જેણે જુવાનીમાંજ પોતાની શ્રદ્ધા ગુમાવી નથી તે જુવાનને ધન્ય છે; કેમકે ઘડપણમાં પણ તેની સ્વસ્થ દૃષ્ટિ તર્ક કરવાને માટે અશક્ત રહી હશે. આવી સ્વસ્થ દૃષ્ટિવાળા વૃદ્ધ પુરુષોજ જગતના સાચા નેતા થવાને યોગ્ય છે. બીજા તો પોતાની સાથે બીજાઓને પણ અથડાવી મારે એવા છે. પોતાની જુવાનીમાં ટુંકી નજરનો રોગ લાગુ ન પડે અને જુવાનીમાંજ શિષ્યભાવનો અને શ્રદ્ધાનો ત્યાગ ન કરે આ બે બાબતોજ સાચા નેતાની નિશાની છે. એવો માણસ વૃદ્ધ થતાં સાચો નેતા નીવડે છે, એજ નેતા છે અને એજ ગુરુ છે. એવા સ્વસ્થ

દૃષ્ટિવાળા વિરલાઓજ જગતને સાચો રાહ બતાવી શકે છે.

* * * *

જગતમાં જે જે મહાપુરુષો થઈ ગયા છે તે બધાએ દૂરદૃષ્ટિવાળા હતા. તેમની આઘે સુધી જોવાની શક્તિને લીધેજ તેઓને અનાયાસે આ મહત્ પદ મળ્યું હોવું જોઇએ. જેઓ આઘેના ભવિષ્યને બરાબર જોઈ લે છે તેઓ પોતાના કર્મક્ષેત્રને એટલું વ્યાપક બનાવી દે છે કે તેટલો ભવિષ્યકાળ તેમના કર્મક્ષેત્રની સીમાની અંદરજ આવી જાય છે અને તેથી કરીને તેઓ લાંબા કાળ સુધી હયાતી ભોગવે છે. અઢી હજાર વર્ષ પછી આજે પણ બુદ્ધ ભગવાન હયાતજ છે. ત્રેતાયુગના રામ અને દ્વાપર યુગના કૃષ્ણ હજી જીવતાજ છે; કેમકે તેમની નજર બહુજ આઘેના કાળ સુધી પહોંચતી હતી અને તેટલા કાળને તેમણે પોતાના કર્મક્ષેત્રમાં સમાવી લીધો હતો. અને હજી તો એ મહાપુરુષો કોણ જાણે બીજા કેટલાએ યુગ સુધી જીવતા ને જીવતાજ રહેશે. હાલ તો અંદાજથી એટલું કહી શકાય કે ભવિષ્યના જેટલા સમય સુધી તેમણે પોતાની નજર પહોંચાડી હતી તેટલો વખત તો તેઓ હયાત રહેવાજ જોઇએ.

આપણે સામાન્ય કોટિનાં માનવીઓ આપણી આગળ-પાછળના થોડા થોડા વર્તમાનકાળનેજ જોઇ શકીએ છીએ; આઘેના ભવિષ્યકાળ સુધી આપણી નજર પહોંચતી નથી; એવીજ રીતે પૂંઠ ફેરવીને આપણી પાછળનો ખૂબ આઘેનો ભૂતકાળ પણ આપણે જોઇ શકતા નથી. આવા માણસો જેમ તેમ કરીને પોતાના સાંકડા વર્તમાનકાળમાંજ જીવી શકે છે અને તેમની સામેથી ચાલ્યો આવતો ભવિષ્યકાળ તેમને ગળી જાય છે. કાળ આખા સંસારને ગળતો ગળતો ચાલ્યો જાય છે. જેમની લાંબી નજર ખૂબ આઘેના કાળને પણ પોતાની મર્યાદામાં સમાવી લે તેઓજ માત્ર બચી

જાય છે. હા, એક વાત ખરી છે કે જેઓ આઘેનું ભવિષ્ય જોઇ શકે છે તેમને તેમનો વર્તમાનકાળ પોતાના તરફથી થોડીક કનડગત કરવા જાય છે; પણ એ થોડા વખતમાંજ મરી જનારો વર્તમાનકાળ પેલા તપસ્વીઓનું કાંઇજ બગાડી શકતો નથી. તે તો થોડીજ વારમાં પોતાને મોતેજ મરી જાય છે. એથી ઉલટું, જેઓ માત્ર વર્તમાનનેજ જોઇ શકે છે એવા સામાન્ય કોટિના માનવીઓ વર્તમાનકાળમાં ખૂબ આનંદ ઉલ્લાસથી જીવતા તો દેખાય છે, પણ આઘેથી ચાલ્યો આવતો કાળ તે ભીરુઓને ચાવી ખાય છે; તેમના વર્તમાનની સાથે તેમનું આયુષ્ય પણ ખતમ થઈ જાય છે. માટે આઘેસુધી નજર પહોંચાડતાં શીખવું જોઇએ. જેનાથી જેટલે આઘે જોઈ શકાય તેટલે સુધી જોવાને પ્રયત્ન કરવો અને આઘેની ઘણી નાની વસ્તુને પણ જોતાં શીખવું. 'દૂરદષ્ટિવાળા થાઓ, દૂરદષ્ટિવાળા થાઓ' એજ પોકાર કરતો કરતો કાળ ચાલ્યો આવે છે. કાળ કહે છે કે 'હે ભારતવાસીઓ! દૂરદ્રષ્ટા થાઓ, નહિ તો હું તમને ખાઇ જઇશ. હે માનવીઓ! હે સમાજો! સંઘો! રાષ્ટ્રો! તમે તમારા લક્ષ્યને જેટલું ઉંચું કરાય તેટલું કરો, જેટલું આઘે લઇ જવાય તેટલે આઘે લઇ જાઓ. તમે તમારા કાર્યક્રમ ઘડો ત્યારે પણ આઘેસુધી નજર પહોંચાડીનેજ ઘડજો. જગતમાં જીવતાં રહેવું હોય તો આ એકજ શરતે જીવતાં રહી શકાય છે. કોઇને અમર થવું હોય તો તેને માટે પણ આ એકજ ઉપાય છે. જે જેટલા આઘેના સમય સુધી જોઇ શકશે તેટલો સમય તે હયાતી ભોગવશે.'

द्राघीयाँसमनुपश्येत पन्थाम्।

લોકોએજ ભારતવર્ષનું સત્યાનાશ કાઢી નાખ્યું છે.

કોઈ કહે છે કે આવા લોકોનું છતર ત્રણ નાખ્યું છે. તેઓ જગતને બોજારૂપ છે.

કોઈ કહે છે કે "આવા એકલસૂરા લોકો તો બધેજ હોય છે. મૂકો એમને પડતા અને ચાલો આપણે આપણા રસ્તે આગળ ને આગળ."

કેટલાક લોકો તેમને ગાંડા સમજીને તેમની ઉપેક્ષા કરે છે. આ પ્રમાણે જુદા જુદા સ્વભાવવાળા માણસો તેમને પોતપોતાની સમજ પ્રમાણે જુદા જુદા ભાવથી જુએ છે અને તેમને જુદાં જુદાં નામથી ઓળખાવે છે. પણ ભગવદ્ગીતા તો કહે છે કે એ લોકો 'સંયમી' અને 'પશ્યન્ મુનિ' છે, માટે ચાલો, આજે આપણે તેમને ભગવદ્ગીતાની દૃષ્ટિથી જોઈએ. ગીતા કહે છે કે "આ લોકો સંયમી બનીને જાગ્રત રહે છે કે જ્યાં બીજા બધા ઉંઘતા પડ્યા હોય છે અને આખી આલમ જ્યાં જાગે છે ત્યાં તેઓ બધું જોતા છતાં ચુપચુપ, સંપૂર્ણ ચેતન હોવા છતાં અચેતન થઈને—જડવત બનીને, આ પશ્યન્ મુનિ અચેતન જેવા પડી રહે છે."

(૧) યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી।
(૨) યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ॥

પણ આશ્ચર્યની વાત તો એ છે કે આપણે આ બીજી પાછલી વાતનેજ જોઈ શકીએ છીએ કે જ્યારે આપણે બધા જાગતા હોઈએ છીએ ત્યારે એ લોકો ઉંઘતા હોય છે; પણ આપણે જ્યાં ઘસઘસાટ ઘોરીએ છીએ ત્યાં એ લોકો સદા જાગ્રત રહે છે. તે પહેલી અને મુખ્ય બાબત આપણા જાણવામાંજ નથી આવતી. આથી કરીને એમની નિદ્રાને જોઈને આપણે નાહકના વિસ્મય અને ખેદ પામીએ છીએ અને જે ઉચ્ચ પ્રદેશમાં જાગ્રત રહેવાને માટે તેઓ આ દુનિયા તરફ આંખો મીંચીને પડ્યા રહે છે તે વાતનો મર્મ જાણવાની

આપને તસ્દી લેવાની જરૂર નથી. ઓ જગતનાં માનવીઓ! તમારા મનમાં જો તે દિવ્ય પ્રદેશોને જાણવાની કશી પણ ઉત્કંઠા પેદા થાય તો તમારે પણ આ શેઠાણી પેઠેજ—બરાબર એમની પેઠેજ આવાં ઓશીકુંજ પકડી ઓટલું તાણી રાખજો.

* * *

[illegible] આ તો થયો પહેલા નંબરના બેવકૂફો [illegible] એમની રીત તો બહુજ ગજબ છે. આપણે [illegible] પહેલા નંબરના નહિ પણ બીજા કે ત્રીજા નંબર ઉપર [illegible] બેવકૂફ માણસોનું બેવકૂફાપણું [illegible] માણસોને [illegible] નથી. પરંતુ પહેલા નંબરના [illegible] નંબરના બેવકૂફ માણસોનું [illegible]

[illegible]

ઉતરીને સૂક્ષ્મ વિચાર કરીને જોઈશું તો સંયમી અને વિષયી લોકોનો ઉંઘવા જાગવાનો વખત એકબીજાથી બરાબર ઉલટાજ પ્રકારનો જણાશે. આ ઉપરાંત તેમના બેઉના જીવનના બધા પ્રસંગોની સમાલોચના કરવાથી તેમનાં નિદ્રા-જાગરણને લગતું એક બીજું રહસ્ય પણ હાથ આવશે. તે રહસ્ય એ છે કે જ્યારે સંસારાસક્ત લોકો આરામ લેવાને ખરા વખતમાં (ખરેખરી રાત્રિને વિષે) વિષયેચ્છાથી એટલા બધા વ્યગ્ર થઇ ગયા હોય છે કે તેમની ઇંદ્રિયોરૂપી ઘોડાઓને ચાબૂકો મારી મારીને દોડાવે છે; તેમ કર્યાં સિવાય તમને ચેનજ નથી પડતું. આનું પરિણામ એ થાય છે કે તે ઘોડા થાકીને એવા લોથપોથ થઇ ગયા હોય છે કે જ્યારે ખરેખરો દિવસ ઉગે છે અને કામ કરવાનો વખત આવે છે ત્યારે આખી રાત દોડી દોડીને ઢીલાઢસ બની ગએલા ઘોડા કશુંજ કામ આપતા નથી અને લાચાર બનીને સૂઇ જાય છે. જગતમાં બધેજ આ નિયમ જોવામાં આવે છે કે સંસારમગ્ન લોકો આરામ લેવાના વખતમાં નહિ કરવાનાં કામ કરી કરીને પોતાની જાતને એટલી થકવી નાખે છે કે પછી જ્યારે કામ કરવાનો અથવા આગળ ધપવાનો વખત આવી લાગે છે ત્યારે લાંબા થઇને સૂઇ જાય છે. એથી ઉલટું સંયમી લોકો આરામ લેવાના વખતમાં નિદ્રા લઇને પુષ્ટિ અને બળ મેળવે છે. અને દિવસ ઉગતાંજ તે બળ વડે કાર્ય કરીને પોતાની ઉન્નતિ કરતા રહે છે. આ ક્રમ પ્રમાણે સંયમી લોકો તો દહાડે દહાડે ઉંચે ચડતા જાય છે ત્યારે વિષયાસક્ત લોકો પોતાની ઇન્દ્રિયોને પરિશ્રમ આપવા છતાં રાતદિવસ ઘાંચીના બળદની પેઠે ચાલી ચાલીને હતા ત્યાંના ત્યાંજ પડી રહે છે. આથી કરીને બેઉની અવસ્થામાં દહાડે દહાડે વધારે વધારે તફાવત પડતો જાય છે. આગળ જતાં એવી સ્થિતિ આવી જાય છે કે સંયમી લોકો આ દુનિયામાં હાલતા ચાલતા છતાં એવા કોઇ ઉન્નત પ્રદેશમાં જઈ પહોંચે છે કે

જેનું પેલા વિષયી લોકોને સ્વપ્ન પણ નથી આવતું. સારાંશમાં આ લોકોમાં જાગ્રત રહેતા વિષયી લોકો બીજી ભૂમિકાઓના સંબંધમાં ઉંઘતાજ રહે છે અથવા તેના સંબંધી તદ્દન અજ્ઞાન અવસ્થામાં પડી રહે છે. પણ પેલી ઉંચી દુનિયામાં જાગ્રત રહેલો સંયમી જોકે આ દુનિયાને માટે ઉંઘતો દેખાય છે તોપણ તે બધુંજ જોતો અને જાગતોજ (પશ્યન્) પડી રહ્યો હોય છે. આ દુનિયાને તે નથી જાણતો એવું તો છેજ નહિ. સંયમી અને વિષયી લોકોની નિદ્રામાં આ મોટો તફાવત છે. આનું પરિણામ એવું આવે છે કે પેલી ઉંચી દુનિયાના સંબંધમાં અજ્ઞાનપૂર્વક ઉંઘતા વિષયીનો તે દુનિયા નાશ કરી નાખે છે; ત્યારે આ દુનિયાના સંબંધમાં જ્ઞાનપૂર્વક ઉંઘનાર સંયમીનું તે કશુંજ બગાડી શકતી નથી. ત્યારે આ બધા ઉપરથી સાર એ નીકળ્યો કે પોતે 'પશ્યન્' (જાગતો દેખતો) બનીને વિશ્રાન્તિના વખતમાં સૂઇ રહેવું અને કામ કરવાને વખતે સંયમપૂર્વક જાગ્રત રહેવું, એજ આ 'એકક્ષરૂરા' માણસનું સૂક્ષ્મ લક્ષણ છે. તેણે એટલી હદ સુધી સંયમની સાધના કરેલી હોય છે કે કામ કરતી વખતે ગમે તેવું સખત ઘેન ઉત્પન્ન કરે અને બેહોશ બનાવી દે એવો નિદ્રાનો હુમલો થાય તોપણ તે હુમલાને ખાળી રાખે અને સૂવેજ નહિ. તેવી રીતે વિશ્રાન્તિના વખતમાં પણ એવી હુશીઆરીથી સૂવે કે પોતે સૂતો હોવા છતાં જાગ્રતજ હોય. ઉંઘમાં પણ પોતાની જાતને ન ભૂલી જાય. પોતાના મહેલથી એક પગથિયું નીચો ઉતરીને સૂવે અને પોતાના 'આત્મા' ઉપર નિદ્રાનો અમલ જામવા ન દે તેજ માણસ 'એકક્ષરૂરા' [illegible] યોગ્ય છે. તેનુંજ નામ 'સંયમી' અને તેનુંજ નામ 'પશ્યન્ મુનિ.' બીજા બધા જેઓ 'નિયમી' સહુને માને છે અને 'જડમુનિ' અથવા 'મુગ્ધ મુનિ' બનીને [illegible] ઉંઘે છે તેઓ તો [illegible] દુનિયા [illegible] વિષયી અને જડ દુનિયાદારીજ [illegible] છે. તેમ

નાથી તદ્દન જુદી જાતના એકલસૂરા થવાની છે મરજી ?

× × × ×

તમે કહો છો કે આંખો ઉઘાડી રાખીને જોવું; તેઓ કહે છે કે આંખો બંધ કરીને જોવું. તમે કહો છો કે 'આગળ ધપો, આગળ;' ત્યારે તેઓ કહે છે કે 'પાછા હઠો, પાછા.' તમે કહો છો કે 'અમારે સત્તા જોઈએ છે, સત્તા;' ત્યારે તેઓ કહે છે કે 'જેટલા જલદી 'અવિસત્તાધિકાર' (સત્તા વગરના) થઈ જવામાંજ મઝા છે. તમે કહો છો કે 'ગુણવાન બનો, ગુણની પ્રાપ્તિ કરો;' ત્યારે તેઓ 'ગુણોનું બંધન છોડીને ગુણાતીત થાય છે.' તમે કહો છો કે 'સૌની સાથે હળતા મળતા રહો; જેમ વધારે માણસને મળાય તેમ સારૂં છે,' ત્યારે તેઓ કહે છે કે 'તદ્દન એકતાઓથી અળગા થઇ જાઓ.' કેવલતા(કૈવલ્ય)ની પ્રાપ્તિ કરવી એજ માનવજીવનનો ઉદ્દેશ છે.

તમે તમારા વીર્યની અધોગતિ (નીચે પાડવામાં) કરવામાં આનંદ માણો છો, ત્યારે તે તેની ઊર્ધ્વગતિ કરીને ઊર્ધ્વરેતા થાય છે અને તેની મદદથી બ્રહ્માનંદ ચાખે છે. તમે હમેશાં તમારા પોતાનાજ સ્વાર્થનો વિચાર કરો છો, ત્યારે તે બીજાઓના હિતનો વિચાર કરે છે; અથવા બીજી રીતે કહીએ તો તે પોતાના આત્મા તરફજ-પોતાના ખરા સ્વરૂપ ઉપરજ-નજર રાખે છે, ત્યારે તમે તમારી જાતને ભૂલીને હમેશાં એથી ભિન્ન, અનિત્ય વસ્તુનેજ જોયા કરો છો. તમે અગણિત ઇચ્છાઓને પોષણ આપ્યા કરો છો, ત્યારે તે વાસનાઓનાં મૂળજ કાપતો જાય છે. તમને તમારી જરૂરીઆતો પણ પૂરી મળતી નથી, ત્યારે તેની તમામ જરૂરીઆતો ઈશ્વર પૂરી પાડે છે.

તમે જે દિશાએ જાઓ છો તે દિશાએથી તે પાછો ફરે છે. તમે ભોગને મીઠા સમજીને તેની પાછળ દોડયા

જાઓ છો, ત્યારે તેણે તો તેને નીરસ સમજીને ક્યારનોય ત્યજી દીધો છે. તમે સુખની પાછળ દોડો છો છતાં તમને સુખ મળતું નથી; ત્યારે તે સુખને ધૂતકારી કાઢે છે, છતાં સુખ તેની પાછળ પાછળ પૂંછડી હલાવતું હલાવતું દોડયું આવે છે. લક્ષ્મી, યશ અને બીજાં બધાં ઐશ્વર્યનું પણ એમજ છે; તેઓ તેની પાસે વગર તેડયાં દોડયાં આવે છે, ત્યારે તમારી પકડવાની ઈચ્છાને જોઈને તેઓ ડરી જાય છે અને તમારાથી દૂર ને દૂર નાસે છે.

તમે જાઓ છો પશ્ચિમ તરફ ત્યારે તે જાય છે પૂર્વ તરફ. તમે કહો છો કે જગતનો વિકાસ થતો જાય છે, ત્યારે તે કહે છે કે દહાડે દહાડે જગત સંકોચાતું જાય છે. તમે જે કહો છો કે જે કાંઇ આંખ વડે જોઇ શકાય તેજ જે છે તે છે, ત્યારે તે કહે છે કે જે નથી દેખાતું તેજ ખરેખરી સત્ય વસ્તુ છે. તમે કહો છો કે સંસારમાં જૂઠું બોલ્યા વગર કોઈ પણ કામ પેશ થાયજ નહિ, ત્યારે તે કહે છે કે આખા સંસારનો આધારજ સત્ય ઉપર છે. તમે કહો છો કે ખાવાથી આયુષ્ય વધે છે માટે ખૂબ ખાવું જોઇએ, ત્યારે તે કહે છે કે ખૂબ ખાવાથી આયુષ્યનો નાશ થાય છે.

આ પ્રમાણે તેના એકલસૂરાપણાનું પુરાણ તો બહુ લાંબું છે. જેમ કહેતો જાઉં છું તેમ તેમ વધતુંજ જાય છે. હું તે એનો કેટલોક વિસ્તાર કરૂં? ટૂંકામાં એટલુંજ કહેવું બસ થશે કે, તેની અને તમારી દુનિયાજ જુદી છે. આથી કરીને તેની એકકેએક બાબત તમારી એકકેએક બાબતથી સ્વાભાવિક રીતેજ જુદી પડે છે.

× × × ×

આવા એકલસૂરા માણસો લગભગ દરેક દેશમાં અને દરેક યુગમાં પેદા થાય છે; પણ જ્યારે જગતમાં કોઈ


વી ક્રાન્તિ થવાની તૈયારી થવા લાગે છે ત્યારે આવી રીતે આવા માણસો જન્મેજ છે. કારણ કે થોડા વખતમાં આવનારી ક્રાન્તિનાં સત્યોને સૌથી પહેલા સમજનારા અને તેમને પોતાનાં જીવનમાં ઉતારનારા જો કોઈ હોય તો આ એકલસૂરાં માણસોજ હોય છે. આપણોજ દેશનો ઇતિહાસ કહે છે કે રામચંદ્રના અતિપ્રાચીન જમાનામાં એ લોકો 'વાનર' થઈને અવતર્યા હતા; કૃષ્ણના જમાનામાં તેઓ 'ગોપ' થયા હતા; બુદ્ધદેવના જમાનામાં તેઓ 'ભિખ્ખુ' થયા હતા અને શંકરાચાર્યના જમાનામાં એના એજ એકલસૂરા જીવો 'પરિવ્રાજક' બનીને અવતર્યા હતા. થોડાજ વખત પૂર્વે સ્વામી દયાનંદ સરસ્વતીની સાથે 'આર્યો' થઈને અવતર્યા હતા અને આજે પાછા મહાત્મા ગાંધીજીની સાથે ખાદી પહેરનારા 'સત્યાગ્રહી' થઈને અવતર્યા છે.

પહેલા નંબરના 'એકલસૂરા' પુરુષો તો તેમનેજ કહેવાય કે જેઓ પોતાના અનુપમ મનોબળ વડે સૂક્ષ્મ જગતની અંદર ક્રાન્તિનું મોજું ઉત્પન્ન કરે છે. બીજા નંબરના 'એકલસૂરાઓ' એ મોજાને ઝીલી લે છે અને તેને વધારે વેગ આપે છે. ત્રીજા નંબરના 'એકલસૂરા' તેને એક અથવા બીજી રીતે મદદ કરીને જગદ્વ્યાપી રૂપ આપે છે.

'એકલસૂરા' માણસોની પરીક્ષા ક્રાન્તિના પ્રારંભકાળમાંજ થાય છે. ક્રાન્તિ પૂરેપુરી ફેલાઇ ગયા પછી તેમનામાં અને બીજા માનવજીવડાંઓમાં કશો બહારનો તફાવત દેખાતો નથી—પછી તો નવા પ્રવાહના સપાટામાં બધાજ તણાવા માંડે છે, બૌદ્ધયુગના મધ્યાહ્નકાળમાં બધાજ પોતાને 'બૌદ્ધ' કહેવડાવવામાં, શંકરાચાર્યની જાહોજલાલીના જમાનામાં 'અહં બ્રહ્માસ્મિ'ની ડીંગ મારવામાં સૌ અભિમાન લેતા થઇ ગયા હતા. અત્યારેજ જુઓને, બધેજ 'નમસ્તે' 'નમસ્તે' સંભળાય છે અને ખાદીની ટોપીઓ તો

દેખાદેખી શામજી રામજી પણ પહેરતા થઈ ગયા છે. થોડા વખત પછી આખું જગત ગાંધીજીના અનુયાયીઓથી ભરાઈ જવાનું છે. પણ જ્યારે દયાનંદે પહેલવહેલો વેદનો ધનુષ્યટંકાર કર્યો અને ગાંધીજીએ જ્યારે પહેલવહેલો (સને ૧૯૧૯માં) સત્યાગ્રહનો શંખ ફૂંક્યો ત્યારે જેઓ તેમના વાવટા નીચે ઉભા રહ્યા હતા તેઓજ બીજા અને ત્રીજા નંબરના 'એકલસૂરા'માં ગણાય. શક્તિશાળી પુરુષની હયાતીમાં, ક્રાન્તિના પ્રારંભકાળમાં વિરોધનાં વાવાઝોડાંની સામે ટક્કર ઝીલીને જેઓ ક્રાન્તિના મોરચા માંડીને ઉભા રહે છે તેઓનેજ જગતના લોકો ખરેખરા 'એકલસૂરા' કહેશે અને ધન્યવાદ પણ તેમનેજ આપશે.

હે પ્રભુ ! જો તારે મને જન્મ આપવોજ હોય તો મને આવા એકલસૂરાનોજ અવતાર આપજે. પહેલા કે બીજા નંબરના એકલસૂરાને માટે હું લાયક ન હોઉં તો ત્રીજા નંબરમાં તો મને મૂકજેજ. પરંતુ ઓ ભગવાન ! ચાલતી ગાડીમાં બેસી જનારા-જેનો સિતારો ચઢતો હોય તેના પક્ષમાં જનારાની પંગતમાં મને બેસાડીને તેમની સંખ્યામાં વધારો ન કરીશ; નહિ તો હું એટલું માગી લઇશ કે મને અવતારજ ન આપતો. હે એકલસૂરાઓના શિરોમણિ ! મને તો એકલસૂરાપણુંજ પ્રિય છે. દુનિયા મને એકલસૂરો કહીને ખીજવે એમાંજ મને મઝા પડે છે. પ્રભુ ! તારી અખંડ એકરસતામાં જે અખંડ એકલસૂરાપણું છે તેનોજ હું ઉપાસક છું. મારો તો તારી એકલસૂરાપણાની લીલામાંજ ઉપયોગ કરજે.





તરંગ ૧૭ મો—જ્ઞાનની પ્રાપ્તિ

पीत्वा पीत्वा पुनः पीत्वा यावति पतति भूतले ।

જ્ઞાનનો રસ પીવાને માટે માણસ એટલો બધો અધીરો બને છે અને તેને એવું થાય છે કે ક્યારે એ રસનું આખું પાત્રજ પીને ખાલી કરી નાખું ! એમ સમજીને તે રસની પ્યાલીઓ, એક ઉપર એક, ગટગટાવતો જાય છે. પણ તે પી પીને ક્યાં સુધી પીવાનો ? થોડીજ વારમાં તે ઘેંઘટ થઈ જશે અને ચકચૂર બનીને બેહોશ અવસ્થામાં ભોંય પર ઢળી પડશે.

ખરી વાતજ એ છે કે માણસમાં ઝાઝું જોરજ નથી. થોડેક રસ પીતામાંજ તેને ઘેન ચઢી જાય છે. તેની રસ પીવાની અત્યંત ઉત્કટ ઈચ્છા તૃપ્ત થતી નથી. તેના મનની હોંસ મનમાંની મનમાંજ રહી જાય છે, અને તે ઢીલો ઢસ બનીને ભોંય પર લાંબો થઇ જાય છે. પેલું રસનું કુંડું તો જેવું ને તેવુંજ, ભરેલું ને ભરેલુંજ પડ્યું રહે છે.

× × × ×

કોણ જાણે કયા અનાદિકાળથી આપણે આપણા અજ્ઞાનરૂપી શત્રુને જીતવા માટે મથી રહ્યા છીએ ? આપણા સૈન્યના નવા નવા યોદ્ધાઓ ઉત્સાહમાં ઉછળી હથનાં ચકચકતાં શસ્ત્રો સજીને મનમાં ફુલાય છે, અને ગર્વ સહિત બોલવા લાગે છે કે "અરે ! એના હવે શા ભાર છે ? એને હમણાં ફેંસલોજ કરીશું ને." અભિમાનથી છાતી ફુલાવીને અને

દેખાદેખી શામજી રામજી પણ મહેતા થઈ ગયા છે. થોડા વખત પછી આખું જગત ગાંધીજીના અનુયાયી જેવું જણાઈ જવાનું છે. પણ જ્યારે દયાનંદે પહેલવહેલો વેદનો ધનુષ્યટંકાર કર્યો અને ગાંધીજીએ જ્યારે પહેલવહેલો (સને ૧૯૧૯માં) સત્યાગ્રહનો શંખ ફૂંક્યો ત્યારે જેઓ તેમના વાવટા નીચે ઊભા રહ્યા હતા તેઓજ પહેલા અને બીજા નંબરના 'એકલસૂરા'માં ગણાય. [illegible] ક્રાન્તિમાં, ક્રાન્તિના પ્રારંભકાળમાં વિરોધ ના વાવંટોળની સામે ટક્કર ઝીલીને જેઓ ક્રાન્તિના તોરણ બાંધીને ઉભા રહે છે તેઓનેજ જગતના લોકો 'એકલસૂરા' કહેશે અને ધન્યવાદ પણ તેમનેજ આપશે.

હે પ્રભુ! તું મારે અને જગત આખાને [illegible] એકલસૂરાનોજ આધાર આપજે. [illegible] એકલસૂરાને માટે હું [illegible] અને મૂકજે. [illegible]



તરંગ ૧૭ મો—જ્ઞાનની પ્રાપ્તિ

पीत्वा पीत्वा पुनः पीत्वा यावति पतति भूतले ।

જ્ઞાનનો રસ પીવાને માટે માણસ એટલો બધો અધીરો બને છે અને તેને એવું થાય છે કે ક્યારે એ રસનું આખું પાત્રજ પીને ખાલી કરી નાખું ! એમ સમજીને તે રસની પ્યાલીઓ, એક ઉપર એક, ગટગટાવતો જાય છે. પણ તે પી પીને ક્યાં સુધી પીવાનો ? થોડીજ વારમાં તે ઘેઘટ થઈ જશે અને ચકચૂર બનીને બેહોશ અવસ્થામાં ભોંય પર ઢળી પડશે.

ખરી વાતજ એ છે કે માણસમાં ઝાઝું જોરજ નથી. થોડેક રસ પીતાંમાંજ તેને ઘેન ચઢી જાય છે. તેની રસ પીવાની અત્યંત ઉત્કટ ઈચ્છા તૃપ્ત થતી નથી. તેના મનની હોંસ મનમાંની મનમાંજ રહી જાય છે, અને તે ઢીલો ઢસ બનીને ભોંય પર લાંબો થઇ જાય છે. પેલું 'રસનું કુંડું' તો જેવું ને તેવુંજ, ભરેલું ને ભરેલુંજ પડયું રહે છે.

× × × ×

કોણ જાણે કયા અનાદિકાળથી આપણે આપણા અજ્ઞાનરૂપી શત્રુને જીતવા માટે મથી રહ્યા છીએ ? આપણા સૈન્યના નવા નવા યોદ્ધાઓ છેલ્લામાં છેલ્લી ઢબનાં ચકચકતાં શસ્ત્રો સજીને મનમાં ફૂલાય છે, અને ગર્વ સહિત બોલવા લાગે છે કે "અરે ! એના હવે શા ભાર છે ? એને હમણાં હરાવ્યોજ જાણજો ને." અભિમાનથી છાતી ફૂલાવીને અને

માથું ઉંચું કરીને તેઓ ભારે પ્રગલ્ભતાભર્યાં વેણ કાઢે છે કે 'અમે અજ્ઞાનરૂપી શત્રુની છાયાને પણ જગતમાં નહિ રહેવા દઇએ.' પણ અજ્ઞાનની સામે બથ્થંબથ્થા કરવાનો તેમને થોડોક પણ અનુભવ મળે છે. એટલે તેઓ આ તકલેદી અને નિર્બળ શસ્ત્રો શત્રુની સામે કાંઇજ કામ આપતાં નથી એવું સમજી જાય છે. અને આખરે હાર ખાઇને તેઓ પોતાને મોઢેથીજ કબૂલ કરે છે કે "અમારી ભારે ભૂલ થતી હતી; શત્રુનું સૈન્ય તો એવું અખૂટ છે કે તેને અમારાથી પહોંચી વળાય એમજ નથી."

× × × ×

આ અથાગ મહાસાગરમાં જેમ જેમ કોઈ તરતો તરતો આગળ વધે છે, તેમ તેમ તેને એની પારાવારતા અને દુસ્તરતા પ્રત્યક્ષ થતી જાય છે. તેને સામે કિનારે પહોંચવાનો જેમ જેમ વધારે પ્રયત્ન કરવામાં આવે છે, તેમ તેમ તેની પહોળાઇ વધતી જાય છે અને સામેનો કિનારો દૂરનો દૂર જતો જણાય છે.

જગત જેમને પૂરેપુરા પારંગત અને ઉસ્તાદ ડૂબકી મારનાર તરીકે ઓળખે છે તેઓ પોતાનો આ ગંભીર, દુસ્તર અને કોઇ પણ જેને કદી તરી ગયો નથી એવા મહાસાગરના કિનારા ઉપરની ભીની કાંકરીઓ અને છીપોલીઓજ વીણતા જુએ એમાં આશ્ચર્ય શું!

× × × ×

ખરૂં કહીએ તો જ્ઞાનની પ્રાપ્તિને માટે આપણે રાત-દિવસ એક પળનો પણ વિસામો લીધા વગર ઘોર પરિશ્રમ કરી રહ્યા છીએ તેનો માત્ર એકજ ઉદ્દેશ હોવો જોઇએ કે, આપણે કાંઇજ જાણતા નથી. એવી છેક છેલ્લે દહાડે આપણી ખાત્રી થઇ જાય.

આપણને ઇશ્વરે બબ્બે આંખો એટલાજ

માટે આપી છે કે આપણે આંધળા છીએ તે આપણે પ્રત્યક્ષ જોઈ લઈએ.

વળી આપણી આસપાસની વસ્તુઓ આપણને તેમનાં બહારનાં રૂપ અને આકૃતિ જોવા દે છે તેનું પણ એજ કારણ છે કે તેમનાં વાસ્તવિક રૂપ તદ્દન જુદીજ જાતનાં છે તે આપણે જાણી લઈએ.

* * * *

રાતને વખતે આપણે આપણા દીવા, લેંપ વગેરે સળગાવીએ છીએ; તેઓ હોલવાઈ જાય છે ત્યારે ફરી ફરી સળગાવીએ છીએ; પણ તેથી કાંઈ રાત્રિ થોડીજ જતી રહે છે? ઘણું તો આપણા દીવાની આસપાસ થોડેક સુધી ઝાંખો પ્રકાશ પડે છે એટલુંજ. પરંતુ તે સિવાયના સંપૂર્ણ અંતરિક્ષમાં તો ઘોર અંધકારનું અખંડ રાજ્ય સદાકાળ ચાલુજ રહે છે. આ આપણી સ્થિતિ છે અને ભવિષ્યમાં પણ એની એજ રહેશે—ભલેને આપણે ઉંચામાં ઉંચા નંબરના વીજળીના મોટા મોટા દીવા સળગાવીને રોશની કરીએ, પણ પરિણામ તો એનું એજ.

× × × ×

આપણામાં જેમની પાસે ઉંચામાં ઉંચા પ્રકારની બુદ્ધિની રોશની છે, તેમની બુદ્ધિનો પ્રકાશ પણ અમુક હદ સુધીજ પહોંચી શકે છે. આપણા માનસને ચારે બાજુએથી ઘેરી વળતી દિવાલોની પેલી મેર શું છે તેની આપણે કલ્પના પણ નથી કરી શકતા. આપણી આસપાસ થોડેક દૂર સુધી જઈએ છીએ એટલે આપણે એવા કાળા અભેદ્ય પડદાની સાથે અટકાઈએ છીએ કે તેની પેલી બાજુએ શું શું છે તે જોવાનુ માનવજાતિના ભાગ્યમાં સરજાયુંજ નથી. તર્કરૂપી ધનુષ્યને ધારણ કરનાર માનવી પોતાના તર્કોની વીજળીની રોશનીનાં તીર ફેંકીને લક્ષ્યવેધ

કરવાની ઉમેદ રાખે છે, પણ તે બધાંય તીર પેલા કાળા ઘન પડદાને અથડાઈ અથડાઈને ભ્રષ્ટલક્ષ્ય થઇને પાછાં આવે છે અને આપણી સામે ચારે બાજુએ એક અભેદ્ય કાળો પડદો આવેલો છે જેને આપણે કદી પણ ચીરી શકતા નથી, એ ઉપરાંત તે તીર બીજી કશીજ ખબર લાવતાં નથી.

× × × ×

ત્યારે આપણાં હૃદયમાં પ્રકાશને માટે જાગેલી ઉંડી ભૂખ શું સદાને માટે અતૃપ્તજ રહેશે? આ અંધારી ભૂલભુલામણીમાંથી બહાર નીકળવાનો કોઇ રસ્તોજ નથી?

ના, એમ તો બનેજ કેમ! જરૂર, કોઇ ને કોઇ ઠેકાણે તો પ્રકાશમય મહાજ્યોતિ બિરાજમાન હોવીજ જોઇએ; નહિ તો આપણા નાનકડા આત્મદીવડાનો પ્રકાશ શું પોતે પોતાનામાંથીજ પ્રકટે છે? અને જે કૃપાળુ પરમેશ્વરે આપણા અંતરમાં તેના પ્રકાશને માટે પ્રેમ જગાડયો છે તેણે તેની પ્રાપ્તિને માટે એક પણ રસ્તો ઉઘાડો રાખ્યો નથી એ માની શકાયજ શી રીતે? ત્યારે તો કોઇ એવો અચળ નિયમ, એવો કોઇ અમોઘ વિધિ હોવોજ જોઇએ-નિઃસંદેહ હોવો જોઇએ-કે જેને અનુસરીને ફરતાં ફરતાં, ફરી ફરીને આંટા મારતાં આપણે આ ભૂલભુલામણીની બહાર નીકળીને જ્યાં કેવળ પ્રકાશ છે ત્યાં જઇને ઉભા રહીએ.

* * * *

જેમને માટે વેદ-સૂર્યનો વાસ્તવિક ઉદય થઇ ચૂક્યો હોય તે ભાગ્યશાળી પુરુષોને ધન્ય છે. એ સૂર્યનારાયણ પોતાના સત્યના પ્રકાશ વડે તેમના માર્ગને ભૂલા પડાય નહિ એવો સરળ, ચોખ્ખો, ઉજળો બનાવી દેશે. જેમની આંખોમાં પ્રકાશનું અંજન આંજનારા સદ્ગુરુ મળી ગયા હોય તે ભાગ્યશાળી વ્યક્તિઓને પણ ધન્ય છે. કારણ કે તેઓ ગુરુદેવની બાંય ઝાલીને નિશ્ચિંતપણે આ ભૂલભુલામ-

ણીની બહાર નીકળીને ઉભા રહેશે. હું પોતે તો નથી એવા ગુરુને યોગ્ય અને નથી દીઠો મેં વેદ-સૂર્યનો પ્રકાશ, પરંતુ હું તેથી નિરાશ થતો નથી. હું એક આશાને તો સદાને માટે વળગી રહ્યો છું કે આ દિવાલોની સાથે માથું શટકાવતાં ભટકાવતાં, અસંખ્ય વર્ષો સુધી ભૂલભુલામણીમાં ભમતાં ભમતાં આખરે એક દિવસ મારી બુદ્ધિની આંખ ઉઘડી જશે અને ખરે રસ્તે વળીને હું પ્રકાશની પાસે પહોંચી જઇશ.

'अनेकजन्मसंसिद्धिः ततो याति परां गतिम् ।'

* * * *

આ અંધકારથી વીંટળાએલા પ્રદેશમાં આપણે બધા ક્યાંકથી આવી પડ્યા છીએ અને અહીંજ વસવાટ કરીને, ઘરબાર અને કુટુંબ કબીલા જમાવીને અહીંનાજ વતની બની બેઠા છીએ. આ અંધકારમાં આવી તેવી રમતો રમવામાં આપણો બધો વખત બરબાદ કરીએ છીએ અને આપણી પોતાની જાતને પણ આખરે નહિ જેવી કરી નાખીએ છીએ.

પણ જે થોડાક લોકો કાંઇક શુદ્ધિમાં આવીને બેઠા થાય છે, અને જગતની વસ્તુઓને નવી દૃષ્ટિથી જોવા લાગે છે, તેઓ આ બધો તમાશો જોઇને વિસ્મય પામે છે. તેમને આ જગત ક્રીડાભૂમિ નહિ પણ અતિ આશ્ચર્યકારક સ્થાન જણાય છે. પરંતુ આગળ જતાં વધારે આશ્ચર્ય પામીને તેઓ પોતાની આંખોને પહોળી કરી કરીને બધું જોવા લાગે છે અને એમ કરતાં કરતાં તેમનો અંતકાળ આવી પહોંચે છે અને તેમનાં પહોળાં નેત્રો પહોળાં ને પહોળાંજ રહી જાય છે.

વળી પાછા તેઓ ત્રીજી વાર નિદ્રામાંથી જાગ્રત થઇને બેઠા થાય છે, પાછા જગતની વસ્તુઓને અવલોકવા માંડે છે, પણ આ વખતે વિસ્મયપૂર્વક નહિ પણ ખૂબ

ગંભીરતાથી બધું તપાસી વળે છે. "આ શા માટે?" "આવું કેમ?" એવા પ્રશ્નો કરતા કરતા તેઓ 'તત્ત્વ'ની શોધમાં એકચિત્તે લાગી જાય છે; પરંતુ કાર્ય-કારણ ભાવનું અતિ ભેદભરેલું કોકડું કોણે ઉકેલ્યું છે? અમુક વસ્તુ આવી શા માટે? "અમુકનો આવો ગુણ શાથી?" એ મહાપ્રશ્નોનો કોણ ઉકેલ કરી શકયો છે? "એ તો અજ્ઞેય-કદી જાણી શકાય નહિ એવું છે." "એ તો એવુંજ હોય-એનો સ્વભાવજ એવો છે." એવા શબ્દપ્રયોગ કરીને આપણા મનનું ભલે સમાધાન કરીએ; પણ તેથી ખરા જિજ્ઞાસુને તૃપ્તિ થતી નથી. તે પોતાની અલ્પજ્ઞતાને ઓળખી લે છે. પોતાની ખરી સ્થિતિ સમજી જાય છે. જો કોઇના જીગરમાં સત્ય નિયમો જાણી લેવાની ખરેખરી ભૂખ જાગી હોય તો તે આજ લોકો છે. તેઓ સત્યને માટે વ્યાકુળ થયા હોય છે, પણ હાય! પોતાની તરશને છીપાવે એવા જલની શોધમાં અહીં તહીં વ્યાકુળતાથી ભટકાતા અથડાતા આખરે એક દિવસ પછાડા મારી મારીને મરણ પામે છે અને તેમને લાગેલી તરશની ઉંડી વેદના તેમની ગાઢ નિદ્રામાં પણ તેમને ચેન પડવા દેતી નથી.

× × × ×

પણ વળી પાછા તેઓ ઉઠીને બેઠા થાય છે. પરંતુ આ વખતે તેમનામાં ખરેખરી યોગ્યતા આવી ગઇ છે તેનું તેમને પોતાને પણ ભાન થયું હોય છે. હવે તેમને તરશની શાંતિ થવાનો સમય આવી લાગ્યો છે. આ વખતે તેઓ સત્ય જ્ઞાનના રસને પીને અમૃતસ્વરૂપ બનીને ફેરી ભૂલભુલામણીની જટિલ જાળમાંથી છૂટા થઇ જાય છે. એટલું થયા પછી આ જન્મના અંધકારમાં પાછા નથી આવતા.

'पुनरुत्थाय च वै पीत्वा पुनर्जन्म न विद्यते ।'

એવું જે કહ્યું છે તે યથાર્થજ કહ્યું છે.



તરંગ ૧૮ મો—ઘરધણી

અલક્ષ મોટા મકાનમાં બીડાઇ ગએલી આંખો લઇને આપણે આવ્યા‌જ ક્યાંથી ? અહીં આવ્યા પછી ધીરે ધીરે આંખોનાં પોપચાં ઉઘડતાં ગયાં ત્યારે તો ભલી ભલી ચમત્કારિક, ઉપભોગને યોગ્ય વસ્તુઓ આપણા અહીં આવતાં પહેલાંજ કોઇએ ભારે ચતુરાઇથી ગોઠવી રાખેલી દીઠી અને આપણે તેનો બેધડક સ્વાદ લેતાજ ગયા. ઘરમાં આવી પહોંચેલા બીજા સોબતીઓની સાથે ઉપભોગના પ્રયોજનથી નાના પ્રકારના સંબંધોથી જોડાયા–ઘણાની સાથે કદી વેર બાંધ્યાં તો ઘણાની ઉપર ઘાટો મોહ રાખ્યો. આપણા મનમાન્યા ભોગમાં જે આડે આવ્યા અથવા આડે આવે એવા લાગ્યા તેમને ખૂબ પજવ્યા. તરેહ તરેહનાં દુઃખ દીધાં. આપણે પોતે પણ ઘણી વાર હાર્યા અને ઘણાના પગની લાતો ખાધી; પણ એમ કરતાં કરતાં એવો એક દિવસ આવી પહોંચ્યો કે જ્યારે આંખો પાછી બીડાઇ ગઈ અને અહીંનું બધું અહીંનું અહીંજ પડતું મૂકીને કોણ જાણે ક્યાં ચાલતા થઇ ગયા ?

આ રીતે આ મકાનમાં આપણે આવ્યા અહીંનાજ પદાર્થોને માટે. ટંટા ફસાદ કર્યા, કરાવ્યા અને પછી જેવા ખાલી હાથ અને બીડાએલી આંખો લઇને આવ્યા

ગંભીરતાથી બધું તપાસી વળે છે. "આ શા માટે?" "આવું કેમ?" એવા પ્રશ્નો કરતા કરતા તેઓ 'તત્ત્વ'ની શોધમાં એકચિત્તે લાગી જાય છે; પરંતુ કાર્ય-કારણ-ભાવનું અતિ ભેદભરેલું કોકડું કોણે ઉકેલ્યું છે? અમુક વસ્તુ આવી શા માટે? "અમુકનો આવો ગુણ શાથી?" એ મહાપ્રશ્નોનો કોણ ઉકેલ કરી શકયો છે? "એ તો અજ્ઞેય-કદી જાણી શકાય નહિ એવું છે." "એ તો એવુંજ હોય-એનો સ્વભાવજ એવો છે." એવા શબ્દપ્રયોગ કરીને આપણા મનનું ભલે સમાધાન કરીએ; પણ તેથી ખરા જિજ્ઞાસુને તૃપ્તિ થતી નથી. તે પોતાની અલ્પજ્ઞતાને ઓળખી લે છે. પોતાની ખરી સ્થિતિ સમજી જાય છે. જો કોઇના જીગરમાં સત્ય નિયમો જાણી લેવાની ખરેખરી ભૂખ જાગી હોય તો તે આજ લોકો છે. તેઓ સત્યને માટે વ્યાકુળ થયા હોય છે, પણ હાય! પોતાની તરશને છીપાવે એવા જલની શોધમાં અહીં તહીં વ્યાકુળતાથી ભટકાતા અથડાતા આખરે એક દિવસ પછાડા મારી મારીને મરણ પામે છે અને તેમને લાગેલી તરશની ઉંડી વેદના તેમની ગાઢ નિદ્રામાં પણ તેમને ચેન પડવા દેતી નથી.

× × × ×

પણ વળી પાછા તેઓ ઉઠીને બેઠા થાય છે. પરંતુ આ વખતે તેમનામાં ખરેખરી યોગ્યતા આવી ગઈ છે તેનું તેમને પોતાને પણ ભાન થયું હોય છે. હવે તેમને તરશની શાંતિ થવાનો સમય આવી લાગ્યો છે. આ વખતે તેઓ સત્ય જ્ઞાનના રસને પીને અમૃતસ્વરૂપ બનીને પેલી ભૂલભુલામણીની જટિલ જાળમાંથી છૂટા થઇ જાય છે. એટલું થયા પછી આ જન્મના અંધકારમાં પાછા નથી આવતા.

'પુનरुत्थाय च वै पीत्वा पुनर्जन्म न विद्यते।

એવું જે કહ્યું છે તે યથાર્થજ કહ્યું છે.



તરંગ ૧૮ મો—ઘરધણી

આવડાં મોટા મકાનમાં બીડાઇ ગએલી આંખો લઇને આપણે આવ્યાજ ક્યાંથી ? અહીં આવ્યા પછી ધીરે ધીરે આંખોનાં પોપચાં ઉઘડતાં ગયાં ત્યારે તો ભલી ભલી ચમત્કારિક, ઉપભોગને યોગ્ય વસ્તુઓ આપણા અહીં આવતાં પહેલાંજ કોઇએ ભારે ચતુરાઇથી ગોઠવી રાખેલી દીઠી અને આપણે તેનો બેધડક સ્વાદ લેતાજ ગયા. ઘરમાં આવી પહોંચેલા બીજા સોબતીઓની સાથે ઉપભોગના પ્રયોજનથી નાના પ્રકારના સંબંધોથી જોડાયા—ઘણાની સાથે કટ્ટાં વેર બાંધ્યાં તો ઘણાની ઉપર ઘાડો મોહ રાખ્યો. આપણા મનમાન્યા ભોગમાં જે આડે આવ્યા અથવા આડે આવે એવા લાગ્યા તેમને ખૂબ પજવ્યા, તરેહ તરેહનાં દુઃખ દીધાં, આપણે પોતે પણ ઘણી વાર હાર્યા અને ઘણાના પગની લાતો ખાધી; પણ એમ કરતાં કરતાં એવો એક દિવસ આવી પહોંચ્યો કે જ્યારે આંખો પાછી બીડાઇ ગઇ અને અહીંનું બધું અહીંનું અહીંજ પડતું મૂકીને કોણ જાણે ક્યાં ચાલતા થઇ ગયા ?

આ રીતે આ મકાનમાં આપણે આવ્યા અહીંનાજ પદાર્થોને માટે. ટંટા ઝગડા કર્યા, કરાવ્યા અને પછી જેવા ખાલી હાથ અને બીડાએલી આંખો લઇને આવ્યા

હતા તેવાજ ખાલી હાથ અને આંધળી આંખો સહિ
પાછા ચાલ્યા ગયા. પણ અહીં રહ્યા. તેટલા વખતમાં
કદી જાણી લીધું નહિ તેમજ કોઇને પૂછ્યું પણ નહિ
કે આ મકાન છે કોનું ? આ ગગનચુંબિત પહાડોનો
માલિક કોણ છે ? અહીં અમે જે સુખ ભોગવ્યું તે
[illegible] કેવું ? અહીં જે દુઃખ વેઠ્યાં તેનું
કારણ શું ? આપણે ગજરાજની જેમ કોઇના ઘરમાં ઘુસ્યા
[illegible] ઘુસ્યા પણ કેવી રીતે !—વારૂ, પેઠા પછી પાછા
[illegible] ભાગમાં ત્યાંથી બહાર નીકળ
[illegible] આપણી જાતને [illegible]
[illegible] નહિ [illegible]
[illegible] તેની અંદર રહ્યા ત્યાં સુધી
[illegible] આશ્ચર્યનો [illegible]
[illegible] વિશાળ મકાન જેની અંદર
[illegible] વખત [illegible]
[illegible]

[illegible]

[illegible]

ના ઉત્તર આપો; નહિ તો વગર સમજ્યે બોલાવેલું આ 'જીવન' (જળ) 'અમૃત' મટીને વિષ બની જશે અને તમને મારી નાખશે" પણ એ યક્ષનો અવાજ કોઇ સાંભળતું નથી. બધાજ એમ ને એમ પીવા મંડે છે અને મરે છે. કેટલાક વળી આ સવાલ સાંભળે છે ખરા, પણ તેના ઉત્તર આપી શકતા નથી. એ સવાલને સાંભળે અને તેના યથાયોગ્ય ઉત્તર પણ આપી શકે એવા બહુજ થોડા વિરલા હોય છે; તેઓ પેલા સરોવરનું અમૃત (જળ) પીને મૃત્યુરહિત બની જાય છે.

* * * *

હે ઘરધણી ! લોકો મને શિખામણ દે છે કે "હવે તું જુવાન થયો, માટે કાંઇ કામ કરવા મંડી જા. પણ હું તો જ્યારથી મારી બાળપણની રમતોમાંથી જાગી ઉઠયો ત્યારથી મારૂં ચિત્ત તો આ તારા સવાલનું કોકડું ઉકેલવામાં એવું પરોવાઇ ગયું છે કે એ સિવાય બીજા કશામાં તે જતું નથી અને તારૂં કોકડું પણ એવું ગૂંચવાઇ ગએલું છે કે તેની એકકે ગૂંચ ઉકલતી નથી. આ તારા ઘરમાં જે કાંઇ છે તે શું છે, તેનું શું પ્રયોજન છે તે જાણ્યા કર્યા વગર મારાથી કોઇ પણ 'કામ'માં હાથ ઘલાયજ કેવી રીતે ? હાથ ઘાલવા જાઉં અને વખતે વિવાહને ઠેકાણે વરસી કરી બેસું તો ? તારી સ્પષ્ટ આજ્ઞા વગર મારાથી અહીંની કોઇ ચીજને હાથ લગાડાયજ કેવી રીતે ? આથી કરીને ઘડીમાં અહીં અને ઘડીમાં ત્યાં એમ ચારે બાજુએ તને ખોળતો ખોળતો જે મળે તેને તારૂં ઠેકાણું પૂછતો પૂછતો આખરે તારા દિવાનખાનાના બારણા આગળ અડ્ડો નાખીને બેઠો છું કે તું બહાર આવે એટલે તને મળું, તારી આજ્ઞા સાંભળું—તને પૂછું કે આ શ-

.રીર, મન વગેરે સામગ્રી તેં મને આ ઘરને લગતાં ક(
ક્યાં કામને માટે આપી છે? આનો જવાબ મળ્યા પ(
લાં હું કેવી રીતે કોઈ 'કામ' માં હાથ નાખું? અ(
તારી રજા લીધા વગર અહીંના ઐશ્વર્યનો ઉપભોગ કરવો
એ તો મારાથી કદી બનવાનું નથી. એટલા માટે જ્યાંસુધી
મને તારો પ્રત્યક્ષ મેળાપ ન થાય અને મારા સાંભળ્યા
પ્રમાણે તેં ઘણાને તારો સીધો આદેશ આપ્યો છે તેવો
મને પણ જ્યાં સુધી આદેશ ન મળે ત્યાં સુધી હું તો
તારે બારણેજ ધામો નાખીને બેસી રહેવાનો છું-હું તો
બસ આજ કામ કરીશ. એ પણ એક કામજ છે ને?

ઓ મારા માલિક! તને જાણ્યા પછી, તને પ્રત્યક્ષ રીતે ઓળખી લીધા પછી, માણસ આપોઆપજ બધું જાણી લે છે, તારા બધાજ કોયડા ઉકલી જાય છે અને તને દીઠા વગર બધુંજ અંધારા ફૂવા જેવું છે અને વળી તને ઓળખ્યા વગર અહીંના ઐશ્વર્યજલનું પાન કરવું એ ઝેર બરોબર છે, એ બધું જો ખરૂં હોય તો પછી તારો સાક્ષાત્કાર કરવાનો સંકલ્પ કરીને તારે બારણે ધામો નાખીને બેસવું એ સારામાં સારૂં કામ નથી એવું કોણ કહેશે?



તરંગ ૧૯ મો—પણ અમે ખાઈએ શું?

પરદેશી કાપડના કોઇ વેપારીને કહીએ છીએ કે તમારો આ વેપાર પાપનો વેપાર છે ત્યારે તે સામો સવાલ પૂછે છે કે તે છોડી દઇએ તો અમે ખાઇએ શું? વિદેશી સરકારના અમલદારોને કહીએ છીએ કે તમે એ સરકાર સાથેનો તમારો સંબંધ તોડી નાખો અને તેની સાથે અસહકાર કરો ત્યારે તે પૂછે છે કે અમે સરકારી નોકરી છોડી દઇએ તો પછી ખાઇએ શું? 'અમે ખાઇએ શું' એ સવાલનું ભૂત આપણા ઉપર એટલી હદ સુધી ચઢી બેઠું છે કે જ્યારે દેશના જુવાનોને કહીએ છીએ કે તમે તમારૂં જીવન દેશની સેવામાં અર્પણ કરી દો ત્યારે તેઓ ગભરાઈ જઇને આપણને પૂછવા લાગે છે કે અમે દેશસેવાજ કરવા પાછળ મંડી જઇએ તો પછી ખાઇએ શું? આ 'ખાઈએ શું' નો સવાલજ આપણને ખાઇ રહ્યો છે.

* * * *

હવે આ સવાલનો કશો જવાબજ નથી એવું તો કેમ નહિ. જરાક ઊંડા ઉતરીને વિચાર કરીએ તો એનો જવાબ ઘણોજ સહેલ છે 'અમે ખાઇએ શું' એનો એકજ જવાબ છે કે 'હરદેવ' ખાઓ—અન્ન ખાવ. જે બાકી રહે તે ખાઓ અને લોકોથી સતુષ્ટ રહો ચાલો રહો, ખાવાનો સવાલ તો ઉઠતોજ નથી ને!

હવે વિચારવાનું એ રહે છે કે યજ્ઞશેષ એટલે શું ? આપણી પોતાની યજ્ઞીય-યજ્ઞ કરીનેજ મેળવેલી-કમાઈમાંથી યજ્ઞનો ભાગ અલગ કાઢયા પછી જે કાંઈ વધે તે યજ્ઞશેષ. યજ્ઞ-દાખલા તરીકે રાષ્ટ્રયજ્ઞ-એ આપણા વ્યક્તિગત જીવનનું પણ જીવન છે. આ ઉપરથી એક વાત તો દેખીતીજ છે કે યજ્ઞનો ભાગ જુદો કાઢયા વગર પોતાનુંજ પેટ ભરવું, અર્થાત્ યજ્ઞને ભૂલી જવો એ પહેલેથી જાતેજ મરી જવા બરોબર છે. એથી ઉલટું કરવું એટલે યજ્ઞશેષ ખાઈનેજ નિર્વાહ ચલાવવો અને તેમ કરીને યજ્ઞને સતેજ ને સતેજ રાખવો. એ જ એક બચવાનો-અમર થવાનો-ઉપાય છે. [illegible] શાસ્ત્રકારો કહે છે કે, યજ્ઞશેષ તો અમૃત છે. દાખલા તરીકે—"યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ-સનાતનમ્ ।" [illegible] યજ્ઞશેષની [illegible] છે.

[illegible]

(૨) [illegible] ।
[illegible]

[illegible]

[illegible]

માં તો આર્યોએ વધારે સ્પષ્ટપણે કહી દીધું છે—

"केवलाघो भवति केवलादी।"

અર્થાત્ એકલો એકલો ખાનાર એકલું પાપજ ખાય છે.

× × × ×

પણ આવા યજ્ઞના ભાગનેજ ખાઈ જનારા શેઠીઆને અથવા કોઈ મોટા અમલદારને પોતાનું ભોજન આરોગતો જોઈને આજે કોઈના માન્યામાં આવશે કે એ ભોજન ખાતો નથી, પણ પોતાના પેટમાં પાપના કોળીઆજ ઠોંસી રહ્યો છે? તેઓને તો શીરા, પૂરી, મેવા, મિઠાઇજ ખાતા દેખીએ છીએ. આપણી નરી આંખોને તો એટલુંજ દેખાય છે. ઉપર કહી તે વાત આપણા મનમાં વસે કે ન વસે તોપણ એક વાત તો સાચી અને સૌ કબૂલ કરે એવીજ છે કે, હરકોઈ ચીજ ગળાની હેઠે ઉતારી દેવી એનું નામ 'ભોજન કરવું' નહિજ. કોઈ માણસ કદાચ માટી, કાંકરા અથવા લાખોટીના બાચકા ભરીને ગળી જાય તો તે ભોજન ન કરે છે એવું આપણે નજ કહીએ. જે વસ્તુ શરીરને પોષણ ન આપે તેની ખોરાકમાં ગણત્રીજ ન થાય. એજ રીતે પાપની કમાઇ કરીને મેળવેલી ખાવાની વસ્તુ ખોરાક જેવી દેખાય પણ તે ખોરાક નથીજ; કેમકે તેથી પોષણ નથી મળતું. કોઈ પૂછશે કે પોષણ નથી કેમ મળતું? એ શેઠીઆઓ અને અમલદારોનાં શરીર તો ખાસ્સાં રાતાં માતાં દેખાય છે. હા, તેમનાં શરીર પુષ્ટ થાય છે એ વાત આપણે ઘડીભર માની લઇએ તોપણ તેમના આત્મા નિર્બળ અને નિસ્તેજ થતા જાય છે. તેથી કરીને તેમના શરીરની પુષ્ટિ એ ખરી પુષ્ટિ નથી, પણ શરીર જાડું થઇ જવાનો—તેનો સ્થૂળભાગ વધી જવાનો—એક પ્રકારનો રોગ છે. જેમ કોઇનું એકલું પેટજ વધી જાય તો તે રોગની નિશાની ગણાય છે, તેમ શરીરની અંદરનાં શરીરોને સૂક્ષ્મ-

બલે જો એકલું સ્થૂળ શરીર ફૂલી જાય તો તે પણ એક જાતનો રોગજ છે. જે ખોરાકનું આવું પરિણામ આવે તે ખોરાક ભલે કોઈ ખાય તો તેથી તે ખોરાક ખાય છે એવું ન કહેવાય. તે ખોરાક નથી પણ પાપજ છે, અને એથી ઘડાતું શરીર પણ 'પાપનો લોચો'જ છે; કેમકે એવા એવા ખોરાકની અસર સ્થૂળશરીર ઉપર પણ થયા વિના નથી રહેતી.

* * * *

આપણા દેશમાં એક રાષ્ટ્રયજ્ઞ મંડાયો છે. એને આપણે સ્વરાજ્યની હિલચાલ કહીએ, ભવિષ્યના રાષ્ટ્રનું ચણતર કહીએ અથવા ગમે તે કહીએ, પણ આપણને જીવતા રાખવાને તે બહુજ આવશ્યક છે. એ કાર્યમાં મદદ કરનારાં બીજાં જે જે સંગઠનો રચાય છે તે બધાંય નાના-મોટા યજ્ઞજ છે. જે જે સંસ્થાઓ સત્ય ધર્મને જીવનમાં ઉતારવાના અને તેનો પ્રચાર કરવાના ઉદ્દેશથી સ્થપાઇ છે તે બધીજ યજ્ઞવેદીઓ છે. એ યજ્ઞોને ખવડાવ્યા પછી પોતે ખાવું–એ યજ્ઞના નિભાવને માટે જે કાંઇ આપવું જોઇએ તે બધું પહેલેથી અલગ કાઢયા પછી જે બાકી વધે તેટલું જ ખાવું–એજ યજ્ઞશેષ ખાવાનો ધર્મ અને એ ધર્મનું પાલન કરવાની પ્રત્યેક ભારતવાસીની ફરજ છે. એથી ઉલટું આચરણ કરીને પાપ ખાનારા 'ચોર' ન થવું જોઇએ. આ યજ્ઞમાં પોતાની આહુતિ આપવાના ધર્મને ભૂલી જઇને–બીજા લોકોના હિતનો વિચાર કર્યા વગર–જેઓ એકલી પોતાની જાતનોજ વિચાર કરે છે અને પોતાની જાતને માટે બીજાઓનો હિસ્સો પણ મારી ખાય છે તેને ગીતા 'ચોર' કહે છે.

तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ।

'તેમને (યજ્ઞદેવતાઓને) અર્પણ થએલા પદાર્થોનો તે

દેવતાઓના આપ્યા વિના પોતાને કાંયે ઉપભોગ કરે છે તે ચોર છે.' ફક્ત ચોરજ નહિ પણ વધારે ઉંડા ઉતરીને વિચાર કરીશું તો ઋષિએ ઋગ્વેદદ્વારા જે કહ્યું છે તે સમજાશે કે—

'सत्यं ब्रवीमि वध इत् स तस्य' (ऋ०. म. १०-११७-६)

હું સત્યજ કહું છું કે તે (ધન) તેનું (ત્યાગ નહિ કરનારનું) મોત છે.

પણ મૂળ મુદ્દાની વાત તો એ છે કે યજ્ઞભાગ જુદો નહિ કાઢવામાં આપણું મોત છે એવું આપણે સમજીએ છીએજ ક્યારે? તેમાં ચોરી પણ આપણે ક્યાં માનીએ છીએ? ઉપર ઉપરથી જોનાર મનુષ્ય આ વાત નથી સમજી શકતો કે પાપની કમાઈ કરીને હું મારી પોતાનીજ ઘોર ખોદી રહ્યો છું. એવા લોકોને ઉદ્દેશીનેજ વેદને પણ કહેવું પડ્યું છે કે 'હું સત્યજ કહું છું.' મારા કથનને સાચુંજ માનજો. હું જે કહું છું તે અક્ષરે અક્ષર ખરૂં છે. તમે જે ભોગવો છો તે દેખાય છે ભોગની વસ્તુઓ, પણ તે ભોગ્યવસ્તુઓ નથી–તે તમારૂં મોત છે.

ત્યારે આપણે હિંદના લોકોએ શું ખાઇને પોતાનો નિર્વાહ કરવો એ સમજાયું ને? આપણે યજ્ઞની સામગ્રી ચોરી ખાવી? આપણે પાપના કોળીઆ ભરવા? પાપથી પેટ ભરીને પોતાના મોતને નોતરવું કે યજ્ઞ કરતાં વધેલું અમૃત ખાવું? શું કરવું?

× × × ×

પણ કોઇ કહેશે કે "ખાવાનો સવાલ તો હજી ઉભો ને ઉભોજ છે. તમે કહો છો તેથી અમારા પેટમાં અન્ન આવીને પડી ગયું? ભાવનાઓની અને આદર્શોની વાતો કર્યાથી કાંઇ પેટનો ખાડો પુરાય એમ છે? પેટનો ખાડો

પૂર્વોજ હોય તો ગમે ત્યાંથી પણ ખાવાનું તો લાવવું-જ રહ્યું ને? પેટમાં બિલાડાં બોલે ત્યારે તો પાપ શું અને પુણ્ય શું તેનો વિચારજ કોને આવે?" આ તકરારનું બરાબર પૃથક્કરણ કરીને ઉપલા પ્રશ્નોને તેમના સાચા રૂપમાં રજૂ કરવા હોય તો એમ કહેવું જોઇએ કે શું ખાવું તે સવાલ તો ઉકલીજ ગયો, પણ અમારી જરૂરીઆત કરતાં વધારે ખાવું હોય તો શું કરવું એ સવાલનો નિકાલ હજી થયો નથી. એનો નિકાલ થઈ શકે નહિ અને થવો જોઇએ પણ નહિ. વાત એમ છે કે, આપણામાં ઘણી જાતની કુદરતથી વિરુદ્ધ હોય એવી હાજતો ખૂબ વધી પડી છે. આપણને ભૂખ લાગતી જણાય છે, કેમકે આપણને 'ભસ્મક' રોગ થયો છે. યજ્ઞશેષ તરીકે જે કાંઇ થોડુંક પ્રાપ્ત થાય તેના વડે આ બિનકુદરતી ભૂખની તૃપ્તિ તો નજ થાય. જે આપણને બેચેન બનાવી દે છે તે ખરી ભૂખ નથી; ખરી ભૂખ આમ બેચેન ન બનાવી દે, અને એ ખોટી ભૂખને લીધેજ. આદર્શવાદી વાતો આપણા હૃદય સુધી નથી પહોંચતી અને તે સાચી પણ નથી લાગતી. પણ એક દિવસ જ્યારે તે આપણને સમજાઇ જશે, આપણે તેમનો હૃદયમાં અનુભવ કરી શકીશું તે વખતે આપણું મન એટલી હદસુધી નિર્મળ બની ગયું હશે કે પેલી ખોટી બિનકુદરતી હાજતો આપોઆપ શમી ગઇ હશે અને સાચી કુદરતી ભૂખ ઉઘડી હશે. તે વખતે આપણે હિન્દમાં જન્મ્યા છીએ માટે હિન્દની પરિસ્થિતિને યોગ્ય સ્વેચ્છાપૂર્વક માગી લીધેલી ગરીબાઈની જિંદગીથી આપણે મોટા બાદશાહના જેટલા મગરૂર રહીશું. સાચી ભૂખનું આ એક લક્ષણ છે.

પણ આ આદર્શની વાતો હૈયે વસેજ કેવી રીતે? ત્યાં આગળ બધો સવાલ આવીને અટકે છે. આનો સવાલ

કરનારને મારે સમજાવવા કેવી રીતે ? વેદ અને ગીતાનાં ક્રાન્તિદર્શી વચનો સંભળાવવા ઉપરાંત હું બીજું શું કરી શકું ? વેદ અને ગીતાના કરતાં હું પામરમાં એવી કયી ચઢીઆતી શક્તિ છે કે તેમને સમજ પાડી દઉં ? હું તો બહુ કરૂં તો આટલુંજ કરી શકું કે મારો ઘાંટો ફાટવા આવે ત્યાંસુધી બૂમો પાડયાજ કરૂં કે ભાઇઓ ! યજ્ઞશેષ કરતાં વધારે ખાવું એ પાપ છે, ચોરી છે અને તેમાં તમારૂં પોતાનું મોત છે.

*   *   *   *

ગુરુ નાનકદેવને વિષે એક એવી કથા છે કે એક દિવસ બે જણ તેમની પાસે ભોજનની સામગ્રી લઇને આવ્યા. તેમાંનો એક મોટો શાહુકાર હતો, તે શીરો પૂરી અને બીજાં ભાત ભાતનાં પકવાન્નનો મોટો થાળ ભરીને લાવ્યો હતો. બીજો હતો ગરીબ, તે બિચારો લૂખા અને જાડા જાડા રોટલા લઇને આવ્યો હતો; પણ નાનકદેવ તો પેલા ગરીબના રોટલાજ ખાવા તેયાર થયા. પેલા શેઠીઆએ કાલાવાલા કર્યા ત્યારે નાનકદેવે તેને કહ્યું કે બાપુ ! તારાં પકવાન્ન લોહીથી ભરેલાં છે; મને તે ન ખપે. આગળ જતાં તે કથામાં એવું આવે છે કે છેવટે નાનકદેવે બેઉ જણની રસોઇમાંથી થોડુંક પોતાની મુઠ્ઠીમાં લઇને નીચોવી બતાવ્યું ત્યારે પેલા શેઠીઆની રસોઈમાંથી લોહી ટપક્યું અને ગરીબના રોટલામાંથી દૂધ નીતર્યું".

ભારતવાસીઓ ! આજના સંતોએ તમારી કમાઇને નીચોવીને કોની કેટલી કમાઇ લોહીવાળી છે અને કોની કેટલી અમૃતથી ભરેલી છે એ તમને બતાવ્યું તો છે; ત્યારે હવે વાટ શાની જુઓ છો ? મારા જેવો પામર નાનકદેવની માફક તમારી કમાઈ નીચોવીને તેમાંથી લોહીનાં ટીપાં તમને ન બતાવી શકે તેથી શું તમે એવું માની લેશો

કે તમે જે પાપની કમાઈ કરી રહ્યા છો તે 'લોહીથી ખરડાએલી' નથી ? જરા તમારી આસપાસ જુઓ તો ખરા ! તમારી નજર આગળ ભારતના જીવતા સંત મહાત્મા ગાંધીએ એક વાર નહિ, બે વાર નહિ, પણ સેંકડો વાર તમારી કમાણીને નીચોવીને બતાવી દીધું છે કે પરદેશી કાપડના વેપારની કમાઈ, દારૂના વેપારની કમાઈ, ગરીબો પાસેથી હરેક પ્રકારે ધન ચૂસીને કરેલી કમાઈ—ટુંકામાં રાષ્ટ્રયજ્ઞ ઉપર પ્રહાર કરીને મેળવેલી પાઈએ પાઈ લોહીથી ખરડાએલી છે, પાપથી ભરેલી છે અને તમારા મૃત્યુનું દ્વાર છે.

* * * *

કેમ ? હજી આ વાત તમે માગતા હતા તેવી વાસ્તવિક અને વ્યવહારયોગ્ય થઈ કે નહિ ? દાદાભાઈ, રમેશચંદ્ર દત્ત, ગોખલે, ટીળક અને મહાત્મા ગાંધી વગેરે નેતાઓએ દાખલાદલીલ અને આંકડાથી સાબીત નથી કરી બતાવ્યું કે ભારતવર્ષનો રાષ્ટ્રદેહ આજકાલ કરતાં અનેક વર્ષો થયાં યંત્રકળા વડે પોષાતા મૂડીવાદથી ચૂસાતો જ આવ્યો છે. આ રુધિરશોષણની ક્રિયા એટલી બધી પ્રબલ છે કે કેટલાક વિદેશી લેખકો પણ તેની સાક્ષી પૂરે છે. ત્યારે હવે તમેજ તમારી જાતને પૂછો ને કે મૂડીવાદની કુહાડીના હાથા બનીને તમે જે કમાઈ કરો છો તે લોહીથી ખરડાએલી છે કે નહિ ? કોઈ પણ દેશના ચૂસાઈ જતા લોકોને આથી વધારે પ્રત્યક્ષ શી રીતે બતાવી શકાય ?

હવે વકીલાતને [illegible] દૃષ્ટિથી જોઈએ તો [illegible] રાષ્ટ્રવાદનાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે અને [illegible]

ખાનારા તો બહુજ થોડા છે, એ તો ઘણી જાણીતી વાત છે. આ રીતે જ્યારે આપણામાંના ઘણાખરા લોકો યજ્ઞની અથવા આપણા દેશની સામુદાયિક સંપત્તિ વધારવાને બદલે એકબીજાની સંપત્તિજ ખાઇ જવા બેઠા છે તેને પરિણામે આપણે દેશનાં જીવનરસને છાનામાના ચોરી ખાવાનું મહાપાતક કરીએ છીએ એવું તમને નથી લાગતું! પાપનું આથી વધારે પ્રત્યક્ષ અને આંધળાને પણ સૂઝે એવું ચિત્ર બીજું કયું હોય તે કહો.

અને આ મરણપથારીએ પડેલા દેશને જોઇને, કેમકે દેશના લોકોનાં શરીરનો ક્ષય થતો જાય છે, તેમની માનસિક શક્તિઓ પણ ઘટવા લાગી છે અને આત્મિક શક્તિઓનું તો દહાડે દહાડે દીવાળુંજ નીકળતું જાય છે-તમને એમ નથી લાગતું કે આપણે ઘણા વખતથી યજ્ઞનો ભાગ ખાઈ ખાઇને નોતરેલા મૃત્યુનાં આ લક્ષણ છે? અથવા તમને આ વાત સમજાવવાને કોઇ ઋષિમુનિને અવતાર લેવો પડશે? અને આ અભાગીઆ દેશની નિસ્તેજ, નિશ્ચેષ્ટ અને મૂડદા જેવી હાલત જોઇને વેદનું પેલું વચન-"स्तेनं मन्यामि यच इत् स तस्य"-આપોઆપ તમારા કાનમાં ગુંજી નથી ઉઠતું અને તેના અર્થનું ભયંકર કાળું વાસ્તવિક ચિત્ર તમારી આંખો આગળ ખડું નથી થતું?

આટલા માટે બાપુ! મારી આ વાતોને અદર્શમય અને અવ્યવહાર્ય કહીને ટાળી મૂકવી ઉચિત નથી; તમારી બિનકુદરતી ખોટી હાજતોને કમી કરી નાખવી એજ ઉચિત છે.

\+ + + +

વળી તમારે બીજું એ પણ ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે આ ખોટી હાજતોને તૃપ્ત કરવાની તમારી ઇચ્છા હોય તો પણ આ વખતે તો તમે તેમ નજ કરી

શકો. આજે આપણા દેશની **સરાસરી** આવક કેટલી છે તેની તમને ખબર છે ? તમને ખબર ન હોય તે જાણી લેજો કે ગમે તેટલી ઉદારતાથી ગણતરી કરત પણ તે દર મહિને માથાદીઠ **ચાર રૂપીઆ** કરત વધારે તો નથીજ. હિન્દીઓની સરાસરી કમાણી ચાર રૂપરડી જેટલી છે. જ્યારે સરાસરી માસિક કમાણી ચાર રૂપિયાની થઇ ત્યારે એથી પણ ઓછું કમાનારા કરોડો ભાઇઓ હોવાજ જોઇએ. તેથી કરીને જ્યાં સુધી આપણી સરાસરી કમાણી વધે નહિ ત્યાંસુધી આપણે ચાર રૂપીઆ કરતાં જેટલો વધારે માસિક ખર્ચ કરીએ છીએ તે બધો આપણે આપણા ગરીબ ભાઇઓને લૂંટીને, તેમના મોઢામાંથી સૂકા રોટલાનો ટુકડો ઝૂંટવીનેજ કરીએ છીએ. તમે કહેશો કે ચાર રૂપીઆમાં અમારૂં શી રીતે પૂરૂં થાય ? તો હું કહું છું કે ખોટી હાજતો શા માટે રાખો છો અને વધાર્યા જાઓ છો ? સાચું કહેવડાવો તો હાલમાં દરેક હિન્દીને ભાગ માસિક ચાર રૂપીઆ કરતાં વધારે યજ્ઞશેષ આવતોજ નથી. એથી વધારે જે કોઈ કમાય તે ચોરી કરીનેજ કમાય છે. આવી ચોરી નહિ કરવાનું વ્રત લેનાર માણસ કદાપિ પ્રામાણિકપણે માસિક ચાર રૂપીઆ કરતાં વધારે પેદા કરે તો તેણે પણ ચાર રૂપીઆ વડેજ નિર્વાહ કરીને વધારાની કમાણી દેશહિતના કામને માટે જ આપી દેવી રહી. પ્રમાણિક કમાણી કરનારનો જ્યારે આવો ધર્મ છે ત્યારે લોહીનો વેપાર કરનારને માટે તો કહેવાનુંજ શું હોય ? આપણા દેશના આજના યુવાનો દર મહિને ૨૦-૨૫ અથવા ૪૦ રૂપીઆ ઉડાવતાં પણ બીજાઓને તેથી અનેકગણા ઉડાવતા જોઇને પોતાને ગરીબ સમજે છે તે જાણીને દેશની ખરી સ્થિતિ સમજનારના મનને કેટલું દુઃખ થતું હશે ? બાપુ ! આ અભાગીઆ દેશમાં તો તેજ માણસ ગરીબ કહેવાય કે

જેને મહિનાના ચાર રૂપિયા કમાવાનું પણ સાધન નથી તે. તેથી કરીને હિંદના સંતાનની તો ફરજ છે કે તે વધારે રૂપિયા ઉડાવનારનો વિચાર ન કરે, ગરીબોના લોહીથી ખરડાએલી તેમની પાપથી ભરેલી કમાઈ ઉપર નજર ન કરે; પણ પોતાના ચોખ્ખા, સાદા અને ઠીક જરૂર પૂરતા જ ખોરાકને અમૃત માનીને ખાય અને તેથી પુષ્ટિ તુષ્ટિ મેળવે. ત્યારે તો આ મરવા પડેલા દેશને જીવતા રહેવાની આશા બંધાય. એટલા માટે જેમને દેશદાઝ છે તેઓ તો (તનમન અને ધનથી) પોતે સ્વદેશના વિનામૂલ્યના દાસ બની રહે છે અને તેમનાં શરીરના નિભાવને માટે તેમની ગરીબડી માતા મૂઠી અન્ન આપે તેટલું ખાઈને તેની સેવા કર્યે જાય છે. આ દેશમાં હાલના વખતમાં કોઈને ધર્મપૂર્વક જીવન ગાળવું હોય તો આ એકજ ઉપાય છે; બીજો નથી, નથી ને નથીજ.

* * * *

ભરતખંડના જીવનરસને ચૂસનારૂં પરદેશી રાજ્યરૂપી જે મોટું યંત્ર ચાલી રહ્યું છે, તેમાં થોડે ઘણે અંશે તો બધાજ ભારતવાસીઓ મદદ કરી રહ્યા છે; પરંતુ પરદેશી કાપડના વેપારીઓ અને તેમને વાપરનારાઓ, વકીલો અને કચેરીઓનાં પગથીઆં ઘસનારા તેમના કાયમના અસીલો, સરકારી નોકરો, મોટા મોટા જમીનદારો, શેઠ સાહુકારો, મિલ્કતવાળાઓ—એ બધા આ યંત્રના જુદા જુદા ભાગ છે. એ યંત્રનાં અંગ બની ગએલા આપણુંજ. દેશી ભાઈઓ પોતાના ખોરાકનો પ્રશ્ન ઉકેલવાને વાસ્તે પોતાની નીચેના લોકોનું લોહી ચૂસે છે અને તેમાંથી પોતાના ભાગનું લોહી પી જઈને વધારાનું લોહી પોતાની ઉપરનાઓ તરફ મોકલી દે છે; તેઓ વળી તેમનું મોટું બચકું ભરીને બાકીનું તેમની ઉપરનાઓ તરફ મોકલે છે. આ પ્રમાણે આ લોહી

છે; કારણ કે આપણે ગુલામ છીએ. આપણી આ ગુલામી દશા સંસારમાં પાપની વૃદ્ધિ કરવાના કામમાં એટલી મદદગાર થઈ પડી છે કે જેમના દુ:ખમાં આપણે ઉમેરો કરીએ છીએ તે લોકો કહેતાજ હશે કે 'હિન્દના લોકોનું જીવતર વ્યર્થ છે' અને આપણા મોતની માળાઓ પણ ફેરવતા હશે.

પણ આપણે અધારુ–પાપમય જીવનવાળા–એટલા માટે થયા છીએ કે તે પહેલાં આપણે ઇન્દ્રિયારામ થઈ ચૂકયા હતા. આપણી ઇન્દ્રિયોની હાજતો આપણને એટલી બધી બેચેની ઉપજાવે છે કે યજ્ઞશેષના શુદ્ધ સાત્ત્વિક ભોજન વડે આપણું પેટ નથી ભરાતું અને તેથી યજ્ઞનો હિસ્સો પણ ખાઇ જવા તૈયાર થઇએ છીએ. એટલા માટે જો આહારના પ્રશ્નનો નિર્ણય કરી નાખવોજ હોય તો પ્રથમ ઇન્દ્રિયોમાં રમણ કરવાનું છોડી દો, તમારી ખોટી હાજતોને કમી કરી નાખો. પછી બાકી રહેલી કુદરતી ભૂખની તૃપ્તિ કરવાનું કામ ઝાઝું અઘરૂં નથી. જે પશુપક્ષીઓને રોજ રોજ તેમનો આહાર પૂરો પાડે છે, જે ભારતનાં લાખો હાડપિંજર જેવાં માનવીઓને હજી જીવતાં તો રાખેજ છે તેને તમારી ચિંતા હોવીજ જોઇએ. તે તમારો 'યોગક્ષેમ' પૂરો કરશે. એટલા માટે હું ફરીથી કહું છું કે ખાવાનો સવાલ કાંઈ બહુ વિકટ નથી. પણ મોટી મુશ્કેલી તો એ છે કે આપણને ઇન્દ્રિયોની હાજતો પોષવાની ટેવ પડી ગઈ છે તેનું કેમ કરવું? એ હાજતોજ આટલી બધી સહેલી બાબતને અઘરી બનાવી દે છે.

× × × ×

એ બિનકુદરતી હાજતોને તો તમે ધારો તો તમારા એકજ બળવાન સંકલ્પથી અંતરના એકજ જવલંત અનુભવના જોરથી હટાવી શકો છો. માત્ર એકજ વાત મનમાં નક્કી કરી લેજો કે આવા કટોકટીના સમયમાં આપણને

ભારતવાસીઓને આવી બિનકુદરતી હાજતો હોયજ કેમ શકે ? આટલી એકજ વાત મનમાં ઉંડી ખૂંપી જવી જોઈએ; જો કે તેમ થવું જરા અઘરૂં છે. જે દેશના કરોડો માણસોને એક ટંક ખાવાનું ભાગ્યેજ મળે છે, જ્યાંનાં કરોડો ભાઈબહેનો રોજના ચાર પૈસા ઉપર નિર્વાહ કરે છે, જ્યાં એક દુકાળ પડતાની સાથેજ લોકો માખીની પેઠે મરી જાય છે તે દેશના લોકોને આવી આવી હાજતો હોયજ કેમ ? તમે કહેશો કે આવી આદર્શવાદી વાતોથી અમારાં પેટ નથી ભરાતાં; ત્યારે હું તમને પૂછું છું, કે જે દહાડે તમારૂં કોઈ અત્યંત વહાલું ગુજરી જાય છે તે દહાડે તમારી પેલી બધી હાજતો ક્યાં ચાલી જાય છે ? તે દહાડે તમારૂં પેટ કેવી રીતે ભરાઇ જાય છે ? આપણા દેશનો તો એક રિવાજ છે કે જ્યાં સુધી આપણા મહોલ્લામાં શબ પડ્યું હોય ત્યાં સુધી ચૂલો પણ ન સળગાવાય. ત્યારે આ સ્મશાન જેવા થઇ ગએલા ભરતખંડમાં જન્મ લેનારને ભૂખ લગાડે એવી વસ્તુજ કયી છે ? આપણી આજની અવસ્થાનો વિચાર આવતાંજ સારા માણસની તો બધીએ ભૂખ મરી જાય. તમારી માતૃભૂમિના હાલના સ્વરૂપનું મનમાં જરાક ધ્યાન તો કરી જુઓ ! બિચારી ચીંથરેહાલ અવસ્થામાં પરાયા લોકોની ઠોકરે ચડતી, જ્યાં જાય ત્યાં હડધૂત થતી ગુલામીના દોહ્યલા દહાડા જેમ તેમ કરીને પૂરા કરે છે અને છતાં આપણને ઇન્દ્રિયોનાં સુખની તૃષ્ણાઓ પેદા થયા કરે ! આવા વખતમાં આપણે ઇન્દ્રિયારામ બની શકીએ ખરા ? તો પછી ધિક્કાર હોજો આપણા જીવતરને !

વારૂ, જીવવાને માટે ખાવુંજ જોઇએ એ પણ એક મોટો ભ્રમ છે. કેટલાક સંજોગોમાં ખોરાક ઝેર બરોબર નીવડે છે. એકવીસ દિવસના ઉપવાસ કરીને મહાત્મા ગાંધી-

છે; કારણ કે આપણે ગુલામ છીએ. આપણી આ ગુલામી દશા સંસારમાં પાપની વૃદ્ધિ કરવાના કામમાં એટલી મદદગાર થઈ પડી છે કે જેમના દુ:ખમાં આપણે ઉમેરો કરીએ છીએ તે લોકો કહેતાજ હશે કે 'હિન્દના લોકોનું જીવતર વ્યર્થ છે' અને આપણા મોતની માળાઓ પણ ફેરવતા હશે.

પણ આપણે અધારુ-પાપમય જીવનવાળા-એટલા માટે થયા છીએ કે તે પહેલાં આપણે ઇન્દ્રિયારામ થઈ ચૂકયા હતા. આપણી ઇન્દ્રિયોની હાજતો આપણુને એટલી બધી બેચેની ઉપજાવે છે કે યજ્ઞશેષના શુદ્ધ સાત્વિક ભોજન વડે આપણું પેટ નથી ભરાતું અને તેથી યજ્ઞનો હિસ્સો પણ ખાઈ જવા તૈયાર થઈએ છીએ. એટલા માટે જો આહારના પ્રશ્નનો નિર્ણય કરી નાખવોજ હોય તો પ્રથમ ઇન્દ્રિયોમાં રમણ કરવાનું છોડી દો, તમારી ખોટી હાજતોને કમી કરી નાખો. પછી બાકી રહેલી કુદરતી ભૂખની તૃપ્તિ કરવાનું કામ ઝાઝું અઘરૂં નથી. જે પશુપક્ષીઓને રોજ રોજ તેમનો આહાર પૂરો પાડે છે, જે ભારતનાં લાખો હાડપિંજર જેવાં માનવીઓને હજી જીવતાં તો રાખેજ છે તેને તમારી ચિંતા હોવીજ જોઇએ. તે તમારો 'યોગક્ષેમ' પૂરો કરશે. એટલા માટે હું ફરીથી કહું છું કે ખાવાનો સવાલ કાંઈ બહુ વિકટ નથી. પણ મોટી મુશ્કેલી તો એ છે કે આપણુને ઇન્દ્રિયોની હાજતો પોષવાની ટેવ પડી ગઈ છે તેનું કેમ કરવું? એ હાજતોજ આટલી બધી સહેલી બાબતને અઘરી બનાવી દે છે.

× × × ×

એ બિનકુદરતી હાજતોને તો તમે ધારો તો તમારા એકજ બળવાન સંકલ્પથી અંતરના એકજ જ્વલંત અનુભવના જોરથી હઠાવી શકો છો. માત્ર એકજ વાત મનમાં વસી જવી જોઇએ કે આવા કટોકટીના સમયમાં આપણુને

આરોગ્યશાસ્ત્રીઓને આવી બિનકુદરતી હાજતો હોઈ જ કેમ શકે ? આટલી એકજ વાત મનમાં ઉંડી ઉતારી લેવી જોઈએ; જો કે તેમ થવું જરા અઘરૂં છે. જે દેશના કરોડો મનુષ્યોને એક ટંક ખાવાનું ભાગ્યેજ મળે છે, જ્યાંનો દરેકે દરેક બાળબચ્ચાંનો રોજના ચાર પૈસા ઉપર નિર્વાહ કરે છે, જ્યાં એક દુકાળ પતાની સાથેજ લાખો માણસોને પેટે મારી જાય છે તે દેશના લોકોને આવી આવી હાજતો કેમજ કેમ ? તમે કહેશો કે આવી આદર્શવાદી વાતોથી ખાધાં પેટ નથી ભરાતાં; ત્યારે હું તમને પૂછું છું કે જે વખતે તમારૂં કોઈ અત્યંત વહાલું મુજરી જાય છે તે વખતે તમારી પેલી બધી હાજતો ક્યાં ચાલી જાય છે ? તે વખતે તમારૂં પેટ કેવી રીતે ભરાઈ જાય છે ? આપણા દેશનો તો એક રિવાજ છે કે જ્યાં સુધી આપણા મહોલ્લામાં શબ પડ્યું હોય ત્યાં સુધી ચૂલો પણ ન સળગાવાય. ત્યારે આ સ્મશાન જેવા થઈ ગએલા ભારતખંડમાં જન્મ લેનારને ભૂખ લગાડે એવી વસ્તુજ કયી છે ? આપણી આજની અવસ્થાનો વિચાર આવતાંજ સારા માણસની તો બધીએ ભૂખ મરી જાય. તમારી માતૃભૂમિના હાલના સ્વરૂપનું મનમાં જરાક ધ્યાન તો કરી જુઓ ! બિચારી ચીંથરેહાલ અવસ્થામાં પરાયા લોકોની ઠોકરે ચઢતી, જ્યાં જાય ત્યાં હડધૂત થતી ગુલામીના રોઘલા દહાડા જેમ તેમ કરીને પૂરા કરે છે અને છતાં આપણને ઇન્દ્રિયોનાં સુખની તૃષ્ણાઓ પેદા થયા કરે ! આવા વખતમાં આપણે ઇન્દ્રિયારામ બની શકીએ ખરા ? તો પછી ધિક્કાર હોજો આપણા જીવતરને !

વારૂ, જીવવાને માટે ખાવુંજ જોઇએ એ પણ એક મોટો ભ્રમ છે. કેટલાક સંજોગોમાં ખોરાક ઝેર બરોબર નીવડે છે. એકવીસ દિવસના ઉપવાસ કરીને મહાત્મા ગાંધી-

છે; કારણ કે આપણે ગુલામ છીએ. આપણી આ ગુલામી દશા સંસારમાં પાપની વૃદ્ધિ કરવાના કામમાં એટલી મદદગાર થઈ પડી છે કે જેમના દુઃખમાં આપણે ઉમેરો કરીએ છીએ તે લોકો કહેતાજ હશે કે 'હિન્દના લોકોનું જીવતર વ્યર્થ છે' અને આપણા ગોતની માળાઓ પણ ફેરવતા હશે.

પણ આપણે અઘાયુ–પાપમય જીવનવાળા–એટલા માટે થયા છીએ કે તે પહેલાં આપણે ઇન્દ્રિયારામ થઈ ચૂક્યા હતા. આપણી ઇન્દ્રિયોની હાજતો આપણને એટલી બધી બેચેની ઉપજાવે છે કે યજ્ઞશેષના શુદ્ધ સાત્વિક ભોજન વડે આપણું પેટ નથી ભરાતું અને તેથી યજ્ઞનો હિસ્સો પણ ખાઈ જવા તૈયાર થઈએ છીએ. એટલા માટે જો આહારના પ્રશ્નનો નિર્ણય કરી નાખવોજ હોય તો પ્રથમ ઇન્દ્રિયોમાં રમણ કરવાનું છોડી દો, તમારી ખોટી હાજતોને કમી કરી નાખો. પછી બાકી રહેલી કુદરતી ભૂખની તૃપ્તિ કરવાનું કામ ઝાઝું અઘરૂં નથી. જે પશુપક્ષીઓને રોજ રોજ તેમનો આહાર પૂરો પાડે છે, જે ભારતનાં લાખો હાડપિંજર જેવાં માનવીઓને હજી જીવતાં તો રાખેજ છે તેને તમારી ચિંતા હોવીજ જોઈએ. તે તમારો 'યોગક્ષેમ' પૂરો કરશે. એટલા માટે હું ફરીથી કહું છું કે ખાવાનો સવાલ કાંઈ બહુ વિકટ નથી. પણ મોટી મુશ્કેલી તો એ છે કે આપણને ઇન્દ્રિયોની હાજતો પોષવાની ટેવ પડી ગઈ છે તેનું કેમ કરવું ? એ હાજતોજ આટલી બધી સહેલી બાબતને અઘરી બનાવી દે છે.

× × × ×

એ બિનકુદરતી હાજતોને તો તમે ધારો તો તમારા એકજ બળવાન સંકલ્પથી અંતરના એકજ જ્વલંત અનુભવના જોરથી હઠાવી શકો છો. માત્ર એકજ વાત મનમાં વસી જવી જોઈએ કે આવા કટોકટીના સમયમાં આપણને

ભારતવાસીઓને આવી બિનકુદરતી હાજતો હોઇજ કેમ શકે ? આટલી એકજ વાત મનમાં ઉંડી ખૂંપી જવી જોઇએ; જો કે તેમ થવું જરા અઘરૂં છે. જે દેશના કરોડો માણુસોને એક ટંક ખાવાનું ભાગ્યેજ મળે છે, જ્યાંનાં કરોડો ભાઇબહેનો રોજના ચાર પૈસા ઉપર નિર્વાહ કરે છે, જ્યાં એક દુકાળ પડતાની સાથેજ લોકો માખીની પેઠે મરી જાય છે તે દેશના લોકોને આવી આવી હાજતો હોયજ કેમ ? તમે કહેશો કે આવી આદર્શવાદી વાતોથી અમારાં પેટ નથી ભરાતાં; ત્યારે હું તમને પૂછું છું કે જે દહાડે તમારૂં કોઈ અત્યંત વહાલું ગુજરી જાય છે તે દહાડે તમારી પેલી બધી હાજતો ક્યાં ચાલી જાય છે ? તે દહાડે તમારૂં પેટ કેવી રીતે ભરાઇ જાય છે ? આપણા દેશનો તો એક રિવાજ છે કે જ્યાં સુધી આપણા મહોલ્લામાં શબ પડ્યું હોય ત્યાં સુધી ચૂલો પણ ન સળગાવાય. ત્યારે આ સ્મશાન જેવા થઇ ગએલા ભારતખંડમાં જન્મ લેનારને ભૂખ લગાડે એવી વસ્તુજ કયી છે ? આપણી આજની અવસ્થાનો વિચાર આવતાંજ સારા માણુસની તો બધીએ ભૂખ મરી જાય. તમારી માતૃભૂમિના હાલના સ્વરૂપનું મનમાં જરાક ધ્યાન તો કરી જુઓ ! બિચારી ચીંથરેહાલ અવસ્થામાં પરાયા લોકોની ઠોકરે ચઢતી, જ્યાં જાય ત્યાં હડધૂત થતી ગુલામીના દોહ્યલા દહાડા જેમ તેમ કરીને પૂરા કરે છે અને છતાં આપણને ઇન્દ્રિયોનાં સુખની તૃષ્ણાઓ પેદા થયા કરે ! આવા વખતમાં આપણે ઇન્દ્રિયારામ બની શકીએ ખરા ? તો પછી ધિક્કાર હોજો આપણા જીવતરને !

વારૂ, જીવવાને માટે ખાવુંજ જોઇએ એ પણ એક મોટો ભ્રમ છે. કેટલાક સંજોગોમાં ખોરાક ઝેર બરોબર નીવડે છે. એકવીસ દિવસના ઉપવાસ કરીને મહાત્મા ગાંધી-

જીએ સાબિત કરી બતાવ્યું છે કે ચોક્કસ સંજોગોમાં જીવતા રહેવાને ખાતર પણ ખોરાકને ત્યજવો પડે છે. પોતાના ઉપવાસ ભાંગ્યા પછી તેમણે કહ્યું હતું કે "જો મેં ઉપવાસ કર્યા ન હોત તો હું જીવતો ન રહી શકત." આમાં કંઇજ વિચિત્ર નથી. જેમની જિંદગી માત્ર ઉપવાસ કર્યાથીજ બચી હોય એવા ઘણાએ માણસ તમને મળી આવશે. આ જમાનામાં ભારતનું જીવન પણ ભોગવિલાસને છોડયાથીજ બચે એમ છે એમ જાણીને તમારી જૂઠી બિનકુદરતી હાજતોને આજથીજ એક લાત મારીને ફગાવી દો.

× × × ×

ભારતના નવયુવાનો ! ખાસ કરીને રાષ્ટ્રીય વિદ્યાલયોમાંથી સ્નાતકની પદવી મેળવીને બહાર પડેલાં યુવક-યુવતીઓ ! વિલંબ કરવાનો હવે સમય રહ્યો નથી. પોતપોતાની જરૂરીઆતો ઓછી કરીને રાષ્ટ્રયજ્ઞની દીક્ષા લઈ લ્યો, રાષ્ટ્રની સેવા કરવા મંડી જાઓ. અત્યારે ગતિમાં આવેલા યજ્ઞચક્રને ચલાવતા રહેશો તોજ પેલું કદાવર પાપચક્ર ફરતું અટકશે. એ કામ તમારૂંજ છે એમ સમજજો; અને તેટલા માટે ગરીબોનાં લોહીથી ખરડાએલી, દેશને મૃત્યુ તરફ ઘસડી જનારી પાપમય ભોગવિલાસની સામગ્રીઓ તરફ નજર પણ ન કરતાં. તે તરફ ભૂલેચૂકે તમારી નજર જાય તો તે વખતે દેશની દુર્દશાનું ધ્યાન કરજો. તમારી દુઃખીઆરી જનેતાનું કેવી રીતે લોહી ચુસાઇ રહ્યું છે તેનો વિચાર આવતાં તમારી બધી જૂઠી હાજતો શમી જશે. પરદેશી શાસનના પાપચક્રનો ખુલ્લેખુલ્લો ઉદ્દેશ એ છે કે એકેકએક ભારતવાસીને ગરીબ બનાવીને આખરે તેને "લાકડાં ચીરનારાનો અને પાણી ભરનારાનો"જ મુલક બનાવી દેવો તે કદી ભૂલતા નહિ. આનો સીધો અને સફળ થાય એવો એકજ ઉપાય છે કે આપણે આપણી રાજીખુશી-

ધીજ ગરીબાઈનું વ્રત લેવું અને તેમ કરીને દેશને જીવતો રાખવો. જે છે તે રાજીખુશીથી કરવામાંજ છે. એમ તો બધાજ મોત આવે છે ત્યારે સંસાર છોડે છેજ ને ? પણ સંસારને પોતાની સ્વેચ્છાથી છોડનારા 'સંન્યાસી' તરીકે પૂજાય છે. જ્યારે ત્યારે તો તમારે બીજાના દબાણથી ગરીબ બનીને મરવાનું તો છેજ. તો પછી તમે રાજીખુશીથી ગરીબ બનીને જીવતા શા માટે ન રહો ? પાપચક્રની ચક્કીમાં નાનાં મોટાં સૌ પીસાઈ રહ્યાં છે અને બધાંજ એક દિવસ વગોટીઆ ભિખારી જેવાં થઈ જવાનાં છે–કોઈ આજે અને કોઈ કાલે–પણ વહેલા મોડા સૌના એકજ હાલ થવાના છે. તો પછી પાપનો વિરોધ કરનાર પુણ્યચક્ર ચલાવવા માટે જે ગરીબી જરૂરની છે તેને રાજીખુશીથી શા માટે માગી લેતાં નથી ?

માટે 'અમે શું ખાઈશું' એ સવાલ તો આજ પછી પૂછશોજ નહિ. ખાવાની બાબતમાં નિશ્ચિન્ત બનીને પાપનાશક યજ્ઞમાં કામે લાગી જાઓ. યજ્ઞશેષ તરીકે તમને લૂખું સૂકું જે કાંઈ મળે તેને અમૃત માનીને ખાઈ લેજો. આ પવિત્ર ખોરાક તમારામાં બળ, વીર્ય અને ઓજસ પેદા કરશે. કોઇ વખતે એવું પણ બને કે યજ્ઞશેષમાં તમને કાંઈજ મળે નહિ તોપણ ગભરાતાં નહિ. એવા સંજોગો આવે ત્યારે બેલાશક ભૂખે મરવું પડે તો ભૂખે મરી જજો, પણ જીવો ત્યાં સુધી આ પવિત્ર યજ્ઞને મરવા ન દેશો અને લોહીની કમાઈ ખાવાનો તો વિચારજ છોડી દેજો. પણ હવે તો એવો વખત આવતો જાય છે કે તમને દેશસેવા કરતાં ભૂખે મરવાની ઇચ્છા હોય તોપણ લોકો તમને ભૂખે મરવા દે એમ નથી. એવું સદ્ભાગ્ય હવે તમારે માટે રહ્યું નથી. એ સરસ જમાનો તો વીતી ચુક્યો છે. ભારતના કલ્યાણની ઇમારતના પાયા જેમણે પોતાનાં હાડ-

માંસથી પૂર્યાં છે તે શૂરાઓ તો તેમની જનેતાના ખોળામાં જઈને ક્યારનાય બેઠા છે. તે જમાનો પ્રારંભ કરનારાઓનો, ઝંડાધારીઓનો, શૂરવીરોનો, કોઈ જાણે નહિ એવી રીતે છૂપાં લસલસતાં બલિદાનો દેનારાઓનો હતો. તે જમાનો ગયો અથવા ગયોજ જાણો. હવે તો રાષ્ટ્રયજ્ઞનું કામ એટલું આગળ ધપ્યું છે કે તમે સામાન્યમાં સામાન્ય દેશસેવક છો એટલું જો લોકો જાણશે તો તેઓ તમારી આરતીઓ ઉતારશે, તમે તમારી જરૂરીઆતો નહિ કહો તોપણ તેઓ તમારે વગર કહ્યે લાવી લાવીને તે જરૂરીઆતો પૂરી કરશે. પણ હજી આ દેશમાં એવાં કેટલાંક અણખેડાએલાં ક્ષેત્ર પડયાં છે કે જ્યાં હજી પાયા પૂરવાની શરૂઆત નથી થઈ. તમે શૂરવીર હો તો એવાં ક્ષેત્રોમાં ચાલ્યા જજો અને તમારા અમૃતભોજનનો મહિમા બતાવીને તમારો હિંદુસ્તાનમાં થએલો જન્મ સાર્થક કરજો. આ દેશના ઉદ્ધારને લગતાં તમામ ખાતાંઓને ચાલુ રાખવાને માટે નવજુવાનોની એક ખડીફોજ ઘણીજ જરૂરની છે; પણ તેમણે પોતાની હાજતોનો એટલી હદ સુધી લઘુતમ સમચ્છેદ કર્યો હોવો જોઈએ કે તેમની આગળ 'અમે શું ખાઈશું' એ સવાલ ઉભો રહેજ નહિ. આ આપણા દેશની મોટામાં મોટી અને અનિવાર્ય જરૂરીઆત છે. તેને પૂરી કર્યા સિવાય દેશનું કોઈ પણ કાર્ય આગળ ધપી શકે એમ છેજ નહિ. એ એક એવું સત્ય છે કે જેની આગળ તમારે જરૂર જરૂર નમવુંજ પડશે.





તરંગ ૨૦ મો—કૃષ્ણની બંસી

હમેશની માફક આ વર્ષે પણ લોકોએ શ્રીકૃષ્ણની બંસીને યાદ કરી હશે. "અધર્મની વૃદ્ધિ થશે ત્યારે હું ફરીથી પ્રકટ થઇશ" એવો તેણે દીધેલો કોલ કવિઓએ તેને યાદ પણ દેવરાવ્યોજ હશે. પરંતુ આજ કેટલાક વખતથી મને તો હમેશાં કૃષ્ણની બંસીજ વારંવાર સાંભર્યા કરે છે અને મારૂં દુઃખી મન અત્યંત અકળાઈ જઇને આખરે તેને પૂછે છે કે "આજના કરતાં ધર્મની વધારે ગ્લાનિ વળી શી થવાની હતી ? અધર્મનું અભ્યુત્થાન આના કરતાં કેટલુંક વધારે હોય કે હજીએ તમે પ્રકટ થતા નથી ?"

પણ 'કૃષ્ણની બંસી' અત્યારે આપણી આગળ નથી, એ મારા અંતાપનું કારણ નથી. બંસી તો આજે પણ છે; નથી તેને બજાવનાર કૃષ્ણ. હવે જ્યારે કૃષ્ણજ નથી ત્યારે એને 'કૃષ્ણની બંસી' કહેવાય પણ શી રીતે ? એ બંસી જોવા જોઇએ તો આજેય ભગવદ્‌ગીતાની અંદર છેસ્તો. બંસી તો છે પણ તેને બજાવનાર કોઈ નથી એ વાતનુંજ જે દુઃખ છે તે છે.

ફરી પાછું મને યાદ આવે છે કે જો આ ભારતનો ઉદ્ધાર કરનાર કોઇ હોય તો તે તેની પોતાની અનોખી રીતે વાગતી કૃષ્ણની બંસીજ છે. એ બંસી જો વાગવા માંડશે તો ભારતવાસીઓ પણ તેની સાથે સાથે નાચવા માંડશે અને પછી તો તેમનો ઉદ્ધાર થઈ ગયોજ જાણવો.

એટલા માટે હું કૃષ્ણને કહું છું કે હે બંસીધર કૃષ્ણ! તમે પાછા પ્રકટ થાઓ. આ દરિદ્ર ભારતનાં ધરતી અને આકાશ મૂંગો પોકાર કરી રહ્યાં છે; આ ભૂખે મરતાં અને પરાધીનતાથી દબાઈ ગએલાં ભારતનાં સંતાનોનાં કલેજાંની હાય તમને એકજ યાચના કરી રહી છે તથા પોતે ઉઠીને ઉભા થવા માગે છે; પણ તેટલુંએ જોર જેમનામાં રહ્યું નથી એવા ભારતવાસીઓ એકકે અવાજે પોકાર કરી રહ્યાં છે કે "હે કૃષ્ણ ભગવાન! તમે ફરીથી પ્રકટ થાઓ. અમને તમારી મોહન મુરલીથી મોહિત કરી દો. તો તો અમે કાંઇ જીવતા થઇએ, નહિ તો—"

* * * *

ભગવદ્ગીતાની અંદર કૃષ્ણે જે બંસી મૂકી રાખી છે તે 'કર્મયોગ'ના આકારની છે. ગીતાના ગાનાર કૃષ્ણની એજ ખરેખરી બંસી છે. કર્મયોગની આકૃતિવાળા કૃષ્ણની એ બંસી કેવીક છે તે આજે હું બતાવવા ઈચ્છું છું.

'કર્મયોગ' એક એવા પ્રકારનો યોગ છે કે જેને કર્મ વડેજ સિદ્ધ કરી શકાય. એનો મહિમા એવડો મોટો છે કે ટીળક મહારાજ જેવા પંડિતે એનું વ્યાખ્યાન કરતાં કરતાં મોટો ભારે ગ્રંથ લખી નાખ્યો; પણ એનો પાર પામ્યા નથી. પરંતુ આપણી પ્રાચીન સભ્યતાની દરેક વસ્તુ બનાવટમાં સીધી સાદી હોય છે તેવી એ પણ છે. આજ-કાલનાં 'હાર્મોનિયમ' અને 'પિયાનો'ની માફક એમાં કશી ગૂંચવણ નથી. વળી એની બીજી ખુબી એ છે કે મોહન પોતે એને હોઠે અડાડીને બજાવે છે ત્યારે હાલનાં વાજિં-ત્રોના કરતાં લોકોને હજારગણાં વધારે મોહિત કરવાની એના સ્વરમાં તાકાત આવે છે; તે છતાં એની રચના તદ્દન સાદી છે. તેને સમજી લેવામાં તો જરાએ મુશ્કેલી પડતી નથી. કર્મયોગની બંસી કેવી હોય છે તે તો મારા જેવા

પામર માણસ પણ બતાવી શકે.

× × × ×

તેની બનાવટ કર્મના લાકડાની છે. કર્મ કેવું હોય એ જો તમારે જોવું હોય તો પશ્ચિમના દેશો તરફ નજર કરો. જો કોઈ ઠેકાણે સોળેસોળ આની કર્મનું રાજ્ય હોય તો તે ત્યાંજ છે. ત્યાંના લોકો રાતદિવસ કર્મ કરતાજ રહે છે. એક પળવાર પણ કોઈ ઠરીને બેસતું નથી. અમે આ બધાં કામ શા માટે કરીએ છીએ તેનો વિચાર કરવા જેટલી પણ તેમને ફુરસદ મળતી નથી. યુરોપ, અમેરિકાના લોકો એટલી હદ સુધી કર્મરત થઇ ગયા છે કે આવતી ઘડીએ આપણે કયું કામ કરવાનું છે એટલુંજ તેઓ જાણતા હોય છે. તેમની અંદર રહેલી અદૃશ્ય વાસનાઓ તેમને તેમના કર્મમાર્ગમાં આગળ ને આગળ ધકેલ્યાજ કરે છે, અને એ રીતે તેઓ નવા નવા કર્મપ્રવાહમાં ઘસડાયાજ જાય છે. ત્યાંનું વાતાવરણ પણ રજોગુણથી ભરેલું છે અને એ રજોગુણ ત્યાંના લોકોને ક્ષણે ક્ષણે કર્મમાં પ્રવૃત્ત કરે છે. એક ઘડી વાર જો તેમને કામ કરવાનું ન મળે તો તેઓ આકળવિકળ થઈ જાય છે. તેમની અંદર ઘર કરી બેઠેલું રજોગુણરૂપી ભૂત ગમે તેવું ભારે કામ હોય પણ તેનો ઘડીવારમાં નિકાલ લાવી દે છે અને 'કામ લાવો, કામ લાવો' એમ કહેતું તેમની સામે આવીને ઉભું રહે છે. ત્યાંની ભાષામાં એક કહેવત છે કે ખાટલો ભરનારને કામ મળે એટલા માટે ભરેલા ખાટલાની પાટી ઉકેલી નાખવી. બરાબર આવોજ તે લોકોનો સ્વભાવ છે. કર્મનું ભૂત તેમની પીઠ ઉપર ચઢી બેઠું છે, તે તેમની પીઠ ઉપરથી ઉતાર્યું ઉતરતુંજ નથી. કર્મ કરતાં કરતાં તેઓ મરી જાય ત્યારેજ આ ભૂત તેમની પીઠ ઉપરથી નીચે ઉતરતું દેખાય છે. માણસના મનની અંદર

રહેલી અતૃપ્ત કામનાઓ-ભોગેચ્છાઓ હોય ત્યાં સુધી એ ભૂત ખસેજ શાનું ? કારણ કે એ કામનાઓજ તેને રાતદિવસ સતેજ રાખ્યા કરે છે. એ કામનાઓની કદી તૃપ્તિ થાય પણ નહિ અને એ ભૂતનો વળગાડ નીકળી જાય પણ નહિ. કર્મના આવા અતિયોગથી એ પ્રજાઓના વિનાશ થવાનાં ચોઘડીઆં વાગી રહ્યાં છે એ કહેવાની તો ભાગ્યેજ જરૂર હોય; પરંતુ મરતાં મરતાંય તે લોકોએ પોતાનાં કર્મથી કેટલો મોટો લાભ મેળવ્યો છે તે તો આખી આલમ જાણે છે. એ લોકો તેમનાં કર્મને પ્રતાપે આખી દુનિયાના ધણી થઇ બેઠા છે અને ધારે છે તે કરી શકે છે. સમુદ્ર પણ તેમનો દાસ બની ગયો છે. અગ્નિ, વાયુ, ઇંદ્ર વગેરે દેવો તેમની તહેનાતમાં હાથ જોડીને ઉભા છે. વીજળી તેમની દાસી બની ગઇ છે. આ બધી તેમનાં કર્મની વિભૂતિ છે.

× × × ×

આ તો જાણે કર્મનું વિવેચન થયું; પણ 'કર્મ'નો 'યોગ' કોને કહે તે સમજાવતા પહેલાં કર્મની બાબતમાં આપણા દેશના લોકોની પશ્ચિમના લોકોથી કેવી તદ્દન ઉલટી અવસ્થા છે તેના તરફ જરાક નજર કરી લઇએ. ત્યાં તો આખો દિવસ અને રાત કામ કામ ને કામ; ત્યારે અહીં શું છે ? અહીં એથી ઉલટું બેસવાની સગવડ મળે તો આપણે ઉભા ન થઇએ અને લાંબા થઇને સૂવાનું મળે તો બેસીએ પણ નહિ. ત્યાં જેમ રજોગુણનું રાજ્ય છે, તેમ અહીં તમોગુણનું રાજ્ય છે. અહીંના લોકો ખોટાં હાડકાંના અને આળસુ થઇ ગયા છે. કામ કરવામાં તેમનો જીવજ પરોવાતો નથી. હાથપગ જોડીને બેસી રહેવાનું મળે તો કેવું સરસ! એવુંજ તેમને મન થયા કરે છે. ખરૂં જોતાં આપણને કશુંજ કામ કરવાનું ગમતું નથી; માત્ર કેટલીક

જૂની ટેવોને વશ થઈને થોડીક જરૂરની ક્રિયાઓ કરીએ છીએ; પરંતુ એટલી ક્રિયાઓ પણ આપણાથી શી રીતે થઈ જાય છે તે એક સવાલ છે. આપણામાં આળસનું ઝેર નસેનસે ઉતરી ગયું છે. આપણાં કામ ગણાવવા બેસીએ તો એક ગામના ગપાટા મારવાનું અને બીજું બીડીઓ પીવાનું અથવા તંબાકુના શપટા ગોઠામાં ભરીને થૂંકની પીચકારીઓ મારવાનું—આવાં આવાં બે ચાર કામ આપણી જૂની ટેવો આપણી પાસે કરાવે છે. આ ઉપરાંત જે જે કામો આપણે હાથે થાય છે તે બધાં આપણી પાસે બોચી ઉપર ઠાંકરો મૂકીને કોઈ ફરજીઆત રીતે કરાવે ત્યારે થાય. દાખલા તરીકે અંગ્રેજોની તોપો, તેમનાં કેદખાનાંનો ભય અથવા લાલચ આપણી પાસે કામ લે છે. આપણા ઉપર રાજ્ય કરનારી પરદેશી સરકારને લાત મારતાં અને પીઠ થાબડતાં બેઉ બરાબર આવડે છે. તેઓ કોઈ વાર ભય બતાવીને તો કોઈ વાર લાલચ આપીને આપણને તેમની મરજી મુજબ હાંકે છે અને તેમ કરીને તેઓ આપણા તમોગુણને થોડો વખત આપણાથી અળગો કરે છે. પણ કાં તો આપણી જૂની ટેવને વશ થઈને અથવા પરદેશીઓના ભયથી આપણે જે કરીએ તે સિવાય બીજું કશુંજ કરવાની આપણી દાનત નથી. આપણા પોતાના સ્વાર્થને માટે પણ કોઈ કામ કરવાનું આવે ત્યારે પણ આપણા મોતીઆ મરી જાય છે. આપણે એટલા બધા જડ બની ગયા છીએ કે આપણા દેશના કેટલાએ માનનીય નેતાઓ 'કંઈક કરો' 'કંઈક કર્તવ્ય કરો' એવો આપણને ઉપદેશ આપતાં આપતાં મરી પરવાર્યા, કેટલાક તો નેતા થવાને નાલાયક પણ ઠરી ચૂક્યા, પરંતુ આપણે જરાએ પાસું બદલતા નથી—અરે ! હાલતા પણ નથી.

આપણો રજોગુણ કદાચ બહુ જોર કરે ત્યારે બહુ તો આપણે ઉંઘમાં ને ઉંઘમાં આપણાજ ભાઈઓને મારી નાખવાનું કામ વખતે કરીએ તો કરીએ, પણ એ સિવાય બીજા કામની તો કોઇ વાતજ ન કરશો. હા, હમણાં હું કહી ગયો તેમ આપણે જીભના શૂરા છીએ. દાખલા તરીકે જ્યારે મહાત્મા ગાંધીજી આપણને રેંટીઓ કાંતવાનું કહે ત્યારે આપણે તરત જવાબ આપી દઇએ છીએ કે "એ કામ તો સ્ત્રીઓનું છે." પરંતુ સ્ત્રીઓનું કામ પણ આપણને એટલું બધું અઘરૂં લાગે છે કે એના કરતાં તો મરવું પડે તો મરવાનું વધારે ગમે. કેટલાક વળી એમ કહે છે કે "રેંટિયાથી શું વળે ? અમે તો તલવારથી સ્વરાજ્ય લઇશું." પણ ન કરે નારાયણ અને તલવાર વાપરવાનો વખત આવ્યો તો એ લોકો એમજ કહેશે કે "શું કરીએ ? તલવારની ધાર ખાંડી થઇ ગઇ છે નહિ તો બતાવત." અથવા બીજું ગમે તે બહાનું કાઢશે; એવું પણ બને કે તે વખતે તેઓ પોતાનાં ધર્મશાસ્ત્રોનો આશ્રય લઇને તેમાંથી "अहिंसा परमो धर्मः" નો ફતવો પણ ટાંકી બતાવે. આવી આપણી દશા છે. રેંટીઓ કાંતવાની વાત તો એક બાજુએ મૂકીએ પણ ખાદી પહેરવાનું કામ તો એથીએ વધારે સહેલું છે પરંતુ તેનો પણ આપણે કાંઈ કાંઇ ડાહી ડાહી વાતો કરીને ઉડાઉ જવાબ આપીએ છીએ. સો વાતની એક વાત એ છે કે આપણી પાસેથી નાનામાં નાનું કામ કરાવવાની પણ કોઇએ આશા રાખવી નહિ. અંગ્રેજો તેમની ચાબૂકો મારીને આપણી પાસે કામ લે એ વાત જાણે જુદી; પણ આપણે આપણી રાજીખુશીથી આપણી જડતાનો ભંગ કરવા ઇચ્છતા નથી. આપણી માં આળસ ભરાઈ ગયું છે.

× × × ×

દેશના આવા હાલ જોઈને કોઈ વાર ક્રોધ આવે છે અને કોઈ વાર રડવું આવે છે. રડવું આવે છે ત્યારે ઘણી ખરી વાર શ્રીકૃષ્ણ અને તેમનો 'કર્મયોગ' સાંભરે છે. યુરોપની ઉપર વર્ણવેલી કર્મરતિને જોઈને પણ કૃષ્ણનો 'કર્મયોગ'જ યાદ આવે છે. કારણ કે કર્મયોગ એટલે તો યોગ્ય રીતે કર્મ કરવાં તે. એક બાજુએ પશ્ચિમની ભયંકર કર્મપ્રિયતા છે, ત્યારે બીજી બાજુએ આ દેશની તેટલીજ ભયંકર અકર્મપ્રિયતા છે. કર્મયોગની પરમ કલ્યાણકારી પગદંડી એ બેની બરાબર વચ્ચોવચ થઈને જાય છે. એવો કર્મયોગ કોને કહેવો ? કર્મનો યોગ સાધવો–કર્મની યોગાભ્યાસની પેઠે સાધના કરવી એટલે પોતાના કોઈ અંગત લાભ માટે નહિ પણ કર્તવ્ય સમજીને કર્મ કરવાં. કર્મ કરવાનાં તો ખરાં, પણ ઇચ્છાઓ અને કામનાઓની પ્રેરણાથી નહિ. એનું બીજું નામ નિષ્કામ કર્મ. ગીતાનાજ શબ્દોમાં કહીએ તો યોગ એટલે "कर्मसु कौशलम् ।"–મતલબ કે કુશળતાપૂર્વક કર્મ કરવાં તેનું નામ કર્મયોગ. પણ એ કુશળતા નિઃસ્વાર્થતા અને નિષ્કામતાની પાછળ પાછળજ આવે છે. રવીન્દ્રનાથ ટાગોર એક જગ્યાએ બહુજ યોગ્ય રીતે કહે છે કે કર્મને નિષ્કામ બનાવીને આપણા ઋષિઓએ જાણે સાપણના જડબાના દાંતનેજ ઉખેડીને ફેંકી દીધા છે અને સાપણને જીવતી રહેવા દીધી છે; જેથી કરીને આપણે કર્મ–સર્પિણીની સાથે ખેલીએ પણ તે ડસી શકે નહિ. એવી કુશળતાથી રમવું એનું નામજ કર્મયોગ. આપણને જે ડસે છે અને જેનું ઝેર ચઢે છે તે તો કામનાજ છે. પહેલાં તે પોતાના ઉપર આપણને આસક્ત કરે છે, પછી બાંધી લે છે અને છેવટે કરીને, દુઃખી કરીને આપણો નાશ કરે છે; જેથી કરીને એની આગળનાં એથી મોટાં અને શ્રેષ્ઠ કામ કરવાનું આપણાથી બનેજ નહિ. આ આસક્તિ અથવા કામનાનો

કાંટો જ્યાં નીકળી ગયો એટલે આપણે નિર્દ્વન્દ્વ અને સમ (બધી અવસ્થાઓમાં એકસરખી અને સ્થિર વૃત્તિવાળા) થઇ જઇએ. એટલે નિર્ભય દશા તો એની મેળેજ આવી જવાની; અને તે થયું એટલે ભારેમાં ભારે કામ કરવાની શક્તિ અને યોગ્યતા પણ પ્રકટ થવાનીજ. તેથી કરીને હું કહું છું કે આપણા દેશના લોકોની અકર્મણ્યતા અથવા જડતાને હડાવવાનો શ્રેષ્ઠ ઉપાય એજ છે કે તેમને કોઈ કર્મયોગ શીખવે. "તમે તમારૂં કર્તવ્ય કરો–કશા સ્વાર્થ વગર–ફળની ઇચ્છા રાખ્યા વગર તમે તમારી ફરજ બજાવો;" આટલુંજ કોઇ શીખવી દે તો બસ. પણ એ સિવાય બીજો કોઈ ઉપાય તો છેજ નહિ. કેટલાક નવા વિચારવાળા એવું માને છે કે, આ દેશના લોકોની અકર્મણ્યતાને ટાળવા સારૂ તેમણે યુરોપના લોકોની નકલ કરવી–પોતાની જરૂરીઆતો વધારવી, કામનાઓને ખૂબ વેગ આપવો, નવી નવી હાજતો ઉત્પન્ન કરવી અને પછી તેમને તૃપ્ત કરવાને સારૂ મોટાં મોટાં કારખાનાંઓ સ્થાપવાં વગેરે વગેરે. આવી સલાહ આપનારાઓને યુરોપ–અમેરિકાની ભયંકર કર્મણ્યતાનાં માઠાં પરિણામની ખબર નથી, પણ તેની સાથે સાથે તેઓ એ પણ ભૂલી જાય છે કે અહીંના લોકોને યુરોપના લોકોના જેવા કર્મરત બનાવવાનું હિતકર હોય તોપણ તેમને કર્મ કરતા કરવાને સારૂ તેમને કર્મયોગ તો શીખવવોજ જોઇશે; કારણ કે હજી તો તેમને કામ કરવુંજ ગમતું નથી. યુરોપના **કર્મરત** કાર્લાઇલ અને કાર્લ માર્કસમાં નવા વિચારવાળાઓને જેટલું દેખાય છે તેટલું તેમને **કર્મયોગી** કૃષ્ણમાં નથી દેખાતું એ વાત ખરી છે અને તેથી તેમને યુરોપની ભયંકર કર્મણ્યતા ગમે છે. પણ તેમણે એટલું તો વિચારવું જોઇએ કે આ જડ થઇ ગએલા ભારતવાસીઓના ઉદ્ધારની શરૂઆતજ કેવી રીતે ...ય? એટલા માટે ગમે તે સંજોગોમાં ભરતખંડનો ઉદ્ધાર

કર્મયોગ વિના નજ થઇ શકે. "તમારી કામ કરવાની મરજી હો યા ન હો, પણ આ તમારૂં કર્તવ્ય છે એમ સમજીને તમે કર્મ કરો" આવું જ્યાંસુધી તેમને નહિ શીખવાય ત્યાંસુધી તેઓ હાથજ નહિ હલાવે ને ? પછી એમ કરતાં કરતાં જો તેઓ નિષ્કામ કર્મ કરતાં શીખે ત્યારે તો બીજું જોઇએજ શું ? પછી તો આપણું કલ્યાણ ! કલ્યાણ !

× × × ×

એટલા માટે મને ભારતખંડના પુનરુદ્ધારના જ્યારે જ્યારે વિચાર આવે છે ત્યારે ત્યારે મારી નજરે તો કર્મયોગનો એકજ ઉપાય દેખાય છે; પણ તેની સાથેજ મનમાં બીજો પ્રશ્ન ઉઠે છે કે એ તો ખરૂં, પણ એ કર્મયોગ શીખવે એવો ગુરુજ ક્યાં છે ? બંસી તો છે પણ તેને બજાવે એવો છે કોઇ ? ક્યારે પાછા શ્રીકૃષ્ણ પ્રકટ થાય અને આ કર્મયોગની બંસીમાં ફૂંક મારીને તેના તાનની સાથે નાચનારા બીજા સેંકડો કર્મયોગીઓને ભારતના કર્મક્ષેત્ર ઉપર ખડા કરી દે ! આવી ઉર્મિ મારા જેવાં બીજાં સેંકડો હૃદયોમાં ઉત્પન્ન થાય છે, પણ તેના જવાબને માટે અધીર બનીને ભવિષ્યમાં પ્રકટ થનાર કૃષ્ણની શોધ કરવા ચાલી જતી હોય તેમ જેવી તે ઉત્પન્ન થાય છે તેવીજ પાછી ભારતીય આકાશમાં વિલીન થઈ જાય છે.

મુદ્દાનો સવાલજ આ છે કે એ બંસીને બજાવનારજ કોઇ નથી. બંસી તો છે અને ગીતાનો દરેક વાંચનાર તેને જોઈ શકે છે; પણ તેમાંથી સૂર પેદા કરનાર અને તે સૂરમાં પ્રાણ પૂરનાર બંસીધરનીજ ખોટ છે. એ બંસી તો મેં મારા વાચકોને ક્યારનીએ બતાવી દીધી છે. તેની રચના એટલી બધી સાદી છે કે તેનો ખ્યાલ પણ મારા વર્ણન ઉપરથી વાંચકોને આવી ગયો હશે. પણ એ બંસીની

સુધી સમજવાને માટે આટલુંજ બસ નથી. એ બંસી કેવી અદ્ભુત વસ્તુ છે તે તો સૌને ત્યારેજ સમજાય કે જ્યારે કોઈ ઉસ્તાદ બંસીધર એની અંદર ફૂંક મારીને એના મધુર સૂર ભારતખંડના લોકોને સંભળાવી દે ત્યારે. એને બજાવી જાણે એવો કોઇ વિરલો હોય તો તે એક કૃષ્ણજ છે. તે એકલોજ મારા ઉપરના સવાલના યથાયોગ્ય જવાબ પણ આપી શકે. ભલે તે ગમે તે જુદાં જુદાં નામ ધારણ કરીને પ્રકટ થાય, પણ જે ભારતવાસીઓને કર્મ-[illegible] સાક્ષાત થશે તેજ આપણા ભવિષ્યના [illegible]. [illegible] કૃષ્ણ એટલે પોતાના કર્મયોગના પ્રભાવથી [illegible] ઉપદેશ કરનાર મહાકર્મયોગી. [illegible] બંસીજ આપણો ઉદ્ધાર કરી શકશે.

× × × ×

પરંતુ આ કર્મયોગ સિવાય બીજો કોઈ પણ ઉપાય [illegible]

[illegible]

કહ્યું હોયજ નહિ, ઉલટું તેમાં તો કાંઇ ને કાંઇ સુખનો, આરામનો અને પૈસાટકાનો ત્યાગ કરવાનુંજ હોય, આથી કરીને લાલચો આપણને સહેલાઇથી છળી જાય છે અને આપણે તનમનના દારિદ્રમાં વધારે વધારે ફસાતા જઇએ છીએ. આપણા દેશના ઉદ્ધારનો કોઇ પણ કાર્યક્રમ સફળ થતો નથી તેનું આ એક મોટું કારણ છે. સફળતા તો ત્યારેજ મળે કે આપણા અંગત લાભહાનિનો લેશમાત્ર પણ વિચાર કર્યા વગર આપણે આપણા દેશ પ્રત્યેની ફરજ બજાવતા થઇએ ત્યારે. આનુંજ નામ સાચો કર્મયોગ. રેંટીઆ અને ખાદીના કાર્યક્રમમાં પ્રાણનું બલિદાન દેવાનું તો છેજ નહિ. રેંટીઓ કાંતવો અને ખાદી પહેરવી એના કરતાં સ્વરાજ્યની પ્રાપ્તિનો વધારે સહેલો અને સુગમ ઉપાય કોઇ બતાવવા તૈયાર છે ? એમાં થોડીક ચાનકની અને જરાક અગવડ વેઠી લેવાનીજ જરૂર છે. પરંતુ આપણે આટલો નહિ જેવો ત્યાગ પણ નથી કરતા તે આપણે કેટલી હદ સુધી ગુલામી મનોદશામાં ફસાઇ ગયા છીએ તેની આ એક દીવાની જ્યોત જેવી સાબિતી છે. શું સ્વતંત્રતા મેળવવા માટે આના કરતાં પણ વધારે સહેલા ઉપાયની લોકો આશા રાખતા હશે ? આ ઉપરથી સૌએ આટલું તો બરાબર સમજીજ લેવું રહ્યું કે આપણી હાલની અવસ્થામાં કર્મયોગની સહાય લીધા વગર આપણે કોઈ પણ કાર્યક્રમ પાર ઉતારી શકવાના નથી. બીજી બધી બાબતો ઉપરથી લક્ષ ખેંચી લઇને આપણે માત્ર આપણા કર્તવ્યનોજ વિચાર કરતા થઇએ અને તે દૃષ્ટિએ કામે લાગી જઇએ તોજ આ પાપચક્રમાંથી આપણે છૂટવાની આશા રાખી શકાય; નહિ તો એમાં આપણે દિવસે દિવસે વધારે ફસાતા જઇશું અને એક દિવસ એવો પણ આવશે કે જ્યારે જગતમાં આપણું

નામનિશાન પણ નહિ રહ્યું હોય. એક વાર આપણી હાલની દશાનો મનથી અનુભવ તો કરી જુઓ; પછી તો તમારા પોતાના મોઢામાંથી પણ 'કર્મયોગ' 'કર્મયોગ' એવા ઉદ્ગાર નીકળવા લાગશે. પરંતુ આપણામાં એટલી હદ સુધી કમજોરી આવી ગઈ છે કે આપણે કર્મયોગ કરવાનો સંકલ્પ કરીએ તો પણ જ્યાં સુધી કોઈ કૃષ્ણ આવીને આપણને નિષ્કામ કર્મ કરવાનું બળ ન આપે, તેના પોતાનાજ બળથી આપણને કર્મમાર્ગમાં ન ધકેલે, આપણી કામનાઓની જાળને તોડી ન નાખે અને આપણે હાથે શુદ્ધ કર્મ ન કરાવે ત્યાં સુધી આપણે કાંઈજ કરી શકવાના નથી અને ત્યાંસુધી આપણા ઉદ્ધારની આશા પણ નથી. મેં ઉપર કહ્યું તેટલું થાય તોજ આપણે ઉગરીએ; નહિ તો આપણે દિવસે દિવસે વધારે ને વધારે ઉંડા ગરકતા જઈએ છીએ અને આપણો બહાર નીકળવાનો સંભવ ઓછોને ઓછો થતો જાય છે.

* * * *

ત્યારે હવે હું પૂછું છું કે જ્યારે આપણી પૂરેપૂરી અધોગતિ થઈ ચૂકી છે, આપણે આ ગુલામીની તાવડીમાં લગભગ શેકાઈ રહ્યા છીએ, આપણામાં અધર્મનું અભ્યુત્થાન [illegible] રહ્યું નથી ત્યારે પણ આપણી આવી ભયંકર અવસ્થા અને યાતનાઓ જોઈને કૃષ્ણને દયા ન આવે અને તે [illegible] બીજી વાર [illegible] [illegible]

કરવા તૈયાર છો ? ન થયા હો તો થવા માંડો. આ તમારાં અનેકવિધ દુઃખોની ભઠ્ઠીમાં તપીને તમારા મેલ ગાળી નાખો, શુદ્ધ થાઓ અને તમારાથી જેટલો કર્મયોગ સધાય તેટલો સાધતાં શીખી જાઓ. કૃષ્ણની વધાઇને માટે આ એકજ સાચી તૈયારી છે. દ્વંદ્વોને સહન કરવાં અને બધી અવસ્થામાં ચિત્તની સમતા જાળવી રાખવી, એજ કર્મયોગીની પ્રાથમિક સાધના છે. કૃષ્ણ અવતાર લેતા પહેલાં પોતાના સાથીઓને પોતાની આગળ આગળ મોકલી દે છે. જ્યારે આ દેશમાં તપસ્વી નિષ્કામ કર્મયોગીઓની સંખ્યા જોઇએ તેટલી થઈ રહેશે ત્યારે કૃષ્ણ ભગવાન પોતે પ્રકટ થશે, ત્યારે તે મહાકર્મયોગી કર્મયોગની બંસી બજાવશે. સાવધાન થાઓ, આ આણીનો અવસર છે. જો આપણે તૈયારી નહિ કરીએ તો યાદ રાખજો કે હિંદમૈયાની પ્રસવવેદના તેની મૃત્યુવેદના નીવડશે, અને તેની કાળી ટીલી તમારેજ કપાળે ચોંટશે. માટે કર્મયોગની સાધનાને અંગે તમારાથી થાય તેટલું કરી છૂટો તેમાંજ તમારું કલ્યાણ છે.

* * * *

અને તો ઘણી વાર એવો વિચાર આવ્યા કરે છે કે મોહનદાસ કરમચંદ ગાંધી જ આપણે જેવા કૃષ્ણને જેવા ઈચ્છીએ છીએ તેવા આગળ જતાં કેમ ન નીવડે ? આ યુગમાં જગતનો ઉદ્ધાર કરવા સારૂ કૃષ્ણ કયે રૂપે પ્રકટ થયા તે તો ભવિષ્યમાં શું થાય છે તે ઉપરથી કહેવાય. પણ એ ગાંધી જો આપણો ઉદ્ધાર કરવા અસમર્થ નીવડે તો કાં તો આપણો ઉદ્ધાર કદી પણ નહિ થાય અથવા તે કૃષ્ણ ગાંધીના કરતાંય વધારે સમર્થ કર્મયોગીરૂપે અવતરશે. કૃષ્ણ તો આપણો ઉદ્ધાર કરવાને માટે કોઇ ને કો રૂપે પ્રકટ થશેજ; પણ તેમના સ્વાગતને માટે આપણે પ

કષ્ટ વેઠીને, તપ તપીને તૈયારી કરવી જોઈશે ને? આપણાં તપમાંથી ઘણા માણસો નાના નાના કર્મયોગીઓ બને, થોડાક વળી મધ્યમ પ્રકારના કર્મયોગીઓ બને અને થોડાક પૂરેપુરા કર્મયોગી બની જાય; ત્યારે તો મોહન-કૃષ્ણ પ્રકટ થાય અને ત્યારે સૌને મોહિત કરનારી તેની મોહક મુરલીના સૂર ભરતખંડના આકાશમાં ગુંજી ઉઠે અને બધા કર્મયોગીઓ રાસમંડળ રચીને મહાનૃત્ય કરવા મંડે. મહાત્મા ગાંધીજીએ જેલમાં જતા પહેલાં એક લેખમાં ભારત- [illegible] 'પતંગનૃત્ય'—મૃત્યુ- [illegible] નૃત્ય—નું વર્ણન કર્યું હતું. એના ઉપરથી [illegible] જ્યારે [illegible] કૃષ્ણની મુરલીના તાનની [illegible] કર્મયોગીઓનું મહાનૃત્ય મંડાશે [illegible] થશે. જ્યારે કૃષ્ણની બંસી [illegible] નાના નાના લાખો કર્મયોગીઓ ખાદી [illegible] ખાદીની [illegible] તેની મોંઘી કિંમત, તેના કષ્ટ [illegible]

[illegible]

એ મોહનમુરલીના તાનની સાથેનું મહાનૃત્ય દેવતાઓનું અલૌકિક નૃત્ય બની જશે અને તેમાં જગતનાં જન્મજન્માંતરનાં પાપ ધોવાઇને સાફ થઇ જશે.

થોડાંક વર્ષની વાત ઉપર ગાંધીએ પણ એક નાનો સરખો નાચ કરાવ્યો હતો, અને તેની મસ્તીમાં ત્યાગવીરો તેમની લાખો રૂપિયાની આવક ભૂલી ગયા હતા અને વીર પુરુષોએ સરકારી કેદખાનાં ભરી દીધાં હતાં. પણ ઇશ્વર કૃપા કરે ને હવે પછીનું મહાનૃત્ય પૂર્ણનૃત્ય નીવડે! બંસીધર કૃષ્ણની બંસી એવી વાગે, એવી વાગે કે આખો ભરતખંડ નાચી ઉઠે અને એની પરાધીનતાની બેડીઓ તડોતડ તૂટી જાય!

પણ કૃષ્ણના ઓ લાડીલાઓ! તૈયાર થઇ જાઓ!





તરંગ ૨૧ મો—વેતરાઓની જનેતા

અંગ્રેજ લોકો જેમ 'દુકાનદારોની પ્રજા' (નેશન ઑફ્ શોપ કીપર્સ) કહેવાય છે, જર્મન લોકો જેમ 'લડવૈયાઓની પ્રજા' (નેશન ઑફ્ સોલજર્સ) કહેવાતા હતા તેમ આપણે ભારતખંડના લોકો કોણ કહેવાઇએ છીએ તેની તમને ખબર છે? જગત આપણને કયા નામથી ઓળખે છે તે તમે જાણો છો? દુનિયામાં આપણે 'વેતરાઓની પ્રજા' (નેશન ઑફ્ કૂલીઝ) કહેવાઇએ છીએ. આપણે સંખ્યામાં તો ત્રીસ× કરોડ છીએ, પણ બીજાનો બોજો ઉંચકનારા વેતરાઓ છીએ. આપણી આટલી મોટી સંખ્યા વેતરૂં કરવાને માટેજ સરજાઈ હશે? અરેરે! બિચારી હિન્દ માતા! વેતરાઓની જનેતા! રાંક દીન દુઃખી પદદલિતોની માતા! એને પેટે ત્રીસ કરોડ સંતાન જન્મ્યાં તો પણ એ બિચારીના નસીબમાંથી વેતરૂં વહેવાનું છૂટતું નથી. રાતદહાડો તેણે બોજોજ ઉપાડયે છૂટકો. આપણે છીએ તે કરતાં અડધા, પા ભાગના અથવા દસમા ભાગના હોત—ત્રીસ કરોડની જગ્યાએ ફક્ત ત્રણ કરોડજ હોત તોપણ જો વેતરા ન હોત, 'માણસ' હોત, માની કૂખે જન્મેલા દૂધમલ મર્દ સંતાન હોત તો આપણી માતા આપણે ભરોસે આજે નિશ્ચિન્ત બનીને બેઠી હોત. આજે તેને પારકું

× આજે તો ૩૫ કરોડ થયા છીએ.

નરૂં વહેવું પડે છે તે ન વહેવું પડત. અંગ્રેજ—

સહૈવ દશભિઃ પુત્રૈર્ભારં વહતિ ગર્દભી ।
એકેનૈવ સુપુત્રેણ સિંહી સ્વપિતિ નિર્ભયા ॥

દશ દીકરાની ગધેડી માતા ભાર ઉપાડે છે ત્યારે એક પુત્રની માતા સિંહણ નિરાંતે ઉંઘે છે.

• • • •

સાચી વાત એ છે કે આપણે આપણી જનેતાને 'સિંહણ'ને બદલે 'ગધેડી' બનાવી દીધી છે. આપણી આટલી મોટી સંખ્યા કશા કામની નથી. જ્યાં 'ગુણ' હોય ત્યાં સંખ્યાની જરાય આવશ્યકતા નથી. સિંહણનું એકજ બચ્ચું પૂરતું છે. ભારતમાતાના આટલા બધા છોકરાઓની જગ્યાએ દીકરો કે ગાંધીના જેવા થોડાકજ 'વીર' પુત્રો હોત તો તેનાં દુઃખનો છેડો આવી ગયો હોત. માટે આવો, આજથી આપણું તમામ લક્ષ, તમામ બળ, તમામ વીર્ય 'સંખ્યા'ની વૃદ્ધિ કરવાને બદલે 'ગુણ'ની વૃદ્ધિ કરવા પાછળ વાપરીએ. સ્વામી રામતીર્થજીએ તો પોતાના 'બ્રહ્મચર્ય' વિષેના પ્રસિદ્ધ વ્યાખ્યાનમાં કહ્યું હતું કે શું તમે તમારા દેશને 'વર્કહાઉસ' બનાવી દેશો ત્યારેજ જંપશો ? સ્વામી સત્યદેવે 'રાષ્ટ્રીય સંધ્યા' નામની એક પ્રાર્થનામાં એવું પણ લખ્યું છે કે 'હું મારા દેશને ખાતર બ્રહ્મચારીજ રહીશ.' એ પ્રાર્થના તમે તમારા હૈયામાં ઘૂંટતા જાઓ અને બ્રહ્મચર્ય પાળીને માતાનું દૂધ દીપાવનાર સિંહનાં સંતાન બનો.

* * * *

આપણે વૈતરૂં વહેનારા મજૂર—'કૂલી' શાથી કહેવાઇએ છીએ તેનો કદી વિચાર કર્યો છે ? કારણ કે આપણા માથા ઉપરનો બોજો આપણી પોતાની મર

જીથી નથી ઉપાડતા. જે માણુસ પોતે પોતાનુંજ પોટલું ઉંચકીને ચાલે છે, તે બોજો ઉપાડતો હોય છે છતાં તે વેતરો નહિ પણ સ્વતંત્ર માણુસ કહેવાય છે. બીજાના બોજાને રાજીખુશીથી ઉપાડી લેનાર પરોપકારી પુરુષ કહેવાય છે; પણ વેતરો એટલે તો પારકાનો બોજો ઉંચકવાની પોતાની ખુશી ન હોય તોપણ દબાણુને વશ થઇને જેને ઉપાડવો પડે તે. એ માણુસમાં જ્યારે પોતાની ઈચ્છાઓને પોતાને વશ રાખવાની શક્તિ નથી હોતી ત્યારે તેને બીજાની ઈચ્છાને તાબે થવું પડે છે. આપણે વૈતરા-કૂલી થઈ ગયા છીએ; કારણુ કે આપણો પોતાનો બોજો જાતે ઉપાડી લેવાની આપણુામાં શક્તિ રહી નથી.

આપણે આપણા દેશના રાજ્યવહીવટનો બોજો નથી ઉપાડી શકતા, તેથીજ આપણે કૂલી-વેતરા બનીને બીજા તરેહ તરેહના બોજા ઉપાડયા કરીએ છીએ. આપણે ત્રીસ કરોડ જણુ કૂલી બનીને માનચેસ્ટરની મિલોનો બોજો ઉપાડીએજ છીએ ને ? આપણે બધાજ 'કૂલી'ઓ પરદેશી કપડાં પહેરવાનું છોડી દઈએ તો એ મિલોને આવતી કાલે તાળાં દેવાઈ જાય. બ્રિટિશ સામ્રાજ્યનું હિત જાળવવાને માટે આ દેશમાં રાખેલા મોટા લશ્કરના ગંજાવર ખર્ચનો બોજો નાના પ્રકારના કર ભરતા જઇને આપણે હિન્દી 'કૂલી' ઓ આજ કેટલાંએ વર્ષોથી ઉપાડતાજ આવ્યા છીએ. વળી બીજા જાત જાતના કર ભરીને, સરકારી નોકરીઓ કરીને તથા બીજી હજારો રીતે સરકારની સાથે સહકાર કરીને 'વિદેશી નોકરશાહી'ના ખર્ચનો બોજો, જે આખી દુનિયાના કોઇ પણ દેશના ખર્ચ કરતાં અનેકગણો વધી જાય છે તે બધો આપણે હિન્દી 'કૂલી'ઓ સૌ ભેગા મળીને ઉપાડીએ છીએ અને એ રીતે આપણે કૂલીનું-વૈતરાનું જીવન ગાળીએ છીએ.

અરે મારા વેતરા ભાઇઓ ! હું તમને કરગરી કરગરીને કહું છું કે હવે બહુ થયું. હવે આ પરાયું વેતરૂં વહેવાનું છોડી દો. એ સારૂં નથીજ. પારકાની મરજીને તાબે થઇને પરાયો બોજો ઉપાડો છો તે છોડી દો, અને તમારો પોતાનો બોજો તમે તમારી મેળે ઉપાડતા થઇ જાઓ; અને કોઇ પણ રીતે તમારી જનેતા જે જગતમાં "વેતરાઓની માતા" કહેવાય છે તેને ઠેકાણે "વીરોની માતા" કહેવાય એવું કરો.

સૌથી પહેલાં તો ખાદીનો થાડોક પણ ખડબચડો બોજો તમારી ખાંધ ઉપર રાજીખુશીથી લેતા થઇ જાઓ અને માનચેસ્ટરની બારીક અને સુંવાળી મલમલ વડે તમારી કાયાને ઢાંકવાનું વેતરૂં કરી રહ્યા છો તે છોડી દો, અને એ વેતરાના બદલામાં તમને બે પૈસા મજૂરીના મળતા હોય તેને પણ જતા કરો. તમે તમારૂં કાપડ બનાવી લેવાનો બોજો જાતે ઉપાડીને જુઓ તો ખરા. થોડા દિવસ એટલોજ બોજો ઉપાડવાની ટેવ પાડશો તો તમને માલૂમ પડશે કે તમારા આખા રાજ્યનો ગંજાવર બોજો ઉપાડવાની શક્તિ પણ તમારામાં પ્રકટ થઇ ગઈ હશે. એ શક્તિ તમારામાં આજે પણ છે; પરંતુ જ્યારે તે પ્રકટ થશે ત્યારે પરાયાઓ તમને તેના દાસ ગણીને તમારી ખાંધે લાદેલો બોજો ઉપાડવાનું વેતરૂં તમે કદી પણ નહિ. તેના બદલામાં તમારે જે જે દુઃખ પડવાનાં હશે તે બધાં વેઠી લેવાનું તમે કબૂલ કરશો પણ પારકાનું દાસત્વ તો તમે હરગીઝ કબૂલ નહિજ કરો.

* * * *

માટે ચાલો, મારા ભાઇઓ ! આપણે 'વેતરા' મટીને સાચા 'વીર' બનીએ. આપણે આપણો બોજો જાતેજ

જીથી નથી ઉપાડતા. જે માણુસ પોતે પોતાનુંજ પોટલું ઉંચકીને ચાલે છે, તે બોજો ઉપાડતો હોય છે છતાં તે વૈતરો નહિ પણ સ્વતંત્ર માણુસ કહેવાય છે. બીજાના બોજાને રાજીખુશીથી ઉપાડી લેનાર પરોપકારી પુરુષ કહેવાય છે; પણ વૈતરો એટલે તો પારકાનો બોજો ઉંચકવાની પોતાની ખુશી ન હોય તોપણ દબાણુને વશ થઇને જેને ઉપાડવો પડે તે. એ માણુસમાં જ્યારે પોતાની ઈચ્છાઓને પોતાને વશ રાખવાની શક્તિ નથી હોતી ત્યારે તેને બીજાની ઈચ્છાને તાબે થવું પડે છે. આપણે વૈતરા-કૂલી થઇ ગયા છીએ; કારણુ કે આપણો પોતાનો બોજો જાતે ઉપાડી લેવાની આપણામાં શક્તિ રહી નથી.

આપણે આપણા દેશના રાજ્યવહીવટનો બોજો નથી ઉપાડી શકતા, તેથીજ આપણે કૂલી-વૈતરા બનીને બીજા તરેહ તરેહના બોજા ઉપાડયા કરીએ છીએ. આપણે ત્રીસ કરોડ જણુ કૂલી બનીને માનચેસ્ટરની મિલોનો બોજો ઉપાડીએજ છીએ ને ? આપણે બધાજ 'કૂલી'ઓ પરદેશી કપડાં પહેરવાનું છોડી દઇએ તો એ મિલોને આવતી કાલે તાળાં દેવાઈ જાય. બ્રિટિશ સામ્રાજ્યનું હિત જાળવવાને માટે આ દેશમાં રાખેલા મોટા લશ્કરના ગંજાવર ખર્ચનો બોજો નાના પ્રકારના કર ભરતા જઇને આપણે હિન્દી 'કૂલી'ઓ આજ કેટલાંએ વર્ષોથી ઉપાડતાજ આવ્યા છીએ. વળી બીજા જાત જાતના કર ભરીને, સરકારી નોકરીઓ કરીને તથા બીજી હજારો રીતે સરકારની સાથે સહકાર કરીને 'વિદેશી નોકરશાહી'ના ખર્ચનો બોજો, જે આખી દુનિયાના કોઇ પણ દેશના ખર્ચ કરતાં અનેકગણો વધી જાય છે તે બધો આપણે હિન્દી 'કૂલી'ઓ સૌ ભેગા મળીને ઉપા[ડી]એ છીએ અને એ રીતે આપણે કૂલીનું-વૈતરાનું જીવ[ન ગ]ાળીએ છીએ.

અરે મારા વૈતરા ભાઇઓ! હું તમને કરગરી કરીને કહું છું કે હવે બહુ થયું. હવે આ પરનું વૈતરૂં કરવાનું છોડી દો. એ સારૂં નથીજ. પારકાની મરજીને તાબે થઇને પરાયો બોજો ઉપાડો છો તે ફેંકી દો, અને તમારો પોતાનો બોજો તમે તમારી મેળે ઉપાડતા થઇ જાઓ; અને કોઇ પણ રીતે તમારી જનેતા જે જગતમાં "વૈતરાઓની માતા" કહેવાય છે તેને ઠેકાણે "વીરોની માતા" કહેવાય એવું કરો.

સૌથી પહેલાં તો ખાદીનો ઘાટોક પણ ખરબચડો બોજો તમારી ખાંધ ઉપર રાજીખુશીથી લેતા થઇ જાઓ અને માનચેસ્ટરની બારીક અને સુંવાળી મલમલ વડે તમારી કાયાને ઢાંકવાનું વૈતરૂં કરી રહ્યા છો તે છોડી દો, અને એ વૈતરાના બદલામાં તમને બે પૈસા મજૂરીના મળતા હોય તેને પણ જતા કરો. તમે તમારૂં કાપડ બનાવી લેવાનો બોજો જાતે ઉપાડીને જુઓ તો ખરા. થોડા દિવસ એટલોજ બોજો ઉપાડવાની ટેવ પાડશો તો તમને માલૂમ પડશે કે તમારા આખા રાજ્યનો જંજાવર બોજો ઉપાડવાની શક્તિ પણ તમારામાં પ્રકટ થઇ ગઈ હશે. એ શક્તિ તમારામાં આજે પણ છે; પરંતુ જ્યારે તે પ્રકટ થશે ત્યારે પરાયાઓ તમને તેના હાથ ઝાલીને તમારી ખાંધે લાદેલો બોજો ઉપાડવાનું વૈતરૂં તમે કદી પણ નહિ. તેના બદલામાં તમારે જે જે દુઃખ પડવાનાં હશે તે બધાં વેઠી લેવાનું તમે કબૂલ કરશો પણ પારકાનું દાસત્વ તો તમે હરગીઝ કબૂલ નહિજ કરો.

* * * *

માટે ચાલો, મારા ભાઇઓ! આપણે 'વૈતરા' મટીને સાચા 'વીર' બનીએ. આપણે આપણો બોજો જાતેજ

જીથી નથી ઉપાડતા. જે માણસ પોતે પોતાનુંજ પોટલું ઉંચકીને ચાલે છે, તે બોજો ઉપાડતો હોય છે છતાં તે વૈતરો નહિ પણ સ્વતંત્ર માણસ કહેવાય છે. બીજાના બોજાને રાજીખુશીથી ઉપાડી લેનાર પરોપકારી પુરુષ કહેવાય છે; પણ વૈતરો એટલે તો પારકાનો બોજો ઉંચકવાની પોતાની ખુશી ન હોય તોપણ દબાણને વશ થઇને જેને ઉપાડવો પડે તે. એ માણસમાં જ્યારે પોતાની ઈચ્છાઓને પોતાને વશ રાખવાની શક્તિ નથી હોતી ત્યારે તેને બીજાની ઈચ્છાને તાબે થવું પડે છે. આપણે વૈતરા-કૂલી થઈ ગયા છીએ; કારણ કે આપણો પોતાનો બોજો જાતે ઉપાડી લેવાની આપણામાં શક્તિ રહી નથી.

આપણે આપણા દેશના રાજ્યવહીવટનો બોજો નથી ઉપાડી શકતા, તેથીજ આપણે કૂલી-વૈતરા બનીને બીજા તરેહ તરેહના બોજા ઉપાડયા કરીએ છીએ. આપણે ત્રીસ કરોડ જણ કૂલી બનીને માનચેસ્ટરની મિલોનો બોજો ઉપાડીએજ છીએ ને ? આપણે બધાજ 'કૂલી'ઓ પરદેશી કપડાં પહેરવાનું છોડી દઇએ તો એ મિલોને આવતી કાલે તાળાં દેવાઈ જાય. બ્રિટિશ સામ્રાજ્યનું હિત જાળવવાને માટે આ દેશમાં રાખેલા મોટા લશ્કરના ગંજાવર ખર્ચનો બોજો નાના પ્રકારના કર ભરતા જઇને આપણે હિન્દી 'કૂલી'ઓ આજ કેટલાંએ વર્ષોથી ઉપાડતાજ આવ્યા છીએ. વળી બીજા જાત જાતના કર ભરીને, સરકારી નોકરીઓ કરીને તથા બીજી હજારો રીતે સરકારની સાથે સહકાર કરીને 'વિદેશી નોકરશાહી'ના ખર્ચનો બોજો, જે આખી દુનિયાના કોઇ પણ દેશના ખર્ચ કરતાં અનેકગણો વધી જાય છે તે બધો આપણે હિન્દી 'કૂલી'ઓ સૌ ભેગા મળીને ઉપાડીએ છીએ અને એ રીતે આપણે કૂલીનું-વૈતરાનું જીવન ગાળીએ છીએ.

અરે મારા વેતરા ભાઇઓ ! હું તમને કરગરી કરગરીને કહું છું કે હવે બહુ થયું. હવે આ પરાયું વેતરૂં વહેવાનું છોડી દો. એ સારૂં નથીજ. પારકાની મરજીને તાબે થઇને પરાયો બોજો ઉપાડો છો તે છોડી દો, અને તમારો પોતાનો બોજો તમે તમારી મેળે ઉપાડતા થઇ જાઓ; અને કોઇ પણ રીતે તમારી જનેતા જે જગતમાં "વેતરાઓની માતા" કહેવાય છે તેને ઠેકાણે "વીરોની માતા". કહેવાય એવું કરો.

સૌથી પહેલાં તો ખાદીનો થોડોક પણ ખરબચડો બોજો તમારી ખાંધ ઉપર રાજીખુશીથી લેતા થઇ જાઓ અને માનચેસ્ટરની બારીક અને સુંવાળી મલમલ વડે તમારી કાયાને ઢાંકવાનું વેતરૂં કરી રહ્યા છો તે છોડી દો, અને એ વેતરાના બદલામાં તમને બે પૈસા મજૂરીના મળતા હોય તેને પણ જતા કરો. તમે તમારૂં કાપડ બનાવી લેવાનો બોજો જાતે ઉપાડીને જુઓ તો ખરા. થોડા દિવસ એટલોજ બોજો ઉપાડવાની ટેવ પાડશો તો તમને માલૂમ પડશે કે તમારા આખા રાજ્યનો ગંજાવર બોજો ઉપાડવાની શક્તિ પણ તમારામાં પ્રકટ થઇ ગઈ હશે. એ શક્તિ તમારામાં આજે પણ છે; પરંતુ જ્યારે તે પ્રકટ થશે ત્યારે પરાયાએ તમને તેના દાસ ગણીને તમારી ખાંધે લાદશે બોજો ઉપાડવાનું વેતરૂં તમે કદી પણ નહિ. તેના બદલામાં તમારે જે જે દુઃખ પડવાનાં હશે તે બધાં વેઠી લેવાનું તમે કબૂલ કરશો પણ પારકાનું દાસત્વ તો તમે હરગીઝ કબૂલ નહિજ કરો.

* * * *

માટે ચાલો, મારા ભાઇઓ ! આપણે 'વેતરા' મટીને સાચા 'વીર' બનીએ. આપણો આપણો બોજો જાતેજ

ઉપાડી લઈએ. એમાં છે શું મોટું ?


ગુરૂ ગોવિન્દસિંહે પ્રતિજ્ઞા લીધી હતી કે 'ચિડિઓંકો મૈં બાજ બનાઉં' અને તેણે 'ચકલાં'ના 'બાજ' બનાવ્યા પણ ખરા. આપણે એના એજ ભારતવાસીઓ ફરી પાછા ચકલાં મટીને બાજ બની શકીએ; ગધેડાં મટીને સિંહ થઇ શકીએ; વેતરાઓ મટીને વીર થઈ શકીએ; ગુલામ મટીને રાજકુમાર પણ થઇ શકીએ. આપણી માતાને પણ આપણે 'વેતરાઓની માતા'ને બદલે 'વીરોની માતા'નું પદ અપાવી શકીએ, તેને 'ગુલામડી' મટાડીને 'રાણી' બનાવી શકીએ.

એમાં બનાવવાનુંજ શું છે ? જે રામ અને કૃષ્ણની જનેતા, ઋષિમુનિઓની જનેતા, ભીષ્મ અને અર્જુનની જનેતા, સીતા અને સાવિત્રીની જનેતા, ગઈ કાલેજ થઇ ગએલા પ્રતાપ અને શિવાજીની જનેતા છે તે શું 'વેતરાઓની માતા' કહેવાવા યોગ્ય છે ? તમે કોણ છો તેની તમને 'સ્મૃતિ' થાય એટલીજ વાર છે. ગુલામડીઓ રાણીઓ બનીને બેઠી છે ત્યારે જે રાણીજ છે તેને રાણી બનાવતાં વાર કેટલી ? એમાં મુશ્કેલી શાની ? એમાં ગભરાઇ જવા જેવું શું ?

ઓ ભારતવાસી ! જરા જો તો ખરો ? આપણે વેતરા બની બેઠેલા હિન્દમાતાના કપૂત દીકરાઓ આપણી માતાનેજ બંદીખાને નખાવીને ગુલામગીરીમાં કેવા ગુલતાન થઈ રહ્યા છીએ ? ઓ ભારતવાસી ! જો આ વાત તરફ તારૂં લક્ષ ન જતું હોય તો વ્યર્થ છે તારી પાઠપૂજા ! ધિક્કાર છે તારા ધર્મના અને યોગાભ્યાસના આડંબરને ! તું તારી જાતનેજ પૂછી જો કે તારી માતાની મુક્તિને માટે તું રોજ કેટલો યત્ન કરે છે ? દિવસના ૨૪ કલાકમાંથી તું કેટલો વખત માતાની પૂજામાં અને સેવામાં ગાળે

છે ? તું તારી માતાને આવી ને આવી હાલતમાં સબડવા દઈને ઈશ્વરની પ્રાપ્તિ કરવાની આશા રાખે છે ? તું તારી જાતને ઠગે છે. જૂઠા ધર્મના આડંબરને અને પાખંડોને વેગળાં મૂકીને અંતઃકરણ ઉપર જામેલા પક્ષપાતના મેલના પોપડા ધોઈ નાખીને, શુદ્ધ થઈ પોતાની માતાની સેવા કરવી એજ પુત્રની પહેલી ફરજ છે. ઈશ્વરપ્રાપ્તિનો એજ માર્ગ છે. જગદંબાની સેવા કરવાનું પણ એજ સાચું સાધન છે.

इति जगन्मात्रर्पणमस्तु ।



ઉપાડી લાવ્યો, એમાં છે શું નવું?

[illegible]

[illegible]

[illegible]

છે? તું તારી માતાને આવી ને આવી હાલતમાં રઝળવા દઈને ઈશ્વરની પ્રાપ્તિ કરવાની આશા રાખે છે? તું તારી જાતને ઠગે છે. જૂઠા ધર્મના આડંબરને અને પાખંડોને વેગળાં મૂકીને અંતઃકરણ ઉપર જામેલા પક્ષપાતના મેલના પોપડા ધોઇ નાખીને, શુદ્ધ થઇ પોતાની માતાની સેવા કરવી એજ પુત્રની પહેલી ફરજ છે. ઇશ્વરપ્રાપ્તિનો એજ માર્ગ છે. જગદંબાની સેવા કરવાનું પણ એજ સાચું સાધન છે.

इति जगन्मात्रर्पणमस्तु ।

हृदय-तरंग समाप्त



બ્રાહ્મણની 'ગૌ'

પ્રારંભિક વિવેચન

આ પુસ્તકમાં આપેલા બ્રહ્મગવી સૂક્તનું વાચન કરતા પહેલાં વાચક કેટલીક બાબતોની પહેલેથીજ બરાબર ચોખવટ કરી લે એ ઘણુંજ અગત્યનું છે; કેમકે વૈદિક શબ્દોના અર્થ, તેમના ભાવ અને અભિપ્રાય વગેરેમાં વખત જતાં ફેરફાર થયા કરે છે. વેદના જમાના અને આપણા જમાનાની વચ્ચે ઘણોજ લાંબો કાળ વહી ગયો છે; તેથી કરીને તે પ્રાચીન કાળમાં અમુક શબ્દ જે જે અર્થમાં વપરાતા હતા અથવા અમુક શબ્દની સાથે જે જે ભાવો જોડાઇ ગએલા હતા તે આજે આપણે આટલા લાંબા સમયના અંતર પછી બરાબર સમજી શકતા નથી. જે વખતે વેદની ભાષા લોકભાષા હશે, તે વખતના લોકો એ શબ્દોમાં રહેલો બધોજ ભાવ સમજી શકતા હશે; પણ ત્યાર પછી હજારો અથવા લાખો વર્ષો વીતી ગયા પછી આપણે આધુનિક સંસ્કૃત ભાષાનેજ કાંઇક સમજી શકીએ એવા (સંસ્કૃત ભાષા આપણે હાલને હિસાબે પ્રાચીન કહેવાય, પણ વૈદિક ભાષાને હિસાબે તો છેક આધુનિકજ ગણાય) હોવાથી વૈદિક ભાષાના શબ્દો તે વખતે કેવા કેવા

અર્થમાં વપરાતા હતા તે જાણવા માટે આપણે વિશેષ પ્રયત્ન કરવાની જરૂર પડે છે. વૈદિક ભાષા અને ચાલુ સંસ્કૃત ભાષા વચ્ચે એટલો બધો ફેર પડી ગયો છે કે કેટલાક વૈદિક શબ્દોના અર્થ સંસ્કૃત ભાષામાં બદલાઇ ગયા છે, એટલુંજ નહિ પણ કેટલાક દાખલામાં તો તદ્દન ઉલટપુલટ થઈ ગયા છે. આના ઉદાહરણ તરીકે 'વ્રાત્ય'* 'અસુર' વગેરે ઘણા શબ્દો ટાંકી શકાય છે. કહેવાની મતલબ એ છે કે, આ બ્રહ્મગવી સૂક્તનું ખરેખરૂં તાત્પર્ય સમજવાને માટે એમાં વારંવાર વપરાતા થોડાક મુખ્ય શબ્દોના અર્થ કાંઇક વિશેષ પ્રયત્ન કરીને સમજી લેવા જોઈએ. એવા મુખ્ય શબ્દો બધા મળીને ચાર છેઃ–૧ गौ, ૨ अद् ધાતુનાં રૂપ જેવાં કે अत्तेव, अद्यात्, अन्न વગેરે, ૩ ब्राह्मण, ૪ वैतहव्य.

આ ચાર શબ્દોના વૈદિક અર્થ જાણી લીધા પછી સૂક્તને સમજવામાં કશું મુશ્કેલ પડે એમ નથી; કારણ કે તેની વાક્યરચના ઘણીજ સરળ અને સુગમ છે. ઉપર ટાંકેલા ચાર શબ્દોને જેમના તેમ રહેવા દઈએ–તેમના અર્થનું સ્પષ્ટીકરણ ન કરીએ–તો સૂક્તનો સારાંશ નીચે મુજબ થવા જાય છેઃ–

"હે રાજા ! તું 'બ્રાહ્મણ'ની 'ગૌ'નું 'અદન' કરીશ નહિ; તેનો નાશ કરીશ નહિ. તું બ્રાહ્મણની હિંસા કરતો નહિ. એનું પરિણામ ઘણુંજ માઠું અને ભયંકર આવશે. મરી જતી 'બ્રાહ્મણ'ની 'ગૌ' આખા રાષ્ટ્રને મારી નાખે છે. 'વૈતહવ્ય' તો સેંકડો હજારો હતા, પણ 'ગૌ'નું 'અદન'

---

* ઋગ્વેદના પ્રાચીન મંત્રોમાં ઇન્દ્રાદિ દેવતાઓને માટે 'અસુર' શબ્દ વપરાયો છે. તે વખતે અસુર'નો અર્થ દેવ થતો. હતો. પાછળના જમાનામાં દેવને માટે 'સુર' શબ્દ વપરાતો થયો ત્યારે 'અ' ને નકારવાચક પ્રત્યય ગણીને 'અસુર'નો અર્થ રાક્ષસ થયો.

—અનુવાદક

કરવા જતાં બાધાઓ માર્યાં ગયા ...."

આટલો સારાંશ વાંચી લેતાં વાચકના સમજવામાં આવીજ ગયું હશે કે આ ચાર શબ્દોનોજ અર્થ સ્પષ્ટ થઈ જાય તો પછી આખા સૂક્તની મતલબ સમજવામાં કશી અડચણ રહેજ નહિ. આથી કરીને સૂક્તનો અર્થ સમજવા માટે જે ચાર મુદ્દાઓની ચોખવટ કરી લેવાની જરૂર છે તે આ ચાર શબ્દોના અર્થનીજ છેઃ–

૧–આ સૂક્તમાં બ્રાહ્મણની 'ગૌ' એ શબ્દ કયા અર્થમાં વપરાયો છે ?

૨–'ગૌનું' 'અદન' કરવું એટલે શું ?

૩–'બ્રાહ્મણ' શબ્દનો અર્થ શો કરવો ?

૪–'વૈતહવ્ય' એટલે શું ?

આ ચાર પૈકી 'ગૌ' અને 'બ્રાહ્મણ' એ બે શબ્દો તો એવા છે કે સંસ્કૃતમાં તો શું પણ હિંદી અને બીજી પ્રાકૃત ભાષાઓમાં પણ તે ઘણા પ્રસિદ્ધ છે. પરંતુ એજ શબ્દોનો વેદમાં જે જાણીતો અર્થ છે અને આ સૂક્તની અંદર તેમનો જે વાસ્તવિક અર્થ છે તે આપણા હાલના અર્થ કરતાં તદ્દન જુદીજ જાતનો છે. અદ્ ધાતુના અર્થમાં પણ તેમજ છે. હમણાં થોડી વાર ઉપરજ અમે વાચકને ચેતાવી ગયા છીએ કે વેદના અતિપ્રાચીન શબ્દોના અર્થમાં અને એના એજ શબ્દોના હાલના અર્થ, ભાવ અને અભિપ્રાયમાં ઘણો ફરક પડી ગયો છે. 'ગૌ' અને 'બ્રાહ્મણ' શબ્દોની પેઠે 'વૈતહવ્ય' શબ્દ સાધારણ વપરાશમાં આવ્યો નથી. તેથી કરીને તેનો અર્થ આપણે સાધારણ રીતે જાણતા નથી એટલા માટે 'વૈતહવ્ય' શબ્દનો અર્થ નક્કી કરતી વખતે 'ગૌ' 'બ્રાહ્મણ' અને 'અદન' શબ્દના અર્થ પણ પ્રયત્ન કરીને પહેલેથી ચોક્કસ કરી લેવા જોઈએ

[illegible]

[illegible]

[illegible] ? [illegible]

[illegible]

[illegible]

[illegible]

મતલબ એ છે કે વેદમાં 'ગૌ' શબ્દનો જે પ્રસિદ્ધ અર્થ છે તે ગાય નહિ પણ પૃથ્વી છે. ખરૂં જોતાં વેદમાં 'ગો'નો ગાય એવો પ્રસિદ્ધ અર્થ છેજ નહિ. વેદમાં 'ગો'ના જેટલા અર્થ છે તેમાં સૌથી મુખ્ય અને પ્રસિદ્ધ અર્થ પૃથ્વી છે. વૈદિક સાહિત્યમાં 'ગો' શબ્દના જે જે પ્રસિદ્ધ અર્થ છે તે બધાને તેમની પ્રસિદ્ધિના ક્રમમાં ગોઠવીએ તો (૧) પૃથિવી (૨) દ્યુલોક (૩) વાણી (૪) ગાય એવો ક્રમ છે. પછી એજ શબ્દના લાક્ષણિક અર્થ જોવા જઇએ તો 'ધન, કિરણ, પ્રકાશ, ઇન્દ્રિય, જલ, સ્તોતા અને ગાયની સાથે સંબંધ ધરાવતા દૂધ, ઘી, ચામડું' એવા અર્થનું સૂચન થાય છે. વૈદિક સાહિત્યમાં 'ગો' શબ્દ ઉપર ગણાવેલા બધા અર્થમાં વપરાયો છે. એટલા માટે આ સૂક્તનો ખરેખરો અર્થ શો છે તે સમજતા પહેલાં 'ગો'નો અર્થ ગાયજ થાય છે એવા સંસ્કાર આપણા મનમાં દૃઢ થઈ ગયા છે તેને તો સૌથી પહેલાજ દૂર કરવા જોઇશે. એટલું જો નહિ કરીએ તો આપણે હાથે વેદને ભારે અન્યાય થવાનો સંભવ છે. ગ્રિફિથ અને બીજા કેટલાક પાશ્ચાત્ય ટીકાકારોએ પણ આજ સૂક્તમાં 'ગો'નો અર્થ ગાયજ ઠોકી બેસાડયો છે; એટલા માટે આટલું લંબાણથી વિવેચન કરવાનું અમને જરૂરનું લાગ્યું છે. આવી ભૂલ થવાનું કારણ અસલના દૃઢ થઇ ગએલા સંસ્કારજ છે. આ સૂક્તમાં 'ગો'નો અર્થ ગાય કરવાથી સૂક્તના સામટા અર્થની સાથે તેનો મેળજ બેસતો નથી. (વાચક પોતે પણ આ વાત આખું સૂક્ત વાંચ્યા પછી જોઈ લેશે) અને છતાં ઉપર ગણાવ્યા તે બધા વિદ્વાનોએ આવી ભૂલ કરી દીધી છે તેના વડે જૂના સંસ્કારનું કેટલું જોર છે તેની એક વધારે સાબિતી મળે છે. એટલા માટે વેદના વાચન તરફ અનુરાગ ધરાવનાર વાચકોને અમે વિનતિ કરીએ છીએ કે વેદના 'ગો' શબ્દના પૃથિવી, દ્યો, વાણી, કિરણ, જલ વગેરે અનેક અર્થ થાય છે. ઓછામાં

ઓછા ૧૧ કે ૧૨) અને એ બધાજ અર્થમાં એ શબ્દ વેદના મંત્રોની અંદર વપરાયો છે. જેમણે પોતે વેદનો અભ્યાસ કર્યો છે તેઓ તો આ વાતથી અજાણ્યા હોયજ નહિ; તેઓ તો જાણેજ છે. વેદમાં 'ગૌ' શબ્દ અગીઆરથી બાર અર્થમાં જુદી જુદી જગ્યાએ વપરાયો છે; પરંતુ સામાન્ય કોટિના વાચકો પણ બરાબર યાદ રાખી લે કે 'ગૌ' શબ્દના જે અગીઆર બાર અર્થ થાય છે તેમાં ગાય એવો મુખ્ય અર્થ તો નથીજ.

ત્યારે હવે આપણે એ શોધી કાઢવાનું રહ્યું કે 'ગૌ'ના પૃથ્વી વગેરે જે અનેક જુદા જુદા અર્થ થાય છે તેમાંના કયા અર્થમાં તે આ સૂક્તની અંદર વપરાયો છે? સૂક્તને જરાક ધ્યાનપૂર્વક તપાસી જોતાં તરતજ ખબર પડી જાય છે કે અહીં તેનો 'વાણી' એવોજ અર્થ હોવો જોઈએ. અને પૃથ્વી, ઘૌ, ગાય વગેરે અર્થો અહીં બંધ બેસતા નથી. આગળ જતાં વાચકોની આગળ આ સૂક્તના મંત્રોનો અમે અર્થ કરતા જઇશું તે વખતે અહીં 'ગૌ'નો ગાય એવો અર્થ શા માટે બંધ બેસતો નથી તેનાં કારણ પણ અમે દરેક પ્રસંગે બતાવતાજ રહીશું. અત્યારે તો આ સૂક્તમાં 'ગૌ'નો અર્થ વાણીજ થાય છે અને બીજો કોઇ પણ અર્થ થતો નથી તેનો માત્ર એકજ પુરાવો આપવો અમને પૂરતો લાગે છે. અમારા મતના ટેકામાં અમે એક એવો સંગીન આંતરિક પુરાવો આપીશું કે તેને લક્ષમાં લીધા પછી બીજા પુરાવાની જરૂરજ નહિ રહે. આ સૂક્તનો આઠમો મંત્ર નીચે મુજબ છે:—

जिह्वा ज्या भवति कुल्मलं वाङ्, नाडीका दन्तास्तपसाभिदिग्धाः । तेभिर्ब्रह्मा विध्यति देवपीयून् हृद्बलैर्धनुभिर्देवजूतैः ॥

આ મંત્ર આખા સૂક્તની ઇમારતના પાયાને ટેકારૂપ

છે. આ મંત્રમાં બ્રાહ્મણ પોતાની 'ગૌ'રૂપી ધનુષ્ય વડે જુલમગાર રાજાનો કેવી રીતે નાશ કરે છે તે રૂપક અલંકાર દ્વારા બતાવ્યું છે. ધનુષ્યની સાથે જે ગૌનું રૂપક જોડાઈ ગયું છે તેમાં ધનુષ્યની પણછ, કામઠું વગેરે ભાગોને વાણીને ઉત્પન્ન કરનારા મોઢાના ભાગની સાથે સરખાવ્યા છે; ગાય નામના પશુના કોઈ પણ અવયવની એમાં કશી વાતજ નથી.

આ રૂપક અલંકારનું નીચે પ્રમાણે પૃથક્કરણ થાય છેઃ–

ધનુષ્ય	વાણી
જ્યા (પણછ)	જીહ્વા–જીભ
બાણનું ભરૂ અથવા રાડું	ઉચ્ચારેલો શબ્દ
બાણનું ભાલોડું	નાડીઓ અથવા જ્ઞાનતંતુઓ
અગ્નિ	તપ
ધનુષ્યનું કામઠું	હૃદયબળ

હવે આ ઠેકાણે જો 'ગો' શબ્દ ગાયના અર્થમાં વપરાયો હોત તો મનુષ્ય તથા તેનાં અંગોને જીભ, ઉચ્ચારેલા શબ્દો, ઉચ્ચાર કરવામાં વપરાતા અવયવોની સાથે ન સરખાવતાં ગાયનાં શિંગડાં, પૂછડું વગેરે ગાયના શરીરના અવયવો સાથે સરખાવ્યાં હોત. અહીં 'ગો' શબ્દનો અર્થ આટલો બધો સ્પષ્ટ છે છતાં ટીકાકારોએ તેનો ગાય એવો અર્થ કેવી રીતે બેસાડી દીધો એજ મોટી નવાઈની વાત છે. વાણીની સાથે તેની સરખામણી આટલી બધી ખુલી આંખે દેખાય એવી રીતે કરી છે, તે છતાં તેના તરફ ટીકાકારોનું લક્ષજ ન ગયું ? હા, વેદનાં કથન અપ્રાસંગિક, અસંબદ્ધ, યુક્તિવિરુદ્ધ અને કથા ઢગધડા વગરનાજ છે, એવું જો માની લઈએ ત્યારે તો તેઓ આ બાબતનો વિચાર ન કરે એ સમજી શકાય એવું છે. ખરી વાત એ

છે કે, પાશ્ચાત્ય પંડિતો તથા તેમને પગલે ચાલનારા આ દેશના પણ કોઈ કોઈ વિદ્વાનો એટલું તો કબૂલે [illegible] કે વેદના મંત્રોના અર્થમાં કાંઈક [illegible] તે લોકો [illegible] સુનિયુક્ત તો [illegible] એટલું પણ તેઓ માનતા નથી. આમ હોવાને લીધે વેદના મંત્રોના અર્થ કરતી વખતે તેઓ [illegible] કરીને તેઓ સ્વાભાવિક રીતે [illegible] અર્વાચીન સાહિત્યમાં વપરાતી [illegible] અર્થ [illegible] અર્થનો અનર્થ કરી બેઠા છે.

[illegible] 'ગૌ' શબ્દ [illegible] અર્થમાં વપરાયો [illegible]

પડે તે યથાર્થ રીતે દર્શાવી શકાય છે. 'ગૌ' શબ્દની સાથે સાથે નિર્દોષતા, સરળતા, ભોળપણ, રક્ષણીયતા વગેરે ભાવો ગુંથાઈ ગયા છે. બીજા શબ્દોમાં કહીએ તો 'ગૌ' એટલે 'ગરીબ બિચારી વાણી' એટલું તો જરૂર કહેવુંજ પડે. 'ગરીબ બાપડો બ્રાહ્મણ મારો ગયો' એ વાક્યની અંદર જે ભાવ સમાએલો છે તે બધોજ વૈદિક ભાષાના એક 'ગૌ' શબ્દમાં આવી જાય છે. કહેવાની મતલબ એ છે કે, વૈદિક ભાષાનો 'ગૌ' શબ્દ એટલે જાતે નિર્દોષ, બીજાનું હમેશાં ભલું કરનાર અને જેનું રક્ષણ કરવાનો સૌનો ધર્મ છે એવી ભલી ભોળી કોઈ વસ્તુ થાય છે. એટલાજ માટે વૈદિક ભાષામાં 'ગૌ'ના સમાન અર્થવાળા પર્યાય શબ્દની જગ્યાએ 'અઘ્ન્યા' જેને કદી મરાય નહિ એવું આપેલો છે. એ સર્વથા પળાવા-રક્ષાવા યોગ્ય છે, એ ભાવ લાવવાને માટે 'વાણી' શબ્દ ન વાપરતાં મંત્રના રચનારે ઈરાદાપૂર્વક 'ગૌ' શબ્દ વાપર્યો છે. નિઘંટુમાં તો ગાયનાં નામ ગણાવતી વખતે સૌથી પહેલુંજ નામ 'અઘ્ન્યા' બતાવ્યું છે; કારણકે તે સર્વથા રક્ષણને યોગ્ય છે. એજ પ્રમાણે બ્રાહ્મણની વાણી પણ સર્વથા રક્ષણીય છે, એ ભાવ દર્શાવવાને માટે વાણીને ઠેકાણે 'ગૌ' શબ્દ સકારણ વાપર્યો છે. 'હે રાજા! તું બ્રાહ્મણની વાણીનો નાશ કરીશ નહિ' એમ કહેવાને બદલે 'હે રાજા! તું બ્રાહ્મણની ગૌનો નાશ કરીશ નહિ' એમ કહેવાથી વાક્ય વધારે જોરદાર બને છે. બ્રાહ્મણની વાણી જે સર્વથા રક્ષણ કરવા યોગ્ય છે, જે સૌનું હિત કરનારી છે, જે નિષ્પાપ છે, તેનો નાશ કરવો એ ભારે પાપકર્મ છે, અને તે ગાયની હત્યા કરવા બરાબર છે, એવો ધ્વનિ એ વાક્યમાંથી નીકળે છે.

વૈદિક સાહિત્યમાં જે જે વસ્તુઓને માટે 'ગૌ' શબ્દ વપરાયો છે, તે દરેકની અંદર એક ભાવ તો બરાબર એક-

સરખો અંતર્ગત થએલો છે કે 'ગૌ' નામની બધીજ વસ્તુઓનું જો યોગ્ય રીતે પાલન-રક્ષણ કરવામાં આવે તો તેમના વડે ઘણો ઉપકાર થવાનો સંભવ છે. એ બધી વસ્તુઓને અસહાય, ગરીબ, નિર્બળ સમજીને કોઇ તેમનો નાશ કરે તો તે તો બિચારી મરી જાય અથવા મરી ગએલી દેખાય; પણ તેના અભાવથી આપણો પણ નાશજ થઇ જાય. પૃથ્વી, વાણી, કિરણ, ગાય વગેરે જે જે વસ્તુઓ 'ગૌ' કહેવાય છે તે બધી એવી વસ્તુઓ છે કે જેનો નાશ કરવાથી નાશ કરનાર અને તેની સાથે બીજા બધા પણ નાશ પામે છે. પૃથ્વીરૂપી ગૌને જો આપણે કાળજીપૂર્વક ખેડીએ, તેને ખાતર પાણી વગેરે આપીને તેનું જતન કરીએ તો એક દાણાની જગ્યાએ સેંકડો નવા દાણા આપણે સારૂ તૈયાર કરી દે છે. ગાયરૂપી 'ગૌ'ને જો પાળીએ-પોષીએ, તેને ઘાસચારો વગેરે આપીને સારી હાલતમાં રાખીએ તો તે આપણને અમૃત જેવું દૂધ દે છે. સૂર્યનાં કિરણરૂપી 'ગૌ'ને પણ જો આપણે મારીએ નહિ, બારીબારણાં બંધ કરીને ઘરમાં આવતું રોકીએ નહિ પણ ઘરમાં ચારે બાજુએથી આવવા દઇએ તો તે પણ અમૃત્ય જીવનશક્તિ આપનાર કરે છે. એજ પ્રમાણે વાણીરૂપી 'ગૌ' અને વિદ્યાને કરીને બ્રાહ્મણની વાણીનું યોગ્ય રીતે રક્ષણ અને પોષણ કરવામાં આવે તો તે પણ ભારે ઉપકારક વસ્તુ છે. આ બધા ભાવને એકજ શબ્દમાં સમાવીને ગ્રંથકર્તાએ [illegible] વૈદિક ભાષામાં વાણીને માટે 'ગૌ' ઉપરાંત બીજા અનેક શબ્દો છે, છતાં મંત્ર રચનારે વાણી માટે 'ગૌ' શબ્દજ વાપર્યો છે. આ ભાવને જેવા ને તેવા રૂપમાં આપણે [illegible] માટે અમે પણ તેનો 'વાણી' [illegible] અનુવાદ ન કરતાં 'ગૌ' શબ્દને કાયમ રાખીને 'વાણી-ગૌ' અથવા 'વાણીરૂપી ગૌ' એવો શબ્દ વાપરવાનું ઠીક માન્યું છે.

૨–તેનું 'અદન' કરવું એટલે શું ?

હમણાં 'ગૌ' શબ્દને વિષે જે વિવેચન કર્યું તેની સાથે સાથેજ આ સૂક્તમાં બ્રાહ્મણની વાણીને 'રોકવી' અથવા 'બંધ કરવી' એને માટે 'हन्' અથવા 'जद्' ધાતુનો શા માટે પ્રયોગ કર્યો છે તે પણ સમજી લેવું જોઇશે. એનો શબ્દાર્થ કરવા જઇએ ત્યારે તો વાણીને 'મારવી' અથવા તેને 'ખાઈ જવી' એવો અર્થ થાય; પણ એવો અર્થ જરૂર આપણા કાનમાં ખટકશે, આપણને તે અસ્વાભાવિક અને તાણી તૂશીને કર્યો હોય એવો લાગશે. પણ એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરવા જતાં આવા દોષ તો હમેશાંજ નડવાના. વૈદિક પરિપાટીથી જો આપણે માહિતગાર હોઇએ તો 'ब्राह्मणस्य गां जग्ध्वा' આવા વૈદિક વાક્યમાં આપણને ભારે સૌંદર્ય દેખાય, પણ એજ વાક્યનો 'બ્રાહ્મણની વાણીને ખાઇ જઇને' એવો ગુજરાતીમાં અનુવાદ કરીએ તો તેમાં ખામી એ છે કે મૂળ વાક્યનો ભાવ જરાએ દર્શાવાતો નથી અને અર્થનો છબરડો થઈ જાય છે. પાશ્ચાત્ય ટીકાકારો તો જરાએ અચકાયા વગર 'બ્રાહ્મણની ગાયને ખાઇ જઇને' એવો અર્થ કરી નાખશે, અને તેમાંથી એવો સાર પણ કાઢશે કે વેદના જમાનામાં લોકો ગાયો મારી ખાતા હતા તેની આ સાબિતી છે. પરંતુ આપણા લૌકિક સંસ્કૃત ભાષાના અભ્યાસથી ઉત્પન્ન થએલા સંસ્કારો પ્રમાણે વેદનો અર્થ ન કરતાં તે સંસ્કારોને એક કોરે મૂકીને વેદના મંત્રોને ફરી ફરીને વિચારીને, તેમાંના શબ્દોમાં વૈદિક ભાષાની રૂઢિ પ્રમાણે કેવા અર્થ, ભાવ અને અભિપ્રાય રહેલા છે તે બધું લક્ષમાં લઇને તેનો અર્થ કરવા બેસીએ તો આપણે ઉપર કહ્યો તેવો અર્થ તો નહિજ કરીએ. વૈદિક સાહિત્યમાં કયો અર્થ બતાવવાને માટે કેવી વાક્યરચના

કરવાનો રિવાજ છે એ જાણી લઈએ તોજ 'ગૌ' શબ્દ જોતાની સાથે લાગલોજ તેનો 'ગાય' અર્થ કરવાથી અને 'જગ્ધ્વા'નો શબ્દાનુવાદ 'ખાઈ જઈને' કરવાથી આપણે હાથે વેદના ઉપર કેટલો અત્યાચાર થાય છે તેનો આપણને ખ્યાલ આવે.

અંગ્રેજીમાં 'સ્વીટ ગર્લ'નો કોઈ 'મીઠી છોકરી' એવો અનુવાદ કરે તો તે અંગ્રેજી શબ્દપ્રયોગથી કેટલો અજાણ છે તે ઉઘાડું પડી જાય. એક વાર અમારા ગુરુકુળમાં એક સિંધી અધ્યાપક અંગ્રેજી સાહિત્ય શીખવતા હતા. શરૂઆતમાં તેમને હિન્દી આવડતું ન હતું. એક વાર સ્કૉટનું 'માર્મિયન' કાવ્ય શીખવતાં તેમણે 'સ્વીટ ગર્લ'નો બરાબર 'मिठ्ठी लडकी' એવોજ અનુવાદ કરી દીધો હતો. હવે આ ઉપરથી કોઇ એવું અનુમાન કરી બેસે કે સ્કૉટ કવિના જમાનામાં ઇંગ્લંડના લોકો છોકરીઓને ખાઈ જતા હતા; કેમકે ખાધા વગર તેમણે છોકરીનો સ્વાદ મીઠો છે કે કડવો તે જાણ્યુંજ શી રીતે તો તેણે કવિના કથનનો કેટલો બધો અનર્થ કર્યો કહેવાય ? 'યંગ ઇન્ડિયા' પત્રમાં કોઇ ઠેકાણે ÷એમ. ડી. ની સહીથી લખનારે લખ્યું હોય કે "ગાંધીજી વૉઝ્ ડ્રિન્કિંગ ઇન ધી સીનરી ઑફ ધી હિમાલયઝ ઍટ આલ્મોરા." હવે અંગ્રેજી ભાષાના શબ્દપ્રયોગથી અજાણ્યો એવો કોઇ લેભાગુ અંગ્રેજી ભણેલો એનો શબ્દાનુવાદ કરે કે "આલ્મોરા આગળનાં હિમાલયનાં દૃશ્યોમાં ગાંધીજી પીતા હતા" તો તેને હાથે અંગ્રેજી વાક્યની કેટલી દુર્દશા થઇ કહેવાય ? વળી "હી ડ્રિન્કસ" એટલે "તે દારૂ પીએ છે" એટલું જેણે ગોખી માર્યું છે એવો કોઈ પેલા કરતાં વધારે અંગ્રેજી ભણેલો માણસ ઉપલા વાક્યમાંથી એવો પણ અર્થ

÷ મહાદેવ દેસાઇ.

નીચોવી શકે છે " [illegible] હિન્દુસ્તાનનાં [illegible] બાપીજી દારૂ પીતા હતા" ત્યારે [illegible] કહેવાયને ? આવો અનર્થ કરવો એ [illegible] શું ? પણ વેદના 'ગાં अश्नन्' વાક્યનો 'ગાયને [illegible] જાઉને' એવો અર્થ કરનાર તો એથીયે વધારે [illegible] કરે છે.

ખરી વાત તો છે કે 'મધુર [illegible]' 'આનંદ પ્રસન્ન કરે એવી' એટલું લાંબુ લાંબુ ન કહેતાં 'મિષ્ટ' અથવા 'મધુર' શબ્દ વડે ઉપરનો ભાવાર્થ [illegible] રીતે દર્શાવી શકાય છે, અને તેમાં શબ્દનું સૌન્દર્ય વધુ વિશેષપણે ખીલી નીકળે છે, તેજ પ્રમાણે "આફ્રિકા હિન્દુસ્તાનનાં દરવેશને તન્મય થઈને જોતા હતા અને આનંદમાં ચકચૂર થતા હતા" એમ કહેવાને બદલે "બાપીજી તે દરવેશને પી રહ્યા હતા" એમ કહેવાથી વાક્યરચના વધારે સુંદર અને કવિત્વવાળી બને છે. એવીજ રીતે "રાજા બ્રાહ્મણની વાણીને રોકે છે, તેને બોલવા દેતો નથી" એમ ન કહેતાં "રાજા બ્રાહ્મણની વાણીને ખાઈ જાય છે" એવું કહેવાથી વાક્ય વધારે સુંદર થાય છે અને ભાવ વધારે સ્પષ્ટપણે તરી આવે છે. "ખાઈ જાય છે" એ શબ્દોમાં જે ભાવ સમાએલો છે તે "રોકે છે" એ શબ્દ વડે નથી દર્શાવાતો. રાજા " ઘણી સહેલાઈથી રમતાં રમતાં તેનો નાશ કરે છે, આનંદ લેતો લેતો તેનો પૂરેપુરો નાશ કરી દે છે" આ બધા ભાવ દર્શાવવાને માટે તે "વાણીને ખાઈ જાય છે" એવો વાક્યપ્રયોગજ ઘણો યોગ્ય છે. એ ભાવને વ્યક્ત કરવાના હેતુથી 'अद्' ધાતુનો ઉપયોગ કરવો પડયો છે. એના ઉદાહરણને માટે અમે એ સૂક્તમાંથીજ એક બે વચનો ટાંકીશું.

(૧) यो ब्राह्मणं अन्नमेव मन्यते। (મંત્ર ૪)

(૨) यो मन्यः ब्रह्मणामन्नं स्वादु अद्मि इति मन्यते। (મંત્ર ૭)

આ બેઉ વચનોનો અનુક્રમે નીચે મુજબ શબ્દાર્થ થાય છેઃ–

(૧) જે બ્રાહ્મણને અન્ન માને છે.

(૨) જે મલ્વ બ્રાહ્મણને (ખાતી વખતે) સ્વાદિષ્ટ અન્ન ધારીને પોતે તેને ખાતો હોય એવું માને છે.

અન્ન ધારીને પોતે તેને ખાતો હોય એવું માને છે. હવે અહીં બ્રાહ્મણને ખાઈ જવાની, ચાવી ખાવાની વાત તો નજ હોય એટલું તો પશ્ચિમના વિદ્વાનો પણ કબૂલ કરશે. ગાયને ખાવાની બાબતમાં તેમને ભલે સંદેહ હોય, પણ એટલું તો ચોક્કસ છે કે બ્રાહ્મણને ખાઇ જવાનો અર્થ તો આ વચનમાંથી નથીજ નીકળી શકતો. ત્યારે અહીં જે 'अन्न' શબ્દ છે તેનો શો અર્થ કરવો? અન્ન એટલે તો ખાવાની વસ્તુ; બીજો વળી શો અર્થ હોય? પણ અહીં 'अन्न' શબ્દનો ઉપયોગ અલંકારપૂરતોજ કર્યો છે. બ્રાહ્મણને 'अन्न'ની માફક ખાઈ જવો એટલે તેને ખૂબ સતાવવો, તેને ગરીબ નિર્બળ સમજીને સહેલાઈથી રાજી રહેતા રહેતા સતાવવો–મારવો એજ આ વચનનો મૂળ ભાવ છે. ત્યારે એજ સૂક્તમાં–ઉપર ટાંકેલા મંત્રોની આસપાસના મંત્રોમાંજ 'गौ' શબ્દ આવે છે તો ત્યાં પણ તેનો આવોજ આલંકારિક અર્થ ન લેતાં શામાટે શબ્દાર્થનેજ વળગી રહેવું? આ બે મંત્રોમાં બ્રાહ્મણના સંબંધમાં જેમ 'अद्' ધાતુનો પ્રયોગ કર્યો છે તેમ સૂક્તના છેવટના ભાગમાં 'गौ' ના સંબંધમાં પણ એવીજ મતલબથી 'अद्' ધાતુનો ઉપયોગ કર્યો છે, એ નાનું છોકરૂં પણ સમજી શકે એવી ખુલ્લી વાત છે. જો 'અદન' શબ્દનો બ્રાહ્મણના સંબંધમાં 'ખાવું' નહિ પણ 'તેને સતાવવો' 'તેનો નાશ કરવો.' એવો અર્થ પ્રો. હેગ અને ગ્રિફિથ પણ 'हन्ति' શબ્દનો અર્થ 'સ્માઈટ્સ' (મારે છે) કર્યો છે, 'હિંસા' (મારી

નાખે છે) એવો નથી કર્યો તો પછી 'ગૌ'–વાણીના સંબંધમાં 'નાશ કરવો' એવો અર્થ ન કરતાં 'ખાઇ જવી' એવો અર્થ કરવાની જરૂરજ ક્યાં રહી ?

આ ઠેકાણે 'અદન' શબ્દની અંદર જે ઉંડો ભાવ રહેલો છે તે એજ છે કે રાજા જેમ બીજી ઘણી વસ્તુ-ઓમાં રહેલા હાનિકારક અંશનો પોતાની રાજશક્તિ વડે સહેલાઈથી નાશ કરે છે, તેવી રીતે તે ગરીબ બિચારા બ્રાહ્મણના નિર્દોષ અવાજને (વાણી–ગૌ) દબાવી દે છે; તેને અતિ તુચ્છ સમજીને સહેલાઈથી ખાઈ જવાની ચીજ માની લે છે. આ સૂક્તને વાચકો જેમ જેમ વાંચતા જશે, તેમ તેમ ઉપર કહેલો ભાવ તેમને પ્રત્યેક મંત્રમાં સ્પષ્ટ માલૂમ પડશે.

વેદના 'અદ્' ધાતુને એક બાજુએ પડયો મૂકીએ અને હિન્દી, ગુજરાતી એવી હરકોઇ ચાલુ ભાષામાં 'ખાવું' એ શબ્દ આલંકારિક રીતે કેટલા જુદા જુદા અર્થમાં વપરાય છે તેનાં થોડાંક ઉદાહરણ આપીને આ વાતને વધા-રે સ્પષ્ટ કરીએ. પંડિત સાતવળેકરજી પોતાના અથર્વવેદના 'સુબોધ ભાષ્ય'માં આ પ્રસંગે એક ઘણુંજ સરસ ઉદાહરણ આપે છે. તે લખે છે કે જ્યારે અમુક સરકારી અમલદારને વિષે કોઈ કહે કે એ પૈસા ખાઈ જાય છે ત્યારે તે રૂપી-આ આના પાઇ ધાણીચણાની માફક ચાવી ખાય છે એવો કોઇ અર્થ કરતું નથી. અથવા અમુક રાજાને વિષે એવું કહેવાય કે તે પોતાની પ્રજાને ખાઇ જાય છે ત્યારે તે પ્રજાનાં માણસોને ચાવીને પોતાના પેટમાં ઉતારી દે છે એવો અર્થ નજ થાય. આ સૂક્તમાં પણ 'અદ્' ધાતુનો પ્રયોગ બરાબર આવાજ હેતુથી કર્યો છે. રાજા 'ખાઇ જાય છે' એવું કહેવાથી જે ભાવ વ્યક્ત થાય છે તે ભાવ 'અદ્' ધાતુનો પ્રયોગ ન કરતાં 'તે સહેલાઈથી નાશ કરી નાખે

છે' અથવા 'બહુ મજાની સાથે અટકાવી દે છે' એવી રીતે લખવાથી કદાપિ ઉતરી શકત નહિ. એજ પ્રમાણે જ્યારે આપણે કહીએ કે ફલાણો માણસ **'લાંચ ખાય છે,'** 'અમુક માણસ અમુકની મિલ્કત **ખાઇ** ગયો,' 'આજે મને મચ્છરોએ **ફોલી ખાધો,'** 'અમુક માણસ અમુકનું બધું **હોઇઆં કરી ગયો,'** ત્યારે એવાં વાકયોમાં **'ખાય છે,' 'ખાઇ ગયો,' 'ફોલી ખાધો,' 'હોઇઆં કરી ગયો'** એ શબ્દોનો માત્ર શબ્દાર્થજ લક્ષમાં લઇએ તો તેની બધી ખુબી મારી જાય અને ઉલટો અર્થનો અનર્થ થઇ જાય. એવી રીતે રાજા બ્રાહ્મણની વાણીનો ઘણી સહેલાઈથી નાશ કરે છે એમ કહેવાને બદલે રાજા તેને ખાઇ જાય છે–તેનું 'અદન' કરે છે–એવું કહેવાથી વાકયરચના ઘણી ખુબીદાર અને પૂરેપુરી ભાવવાહી બને છે એવું કહેવાની હવે ભાગ્યેજ જરૂર રહી હોય.

વિશેષ સ્પષ્ટીકરણ કરવાને સારૂ એક બીજી દલીલ પણ અમે રજુ કરીએ છીએ કે વાણીના સંબંધમાં આ સૂક્તની અંદર જે अद् ધાતુનો પ્રયોગ થયો છે તે 'अद्–भक्षणे' ના અર્થમાં નહિ પણ વૈદિક વ્યાકરણના નિયમ મુજબ 'अद्–बन्धने' ના અર્થમાં વપરાયો છે. એટલે વાણીનું અદન કરવું એનો અર્થ વાણીને ખાવી એવો નહિ પણ વાણીને રોકવી, દબાવી દેવી, રૂંધી નાખવી–આજની ભાષામાં કહીએ તો ફોજદારી કાયદાની ૧૪૪મી કલમ લાગુ પાડવી. જેમના મગજમાં अद् એટલે ખાવું એ એકજ અર્થ ઘૂસી ગયો હોય અને તેથી જેમને अद् ધાતુના બીજા પ્રયોગ સમજમાં ન આવતા હોય તેમને માટે આટલી વ્યાકરણની ચર્ચા કરવી પડી. બાકી સાદી હકીકત તો એવી છે કે ભાષા પહેલી અને વ્યાકરણ પછી. વ્યાકરણ રચનારાઓએ ધાતુના અર્થ નક્કી કર્યા તે પહેલાં તે ધાતુ-

એનો લોકો વાતચીતમાં અનાદિકાળથી ઉપયોગ કરતા હતા. પાણિનીએ જોયું કે લોકો અદ્ શબ્દનો ઉપયોગ ખાવામાં તેમજ બન્ધન કરવામાં બેઉ અર્થમાં કરે છે ત્યારે તે ઉપરથી તેણે 'अद्-भक्षणे' 'अद्-बन्धने' એવા બે જુદા અર્થવાળા ધાતુઓ વ્યાકરણમાં દાખલ કર્યા. અર્થાત્ 'વાણીનું અદન કરવું' એટલે 'વાણીને ખાવી' એમ વિચારતાની સાથેજ 'વાણીને રોકવી' એ અર્થ પણ આપોઆપજ સમજાઈ જાય છે. અમુક શબ્દ અમુક ધાતુમાંથી બન્યો છે એ તો લોકોને સમજાવવાને માટે કહેવું પડે છે. હવે આટલા વિવેચન પછી અદન કરવું એટલે બન્ધન કરવું, અટકાવ કરવો, એ અર્થજ બંધબેસતો છે તેની સૌને ખાત્રી થઈ હશે.

આની આજ વાત જો શબ્દશાસ્ત્રની દષ્ટિએ સમજાવવી હોય તો अद् भक्षणे એ अद् ધાતુનો એક રૂઢ પ્રયોગ છે, એમ કહેવાનું આપણે વધારે પસંદ કરીએ. આ સૂક્તમાં 'વાણી'ને ઠેકાણે 'ગૌ' શબ્દ વાપર્યો છે ત્યારે અદન શબ્દનો અર્થ કરતી વખતે બન્ધનની સાથે ભક્ષણનો ભાવ પણ સામેલ કર્યાથી અર્થ વધારે સરસ દીપી ઉઠે છે, એ પણ હવે સૌને સમજાયુંજ હશે. વૈદિક સાહિત્યમાં વ્યાકરણના નિયમોના સંબંધમાં ઘણી શિથિલતા જોવામાં આવે છે એટલે બધી જગ્યાએ વ્યાકરણના નિયમો પૂરેપુરા પાળ્યા નથી એ વાત ખરી હોય તોપણ અહીં તો વ્યાકરણ આપણી તરફેણમાં છે અને તે દષ્ટિએ પણ अद् ધાતુને આલંકારિક રીતે ભક્ષણના અર્થમાં લેવો વધારે સરળ થઇ પડે છે. अद्‌ને ભક્ષણના અર્થમાં લ્યો અથવા બન્ધનના અર્થમાં લ્યો તોપણ એક વાત આપણે મનમાં બરાબર ઠસાવી રાખવી જોઇએ કે, આ સૂક્તમાં વાણીની સાથે અદન શબ્દ આવે છે તેનો અર્થ વાણીને રોકવી અથવા બાંધવી એવોજ કરવાનો છે અને મોઢામાં નાખીને ગળી જવી

એવો અર્થ કરવાનો નથી.

'ગૌ' અને 'અઘ્ન' એ શબ્દોનો અર્થ 'વાણીને રોકવી, ગૂંગળાવવી' એવો જે અમે કર્યો છે તે તેનો વાસ્તવિક અર્થ છે અને તાણીતૂશીને બેસાડયો નથી, એટલું વાચક હવે કબૂલ કરશે એવી આશા અમે આટલા લંબાણથી કરેલા વિવેચન પછી રાખીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે, તેઓ સૂક્તના ખરા અર્થને મનમાં ઠસાવવાનો પ્રયત્ન કરે અને પોતાના પાછલા સંસ્કારોને લીધે વેદનો અનુવાદ કરવામાં જેઓ જોઇએ તેવા સાવધાન રહ્યા ન હતા તેમણે કેટલો અનર્થ કર્યો છે અને વેદના ઉપર કેટલો અસહ્ય બળાત્કાર કર્યો છે તેનો મનમાં અનુભવ કરતા થાય.

હવે આ સૂક્તમાં 'બ્રાહ્મણ' શબ્દ આવે છે તેના અર્થને વિષે વિચાર કરીશું.

૩–બ્રાહ્મણ કોણ?

બ્રાહ્મણ એટલે શું? બ્રાહ્મણ કેહેવો કોને? અહીં પણ 'ગૌ' શબ્દની માફક 'બ્રાહ્મણ' શબ્દના સંબંધમાં આપણા જૂના દૃઢ થઈ ગએલા સંસ્કાર આપણને ખરો અર્થ સમજવા દેતા નથી. આજે તો 'બ્રાહ્મણ' શબ્દ આપણે કાને પડતાંજ ટીલાં ટપકાં અને ચોટલીવાળું, જડસુ, જૂની રૂઢિઓને જળોની પેઠે વળગી રહેનારૂં, અભણ, યજમાનને ઘેરથી ક્યારે નોતરૂં આવે તેની કાગને ડોળે રાહ જોનારૂં, કાં તો રસોઈ અને કાં તો સ્ટેશનો ઉપર 'બ્રાહ્મણીઆ પાણી' વેચવાનો ધંધો કરનારૂં બેપગું પ્રાણી આપણી સામે ખડું થઇ જશે. આજે તો 'બ્રાહ્મણ' એટલે 'બામણ' એવોજ અર્થ કરવાની લોકોને ટેવ પડી ગઇ છે. મુંબઈમાં તો રસોઇઆને બદલે 'ભટ' અથવા 'બ્રાહ્મણ' શબ્દજ વાપરવાનો રિવાજ છે. પરંતુ જેમણે વેદનો કાંઇક પણ અભ્યાસ કર્યો હશે તેમનો બ્રાહ્મણનો ખ્યાલ આના

કરતાં તદ્દન જુદાજ પ્રકારનો હોય છે. વેદમાં બ્રાહ્મણને સમાજનું મુખ કહ્યો છે. તે મુખના જેવોજ તદ્દન નિઃસ્વાર્થ વ્યક્તિ છે. મોઢામાં જે નાખો તેને ચાવીને રસ કરીને મોદું જઠરને આપી દે છે. એજ પ્રમાણે બ્રાહ્મણ પોતે કોઇ જાતના ભોગ ન ભોગવતાં, ભોગની તૃષ્ણા પણ ન રાખતાં પોતાના જ્ઞાન અને યજ્ઞ (ત્યાગ–તપ) વડે બીજાઓનું નિરંતર ભલું કરવાના કામમાં મચ્યો રહે છે. વેદમાં જેને બ્રાહ્મણ કહ્યો છે તેનું આવું સામાન્ય સ્વરૂપ છે.

પણ જે સૂક્ત આ પુસ્તકનો વિષય છે તેમાં 'બ્રાહ્મણ' શબ્દનો ઉપયોગ પ્રજાના સંબંધમાં કર્યો છે; માટે આ જગ્યાએ બ્રાહ્મણનો અર્થ 'પ્રજાનો નિઃસ્વાર્થ સેવક' એવોજ કરવો જોઇશે. આવો અર્થ શામાટે કરવો જોઇએ તેની સાબિતીઓ પણ એજ સૂક્તમાં એક જગ્યાએ નહિ પણ અનેક જગ્યાએ જોવામાં આવશે. દાખલા તરીકે ૧૨ મા મંત્રમાં પ્રજાને બ્રાહ્મણની પ્રજા કહી છેઃ—

"प्रजां हिंसित्वा ब्राह्मणीम्"

એની પહેલાંના સૂક્તમાં એટલે ૫—૧૯ મા સૂક્તના ૧૧ મા મંત્રમાં પણ પ્રજાને બ્રાહ્મણી એટલે બ્રાહ્મણની પ્રજા કહી છે. એની આગળના ૫–૧૭ મા સૂક્તમાં એકલા બ્રાહ્મણનેજ સમસ્ત પ્રજાનો અથવા લોકસભાનો પતિ કહ્યો છે. જુઓઃ—

ब्राह्मण एव पतिः न राजन्यो न वैश्यः

(૫–૧૭–૯)

એકલોજ પતિ છે–રાજા પણ નહિ અને વૈશ્ય

* બ્રહ્મગવી સૂક્તના છઠ્ઠા મંત્રમાં બ્રાહ્મણને અગ્નિ પણ કહ્યો છે. ત્યારે આ બધાં ને બ્રાહ્મણ કહ્યો છે તે કેવી જબરદસ્ત વ્યક્તિ

એવો અર્થ કરવાનો નથી.

'ગૌ' અને 'બ્રહ્મન' એ શબ્દોનો અર્થ જાણીને રેવ. [illegible] એ જે અર્થ કર્યો છે તે તેનો વાસ્તવિક અર્થ છે અને તત્ત્વજ્ઞાનીઓને બેસાડયો નથી, એટલું વાચક [illegible] કબૂલ કરશે એવી આશા અને આટલા લંબાણથી કરેલા વિવેચન પછી રાખીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે, દરેક હિંદના ખરા આર્યો મનમાં ઉતારવાનો યત્ન કરે અને પોતાના [illegible] સંસ્કારોને લોપે વેદનો અનુવાદ કરનારાઓ લોકો કેવા સાવધાન રહ્યા ન હતા તેમણે કેટલો અનર્થ કર્યો છે અને વેદના ઉપર કેટલો આવો અત્યાચાર કર્યો છે તેનો મનમાં અનુભવ કરતા થાય.

હવે આ સૂક્તમાં 'આઘ્ન્યા' શબ્દ આવે છે તેના અર્થનો વિચાર કરીશું.

૩—આઘ્ન્યા કોણ?

આઘ્ન્યા એટલે શું? આઘ્ન્યા કહેવા કોને? [illegible]

કરતાં તદ્દન જુદાજ પ્રકારનો હોય છે. વેદમાં બ્રાહ્મણને સમાજનું મુખ કહ્યો છે. તે મુખના જેવોજ તદ્દન નિઃસ્વાર્થ વ્યક્તિ છે. મોઢામાં જે નાખો તેને ચાવીને રસ કરીને મોઢું જઠરને આપી દે છે. એજ પ્રમાણે બ્રાહ્મણ પોતે કોઇ જાતના ભોગ ન ભોગવતાં, ભોગની તૃષ્ણા પણ ન રાખતાં પોતાના જ્ઞાન અને યજ્ઞ (ત્યાગ-તપ) વડે બીજાઓનું નિરંતર ભલું કરવાના કામમાં મચ્યો રહે છે. વેદમાં જેને બ્રાહ્મણ કહ્યો છે તેનું આવું સામાન્ય સ્વરૂપ છે.

પણ જે સૂક્ત આ પુસ્તકનો વિષય છે તેમાં 'બ્રાહ્મણ' શબ્દનો ઉપયોગ પ્રજાના સંબંધમાં કર્યો છે; માટે આ જગ્યાએ બ્રાહ્મણનો અર્થ 'પ્રજાનો નિઃસ્વાર્થ સેવક' એવોજ કરવો જોઇશે. આવો અર્થ શામાટે કરવો જોઇએ તેની સાબિતીઓ પણ એજ સૂક્તમાં એક જગ્યાએ નહિ પણ અનેક જગ્યાએ જોવામાં આવશે. દાખલા તરીકે ૧૨ મા મંત્રમાં પ્રજાને બ્રાહ્મણની પ્રજા કહી છે:-

" प्रजां हिंसित्वा ब्राह्मणीम् "

એની પહેલાંના સૂક્તમાં એટલે ૫—૧૯ મા સૂક્તના ૧૧ મા મંત્રમાં પણ પ્રજાને બ્રાહ્મણી એટલે બ્રાહ્મણની પ્રજા કહી છે. એની આગળના ૫-૧૭ મા સૂક્તમાં એકલા બ્રાહ્મણનેજ સમસ્ત પ્રજાનો અથવા લોકસભાનો પતિ કહ્યો છે. જુઓઃ-

ब्राह्मण एव पतिः न राजन्यो न वैश्यः

(૫-૧૭-૯)

(બ્રાહ્મણ એકલોજ પતિ છે-રાજા પણ નહિ અને વૈશ્ય પણ નહિજ.)

વળી આ બ્રહ્મગવી સૂક્તના છઠ્ઠા મંત્રમાં બ્રાહ્મણને આખા રાષ્ટ્રદેહનો અગ્નિ પણ કહ્યો છે ત્યારે આ બધાં સૂક્તોમાં જેને બ્રાહ્મણ કહ્યો છે તે કેવી જબરદસ્ત વ્યક્તિ

હોવી જોઇએ તેનો હવે વાચકને ખ્યાલ આવી ગયો હશે. સારાંશમાં બ્રાહ્મણ એટલે "પ્રજાનો મોટો નિઃસ્વાર્થ સેવક અથવા પ્રજાનો મોટો નેતા." વળી એજ સૂક્તના ૧૩ મા મંત્રમાં બ્રાહ્મણને 'દેવબન્ધુ' કહ્યો છે અને પ્રજાદ્રોહી રાજાને 'દેવપીયુ' કહ્યો છે. બ્રાહ્મણ એટલે પ્રજાનો સાચો નેતા એજ આ સૂક્તનો અભિપ્રાય છે. તેની આ એક બીજી સાબિતી છે. ભારતવર્ષમાં અત્યારે જે સ્થાન ગાંધીજી ભોગવે છે તેનો પોતાના મનમાં ખ્યાલ રાખીને વાચક આ સૂક્તને વાંચશે તો તેઓ 'બ્રાહ્મણ'ની સાચી કલ્પના કરી શકશે. ગાંધીજીના જેવા સાચા પ્રજાનેતાના અર્થમાંજ આ સૂક્તની અંદર 'બ્રાહ્મણ' શબ્દ વાપર્યો છે. અત્યારે સમાજમાં સારી રીતે જાણીતા થએલા "સત્યાગ્રહી' શબ્દમાં જે ભાવ રહેલો છે બરાબર તેજ ભાવ અસલના 'બ્રાહ્મણ' શબ્દમાં સમાએલો છે. 'બ્રહ્મ' શબ્દનો અર્થ 'સત્ય જ્ઞાન' અથવા 'અનુભવયુક્ત જ્ઞાન' થાય છે. વેદને પણ એટલા માટેજ 'બ્રહ્મ' કહે છે; કેમકે તે સત્યજ્ઞાનસ્વરૂપ છે. પણ એની સાથે સાથે 'બ્રહ્મ' શબ્દનો વૈદિક અર્થ 'કર્મ' પણ થાય છે. યાસ્ક મુનિ 'બ્રહ્મ શબ્દનો એક અર્થ કર્મ પણ માને છે. એટલા માટે બ્રાહ્મણ શબ્દનો પૂરો અર્થ તો "સત્યજ્ઞાનને કર્મમાં ઉતારનાર" એવો થાય. તેથી અમે કોઇ કોઇ ઠેકાણે અર્થની વધારે ચોખવટ કરવાને ખાતર 'બ્રાહ્મણ' અથવા 'બ્રહ્મ' શબ્દનો અર્થ 'સત્યાગ્રહી' એવો કર્યો છે તે યોગ્યજ કર્યું છે. પ્રજાના સત્યાગ્રહી નેતા એટલે બ્રાહ્મણજ હોઈ શકે—જ્ઞાન અને [illegible] નહિજ. પરંતુ તે બ્રાહ્મણના પ્રાચીન અર્થમાં, હાલના [illegible] અર્થમાં તો કદાપિ નહિ.

હવે ઉપર કહ્યા [illegible] કેટલી [illegible] છે તે [illegible] ડૉ. [illegible]

એજ બ્રાહ્મણની ખરેખરી અગત્યની અને મુખ્ય વસ્તુ છે. 'બ્રાહ્મણોસ્ય મુખમાસીત્' એ પુરુષસૂક્તનું પ્રસિદ્ધ વચન છે. રાષ્ટ્રશરીરનું મુખ બ્રાહ્મણ છે. બ્રાહ્મણની મારફતેજ રાષ્ટ્ર પોતાના વિચાર પ્રકટ કરે છે. મનુષ્યશરીરના મુખની સાથે આપેલી ઉપમાનું જરાક પૃથક્કરણ કરીને જોઈશું તો જણાશે કે મુખની અંદર પાંચ જ્ઞાનેન્દ્રિય અને માત્ર એક જ કર્મેન્દ્રિય છે અને તે વાણીજ છે. એટલે કે બ્રાહ્મણ તમામ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરે ત્યાર પછી જો કોઈ પણ કર્મ કરવાનો તેને અધિકાર હોય તો તે એકમાત્ર વાણી વડેજ–પોતાની વાણી વડે તે જ્ઞાનનો પ્રચાર કરી શકે છે. રાષ્ટ્રના શારીરિક બળમાં અથવા ધનમાં વધારો કરીને રાષ્ટ્રની સેવા કરવાનું કામ બ્રાહ્મણનું નથી. એ બેઉ બળની ઉપેક્ષા કરીને તેમના કરતાં પણ વધારે શ્રેષ્ઠ બળ જે જ્ઞાનબળ છે તેને ઉત્પન્ન કરીને તેનો પોતાની વાણી દ્વારા સમાજમાં ફેલાવો કરવાનું કામ બ્રાહ્મણનું છે. તે સમાજની આવી ઉત્તમ પ્રકારની સેવા કરે છે એટલા માટે રાષ્ટ્રશરીરનું ઉત્તમ અંગ જે મુખ છે તેની સાથે તેની સરખામણી કરી છે અને સમાજમાં ઉંચામાં ઉંચું સ્થાન તેનું મુકરર છે. સમાજમાં જ્ઞાનનો ફેલાવો કરવાનું, સમાજને વખતોવખત તેના કર્તવ્યનો ઉપદેશ કરવાનું કામ ઉપર કહ્યા તેવા બ્રાહ્મણનુંજ હોઇ શકે, એ વાત તો ઘણામાં ઘણી સ્પષ્ટ છે. તો પછી એવા બ્રાહ્મણને સત્યનો ઉપદેશ દેતો રોકવો—તેને મોઢે ડૂચો મારવો એ કેટલું ભયંકર પાપ છે તે પણ તેટલુંજ સ્પષ્ટ છે. એટલા માટેજ આ સૂક્તમાં બ્રાહ્મણની વાણીને રોકનારની ખૂબ સખતમાં સખત શબ્દોમાં ઝાટકણી કાઢી છે.

ઉપરના [illegible] એટલુંજ કહેવાનું કે આ સૂક્તનું અધ્યયન [illegible]

કે, હાલ જેઓ બ્રાહ્મણ કહેવાય છે તેમને જોઇને આપણા મનમાં બ્રાહ્મણ વિષેનો જે ખ્યાલ ઘૂસી ગયો હોય તે કાઢી નાખવો અને બ્રાહ્મણ એટલે "પ્રજાનો સાચો નિઃસ્વાર્થ મિત્ર, હિતેચ્છુ અને તેનો સાચો નેતા" એ વ્યાખ્યાને હમેશાં નજર આગળ રાખવી.

૪–વૈતહવ્યનો અર્થ શો ?

હવે ચોથી બાબત 'વૈતવ્ય' શબ્દનો અર્થ નક્કી કરવાની છે અને તે એટલી બધી કઠણ નથી; કેમકે એ પ્રસિદ્ધ શબ્દ નથી. તેથી કરીને તેને વિષે આપણા મનમાં અશુદ્ધ સંસ્કાર ઘર કરી બેઠા નથી કે જેમને પ્રયત્ન કરીને ધકેલી કાઢવા પડે. એટલા માટે એનો અર્થ સમજવા સારૂ એનો ધાત્વર્થ સહિત શબ્દાર્થ જોઈ લઇએ એટલે બસ.

'वीतहव्य' શબ્દ ઉપરથી વૈતહવ્ય શબ્દ બન્યો છે. વીતહવ્યમાં બે પદ છે: વીત+હવ્ય=હવિ=હોમવાનું. વીત એટલે 'ખાઈ લીધું', ખતમ કરી નાખ્યું, ખર્ચી નાખ્યું, 'वीखादने અથવા वि पूर्वक इण धातु'માંથી આ શબ્દની વ્યુત્પત્તિ થાય છે. ત્યારે વીતહવ્ય એટલે वीतं खादितं हविः हव्यं वा येन=યજ્ઞમાં હોમવાનું દ્રવ્ય જે ખાઇ ગયો છે એવો હવ્ય અથવા હવિનો અર્થ તો આપણે જાણીએ છીએજ. દેવોના ભાગને હવ્ય કહે છે. યજ્ઞમાં દેવતાઓને તેમના ભાગનો જે હિસ્સો આપવાનો હોય તેનું નામ હવ્ય. યજ્ઞમાં વાપરવાના પદાર્થને ખાઇ જનાર મહાપાપી કહેવાયજ. એ કામ તો અસુર લોકોનું–દૈત્યોનું છે. એટલા માટે 'वीतहव्य' એટલે તે પાપી માણસ કે જે યજ્ઞના હવ્ય પદાર્થોને–દેવતાઓના ભાગને દેવતાઓને અર્પણ ન કરતાં પોતેજ ખાઇ જાય, પોતાના સ્વાર્થમાંજ ખર્ચી નાખે.

આ તો જાણે સામાન્ય યજ્ઞની વાત થઇ. પરંતુ રાષ્ટ્ર યજ્ઞના સંબંધમાં વીતહવ્યનો શો અર્થ લેવો તે નક્કી

કરવા માટે રાષ્ટ્રયજ્ઞનો હવિ એટલે શું તે વિષે જરાક વધારે ઉંડા ઉતરીને વિચાર કરવાની જરૂર રહે છે. રાષ્ટ્ર-યજ્ઞનો હવિ એટલે **"રાજાને પ્રજાની પાસેથી મળેલા કરનું (ટેક્સનું) નાણું"** એવો અર્થ થાય. યજ્ઞમાં હોમવાનું ઘી વગેરે પદાર્થોને આપણે સાધારણ ભાષામાં શા કારણથી હવિ કહીએ છીએ? 'હુ દાનાદાનયોઃ' એવી હવિ શબ્દની વ્યુત્પત્તિ થાય છે, જેનો અર્થ દાન અને આદાન-લેવું અને પાછું આપવું એવો થાય છે. યજ્ઞમાં જે પદાર્થ હોમાય છે તેમાં પણ 'લેવા આપવાનો' ભાવ તો રહેલોજ છે. યજ્ઞમાં આપણે જે કાંઈ હોમીએ છીએ-દાન કરીએ છીએ તે હજારગણું થઇને આપણને પાછું મળે છે—આદાન થાય છે એજ યજ્ઞનું ખરૂં મહત્ત્વ છે અને એમાંજ હવિની સાર્થકતા છે. એજ પ્રમાણે રાષ્ટ્રયજ્ઞ પણ પ્રજાએ રાજાને આપેલા કર (ટેક્સ) વડે ચાલે છે. પ્રજા રાજાને કર આપે છે, એ જાણે દાન થયું. હવે રાજા અથવા સરકાર એવી રીતે મળેલા કરનો એવો ડહાપણપૂર્વક ઉપયોગ કરે કે પ્રજાએ આપેલા કરના બદલામાં તેમને કરની કિંમત કરતાં હજારગણો લાભ પહોંચે ત્યારે રાજાએ તેનું આદાન કર્યું કહેવાય. રાજાને પ્રજા પાસેથી કર ઉઘરાવવાનો અધિકાર આપેલો છે તેમાં આ હેતુ રહેલો છે. પ્રજા પાસેથી લીધેલા ધનનો પ્રજાના હિતમાં ખરચ કરવો એજ કરનો (ટૅક્સનો) સિદ્ધાન્ત છે. કવિ કાલીદાસે, રઘુ રાજાની કર લેવાની રીતને સૂર્યની સાથે સરખાવી છે. તેનો આધાર પણ ઉપર કહેલા સિદ્ધાન્તના ઉપરજ છે. સૂર્ય જેમ શોષેલું પાણી વરસાદના રૂપમાં તેને હજારગણું કરીને પાછું આપે છે, તેમ રાજાએ અથવા જે વખતે જે રાજાને ઠેકાણે હોય તે સરકારે પણ કરવું જોઇએ. આ રહ્યો તે કાલિદાસનો શ્લોકઃ—

प्रजानां हि भूत्यर्थं स ताभ्यो बलिमग्रहीत् ।
सहस्त्रगुणमुत्स्त्रष्टुमादत्ते हि रसं रविः ॥

"પ્રજાની આબાદીને માટેજ તે તેમની પાસેથી કર (ટૅક્સ) લેતો હતો; પણ જેમ સૂર્ય રસને ઉપર ખેંચીને તેને હજારગણો બનાવીને પાછો પૃથ્વી ઉપર વરસાવે છે તેમ." આપણી કહેવાની મતલબ એ છે કે, રાજસૂયજ્ઞમાં હવિનો અર્થ કર (ટૅક્સ) થાય છે. વેદમાં કર (ટૅક્સ)ના અર્થમાં પણ હવિ શબ્દનો ઉપયોગ કર્યાનાં કેટલાંક ઉદાહરણ મળી આવે છે. કરને માટે બીજો શબ્દ બલિ છે (ઉપર ટાંકેલા રઘુવંશમાંના શ્લોકમાં બલિ શબ્દને કરના અર્થમાં વાપર્યો છે) તે અને હવિ શબ્દ એ બેઉ સમાનાર્થ છે એ તો ઘણીજ ઉઘાડી વાત છે. ત્યારે હવે વીતહવ્ય રાજા અથવા સરકાર કોણ તે નક્કી થયું. જે રાજા અથવા સરકાર પ્રજા પાસેથી લીધેલા કરનાં નાણાંને આરોગી જાય છે, હોઇયાં કરી જાય છે, પોતાના સ્વાર્થમાંજ તેને વેડફી મારે છે તે વીતહવ્ય રાજા અથવા સરકાર. એ વીતહવ્ય શબ્દ ઉપરથીજ "વૈતહવ્યાઃ" શબ્દ બન્યો છે. એને 'વીતહવ્યસ્ય ઇમે ઇતિ વૈતહવ્યાઃ' એટલે વીતહવ્ય રાજા અથવા એવી સરકારની સાથે સંબંધ રાખનારા, તેની સાથે સહકાર કરનારા તેના અમલદારો વગેરે બધાજ 'વૈતહવ્ય' કહેવાય. આજની ચાલુ ભાષામાં કહેવા જઇએ તો આવી નોકરશાહી—બ્યુરોક્રસી—પ્રજામતને આધીન ન હોય એવું કોઈપણ દેશનું સરકારનું આખું તંત્ર.

પ્રજા રાજાને અથવા સરકારને જે સીધો કર આપે છે

[illegible]

—અનુવાદક

તેને માટે સંસ્કૃતમાં કર અને બલિ એ બે જાણીતા શબ્દ છે. આ સૂક્તમાં તેમાંનો એકકે શબ્દ ન વાપરતાં હવ્ય શબ્દજ શામાટે વાપર્યો તેનું ખાસ કારણ છે. કર અથવા બલિના કરતાં હવ્ય શબ્દમાં એક વિશેષ ભાવ રહેલો છે. હવ્યનો સંબંધ ધર્મકૃત્યની સાથે જોડાએલો છે. હવ્ય પદાર્થને ખાઈ જવામાં ભારે પાપ માન્યું છે; કારણ કે એ યજ્ઞનો ભાગ છે અને યજ્ઞ એ ઘણીજ પવિત્ર અને દિવ્ય ક્રિયા છે. આથી કરીને અમુક રાજાને "પ્રજાના કરનું નાણું ખાઈ જનારો" એવું કહેવાને બદલે તેને "રાષ્ટ્રયજ્ઞનો હવિ ખાઈ જનારો" કહેવાથી વાક્ય વધારે જોરદાર અને ભાવવાહક બને છે. એટલા માટે એવા રાજાને 'વીતબલિ' ન કહેતાં 'વીતહવ્ય' કહ્યો છે. રાષ્ટ્રના વહીવટને પણ યજ્ઞના જેટલો પવિત્ર માનવો એ વેદની અને વૈદિક સભ્યતાની મોટી વિશેષતા છે.

"વીતહવ્યા"નો અર્થ સમજાવવા માટે હવે કશું વિશેષ કહેવાની જરૂર રહી નથી. આટલા વિવેચન ઉપરથી વાચકો તેનો અર્થ ક્યારનાએ સમજી ગયા હોવા જોઇએ.

૫—આ સૂક્તનો વિષય

સૂક્તના મુખ્ય મુખ્ય શબ્દોને વિષે આટલો વિચાર કર્યા પછી સૂક્તનો સામટો અર્થ પણ વાચકો એક વાર જોઈ લે તે વધારે સારૂં છે. તે માટે અત્રે તેના પ્રતિપાદ્ય વિષયનો સંક્ષેપમાં ભાવાર્થ આપવામાં આવે છેઃ—

કોઇએક ભોગવિલાસપરાયણ સ્વચ્છન્દી રાજા છે. (મંત્ર ૨) એવા ઉડાઉ રાજાને હમેશાં ધનની જરૂર તો પરેજ પડે. એથી તે 'ધનકામ' થઇ જાય છે. (મંત્ર ૫) ધનની કામનાઓ તેના મનના પાર પ્રવેશે છે—તેની દાનત ભ્રષ્ટ થાય છે. આથી તે વીતહવ્ય થઇ જાય છે, પ્રજા પાસેથી ઉઘરાવેલા કરને પોતેજ ખાઈ જવા લાગે

છે. (મંત્ર ૧૦) આથી પ્રજા પીડાવા લાગે છે. (મંત્ર ૧૨) એવે વખતે પ્રજાની રક્ષા કરવા, પ્રજાની સેવા કરવા, પ્રજાનો નેતા—બ્રાહ્મણ—ઉભો થાય છે. એની પાસે એકજ શસ્ત્ર છે અને તે તેની વાણી.* તે રાજાને અને પ્રજાને બેઉને તેમના ખરા હિતનો ઉપદેશ કરે છે. પણ પેલા 'ધનકામ' રાજાથી આ સહન થતું નથી. તે પોતાના મનમાં એમ સમજે છે કે આ ગરીબ નિર્બળ નિઃશસ્ત્ર બ્રાહ્મણ શું કરવાનો છે? એની વાણીને તો હું આમ (ચપટીમાં) ખાઇ જઇશ, તેનો નાશ કરી નાખીશ. બસ, એમ કહીને રાજા બ્રાહ્મણની વાણીને ગુંગળાવે છે—તેને બોલવા નથી દેતો.× એ પ્રમાણે રાજા બ્રાહ્મણની વાણીને—તેની ગૌને કાં તો મારીજ નાખે છે અથવા મારી નાખવાના ઘાટ ઘડે છે. આવા સંજોગોમાં વેદ (રાજા—પ્રજાને) શો ઉપદેશ આપે તે આ સૂક્તમાં બતાવ્યું છે.

આવા સંજોગો કયા દેશમાં, કયા જમાનામાં ઉભા થયા હતા તેનો આ સૂક્તમાં કશોજ ઉલ્લેખ નથી; પણ અમુક કોઇ કોઇ વાર આવી વસ્તુસ્થિતિ ઉભી થાય એ સ્વાભાવિક છે. રાજાઓ અને રાજ્યતંત્રો હમેશાં [illegible] બની જાય છે. આ તો એક રોજીંદો બનાવ છે. જગતના ઇતિહાસને પાને પાને તેના દાખલા છે. આવા સંજોગોમાં રાજાનો અને પ્રજાનો શો ધર્મ છે તે શીખવવાના હેતુથી વેદના આ સૂક્તની—અથવા આ આખા અનુવાકની—રચના થઇ છે.

આ સૂક્તમાં રાજાઓને વારંવાર કહેવામાં આવ્યું છે કે

---

* [illegible] —અનુવાદક

× [illegible] —અનુવાદક

તમે બ્રાહ્મણની વાણીને કદી તુચ્છ સમજતા; તેનો નાશ કદી પણ કરતા નહિ. રૂંધાએલી બ્રહ્મવાણી ઘણી ભયંકર વસ્તુ નીવડે છે. રાજાઓ આવી ભૂલ ન કરી બેસે તે માટે તેમને ફરી ફરીને ચેતવણી આપી છે અને એવી ચેતવણીની પૂર્ણ જરૂર પણ છે. બ્રાહ્મણની પાસે ક્ષાત્રબળ, તોપબંદૂક, મશીનગન વગેરે ઉતરતા પ્રકારનાં બળ નથી એ વાત ખરી. આથી કરીને પોતાના સ્વાર્થથી આંધળો થએલો અવિચારી રાજકર્તા બ્રાહ્મણના સાચા અવાજને પોતાના હિતને માટે ઘણો હાનિકારક માનીને, પોતાના ક્ષાત્રબળનો દુરુપયોગ કરીને તેને દબાવી દેવાની ભયંકર ભૂલ કરી બેસે છે. એટલા માટે એવા કૃત્યને બહુજ આકરા શબ્દોમાં વખોડી કાઢ્યું છે; અને બ્રાહ્મણનું તેની વાણીરૂપી શસ્ત્ર કેટલું જબરદસ્ત છે તે બતાવી આપ્યું છે. તે મોટામાં મોટી રાજશક્તિના ભૂકા ઉડાવી દેવાની તાકાત ધરાવે છે એવું પણ સાફ કહી દીધું છે.

હવે આ વિષયને વેદની સુંદર અને હૃદયગ્રાહી ભાષામાં વાચક પોતેજ વાંચી લે એવું ઇચ્છીને આ ચર્ચા અહીંજ સમાપ્ત કરીએ છીએ. માત્ર એટલુંજ કહેવાનું બાકી રહે છે કે, એક વાર આખું વૈદિક સૂક્ત વાંચી લીધા પછી આ ઉપોદ્ઘાતને વાચક ફરીથી વાંચી જોશે તો અમારાં ઘણાં કથનનું સાચાપણું તે પોતાની મેળેજ વધારે સ્પષ્ટપણે જોઈ શકશે.





ब्रह्मगवी सूक्त

મંત્ર ૧ લો

બ્રાહ્મણની વાણીને રોકવી ઉચિત નથી.

नैतां ते देवा अददुस्तुभ्यं नृपते अत्तवे ।
मा ब्राह्मणस्य राजन्य गां जिघत्सो अनाद्याम् ॥

(नृपते !) હે રાજા ! (ते देवाः) તે (પ્રસિદ્ધ) દેવતાઓએ (एतां) એને અર્થાત્ બ્રાહ્મણની આ વાણીરૂપી ગાયને (तुभ्यं) તને (अत्तवे) ખાઈ જવાને માટે (न अददुः) આપી નથી. એટલા માટે (राजन्य) હે ક્ષાત્રશક્તિસંપન્ન રાજા ! તું (ब्राह्मणस्य) બ્રાહ્મણની (अनाद्यां) જે કદી પણ ખાવા યોગ્ય નથી અથવા જેને આજસુધીમાં કોઈ ખાઈ શકયો નથી—જેનો કોઈથી કદાપિ નાશ થઈ શકયો નથી એવી (गां) વાણીને (मा जिघत्सः) તું ખાઈ જઈને નષ્ટ કરવાની ઈચ્છા કરતોજ નહિ.

આ મંત્રમાં કહ્યું છે કે, તે દેવતાઓએ રાજાને બ્રાહ્મણની વાણી આપી મૂકી છે; પણ તે તેને ખાઈ જવાને માટે નથી આપી. સૂક્તના રચનારને જેમનાં નામ ગણાવવાની પણ જરૂર ન પડી તે પ્રસિદ્ધ દેવતાઓ કોણ હશે?

અગ્નિ, ઇન્દ્ર, વરુણ, સોમ વગેરે વગેરે વેદના પ્રસિદ્ધ

દેવતાઓ છે. એ બધા દેવોનો અધિદેવ એક પરમાત્મા છે. તે પરમ દેવતા આ જગત ઉપર અવિચળ અને અખંડ પૂર્ણ સામ્રાજ્ય કરી રહ્યો છે. તે પોતાની જુદીજુદી શક્તિઓ વડે પોતાના રાજ્યકારભારને લગતાં જુદાંજુદાં કામો કરે છે તે તે એક એક શક્તિને વેદમાં એક એક દેવનું નામ આપ્યું છે. અગ્નિ, ઇન્દ્ર, વરુણ વગેરે દેવો પરમાત્માની જુદી જુદી શક્તિઓનાં નામ છે. આપણા મનુષ્યોના રાજાઓ પોતાના નાના સરખા રાજ્ય ઉપર પોતપોતાની અલ્પ શક્તિ પ્રમાણે અપૂર્ણ રાજ્યવહીવટ ચલાવે છે. આવડા નાના સરખા રાજ્યનો વહીવટ કરવામાં પણ તે અનેક અમલદારો અને સૂબાઓની મદદ લે છે, અને તેઓ તેના રાજ્યતંત્રના અંગ બનીને કામ કરતા રહે છે. રાજા અને તેના રાજ્યનાં જુદાં જુદાં ખાતાં (ડિપાર્ટમેન્ટ)ના મુખ્ય અમલદારોનો જે સંબંધ છે તેજ સંબંધ પરમાત્મા અને આ દેવતાઓનો છે. મનુએ રાજાને 'સર્વદેવમય' કહ્યો છે તે આજ અર્થમાં. આના સંબંધમાં મનુસ્મૃતિના સાતમા અધ્યાયના ત્રીજાથી અગીઆરમા સુધીના શ્લોક વાંચી જવા જેવા છે. તેમાંના બે શ્લોક અમે અહીં આપીએ છીએઃ—

इन्द्रानिलयमार्काणामग्नेश्च वरुणस्य च ।
चन्द्रवित्तेशयोश्चैव मात्रा निर्हृत्य शाश्वतीः ॥
सोऽग्निर्भवति वायुश्च सोऽर्कः सोमः स धर्मराट् ।
स कुबेरः स वरुणः स महेन्द्रः प्रभावतः ॥

આ બે શ્લોકની મતલબ એવી છે કે ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, સોમ, કુબેર, એ આઠ દેવતાઓના અંશમાંથી રાજા ઉત્પન્ન થયો છે; અથવા રાજાના રાજ્યના મુખ્ય આઠ વિભાગ અથવા ખાતાં—ડિપાર્ટમેન્ટનો વહીવટ કરવાની શક્તિ રાજાને ઉપર ગણાવેલા આઠ દેવતાઓ પાસેથી પ્રાપ્ત થઈ છે. શુક્રનીતિસારના પહેલા

અધ્યાયના ૭૧–૮૧ સુધીના શ્લોકમાં આજ વિષયની ચર્ચા કરી છે. મનુષ્યોના રાજાઓને પોતાની શક્તિઓનો થોડો થોડો અંશ આપીને જે દેવતાઓ તેને રાજ્ય કરવાને સમર્થ બનાવે છે તે ઉપર ગણાવેલા મુખ્ય દેવતાઓ છે. રાજાની પાસે જે કાંઇ છે તે બધું તેને આ આઠ દેવતાઓ પાસેથી મળેલું છે. અગ્નિ, ઇન્દ્ર વગેરે દેવતાઓ પાસેથી રાજાને રાજ્યશાસન કરવામાં ખપ લાગે એવી જે અનેક વસ્તુઓ મળી છે તેમાંની એક ઘણીજ મૂલ્યવાન અને અતિમહત્ત્વની વસ્તુ તે બ્રાહ્મણની વાણી છે; કારણકે તેની મારફતે રાજા પોતાની પ્રજાને સદુપદેશ અપાવે છે, કેળવણીનો પ્રચાર કરાવે છે અને તેમને ખરો માર્ગ સુઝાડે છે. એકલી બ્રાહ્મણની વાણીજ શા માટે? દેવતાઓએ રાજાને રાજ્યના હિતને માટે આખો ને આખો બ્રાહ્મણજ આપી દીધો છે. પણ બ્રાહ્મણનું બ્રાહ્મણપણું તેની વાણીમાંજ રહેલું છે. તે પોતાની વાણી વડેજ રાષ્ટ્રની સેવા કરી શકે છે. આ બ્રહ્મવાણી ઘણીજ મહત્ત્વની વસ્તુ છે અને દેવતાઓ તરફથી તે રાજાને મળેલી છે; અથવા તો પરમાત્મા તરફથી રાજાને મળી છે* એમ કહીએ તો વધારે સારૂં. પરંતુ તે કાંઇ ખાઇ જવાને માટે આપી નથી.

વારૂ, હવે આગળ ચાલીએ. પહેલાં તો વેદ રાજાને યાદ દેવરાવે છે કે, આ બ્રહ્મવાણી જેવી પવિત્ર વસ્તુ તને દેવતાઓએ—પરમાત્માએ આપી છે; પછી તે શા કામ માટે આપી છે તેનું પણ શ્રુતિ રાજાને સ્મરણ કરાવે છે. તે કહે છે કે, હે રાજા! તું એમ ન સમજતો કે તને એ વસ્તુ ખાઇ જવાને માટે આપી છે. તને ખાવાને માટે આપી-

---

* આ વાંચતાં વાંચતાં વાંચકો એક બીજી વાત પણ જોતા રહે કે જો 'ગૌ'નો અર્થ ગાયજ હોત તો હમણા જે કહ્યું તેનો કશો અર્થજ ન રહેત. વળી અગ્નિ વગેરે દેવતાઓએ રાજાને કઇ ગાયનું દાન કરેલું? (મૂળ લેખક)

જ નથી, પણ તે તારા રાજ્યમાં સ્વતંત્રપણે જ્ઞાનનો ફેલાવો કરે, તને અને તારી પ્રજાને સન્માર્ગ બતાવીને રાષ્ટ્રનું કલ્યાણ કરે એટલા માટે આપી છે. એનું પાલન–પોષણ કરીને એની ખીલવણી કરવી એ તારો ધર્મ છે.

રાજાને ખાવાને માટે દેવતાઓએ કાંઈ નથી આપ્યું એવું તો છેજ નહિ. તેને ખાવા લાયક ઘણી વસ્તુઓ આપી છે. રાજામાં યમનો અંશ તો ખાસ કાળજી રાખીને મૂકી આપ્યો છે. જેમાં કાંઇ ને કાંઇ શુભ અને હિતકારક તત્ત્વ હોય એવી રાષ્ટ્રહિતને વધારનારી હરકોઇ વસ્તુને ઉત્પન્ન કરવી–કરાવવી; તેમાં વૃદ્ધિ કરીને તેનો રાજ્યમાં ફેલાવો કરવાનું કામ જેમ રાજાનું છે તેમ રાષ્ટ્રને હાનિકારક જે જે વસ્તુઓ હોય તેમનો સૌનો અંત લાવવાનું, તેમનો સર્વથા નાશ કરી નાખવાનું કામ પણ તેનુંજ છે. રાજ્યમાં જે જે અશુભ અને ધર્મ વિરુદ્ધ હોય, કાયદાની દૃષ્ટિએ અપરાધ હોય, અશાન્તિ અને અવ્યવસ્થાને ઉત્પન્ન કરનાર હોય, જ્યાં બળવાનને હાથે નિર્બળની પજવણી થતી હોય એવા તમામ અન્યાય અને અધર્મનો નાશ કરવો એ રાજધર્મ છે. તેણે યમદેવ બનીને ઉપર ગણાવેલી બધીજ વસ્તુઓને ખાઇ જવીજ જોઇએ; પણ બ્રહ્મવાણી કાંઇ એવી નાશ કરવા લાયક ચીજ નથી. એ તો દેવોની બક્ષિસ છે. દેવોએ જતન કરીને પાળવા–પોષવા માટે આપેલી છે. એ વાણીરૂપી ગાયને જો રાજા કાળજીપૂર્વક પાળે પોષે તો તેટલા જતનના બદલામાં તે આખા રાષ્ટ્રને હજારગણો બદલો આપીને ન્યાલ કરી દે એવી છે.

આ વાણીરૂપી ગૌ 'અનાદ્યા' છે–કદી પણ નાશ કરવા યોગ્ય નથી આ 'અનાદ્યા' શબ્દ ખરી રીતે જોતાં આખા મંત્રનો મુખ્ય શબ્દ છે. એનો અણુમહાવન્યા' એટલે 'જેનો નાશ થઇ શકેજ નહિ' એવો કોઈ અર્થ કરે તો તે અર્થ પણ ઉચિતજ છે. આને વિષે વધારે ખુલાસો હવે પછીના

મંત્રોમાં આપોઆપ થઇ જશે. 'તે ખાઇ જવા જેવી અથવા નાશ કરવા જેવી નથી' એટલાનીજ મતલબ આ ઠેકાણે સમજી લઈએ એટલે બસ. ગાય જેમ 'अघ्न्या'–મરાય નહિ એવી––કહેવાય છે તેમ આ મંત્રમાં તેને 'अनाद्या' કહી છે. બ્રહ્મવાણીને રોકવી, રૂંધવી, ગુંગળાવવી એ ઘણુંજ હીણું નિન્દ્ય પાપ છે; કેમકે એ પાપ કરનારને હાથે જેનો નાશ થાય છે તે પાળવા યોગ્ય–જાળવી રાખવા યોગ્ય છે. એટલા માટે તે ગૌહત્યાના ભારે પાપ બરોબર છે. દેવોએ આપેલી વસ્તુનો તે ભારેમાં ભારે દુરુપયોગ છે. એક રીતે કહેવા જઇએ તો વાણી માત્ર 'अनाद्या'–अबन्धनीया–છે. હરકોઇ વ્યક્તિને બોલવાની–પોતાના વિચાર દર્શાવવાની છૂટ હોવીજ જોઈએ; પણ બ્રાહ્મણની વાણી તો રાષ્ટ્રની મુખ્ય વસ્તુ છે. શા માટે તે મુખ્ય વસ્તુ છે તેનાં કારણો અમે અગાઉ કહી ગયા છીએ. બીજા લોકો તો કદાચ અજ્ઞાન અને સ્વાર્થને વશ થઇને એવું બોલી નાખે કે જેથી રાષ્ટ્રને હાનિ પણ થાય; પરંતુ નિઃસ્વાર્થી અને જ્ઞાની બ્રાહ્મણની વાણીમાં તો નર્યું કલ્યાણજ ભર્યું હોય છે. એવી વાણીનું રક્ષણ એટલે આખા સમાજનું રક્ષણ. એનો નાશ એટલે સમાજનો નાશ. એથી કરીને ચાર પગવાળી ગાયના રક્ષણ કરતાં પણ આ બ્રહ્મવાણીનું રક્ષણ કરવાની ઘણામાં ઘણી અગત્ય છે. અરે ! બ્રહ્મવાણી પોતાના એક શબ્દ અથવા ઇશારતથી એવી લાખો ચોપગી ગાયોનું રખોપું કરી શકે છે. આ સૂક્તમાં બ્રાહ્મણની વાણીને ફરી ફરીને अनाद्या–अनाद्या– કહી છે તે આવાં આવાં કારણોને લીધેજ.

આની પછી જે મંત્ર આવે છે તેમાં આવી 'अनाद्या' બ્રહ્મવાણીનો નાશ કરવાનું ઘોર પાપ કરવા જે રાજા તૈયાર થાય તે કેવી મનોવૃત્તિવાળો અને કેટલી હદ સુધી નીચે પડેલો હોવો જોઇએ તેનો વિચાર કર્યો છે.



મંત્ર ૨ જો

બ્રાહ્મણની વાણીને રોકે તે રાજા કેવો કહેવાય?

अक्षद्रुग्धो राजन्यः पाप आत्मपराजितः ।
स ब्राह्मणस्य गामद्यात् अद्य जीवानि मा श्वः ॥

(अक्षद्रुग्धः) જેની ઇન્દ્રિયોએ તેની સામે દ્રોહ કર્યો છે એટલે અજિતેન્દ્રિય થયો છે, (पापः) તેથી કરીને જે પાપી છે, (आत्मपराजितः) આત્મા વડે જે હારી ગયો છે અથવા પોતે પોતાને હાથેજ જેનો પરાજય થયો છે, (राजन्यः) એવી હાલતમાં આવી ગએલો રાજાજ (ब्राह्मणस्य गामद्यात्) બ્રાહ્મણની વાણીને અટકાવે છે. જો કે (सः) તે (अद्य जीवानि) આજે તો ભલે જીવતો હોય પણ (मा श्वः) તે આવતી કાલે જીવતો નથીજ રહેવાનો.

આવો કોઈ પતિત થએલો માણસ જે પોતાની ઇન્દ્રિયોનો દાસ બની ગયો છે તે જો રાજ્યાસને જઇ પહોંચે તો તેનેજ આવી જતનથી પાળવા યોગ્ય બ્રહ્મવાણી-નો નાશ કરવાનું સૂઝે. હમેશાં સાચુંજ કહેનારી બ્રહ્મવાણી અલબત્ત તેને મન આંખના કાંટા જેવીજ લાગે, પોતાના સ્વાર્થમાં આડે આવનારીજ દેખાય. આ જમાનાના મહા-તેજસ્વી બ્રાહ્મણ-ઋષિ દયાનંદ—જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં પોતાની સત્યપરાયણ વાણી વડે સૌને તેમના હિતનો ઉપદેશ કરતા હતા. પરંતુ જે લોકો પોતાના ક્ષુદ્ર સ્વાર્થની

સાધનામાં, પોતાની ઇન્દ્રિયોના સુખમાં રચ્યાપચ્યા રહેતા તેવાઓને દયાનંદનાં સત્ય વચન કાંટાની પેઠે ખૂંચતાં હતાં. તેમના સ્વાર્થમાં તે વિઘ્ન જેવાં દેખાતાં હતાં. આથી ખીજવાઇને તેઓ ઋષિને મારવા સુદ્ધાં તૈયાર થઇ જતા હતા–ઋષિ કોઇ રીતે બોલતા અટકે એવું તો તેઓ જરૂર ઇચ્છતા હતા. અમુક રાજા ઘણો અજિતેન્દ્રિય હતો, તેને વેશ્યાના છંદમાંથી છોડાવવાની પવિત્ર નેમથી દયાનંદે તેને ઉપદેશ આપવા માટે પોતાની તેજસ્વી વાણીનો ઉપયોગ કર્યો અને તેથીજ તેમની માનવલીલાનો અંત આવ્યો એવું કહેવાય છે. કોઇએ તેમને દૂધમાં વાટેલા કાચનો ભૂકો ખવરાવવાનું ઘોર પાપ કર્યું. કહેવાનું તાત્પર્ય એટલુંજ કે, જ્યારે કોઈ પણ રાજકર્તા વિલાસપરાયણ થઈ જાય છે ત્યારે તેનાથી બ્રાહ્મણની વાણી સહનજ થતી નથી અને તેના મનમાં પાપ પ્રવેશે છે.

આવો અજિતેન્દ્રિય રાજા જો કામી થાય તો તે જરૂર પાપકર્મ કરવા માંડે છે અને પોતાને હાથેજ પતિત થાય છે. તેથી કરીને એવા રાજાને 'अक्षद्रुग्ध' કહેવા ઉપરાંત તેને 'पापः' પણ કહ્યો છે. ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં અર્જુન કૃષ્ણને પૂછે છે કે માણસ શા કારણથી પાપ તરફ વળે છે? ત્યારે તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે–

"काम एष क्रोध एष रजोगुणसमुद्भवः।"

કામની સાથે ક્રોધ જાણે જોડાએલોજ હોય તેમ તેની પછાડી ચાલ્યો આવે છે. મનુષ્ય કોઇ પણ વસ્તુમાં જ્યારે કામને લીધે આસક્ત થાય છે ત્યારે તેના [illegible] કરનારી વસ્તુઓથી [illegible] ક્રોધને વશ થઇને, પાપ કરવા તૈયાર થઈ જાય છે.

[illegible] પાપ કામ અને ક્રોધમાંથીજ થાય છે.

કામનું અને ક્રોધનું સૂક્ષ્મ આંતરિક સ્વરૂપ જોવા જઈએ તો તે રાગ અને દ્વેષ છે. છાંદોગ્ય અને બૃહદારણ્યક ઉપનિષદમાં આને વિષે એક સુંદર કથા છે. એ કથામાં એવું આવે છે કે એક વાર દેવો અને અસુર લોકો વચ્ચે યુદ્ધ થયું. દેવોએ પોતાની તમામ ઇન્દ્રિયોને એક પછી એક વારાફરતી ઉદ્‌ગાતાનું સ્થાન આપ્યું; પણ અસુર લોકોએ તેમને સર્વને પાપયુક્ત બનાવી દીધી. તેઓ ઇન્દ્રિયોને શા કારણથી પાપયુક્ત બનાવી શક્યા? કારણ કે તેમનામાં દરેકમાં રાગ અને દ્વેષનો વાસો હતો. પ્રાણ એકલોજ રાગદ્વેષ રહિત હતો તેથી અસુર લોકો પ્રાણને વીંધી શક્યા નહિ. ઉલટું થયું એમ કે, એ પ્રાણની સાથે અથડાઈને તેઓનાજ ભૂકા ઉડી ગયા. આ વાતનો સારાંશ એટલોજ છે કે, ઇન્દ્રિયમાત્રમાં રાગ અને દ્વેષનો વાસો હોય છે—જેમનું સ્થૂળ સ્વરૂપ કામ અને ક્રોધ થઈ જાય છે. તેથી કરીને જે કોઈ ઇન્દ્રિયોનો દાસ થાય છે તે સ્વાભાવિક રીતેજ પાપ તરફ પ્રવૃત્તિ કરે છે.

ઉપર કહેલા નિયમ મુજબ જે રાજા અજિતેન્દ્રિય થાય છે તેને પોતાની ઇન્દ્રિયોના વિષય તરફ 'કામ' ઉત્પન્ન થએલો હોવાથી તેનો વિરોધ કરનારી અને સત્ય બોલી દેનારી બ્રાહ્મણની વાણી તરફ 'ક્રોધ' ઉત્પન્ન થાયજ અને તેથી તે ક્રોધને વશ થઇને પાપમાં પડેજ. એનું પરિણામ એ થાય છે કે, ઉપર કહ્યો તેવો રાજા બ્રાહ્મણની વાણીઓનો ઘાત કરવાનું પણ પાપ કરવા તૈયાર થઈ જાય છે.

આવા રાજાની સાથે ત્રીજું વિશેષણ 'આત્મપરાજિતઃ' જોડી દીધું છે. એનો અર્થ પોતે પોતાની જાતથીજ હારી ગએલો એવો થાય છે. એની સાથે સાથે મંત્રમાં એવું પણ લખ્યું છે કે 'તે ભલે આજે જીવતો હોય, પણ આવતી કાલે તો તે જીવતો નહિજ હોય.' આવું કહીને

શરૂઆત 'અક્ષદ્રોહ'–અજિતેન્દ્રિયતા–માંથી થવા લાગે છે, અને તેનું છેલ્લામાં છેલ્લું કાર્ય 'આત્મપરાજય'થી સિદ્ધ થઈ જાય છે. વચગાળાનાં છ પગથીઆંનું માત્ર 'પાપ' શબ્દ વડેજ સૂચન કર્યું છે.

હવે વિનાશના ઉપર બતાવેલા ક્રમને લક્ષમાં રાખીને આ મંત્રમાં બતાવેલા વિનાશના ક્રમનો જરા વધારે વિચાર કરીશું. 'અક્ષદ્રુગ્'નો શબ્દાર્થ 'અક્ષૈરિન્દ્રિયૈર્દ્રુગ્ધઃ' એટલે જેની ઇન્દ્રિયોએ જેનો દ્રોહ કર્યો છે એવો થાય છે. જે પુરુષ અજિતેન્દ્રિય થાય છે એટલે જે પોતાની ઇન્દ્રિયોના વેગને અંકુશમાં રાખવાને બદલે તેમના વડે પોતેજ હારી જાય છે તેની સામે તેની ઇન્દ્રિયો દ્રોહ કરે છે. પોતાને ઇન્દ્રિયોની તાબેદારીથી સુખ થશે એવું માનીને તે ઇન્દ્રિયોની તાબેદારી કબૂલ કરી લે છે. પરંતુ એ ઇન્દ્રિયો તેને સુખ ઉપજાવવાને બદલે તેને તૃષ્ણાના ફંદામાં વધારે વધારે ફસાવતી જાય છે. તેના ચિત્તમાં તૃષ્ણાની આગ વધારે વધારે સળગાવતી જાય છે. તેને પોતાનો વધારે વધારે ગુલામ બનાવતી જાય છે. આવી રીતે તેને ઠગીને તેને પૂરેપુરો બેવકૂફ બનાવે છે. માનવજીવનરૂપી રાજ્યનો સાચો રાજા તો આત્મા છે અને ઇન્દ્રિયો તો આત્માના ઉંબરીઆમાં નીચા દરજ્જાના નોકરને ઠેકાણે છે. પણ જ્યારે આ નોકર લોકો પોતાના માલિકને સુખ ઉપજાવવાની લાલચ બતાવીને તેને પૂરેપુરો ઠગી લે છે ત્યારે આત્માના રાજ્યમાં ઇન્દ્રિયોના દ્રોહની શરૂઆત થવા લાગે છે. આ રાજવિદ્રોહ આગળ વધતાં વધતાં જ્યારે આખા રાજ્યમાં સર્વત્ર ફેલાઈ જઈને ખૂબ જોર પર આવી જાય છે, ત્યારે રાજા–આત્મા હારી જઈને તેની આગળ દબાઈ જાય છે. પછી તો બળવાખોર ઇન્દ્રિયો રાજાને રાજ્યાસન ઉપરથી ઉતારી પાડીને તેની જગ્યાએ પોતેજ રાજ્ય ચલાવવા લાગે છે. જેની આવી અવસ્થા થઈ હોય એવો માણસ 'આત્મ-

પરાજિત' કહેવાય છે. ઇન્દ્રિયોનું સૈન્ય પોતાના રાજા-આત્મા-ની સામે રાજદ્રોહનો વાવટો ફરકાવીને બહારના વિષયોની સાથે સંગ-મૈત્રી-કરે છે. પછી કામ, ક્રોધ, સમ્મોહ વગેરે રાજ્યના બહારના એક એકથી ચઢીઆતા શત્રુઓને પોતાની કુમકે તેડી લાવીને આત્મા-રાજાના સાચા સહાયકો-સૂક્ષ્મપ્રાણ, ચિત્ત, મન-તેમને દબાવીને પોતાને તાબે કરી દે છે. આટલે સુધી વાત આવી એટલે આત્માની સ્મૃતિવિભ્રમની અવસ્થા થઈ જાય છે. એટલે તો આત્માને પોતાની રાજસત્તાનુંજ વિસ્મરણ થવા માંડે છે અને ઇન્દ્રિયોની તાબેદારી એ જાણે તેની સ્વાભાવિક અવસ્થાજ હોય એવી ભ્રાન્તિ તેનામાં દ્રઢમૂળ બની જાય છે. પછી છેવટે જ્યારે આત્માના સૌથી વિશેષ વિશ્વાસપાત્ર મંત્રી બુદ્ધિની પણ હાર થઇ જાય છે ત્યારે તેના રાજ્યનો પૂરેપુરો અંત આવી જાય છે-તે નામનો રાજા પણ રહેતો નથી. પછી તો તેને માટે એકજ છેવટની અવસ્થા બાકી રહે છે; અને તે તેના વિનાશની સાચી સલાહ આપનાર મંત્રીજ પડયો એટલે રાજાથી કેટલી ક્ષણ ટકાય ? પછી તો बुद्धिनाशात् प्रणश्यति । હવે આટલા વિવેચન પછી 'अक्षद्रुग्धः' અને आत्मपराजितः' એ બે વિશેષણોમાં રહેલો ભાવ વાચકો બરાબર સમજી ગયા હશે.

ત્યારે હવે એટલોજ વિચાર કરો કે, પોતાને રાજા કહેવડાવનાર પુરુષ, જેની પોતાની અંદર આત્માનું રાજ્ય પડી ભાગ્યું છે, જેના રાજ્યમાં ઇન્દ્રિયોનો બળવો સફળ થઈ ચૂકયો છે, એવો માણસ રાજ્યશાસન કરેજ કેવી રીતે ? તેના હાથમાં રાજ્યની લગામ રહીજ કયાં છે ? રાજા તરીકે પોતાનો અમલ બેસાડવાનું તેનામાં સામર્થ્યજ કયાં રહ્યું છે ? એવા રાજાને માટે વેદ ભવિષ્ય ભાખે છે કે તેનો આજકાલમાંજ અંત આવી ગયોજ જાણવો. આજે તો એ ઉપર ઉપરથી જીવતો દેખાય છે એ વાત ખરી, પણ ખરી

રીતે તો તે અંદરથી ક્યારનોય મરી ચૂક્યો છે. માટે તે આવતી કાલ નથીજ જોવાનો. આજે પણ તું આજની નજરે જીવતો દેખાય છે; કારણ કે આપણે તેને કેવળ સ્થૂળ દૃષ્ટિથીજ જોઈએ છીએ તેથીજ આત્માને જોનારા તો તેને આજે પણ મરી ગએલોજ જુએ છે. એટલે પછી આત્માને-જ જોનારાઓ એવા મુડદા જેવા રાજાથી ડરે પણ શા-માટે ! માત્ર સ્થૂળ શરીરનેજ જેઓ જોઈ શકે છે એવા સાધારણ માણસો આવા પાપી અને આત્મપરાજિત થઈ ચૂકેલા રાજાને બહારનો ઠાઠમાઠ જોઈને, તેનું લશ્કર તેની તોપો વગેરે જોઈને થોડા વખત સુધી ભય પામે, તેના રૂઆબ (પ્રેસ્ટિજ) ને લીધે તેની શરેહમાં તણાય. માત્ર બહારના દેખાવના કરતાં વધારે ઉંડે જેઓ જોઈ શકતાજ નથી એવા લોકોને ખાત્રી પણ શી રીતે કરાવવી કે, અરે ! એ તો આજે જીવતો જણાય છે, પણ એ આવતી કાલે તો નથીજ રહેવાનો. 'अद्य जीवानि मा श्वः।' આવો વિશ્વાસ પેદા થયા વગર તેમને હિંમત પણ કેવી રીતે આવે અને તેમનો ભય પણ શી રીતે દૂર થાય ?

શ્રીકૃષ્ણે તો પોતાના પ્રિય સખા અર્જુનને પોતાના યોગબળથી મોઢું પહોળું કરીને બતાવી દીધું હતું કે જો, તમામ કૌરવો, તેમના ભીષ્મ દ્રોણ વગેરે સેનાપતિઓ અને અગીઆર અક્ષૌહિણી સેનાસહિત આખો કૌરવસમૂહ આજે પણ મરી ચૂકેલોજ છે. પણ આજે આપણને એવો અપરોક્ષ અનુભવ કોણ કરાવે ? આજે આપણામાં એવો વિશ્વાસ કોણ જગાડી દે ? તુચ્છ જેવા વર્તમાનમાંજ પોતાની દૃષ્ટિને બાંધી રાખનારા આપણે સાધારણ લોકો, ભયભીત અવસ્થામાં પડયા છીએ અને આપણી પોતાની ફરજ બજાવતાં ડરીએ છીએ, કર્તવ્યભ્રષ્ટ થઇ ગયા છીએ. આપણને વેદ ઉપર શ્રદ્ધા હોય તો જે કામ કૃષ્ણ ભગવાને કર્યું તે આપણે માટે શ્રુતિ ભગવતી પણ કરેજ. अद्य जीवानि मा

સ્વઃ' એ વેદવચન ઉપર જો આપણી દૃઢ શ્રદ્ધા જામી જાય તો બ્રાહ્મણની વાણી-ગૌનો ઘાત કરનાર રાજા આજે પણ મૂઓ પડયો છે-તે રાજા નથી પણ મૂડદું છે, એ વાત આપણને દીવાની જ્યોત જેવી દેખાઇ જાય.

શ્રીકૃષ્ણે અર્જુનને ઉપર કહેલું દશ્ય બતાવીને કહ્યું હતું કે એ બધાને તો હું ક્યારનોય મારી ચૂકયો છું. તું હવે તેમને (સ્થૂળ રીતે) મારીને નિમિત્તમાત્ર થઇ જા. એજ પ્રમાણે આગળ જતાં ૮ મા, ૯ મા અને ૧૧ મા મંત્રોમાં કહ્યું છે કે બ્રાહ્મણની વાણી પણ અર્જુનની પેઠેજ તે રાજાને મારવાનું નિમિત્તમાત્રજ થાય છે-ખરી રીતે તો જ્યારથી પોતે आत्मपराजित થઇને પાપી બન્યો ત્યારનો તે મૂએલોજ હતો. સૌનું ભલું કરનારી અને સૌનું ભલું ઇચ્છનારી બ્રાહ્મણની વાણી તો કોઇનો નાશ કરતીએ નથી અને કોઇનો નાશ ઇચ્છતી પણ નથી. 'आत्मपराजित' શબ્દનો અર્થજ એ છે કે તે માણસ પોતે પોતાને હાથેજ હાર ખાઇને મરે છે. તેનું પોતાનું પાપજ તેને મારી નાખે છે. તેને હરાવવાને અથવા મારવાને માટે બ્રાહ્મણને નથી લશ્કર તૈયાર કરવાં પડતાં કે નથી તોપ-બંદૂક વાપરવી પડતી. તેને મારવાનો વિચાર પણ તેને નથી કરવો પડતો. તેણે પોતાની અંદર રહેલા આત્માને પોતાને હાથેજ હરાવી દીધો છે તેથી તે પહેલેથીજ હારી ચૂકેલો છે. તેના પરાજયનું અને વિનાશનું આવું સાચું કારણ સમજાઇ જતાંજ શ્રીકૃષ્ણનાં નીચેનાં વચન કાનમા ગુંજવા લાગે છેઃ-

आत्मैवात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ।
बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ।

(ગીતા ૬-૫, ૬)



મંત્ર—૩ જો

રૂંધાએલી બ્રાહ્મણની વાણી ઘણી ભયંકર વસ્તુ બની જાય છે.

आविष्टिताघविषा पृदाकूरिव चर्मणा ।
सा ब्राह्मणस्य राजन्य तृष्टैषा गौरनाद्या ॥

(एषा ब्राह्मणस्य अनाद्या गौः) જેનો કદી પણ નાશ નજ થઈ શકે એવી બ્રાહ્મણની વાણી (एषा) જ્યારે તરસી થાય છે–અર્થાત્ બોલવાની તીવ્ર ઇચ્છાવાળી થાય છે; પણ જેને બોલવાનો અવકાશ મળતો નથી કેમકે તેને કોઇએ રૂંધી નાખી છે, ત્યારે (सा) તે વાણી (चर्मणा आविष्टिता) ચામડાથી ઢંકાએલી (पृदाकूः) સર્પિણી (इव) જેવી (अघविषा) ભયંકર વિષવાળી બની જાય છે.

બ્રાહ્મણની વાણી સ્વભાવે કરીને તો ઘણી સરળ, દયાળુ અને સૌના ઉપર ઉપકાર કરનારીજ હોય છે; તે કોઇને પણ નુકસાન કરવાની ઇચ્છા રાખતી નથી. પણ જ્યારે તે તરસી થાય છે અને છતાં જ્યારે તેને કોઇ રોકે છે ત્યારે તેને રોકનાર રાજા અથવા સરકારને માટે આ મંત્રમાં કહી છે તેવી છંછેડાએલી નાગણના જેવી બની જાય છે. નાગણને જોઈ હોય તો તે બહારથી સુંદર સુંવાળા ચામડા વડે ઢંકાએલી હોય છે; તે કોઇ નિર્દોષ પ્રાણીના જેવી દેખાય છે; પણ તેની દાઢમાં જીવલેણ ઝેર ભરેલું છે. નાગણની દાઢમાં

જો ઝેર ન હોત તો તે વસ્તુ રૂપાળી અને રમાડવા જેવીજ હોત. એજ પ્રમાણે રૂંવાટીવાળી પ્રાણીઓ પણ બહારથી બહુ જ નરમ અને નિર્દોષ દેખાય છે; પણ તેને રોકનાર [illegible] માટે ખૂબ ઝેરી નીવડે છે. હવે એ ઝેર તેનામાં ઉત્પન્ન થાય છે ક્યાંથી અને કેવી રીતે તે જાણ વિચારવા જેવી બાબત છે.

એના ઉપર બહારથી દબાણ થાય છે તેથીજ તેનામાં [illegible] થાય છે. જે વસ્તુને રોકવી ઇષ્ટ નથી તેને [illegible] આવું જ પરિણામ આવે છે. આપણા [illegible] બહાર નહી અને બહારની [illegible] જુઓ. [illegible] ભારી-ભારણું [illegible] જરી [illegible] [illegible] બિચારી કશુંજ નહિ [illegible] [illegible] વાતમાં [illegible] [illegible] આપણું [illegible] [illegible]

નહિ જ. રોકવાથી તેમની સ્વાભાવિક પવિત્રતા ચાલી જાય છે અને તેમાંથી વખતોવખત ઉત્પન્ન થતું ઝેર બહાર ન નીકળતાં અંદરનું અંદર ઘેરાઈને ઘણું આકરૂં ઝેર બની જાય છે. બ્રાહ્મણની વાણી પણ એવીજ 'પાવમાની' જીવને પવિત્ર કરે એવી વસ્તુ છે; સ્વાર્થી અને બેવકૂફ રાજા એને અહિત કરનારી સમજીને રોકે છે. તે મનમાં એમ ધારે છે કે, એને હું બોલવા ન દઉં તેમાંજ મને ફાયદો છે; પણ તેનું પરિણામ એ થાય છે કે તેથી રાષ્ટ્રમાં પવિત્રતાની ઉત્પત્તિ અટકી જાય છે. કૃપાએલી બ્રાહ્મણની વાણીમાં ઝેર કેવી રીતે પેદા થાય છે અને તેને નાગણની સાથે શામાટે સરખાવી છે તે હવે સૌને સમજાયુંજ હશે. ×

બ્રાહ્મણની વાણીમાં સ્વાભાવિક રીતે તો ઝેર હોતુંજ નથી; તે તો અમૃતથીજ ભરેલી છે. પણ સામાન્ય જનતામાં કુદરતી રીતે પોતાને થયેલા નુકસાનનો બદલો લેવાની ઇચ્છા, ક્રોધ, હિંસા, દ્વેષ વગેરે તરેહ તરેહનાં ઝેર પેદા થાય છે, તેમના ઉતાર સામાન્ય રીતે સ્વતંત્ર, ખરૂં કહેનારી, સાત્વિક અને નિર્મળ બ્રાહ્મણની વાણી વડે હમેશાં થતોજ રહે છે. તેથી કરીને રાષ્ટ્રશરીરમાં ઝેરનો જમાવ થવા પામતો નથી. પણ જ્યારે કોઈ બેવકૂફ રાજા આ 'ધનાધા' 'પાવમાની' અને સ્વતંત્ર રહેવાને યોગ્ય બ્રહ્મવાણીને રોકે છે, ગુંગળાવે ત્યારે તેનું પરિણામ એવું થાય છે કે પ્રજામાં એવા રાજાની વિરુદ્ધ ઉત્પન્ન થએલા દ્વેષ, હિંસા, તિરસ્કાર વગેરે વિષને ઉતારનાર કોઇ ન હોવાથી રાષ્ટ્રશરીરમાં ઝેર વ્યાપી જાય છે. આપણાજ દેશની હાલની પરિસ્થિતિમાંથી એનું સરસ દૃષ્ટાંત મળી આવે છે. સૌ જાણે

× 'चर्मण्वाविष्टिवा' એટલે જેણે પોતાની કાંચળી ઉતારી દીધી છે એવો અર્થ પણ થઈ શકે છે. કહેવાય છે કે, સાપણ કાંચળી ઉતારી દે છે તેટલો વખત તે વિશેષ ઝેરી હોય છે. (મૂળલેખક)

...ચ્છા થાય છે. એજ પ્રમાણે જ્યારે બ્રાહ્મણની વાણીને ...ષ્ટ્રશરીરમાં એકઠા થયેલા ઝેરને-રાજા અને પ્રજા, જેમાં ...માં ઝેર એકઠું થયું તેમાંથી-દૂર કરવાની તીવ્ર ઈચ્છા ...ય છે ત્યારે તે બોલવા ઇચ્છે છે, તે તરસી થાય છે.* ...રંતુ રાજ્યનો માલિક થઇ બેઠેલો કોઇ મૂર્ખ રાજા જેને ...ાચી પણ કડવી વાત સાંભળવી ગમતી નથી તે તેને ...બોલવા દેતો નથી. તેને તરસી ને તરસીજ રહેવા દે છે. ...આવું થવાથી રાષ્ટ્રશરીરમાં ભયંકર ઝેર એકઠું ન થાય ...તો બીજું થાય પણ શું ?

દાખલા તરીકે કોઇ માણસ હવાની સાથે ઘરમાં આવી આવતી ગરમી અથવા શરદીના ડરથી હવાનેજ ઘરમાં આવતી અટકાવી દે તો તેને તેનાં સગાંવહાલાં, મિત્ર, હિતેચ્છુઓ વગેરે શિખામણ દે કે "અરે ! તું આ શું કરે છે ? આ તો તું આપઘાત કરવાનું કરે છે ! ઘરમાં હવા આવતી બિલકુલ બંધ થઇ જશે તો થોડીજ મિનિટમાં તું ગુંગળાઇ મરીશ. ગરમી કે શરદીના ડરથી હવાનેજ બંધ કરી દેવી એ તો વીંછીના મોઢામાંથી નીકળીને સાપના મોઢામાં જઇ પડવા જેવું છે. તું ગરમી અને શરદીને યથાશક્તિ સહન કરતાં શીખ, પણ હવાના અવરજવરને તદ્દન બંધ કરવાનો તો વિચારજ ન કરતો." બરાબર એવીજ રીતે 'વેદ' પેલા રાજાના ભલાને વાસ્તે તેના આવા કાર્યનું કેવું ભયંકર પરિણામ આવશે તે બતાવીને તેને ચેતવણી આપે છે.

---

* આ ઠેકાણે વેદે 'ગૌ' શબ્દનો અર્થ ગાય નામનું ચોપગું પ્રાણી હોત તો, તે 'तृष्टा' શબ્દ જે 'ગૌ'નું વિશેષણ છે તેનો કશો બંધબેસતો અર્થ કરવો તેનો નિર્ણય કરવાનું કામ અને ... ફિરિય આ ઠેકાને 'तृष्टा'નો અર્થ ઘણા-... એવા કર્યો છે તે કેવું બંધબેસતું છે તે સમજીને કરો હતું !
(મૂળલેખક)

છે એને [illegible] પણ આવ્યું છે કે,
[illegible]માંથી હિંસાના ઝેરને કાઢી નાખવું
તેમાં હિંસાત્મક ચિંતનની આગ ઉઠે
[illegible] એટલા ગાંધીજી જ છે.*
[illegible] જેઓ શોધી પણી [illegible] ગાંધી
[illegible] મનમાં સમજે છે કે ગાંધીને બોલતો
કરતાં તેને બોલતા દેવો એ વધારે સારું
એટલા માટે જ કે વાસ્તવિક રીતે ગાંધી જેવા
[illegible] પવિત્રતાકારક વસ્તુ છે. તેનું કામ તો દેશમાંથી
[illegible]ના ઝેરને દૂર કરવાનું છે. રાજામાં અને પ્રજામાં
જ્યાં જ્યાં પણ વિષ હોય તેને દૂર કરવાની તેને [illegible]
તીવ્ર ઇચ્છા હોય છે.

આ મંત્રમાં 'તૃષ્ટા' શબ્દ આવે છે, તેનો અર્થ ખૂબ કાળજીપૂર્વક વિચારી લેવા જેવો છે. તેનો મૂળ અર્થ 'તીવ્ર ઇચ્છાવાળી' થાય છે. વાણીની ઇચ્છા તો બોલી નાખવાની જ હોય, માટે અમે તેનો અર્થ 'બોલવા ઇચ્છે છે પણ જે બહારના દબાણને લીધે બોલી શકતી નથી' એવો કર્યો છે. પરંતુ 'તૃષ્' ધાતુનો ઉપયોગ એક ખાસ ઇચ્છામાં—પીવાની ઇચ્છામાં—રૂઢ થઇ ગયો છે. એવા રૂઢ અર્થમાં લઇએ તો એ શબ્દનો અર્થ 'તરસી' એવો થાય છે. બ્રાહ્મણની વાણી રાષ્ટ્રશરીરમાં એકઠા થઈ ગએલા ઝેરને દૂર કરવાને માટે હમેશાં તરસી ને તરસી રહે છે. આપણને પણ તરસ લાગે છે તેની મતલબ એટલીજ છે કે, આપણા શરીરમાં કાંઇક એવી જાતનું ઝેર એકઠું થયું છે જેને પરસેવા અથવા પેશાબ વાટે બહાર કાઢી નાખવા માટે શરીરને પાણી જેવા જાણીતા પવિત્રતાકારક પદાર્થની

* એટલા માટે તો વડા પ્રધાને અને હિન્દી વઝીરે ગાંધીજીને બંગાળામાં જઇને ત્યાંના ક્રાન્તિકારીઓને સમજાવવાની ભલામણ કરી હતી. —અનુવાદક

ઈચ્છા થાય છે. એજ પ્રમાણે જ્યારે બ્રાહ્મણની વાણીને રાષ્ટ્રશરીરમાં એકઠા થયેલા ઝેરને-રાજા અને પ્રજા; જેમાં જેમાં ઝેર એકઠું થયું તેમાંથી-દૂર કરવાની તીવ્ર ઈચ્છા થાય છે ત્યારે તે બોલવા ઇચ્છે છે, તે તરસી થાય છે.* પરંતુ રાજ્યનો માલિક થઇ બેઠેલો કોઇ મૂર્ખ રાજા જેને આવી પણ કડવી વાત સાંભળવી ગમતી નથી તે તેને બોલવા દેતો નથી. તેને તરસી ને તરસીજ રહેવા દે છે. આવું થવાથી રાષ્ટ્રશરીરમાં ભયંકર ઝેર એકઠું ન થાય તો બીજું થાય પણ શું?

દાખલા તરીકે કોઇ માણસ હવાની સાથે ઘરમાં ચડી આવતી ગરમી અથવા શરદીના ડરથી હવાનેજ ઘરમાં આવતી અટકાવી દે તો તેને તેનાં સગાંવહાલાં, મિત્ર, હિતેચ્છુઓ વગેરે શિખામણ દે કે "અરે! તું આ શું કરે છે? આ તો તું આપઘાત કરવાનું કરે છે! ઘરમાં હવા આવતી બિલકુલ બંધ થઇ જશે તો થોડીજ મિનિટમાં તું ગુંગળાઇ મરીશ. ગરમી કે શરદીના ડરથી હવાનેજ બંધ કરી દેવી એ તો વીંછીના મોઢામાંથી નીકળીને સાપના મોઢામાં જઇ પડવા જેવું છે. તું ગરમી અને શરદીને યથાશક્તિ સહન કરતાં શીખ, પણ હવાના અવરજવરને તદ્દન બંધ કરવાનો તો વિચારજ ન કરતો." બરાબર એવીજ રીતે 'વેદ' પેલા રાજાના બચ્ચાને વાસ્તે તેના આવા કાર્યનું કેવું ભયંકર પરિણામ આવશે તે બતાવીને તેને ચેતવણી આપે છે.

---

* આ ઠેકાણે જો 'ગો' શબ્દનો અર્થ ગાય નામનું ચોપગું પ્રાણી હોય તો તે 'સૂક્ષ્મા' શબ્દ જે 'ગો'નું વિશેષણ છે તેનો કેવો [illegible] અર્થ કરવો તેનો નિર્ણય કરવાનું કામ અને [illegible] આ ઠેકાણે 'સૂક્ષ્મા'નો અર્થ [illegible] છે તે કોણ જાણે ચૂ સમજીને કર્યો હશે?
(મૂળલેખક)



મંત્ર ૪ થો

એ વાણી બધે આગ ભડકાવી દે છે.

निर्वै क्षत्रं नयति हन्ति वर्चोऽग्निरिवारब्धो विदुनोति सर्वम्।
यो ब्राह्मणं मन्यते अन्नमेव स विषस्य पिबति तैमातस्य ॥

રૂંધાઇ ગએલી બ્રાહ્મણની વાણી (वै क्षत्रं निःनयति) રાષ્ટ્રમાંથી ક્ષત્રને–ક્ષાત્રબળને ધકેલી કાઢે છે (वर्चः हन्ति) તેજનો નાશ કરે છે અને (आरब्धः अग्निः इव) સળગી ઉઠેલી આગની માફક (सर्वं विदुनोति) સૌને બાળી દેવા માંડે છે. એટલા માટે (यः ब्राह्मणं अन्नं एव मन्यते) જે રાજા બ્રાહ્મણને ખાઈ જવાની કોઈ ચીજ સમજે છે (स तैमातस्य विषस्य पिबति) તે ઘોળેલું ઝેર પીએ છે અથવા સાપનું ઝેર પીએ છે.

ઘણા વૈદ્ય ડાકટરો તેમજ દરદીઓ શરીરમાંથી બહાર નીકળવાને જોર કરતા વાતપિત્તાદિ દોષનાં તત્વોને અથવા શરીરમાં ભરાઈ ગએલાં વિજાતીય (ફોરેન મૅટર) દ્રવ્યોને દવાના જોરથી અથવા બીજા અપ્રાકૃતિક ઉપચારો કરીને માંહ્ય ને માંહ્ય દબાવી દેવાનો પ્રયત્ન કરે છે. ખરી રીતે વમન વિરેચન વગેરે ઇલાજો કરીને તેમને જેમ બને તેમ બહાર કાઢી નાખવાં જોઈએ. પણ તેમ ન કરતાં ઘણા વૈદ્ય–ડૉકટરો તેમને થોડા વખતને માટે દબાવી દે છે અને તેમ કરવાથી રોગીના શરીરમાં રોગનાં ચિહ્ન થોડી વારને

માટે દેખાતો બંધ થાય તેથી તે શાન્ત થયો એમ માને છે અને મનાવે છે. પણ તેનું પરિણામ એટલુંજ થાય છે કે, શરીરમાં ઓછું થએલું ઝેર એક નહિ તો બીજે રૂપે બહાર ફૂટી નીકળે છે. બ્રાહ્મણની વાણીને બળાત્કારે દબાવી દેવાથી રાષ્ટ્રશરીરમાં પણ બરાબર આવીજ ક્રિયા થાય છે. રાજા બ્રાહ્મણની વાણીને બોલવા ન દેતાં તેને દબાવી દે છે ત્યારે તે પણ કોઈ બીજું રૂપ લઈને ફૂટી નીકળે છે. વાણીને જ્યારે પોતાની અંદરના ભાવને પ્રકટ કરવાની ઇચ્છા થાય છે ત્યારે તે રોકી રોકાતીજ નથી. તે તો 'अनाद्या' અને 'अपन्यर्नीया' છે. પ્રજામતને મોઢે ડૂચો મારવો ઈષ્ટ નથી અને મારી શકાતો પણ નથી. ભાવને પ્રકટ કરવાનું કામ વાણીનું છે. તેને તે કામ કરતી કોઇ અટકાવે, જાહેર ભાષણની મના કરીને વાણીના અવાજને બંધ કરે અથવા છાપખાનાના કાયદા વડે કલમ વડે ભાવને પ્રકટ કરવાનો માર્ગ પણ બંધ કરે તો તેથી કાયમને માટે તેની ક્રિયા બંધ થઈ શકતીજ નથી. આગળ જતાં આપણે જોઇશું કે મનુષ્યની સાચી વાણી આ સ્થૂળ વાણી નથી, પણ તેની માનસવાણીજ છે. વાત, પિત્ત, કફ વગેરે શરીરના દોષોને બહાર નીકળવાના જે કુદરતી રસ્તા છે તે રસ્તા જો બંધ થાય તો તે દોષ કુપિત થાય, વિકૃત થાય, તેમાં વિષ પેદા થાય અને કોઇ પણ રોગના લક્ષણના રૂપમાં તે બહાર નીકળવાનું જોર કરે; એવીજ રીતે બ્રાહ્મણની વાણી ઉપર કૃત્રિમ દબાણ કરવાથી તે વિકૃત અને કુપિત થઇ જાય છે અને તેના સ્વાભાવિક રૂપમાં બહાર નીકળવાનો માર્ગ ખુલ્લો ન હોવાથી તે વિકૃત રૂપમાં જોર કરીને ફૂટી નીકળે છે.

છઠ્ઠા મંત્રમાં આપણે જોઇશું કે, બ્રાહ્મણની વાણી તો અગ્નિસ્વરૂપ છે. આવી અગ્નિસ્વરૂપ વાણીને જ્યારે કોઇ

બળાત્કારે રોકે છે ત્યારે તે વિકૃત થઇને વિકૃત અગ્નિનું રૂપ ધારણ કરે છે. આપણે આપણા શરીરનુંજ દૃષ્ટાન્ત લઇએ. આપણા શરીરમાં અગ્નિ તેના શુદ્ધ અને અવિકૃત રૂપમાં સદાકાળ રહે છે. તેનો આપણને સૌને અનુભવ છે. એ અગ્નિ વડેજ આપણું શરીરયંત્ર ટકી રહે છે. ભોજનની યથાનિયમ પાચનક્રિયા, શ્વસનક્રિયા વગેરે શારીરિક ક્રિયાઓમાંથી આ અગ્નિ રોજ રોજ ઉત્પન્ન થયાજ કરે છે અને ખાધેલા ખોરાકને પચાવવામાં તથા શરીરને નિભાવી રાખવાની બીજી ઘણીક ક્રિયાઓમાં તેનો ઉપયોગ થતો રહે છે, જેથી શરીર સ્વસ્થ અને પુષ્ટ રહે છે. પણ એજ અગ્નિ જ્યારે વિકૃત થાય છે ત્યારે તે શરીરમાં તાવની વિકૃત ગરમીને પેદા કરે છે. અગ્નિના શુદ્ધ સ્વરૂપથી શરીરમાં કદી દાહ ઉત્પન્ન થતો નથી; પણ તાવની વિકૃત ગરમીથી શરીર બળ્યું બળ્યું થાય છે, તેનું તમામ નિયમિત કાર્ય અટકી પડે છે, શરીર કમજોર થઈ જાય છે, સહનશક્તિ છેકજ ઘટી જાય છે, ચિત્તમાં ઉત્સાહ રહેતો નથી. મનનો આનંદોલ્લાસ સૂકાઇ જાય છે, ક્ષુધા મંદ થઇ જાય છે, ગળું સૂકાય છે, પાણીની અતિશય તરસ લાગે છે અને એવી જાતનાં બીજાં ઘણાં ઉપદ્રવનાં ચિહ્નો શરીરમાં પ્રકટ થાય છે. બ્રાહ્મણની વાણી રૂંધાઈ જવાથી જ્યારે તે તેના વિકૃત સ્વરૂપમાં ફૂટી નીકળે છે ત્યારે રાષ્ટ્રશરીરમાં પણ બરાબર આવીજ વિક્રિયા થવા લાગે છે. મંત્રમાં જે 'દુનોતિ' શબ્દ છે તે 'દુ–ઉપતાપે' ધાતુમાંથી બન્યો છે. તે વખતે આખા રાજ્યને જાણે સખત તાવ આવ્યો હોય અથવા આખા રાજ્યમાં જ્યાં ત્યાં આગ લાગી રહી હોય એવી વસ્તુસ્થિતિ ઉભી થાય છે. એક નાની સરખી ચીણગારી પડતાં જેમ આખું જંગલ એકદમ ભડભડાટ સળગવા માંડે, તેમ રૂંધાઇ ગયેલી બ્રાહ્મણની વાણીના બે ચાર ભાગ્યા તૂટ્યા શબ્દો ગમે

તેમ ફરીને નીકળી તો ન્યાય, તેનાથી રાજાની અથવા તેના રાજ્યતંત્રની વિરુદ્ધના વિચારો વિદ્રોહ સ્વરૂપમાં આખા રાજ્યની અંદર ફેલાઈ જાય છે અને તેથી પ્રજામાં રાજાનાં અથવા તેના પ્રતિનિધિઓનાં કાર્યો પ્રત્યે સખત વિરોધ, અસંતોષ અને ઉશ્કેરણીની લાગણીઓ પૂરજોસથી પ્રકટી નીકળે છે. તેને પરિણામે રાજ્યની અંદર વિચારોની અનિયંત્રિત ક્રાન્તિનું મોજું ઉછળે છે. રાજ્યમાં બધેજ આગ સળગવા માંડે છે. નઠારી બાબતોની જોગાજોગી સારી સારી બાબતો પણ આ આગમાં બળી જઈને ખાક-પાણી થઇ જાય છે; કારણ કે એક વાર આગ લાગી એટલે તે સારૂં શું અને નઠારૂં શું તે જોતીજ નથી. તે તો જે આવ્યું તેને બાળતીજ જાય છે. 'अग्निरिवारब्धो विधुनोति सर्वम् ।'

બ્રાહ્મણની વાણીને રોકવાનું માઠું પરિણામ આટલે-થીજ નથી અટકતું; પણ શરીર ઉપર તાવનો હુમલો થવાથી જેમ તેનું તમામ બળ ક્ષીણ થઈ જાય છે, શરીર પણ ઢીલુંઢસ બની જાય છે તેમ જ્યારે રાષ્ટ્રશરીરમાં બ્રાહ્મણની વાણી પ્રકુપિત થઇ જવાથી રાજ્યતંત્રની વિરુદ્ધ-માં ઉશ્કેરણી ફેલાઇ જાય છે ત્યારે રાષ્ટ્રનું ક્ષત્ર–ક્ષાત્રબળ, જેનું કામ રાષ્ટ્રને ક્ષતથી–ઉપદ્રવથી બચાવવાનું હોય છે; તેનો પણ નાશ થઈ જાય છે. તે દેશના રાજા અથવા સરકારની સામે પ્રજામતનો વિરોધ જેમ જેમ તીવ્ર થતો જાય છે, તેમ તેમ તેનું 'ક્ષત્ર' પણ તેટલુંજ ક્ષીણ થતું જાય છે. રાજ્યની રક્ષા કરનારા* ક્ષત્રિય લોકો તેવી સર-કારની નોકરી ફગાવી દે છે અને જે થોડા ઘણા ક્ષત્રિયો સરકારના પક્ષને વળગી રહે છે તેમને પ્રજા ગાંઠતી પણ

* સને ૧૯૧૭માં જ્યારે રશિયામાં બોલ્શેવિક ક્રાન્તિ થઇ ત્યારે આખું લશ્કર ઝારની સામે ફરી બેઠું હતું.—સંપાદક

નથી. આ બધાને એક શબ્દમાં કહેવા જઈએ તો રાજ્યમાં
અરાજકતા ફેલાઈ જાય છે, એમ કહેવું પડે. ક્રાન્તિ વિ-
ગ્રહમાં પ્રજા એટલી હદ સુધી ઉશ્કેરાઇ જાય છે કે કાં તો
રાજાને પદભ્રષ્ટ કરીને બીજા રાજાને ગાદી ઉપર બેસાડે
છે અથવા રાજ્યતંત્રના સ્વરૂપનેજ બદલી નાખે છે. ઇતિ-
હાસમાં આવા ઘણા દાખલા છે. આપણા દેશમાં ગણ-
તંત્ર જમાનામાં વેણુ (વેન) રાજાને તેની પ્રજાએ ગાદી ઉપ-
રથી ઉઠાડી મૂક્યો હતો. સત્તરમા સૈકામાં ઇંગ્લંડની પ્રજાએ
[illegible] રાજા ચાર્લ્સ ૧ લાને પદભ્રષ્ટ કરીને તેના ઉપર
[illegible] તરીકે કેસ ચલાવીને ગરદન મારી હતી. [illegible]
[illegible] ફ્રાન્સના લોકોએ ૧૬ મા લૂઇને સૂળી ઉપર
[illegible] અને રશિયાના લોકોએ આજથી [illegible]
[illegible] ઉપર [illegible] આવા ઘણા [illegible]
[illegible] હતા.

[illegible] નાશ થતો જાય છે તો [illegible]

[illegible]

તેની પ્રજાની સહાનુભૂતિ ન હોવાથી દૈવ તરફથી તેને જે મદદ મળવી જોઇએ તે મળતી નથી અને રાજાનું બળ તો દૈવની મદદ અને સહકારમાંજ રહેલું છે. ત્યારેજ પોતે કેટલી હદ સુધી ક્ષાત્રબળ વગરનો થઇ ગયો છે તેનું રાજાને ભાન આવે છે. પછી જ્યાંસુધી નવા રાજ્યતંત્રનો અમલ પૂરેપુરો ન સ્થપાઇ જાય ત્યાંસુધી તે રાજ્યને આવી નિર્ક્ષત્ર અવસ્થામાંજ દહાડા કાઢવા પડે છે. બ્રાહ્મણની વાણીને રોકવાનું આટલું બધું માઠું પરિણામ આવે છે.

વળી શરીરમાં તાવની કૃત્રિમ ગરમી ચઢી જવાથી દરદીનાં કુદરતી બળ, તેજ વગેરેનો ક્ષય થઇ જાય છે; તેવીજ રીતે પ્રજાને અકારા થઇ પડેલા રાજા અથવા સરકારની વિરુદ્ધમાં પ્રજામાં ફેલાએલી અસંતોષની આગ સળગી ઉઠતાંજ રાજ્યની પ્રતિષ્ઠાની બરબાદી થઇ જાય છે; તેનું તેજ (પ્રેસ્ટિજ) હરાઇ જાય છે. શરીરમાં તાવ હોય ત્યાંસુધી તો તાવની ગરમીને લીધે દરદીના મોઢા ઉપર ફીકાશ નથી દેખાતી, તેને ઝાઝી કમજોરી પણ નથી દાખવતી; પણ ખરેખરી ફીકાશ અને કમજોરી તો તાવ ઉતરી ગયા પછીજ દેખાય છે. તેવીજ રીતે ઉપર કહ્યાં તેવાં કારણોથી દેવાળાં થઇ ગએલાં રાષ્ટ્રોની તેજહીનતા થોડા વખત સુધી ઉઘાડી નથી પડતી, જો કે તેઓ અંદરથી તો સડીને ખોખાં જેવાંજ બની ગએલાં હોય છે.

ક્ષત્રના ક્ષયની સાથે ક્ષાત્રતેજનો પણ ક્ષય થાય છે. ક્ષત્રનો નાશ થાય એટલે તેનું તેજ પણ ઝાંખું પડવુંજ જોઈએ. એવી સ્થિતિ થતાં આ રાજ્ય ઉપરથી પરરાજ્યોનો વિશ્વાસ ઉઠી જાય છે. તેની સાથે મૈત્રી કરવા કોઇ ચાહતું નથી. સૌ તેને દબાવવાનોજ પ્રયત્ન કરે છે. તેનો પરરાજ્યો સાથેનો સંબંધ જેમ જેમ બગડતો જાય છે, અને તેનાં પોતાનાં ક્ષત્ર અને ક્ષાત્રતેજ જેમ જેમ ઝાંખાં પડતાં જાય

છે, તેમ તેમ તેની સીમાની અંદર ધૂંધવાઈ રહેલી આગ વધારે જોરથી ભભૂકી ઉઠે છે. પછી તો જેઓ આજના જેવી પણ જેઓ અત્યાર સુધી રાજસત્તાની ધાકથી ડરીને મનમાં સંતુષ્ટ ન હોવા છતાં દબાઈને બેસી રહેતા હતા તેઓ પણ રાજશક્તિનો હ્રાસ થએલો જોઈને ખુલ્લા બળવામાં સામેલ થાય છે. એ રીતે ક્રાન્તિની આગ હડાડે હડાડે વિરોધ ભયંકર રૂપ ધારણ કરતી જાય છે અને પ્રજામતની અવગણના કરનાર રાજતંત્ર આખું ને આખું બળીને ખાક થઈ જઈ તારાજ થાય છે.

રાજ્યતંત્ર ઉપર આ બધી આફત આવી પડવાનું મૂળ કારણ એટલું જ છે કે, જો રાજ્યનું તંત્ર જેમના હાથમાં હતું તેમણે જ પ્રજાની લાગણીને દબાવી દેવાની ભારે ભૂલ કરી હતી. જો તેમણે તેને ગુંગળાવી નાખી ન હોત પણ [illegible] ને જો [illegible] થતું હોત તો [illegible] [illegible]

થઇએ છીએ. એવીજ રીતે બ્રહ્મણની વાણીમાં રહેલી શક્તિને સાધારણ લોકો તો ત્યારેજ ઓળખતા થાય છે, કે જ્યારે તેની મારફતે કોઈ પણ જાતની વિપ્લવ આગને તેઓ આખા દેશમાં બળબળતી દેખે ત્યારે. પણ આ તો તેની વિકૃત દશાનું એક સ્વરૂપ છે. એ વાણીરૂપી અગ્નિને જો કોઇ દબાવી દેવાનો પ્રયત્ન ન કરે તો તે પોતાની જગ્યાએ ચુપચૂપ પડી પડી રાષ્ટ્રની ભારે સેવા કર્યાજ કરે. એ વાણીને પ્રતાપે રાષ્ટ્રમાં એવી શાંત ક્રાન્તિ થયા કરે કે જેના વડે રાજાનું અને પ્રજાનું બેઉનું કલ્યાણ થતું રહે. માટે બ્રહ્મણની વાણીને કોઇએ કદી રોકવીજ નહિ. જો રોકી તો તે રોકાવાની તો નથીજ; પણ ઉલટી બીજા રૂપમાં ફૂટી નીકળશે અને રોકનારને ભારે પડી જશે.

આટલું કહ્યા પછી આ મંત્રના ઉત્તરાર્ધમાં જે કહ્યું છે તે તો ઘણુંજ સ્પષ્ટ છે. જે રાજા બ્રાહ્મણને * અન્ન એટલે ખાવાની ચીજ સમજે છે, મતલબ કે તેને નબળો, પોચો, સહેલાઇથી દબાવી શકાય એવો ધારે છે તે ઘોળેલું ઝેરજ પીએ છે. ઝેરને આખું ને આખું ચાવી ખાવા કરતાં તેને પાણીમાં ઘોળીને પીવાથી વધારે જલદી અસર થાય છે. સાધારણ માણસની વાણીને રોકવી તે પણ ઝેર ખાવા


---

* આ મંત્રમાં તથા તેની અગાઉના મંત્રમાં બ્રાહ્મણને ખાઇ જવાનું કહ્યું છે તે ઉપરથી એ શબ્દનો રૂઢ અર્થ કરીને 'બ્રાહ્મણને દાંત વડે ચાવી ખાવાનો' અર્થ કાઢવાની તો કોઇની પણ હિંમત નહિ ચાલે; એવું હવે ફરી ફરીને કહેવાની જરૂર રહી નથી. એવીજ રીતે એની આસપાસના મંત્રોમા જ્યા બ્રાહ્મણને ઠેકાણે બ્રાહ્મણની વાણીને ખાઇ જવાની વાત આવે છે ત્યા પણ તેનો અર્થ દાંત વડે ચાવીને પેટમાં ઉતારી દેવા એવો થઇ શકે નહિ. મંત્રમા 'ખાઇ જવું' એવો શબ્દ આવે છે તેટલા ઉપરથીજ અહીં 'ગા'નો અર્થ ગાય નામનું પ્રાણી નથી એવું સાબિત થઇ જાય છે. (મૂળલેખક)

બરોબર તો છેજ; પણ બ્રાહ્મણની વાણીને રોકવી એ તો× ઘોળેલું ઝેર પીવા બરોબર છે. કારણકે બ્રાહ્મણની વાણીનો સૌના ઉપર તરતજ પ્રભાવ પડે છે.

કોઈ મૂર્ખ માણસ પોતે ઝેર ખાતો હોય, પણ મન-માં એમ સમજે કે હું ઝેર નથી ખાતો પણ અન્ન-ખાવાનો પદાર્થજ-ખાઉં છું, તેવીજ મૂર્ખાઈ બ્રાહ્મણને નબળો પોચો માનીને તેની વાણીને રોકનાર રાજા કરે છે. પેલો માણસ એમ ધારે છે કે, આ મારો ખોરાક છે અને તેથી મારા શરીરને પુષ્ટિ મળશે. રાજા એમ ધારે છે કે, રાજ્યના બ્રાહ્મણને દબાવીને, મારીને તેનો નાશ કરીને હું અને મારી સરકાર વધારે બળવાન બનીશું; આ બેઉ જણ એકસર-ખીજ ભૂલ કરે છે.

વેદ કહે છે કે, એવો રાજા પોતાને હાથેજ પોતાના વિનાશનાં બીજ વાવે છે.



× મૂળમાં 'तैमात' શબ્દ છે તેનો [illegible]



મંત્ર ૫ મો

એવા રાજાને અંદર અને બહાર, ક્યાંય શાંતિ મળતીજ નથી.

य एनं हन्ति मृदुं मन्यमानो देवपीयुर्धनकामो न चित्तात् ।
सं तस्येन्द्रो हृदयेऽग्निमिन्ध उभे एनं द्विष्टो नभसी चरन्तम् ॥

જે (દેવપીયુઃ) દૈવી ભાવનો નાશ કરનાર (ધનકામઃ) ધનલોભી રાજા (न चित्तात्) વગરસમજ્યે એટલે બ્રાહ્મણની શક્તિને પૂરી ઓળખ્યા વગર (मृदुं मन्यमानः एनं हन्ति) તે બ્રાહ્મણને નબળો, પોચો, સુંવાળો માનીને તેનુ હનન કરે છે, તેને દબાવે છે, મારે છે, (तस्य हृदये) તે રાજાના હૃદયમાં (इन्द्रः) ઇંદ્ર (अग्निं समिन्धे) આગ સળગાવી દે છે અને (एनं चरन्तं) જ્યારે તે ચાલે છે–આચરણ કરે છે અથવા પોતાનું કામકાજ કરવા લાગે છે ત્યારે (उभे) નભસી આકાશ અને પૃથ્વી બન્ને લોકમાં વાસો કરતા તમામ દેવતાઓ (द्विष्टः) તેનો દ્વેષ કરવા લાગે છે.

પાછલા મંત્રમાં કહ્યું છે કે આવો રાજા પોતાની મૂર્ખાઇને લીધે, અધૂરી અથવા ખોટી સમજને લીધે વિષને ખાવાની ચીજ માની લે છે. બ્રાહ્મણને પીડવાથી પોતાનો નાશ થશે એમ ન જાણતાં તે એમ માની લે છે કે, તેથી મને પુષ્ટિ મળશે–મારા બળમાં વધારો થશે; પણ આવી ગેરસમજ અવળી અક્કલ તેને શાથી સૂઝે છે? કારણ કે તે

'ધનકામઃ' થયો છે, તેને ધનનો લોભ લાગ્યો છે. તેને ધનનો લોભ શાથી લાગ્યો ? કેમકે કે 'દેવપીયુઃ' બની ગયો છે. 'દેવપીયુઃ' એટલે શું તે બરાબર સમજી લેવું જોઇએ. એનો એ શબ્દ હવે પછીના મંત્રોમાં પણ આવશે અને ૧૩ મા મંત્રનો તો તે મુખ્ય શબ્દ છે. દેવપીયુ એટલે **દેવોની હિંસા કરનાર.** જે રાજા પોતાના રાજ્યમાં, પોતાના રાજ્યતંત્રમાં દેવી ભાવોની જડ ઉખેડી નાખે છે તે દેવપીયુ કહેવાય છે. આ પુસ્તકના આરંભમાંજ અમે કહ્યું હતું કે, આ જગત ઉપર દેવાધિદેવ પરમાત્માનું તેમના અગ્નિ, ઇંદ્ર આદિ દેવોરૂપી અંશોની મારફતે અવિચળ રાજ્ય ચાલે છે. જેમ ભગવાનના રાજ્યમાં દેવતાઓરૂપી ભગવાનના મુખ્ય મુખ્ય સુબાઓ, અધિકારીઓ તદ્દન નિઃસ્વાર્થપણે ભૂલચૂક વગર, ભગવાનના અચળ નિયમોની મર્યાદામાં રહીને રાજ્યવહીવટ ચલાવે છે તેજ પ્રમાણે આ પૃથ્વીના રાજ્યમાં પણ મનુષ્યોના રાજાએ પોતાને ભગવાનનો નીમેલો સેવક ગણીને ભગવાને ઘડેલા શુભ નિયમો મુજબ રાજ્ય ચલાવવું જોઈએ. એ પ્રમાણે જે રાજ્યમાં ઈશ્વરના નિયમોનું યથાશક્તિ અનુસરણ થાય છે તે રાજ્ય રામરાજ્ય કહેવાય છે; કારણ કે ત્યાં ભગવાનના ધારાધોરણ મુજબજ રાજ્ય ચાલે છે. પણ જે રાજા પોતાના અમલ દરમિયાન પોતાનો ધર્મ ભૂલી જઈને સ્વાર્થથી આંધળો થઈ જાય છે તેના રાજ્યમાંથી દેવભાવ ઉઠી જાય છે અને તેની જગ્યાએ આસુર ભાવ ચઢી બેસે છે. એવા રાજાને વેદમાં દેવપીયુ કહ્યો છે. ટુંકામાં કહીએ તો પોતાના કર્તવ્યમાંથી ભ્રષ્ટ થએલા, પ્રજાપીડક, સ્વાર્થી રાજાને માટે એક શબ્દ દેવપીયુ છે.

પ્રજા તરફ પોતાનો શો ધર્મ છે તેનો જરાએ જેને વિચાર નથી, પ્રજાના સુખ તરફ જે કશું લક્ષજ આપતો

નથી એવો સ્વાર્થી રાજા 'લઘુહૃદય:' વિલાસી અને વિષયી થઈ જાય છે. પોતાના ભોગવિલાસના પદાર્થોનુંજ ચિંતન કરતાં કરતાં તેને તે વિષયોની પ્રાપ્તિ કરાવનાર 'ધન' તરફ 'કામ' ઉત્પન્ન થાય છે. તેને ધન મેળવવાની તીવ્ર ભૂખ જાગે છે. કારણ કે તે એમ સમજે છે કે, મારી તમામ વિષયેચ્છાઓ ધન વડે તૃપ્ત થશે. આમજ જતાં તેની ધનની ભૂખ એટલી હદે પહોંચી જાય છે, ધનની તૃષ્ણા તેને એવો આંધળો ભીંત બનાવી મૂકે છે કે તેને તેના સિવાય બીજું કશું સૂઝતુંજ નથી. કોઈ પણ ઉપાયે પોતાની તિજોરીમાં ધનના ઢગલા થાય એટલુંજ તે ઝંખે છે. એ સિવાય બીજા કશા તરફ તેનું ધ્યાનજ જતું નથી. ધનકામના તેને આખરે એવો આંધળો બનાવી દે છે—ગીતાના શબ્દોમાં કહીએ તો 'કામ' ના વેગથી તે 'સંમૂઢ' અને 'સ્મૃતિભ્રષ્ટ' થઈ જાય છે, કે પછી તે બ્રાહ્મણને 'મૃદુ' પોચો, નબળો, સહેલાઈથી કચરી નખાય એવો ધારે છે અને તેને બિનજોખમે રમતાં રમતાં 'ખાઈ જવાશે' એમ માની લે છે.

હવે આવા રાજાના મનની હાલત કેવી હોય છે તેનું વર્ણન આ મંત્રમાં કર્યું છે. મંત્રમાં કહ્યું છે કે, તેના હૃદયમાં ઇન્દ્ર આગ સળગાવે છે અને આકાશ તથા પૃથ્વી, બેઉ લોકના દેવતાઓ તેને ચાલતો જોઈને તેનો દ્વેષ કરવા લાગે છે. જ્યારે તે એકલો પડે છે અને તેના હાથમાં કશું કામકાજ હોતું નથી ત્યારે ઇન્દ્રે સળગાવેલી આગ તેના હૃદયમાં ધીખી ઉઠે છે; જ્યારે તે ચાલે છે એટલે બીજા લોકોની સાથે સમાગમમાં આવે છે ત્યારે ઉપરનો અને નીચેનો આખો સંસારજ તેના તરફ ડોળા ઘુરકાવીને જોવા લાગે છે. આથી કરીને તે એકલો પડે છે ત્યારે અને રાજનું કામકાજ કરતો હોય છે ત્યારે, બેઉ અવસ્થામાં તેના ચિત્તને શાંતિ તો કદી હોતીજ નથી. એકલો પડે છે ત્યારે તેના

મનમાં લાગેલી આગ અથવા પશ્ચાત્તાપની ભઠ્ઠી તેને બેચેન બનાવે છે—તેનું અંતઃકરણ તેને ડંખ્યાજ કરે છે. કારણ કે અંતઃકરણનો દેવતા ઇંદ્ર પોતે લગાડેલી આગને સંકોર્યાજ કરે છે; એ આગના તાપમાંથી છૂટવાને તે કામકાજમાં ચિત્ત પરોવે છે, સંસારના લોકો સાથે પોતાનો વ્યવહાર ચલાવવા લાગે છે ત્યારે ત્યાં પણ બધો વખત ચારે તરફ-થી પોતાની નિંદા ને નિંદાજ સાંભળવાનું તેના ભાગ્યમાં લખાયું છે. તે જ્યાં નજર કરે છે ત્યાં તે સૌને પોતાના તરફ ઘૃણાની નજરથી જોતા જુએ છે. લોકોના મનમાં તેને માટે ઘૃણા તો ઉત્પન્ન થઇ ચૂકેલીજ છે અને તે કોઇ ને કોઇ રીતે બહાર પડયા વિના રહેતીજ નથી. આનું પરિ-ણામ એ થાય છે કે, અંદર અને બહાર, એકાન્તમાં તેમજ લોકો સાથેના વ્યવહારમાં, કોઈ પણ અવસ્થામાં તેને શાંતિ જેવું તો કાંઇ હોતુંજ નથી.

વાસ્તવમાં બાહ્ય જગતની અંદર જે કાંઇ છે તે બધુંજ આપણા અંદરના જગતની છાયામાત્ર છે. વ્યક્તિ-ગતની દૃષ્ટિએ આખા સંસારમાં માત્ર બેજ વસ્તુઓ છે— (૧) આત્મ (૨) અનાત્મ. જે જે અનાત્મ પદાર્થો છે તે બધુંજ દરેક વ્યક્તિના પોતપોતાના આત્માની— પોતાના અંદરના જગતની—પ્રતિકૃતિઓ છે. આખો [illegible] આપણા અંદરના સંસારની છાયાજ છે. દરકોઈના [illegible]—તેના અંદરના જગતનું—કેન્દ્ર તેનું પોતાનું હૃદય [illegible] તેના હૃદયની અંદરજ તેનો આખો સંસાર ભર્યો [illegible] છે અને ત્યાંજ ઈન્દ્રનું—આત્માનું—પરમાત્માનું— [illegible] છે. મંત્રમાં કહ્યું છે કે "હૃદયમાં 'આત્મા'નાં [illegible] આગળ છે" અને તેથી દરેક તેનું 'આત્મ' [illegible] સંસાર—[illegible]—તેને ચિત્ત [illegible] [illegible] ઉપર કહેલા આત્મ—અનાત્મના તત્ત્વને [illegible]

માં સમાવિષ્ટ કર્યું છે. જેને પોતાના હૃદયમંદિરના આત્મામાં–શાંતિ નથી તેને બહારના જગતમાં શાંતિ ક્યાંથી હોય? તેને તો આખા જગતમાં પોતાના આત્માની અંદર સળગેલી આગના અંગારા બહારજ દેખાય છે. આવા 'દેવપીયુ' રાજાએ પોતાની અંદરના ઇન્દ્રનો નાશ કર્યો હોય છે તેથી કરીને તેની અંદરના–આત્મા સંસ્કારના દેવો તેનો દ્વેષ કરે છે, તેને પ્રતિકૂળ આચરણ કરે છે. તેણે પોતાના આત્મદેવને દુભાવ્યો એટલે આખું જગત તેની સાથે દુભાયું છે, આખું જગત તેનાથી પ્રતિકૂળ થઇ ગયું છે. જે જ્યાંથી બગડ્યું હોય ત્યાંથીજ તે સુધરી શકે, એ નિયમ પ્રમાણે આવા રાજાને જો સુધરવું હોય તો તેણે પોતાની અંદર સુધારણા કરવીજ રહી. ઇન્દ્ર–તેનો આત્મા અથવા પરમાત્મા–તેનાં અંદરના ઇન્દ્રમાં, તેના પોતાના હૃદયમાં પશ્ચાત્તાપ અથવા દુઃખની આગ લગાડે છે તે એટલાજ હેતુથી કે એ દુઃખના ચબુ-ચબુાટથી તેની સાન ઠેકાણે આવે. જો તેણે સુધરવુંજ હોય તો પ્રથમ તો તેણે પોતાની અંદરના 'આત્મ–રાજ્ય'નો મહિમા કેવો છે તે જાણવું જોઇશે–ત્યાં દેવોના રાજ્યની પુનઃ સ્થાપના કરવી જોઇશે. બહારનું જગત તેનો દ્વેષ કરે છે તે જોઇને પણ તેણે તેમાંથી બોધ લેવો જોઇશે. તેમ કરીને તેણે 'દેવપીયુ'ને ઠેકાણે 'દેવબન્ધુ' બની જવું જોઇશે. પોતાના તુચ્છ સ્વાર્થને તો છોડીજ દેવો પડશે અને પ્રજાનું પાલન એજ મારૂં કર્તવ્ય છે અને તેમાંજ મારો સાચો સ્વાર્થ છે એ તત્ત્વ તેણે બરાબર સમજી લેવું જોઇએ.

આવા રાજાને 'પ્રજા–પીયુ' ન કહેતાં 'દેવપીયુ' કહ્યો

+ અહીં પરમાત્માને ઇન્દ્ર કહેવાનું શું પ્રયોજન છે તેનો ખુલાસો આની પછીના મંત્રની ચર્ચા કરતી વખતે કર્યો છે. (મૂળલેખક)

છે અને 'પ્રજા આખા રાજ્યમાં તેનો સર્વત્ર દ્વેષ કરે છે' એમ ન કહેતાં 'ઉભય લોકના દેવતાઓ તેનો દ્વેષ કરે છે' એવું કહ્યું છે તેમ કરવાનું જે ખાસ પ્રયોજન છે તે પણ વાચકો બરાબર સમજી લે. આખા જગતને દેવમય જોવાની વેદની શૈલી છે. વૈદિક વાતાવરણમાં રહેનારમાં સર્વત્ર દેવભાવના દૃઢ થઈ જાય છે. પોતાના રાજ્યમાં જે જે મનુષ્યો વસતાં હોય તે બધા દેવો છે એવું રાજાએ સમજવું જોઈએ. વેદમાં 'પંચજન' શબ્દ આવે છે તેમાં પણ આ પ્રજારૂપી દેવતાનીજ સ્તુતિ છે. એટલા માટે પ્રજાનો દ્રોહ એ દેવોનોજ દ્રોહ છે. ખાસ તો એટલા માટે કે જે રાજા પોતે રાજા હોવા છતાં પ્રજાને પીડે છે તે માત્ર પ્રજારૂપી દેવતાઓનો અપરાધ કરે છે એટલુંજ નહિ પણ સર્વ દેવતાઓનો–ખુદ પરમાત્માનો પણ અપરાધ કરે છે. આવા ઉંચા આશયને લક્ષમાં રાખીને વેદમાં એવા રાજાને પ્રજાપીડુ ન કહેતાં દેવપીડુ કહ્યો છે. એવા રાજાની વિરુદ્ધમાં એકલી તેની પ્રજાજ ઉભી થાય છે એમ નહિ, પણ ચૌદ લોકના દેવતાઓ પણ તેની વિરુદ્ધ થઈ જાય છે; કેમકે તેણે પ્રજાને પીડીને પરમાત્માના નિયમોનો ભંગ કર્યો છે. જેમ દેવતાઓએ રાજાને બ્રાહ્મણની વાણીનું દાન કર્યું છે, તેવીજ રીતે દેવતાઓએ તેના હાથમાં પ્રજા સોંપી છે તે પણ તેમનું રક્ષણ કરવા સોંપી છે, નહિ કે પોતના સ્વાર્થને માટે, તેમને નીચોવાય તેટલી નીચોવી લેવા માટે. આથી કરીને પ્રજાને પીડવી એ એકલા દેવતાઓનેજ નહિ, પણ ખુદ પરમાત્માને પીડા કર્યા બરોબર છે. આ સિદ્ધાંત ઘણો મહત્ત્વનો છે અને વાચકો તેને બરાબર સમજી લે એ બહુ જરૂરનું છે.

આથી ઉલટપક્ષે જે બ્રાહ્મણમાં સાચા બ્રાહ્મણનાં લક્ષણ હોય છે તેને આખી પ્રજા અનુકૂળ થઈ જાય છે

એટલુંજ માત્ર ન કહેતાં, હવે પછીના મંત્રમાં કહ્યું છે કે તેવા બ્રાહ્મણને તમામ દેવતાઓ અનુકૂળ થઈ જાય છે. તમામ દેવતાઓ બ્રાહ્મણને અનુકૂળ હોવાથી તેને દેવપીયુ લોકો ધારે છે તેવો તે નબળો, પોચો, સુંવાળો, કોઇની મદદ વગરનો અને સહેલાઇથી કચરી નંખાય એવો નથી હોતો, પણ તે તો ઘણોજ બળવાન હોય છે; કારણકે તેનું રક્ષણ કરવા માટે તમામ દેવતાઓની એકત્ર થએલી શક્તિ તેની પૂંઠે ઉભેલી છે. આ બાબત હવે પછીના મંત્રમાં વધારે વિગતવાર સમજાવી છે.





મંત્ર—૬ ઠ્ઠો

બ્રાહ્મણ પોતે અગ્નિસ્વરૂપ છે અને તમામ દેવતાઓ તેના સહાયક છે.

न ब्राह्मणो हिंसितव्योऽग्निः प्रियतनोरिव ।
सोमोह्यस्य दायाद इन्द्रो अस्याभिशस्तिपाः ॥

(प्रियतनोः अग्निः इव ब्राह्मणः न हिंसितव्यः) પોતાના વહાલા શરીરમાં રહેલા અગ્નિના જેવો બ્રાહ્મણ છે માટે તેની હિંસા ન કરવી. (अस्य) આ બ્રાહ્મણનો (सोमः हि) સોમરૂપી જગદીશ્વર (दायादः) સંબંધી છે અને (इन्द्रः) ઇન્દ્રરૂપી પરમેશ્વર (अभिशस्तिपाः) બીજાની હિંસાથી તેનું રક્ષણ કરે છે.

બ્રાહ્મણની હિંસા કરવી જોઇએ નહિ; કેમકે તે આત્મહત્યા કરવા બરોબર છે. સૌને પોતાનું શરીર વહાલું હોય છે. શરીરની અંદર જે ગરમી રહેલી છે, પ્રાણ છે, ચેતન છે તેના વડે શરીર વહાલું લાગે છે. એ ગરમી, પ્રાણ, ચેતન જો શરીરમાંથી નીકળી જાય તો તે શરીર નથી રહેતું, પણ મુડદું બની જાય છે. હવે શરીરમાંની ગરમીને કાઢી નાખીને તેને ઠંડું બનાવી દેવું એ જેમ આત્મહત્યા કરી કહેવાય, તેમ બ્રાહ્મણની હિંસા કરવી, તેને મારવો એ રાષ્ટ્રીય આત્મહત્યા કર્યા બરોબર છે; કારણકે તે સૌને પ્રિય એવા રાષ્ટ્રીય શરીરને સચેતન રાખનાર અગ્નિ છે.

ત્યારે બ્રાહ્મણ અગ્નિસ્વરૂપ છે એ આ મંત્રની ઓથી પહેલી બાબત થઈ. વૈદિક સાહિત્યમાં બ્રાહ્મણનો અગ્નિ

અગ્નિનો સંબંધ બતાવ્યો છે. વેદમાં કહ્યું છે કે 'બ્રાહ્મણોऽस्य मुखमासीत्।' એનો મતલબ એવો છે કે જેમ આધિભૌતિક ક્ષેત્રમાં વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણ ઉત્પન્ન થયો છે, તેમ આધિદૈવિક ક્ષેત્રમાં એજ વિરાટ પુરુષના મુખમાંથી અગ્નિની ઉત્પત્તિ થઈ છે.× એજ પ્રમાણે આધ્યાત્મિક ક્ષેત્રમાં એજ અગ્નિ વાક્ (વાણી) રૂપે પ્રકટ થાય છે એમ કહ્યું છે.* દેવતાઓના વર્ણવિભાગ કરતી વખતે અગ્નિદેવને બ્રાહ્મણ માન્યો છે. આ રીતે અગ્નિ, બ્રાહ્મણ અને વાણી એ ત્રણેનો પરસ્પર સંબંધ–તેમની ત્રણેની એકતા–વૈદિક સાહિત્યમાં ઘણીજ વ્યાપેલ છે. આ બાબતના પુરાવા પણ જોઇએ તેટલા છે. અહીં તો ટૂંકામાં એટલુંજ કહેવાનું પ્રયોજન છે કે, શરીરની અંદરના અગ્નિનો નાશ કરવો એ જેમ આત્મહત્યા છે, તેમ બ્રાહ્મણનો નાશ કરવો એ પણ આત્મહત્યા છે.

આ મંત્રની બીજી લીટીમાં બીજી બાબત એવી આવે છે કે, સોમ દેવતા બ્રાહ્મણનો સગો છે, અને ઇન્દ્ર તેનું હિંસામાંથી રક્ષણ કરે છે. આથી કરીને બ્રાહ્મણને નબળો પોચો કે અસહાય નજ ગણવો જોઇએ. મોટા મોટા દેવતાઓ એની સહાયે ઉભા છે. સોમ અને ઇન્દ્ર એ બેઉ પરમાત્માનાંજ નામ છે, અને પરમાત્માની બે જુદી જુદી શક્તિઓને વેદમાં આ નામથી ઓળખાવી છે. એટલી હકીકત સામાન્ય વાચકને માટે પૂરતી છે. અહીં મૂળ બાબત એટલીજ છે કે, આખા જગતનો એકમાત્ર શાસ્તા પરમાત્મા પોતાનાં આ બે સ્વરૂપ વડે સર્વદા બ્રાહ્મણનું રક્ષણ કરતોજ રહે છે. પરંતુ જે વાચકો વધારે ઉંડા ઉતરીને

× 'मुखादिन्द्रश्चाग्निश्च।' આને લગતું આવું વેદવચન છે
* જુઓ એના સંબંધમાં વેદનું વચન.–
अग्निर्वाग् भूत्वा मुखं प्राविशत्। —અનુવાદક

આ વિષયનો વિચાર કરી શકે એવા હોય તેમણે એ પણ જાણી લેવું જોઇએ કે, પરમાત્માની કયી કયી શક્તિઓને 'સોમ' અને 'ઈન્દ્ર' એવાં નામ આપ્યાં છે અને 'અગ્નિ'ની સાથે તેઓ 'रक्षक' અને 'दायाद'નો સંબંધ શામાટે રાખી રહી છે?

આખા સૂક્તમાં અગ્નિ, ઈન્દ્ર અને સોમ, એ ત્રણ દેવતાઓનાં નામ બે કે ત્રણ ઠેકાણે આવે છે. જગતમાં સર્વત્ર કાર્ય કરી રહેલી જગદીશ્વર પરમાત્માની ત્રણ મુખ્ય શક્તિઓને લક્ષમાં રાખીને પરમાત્માને આ ત્રણ નામ વડે આ સૂક્તમાં ઓળખાવી છે. બાકીના બીજા તમામ દેવતાઓનો આ ત્રણ દેવતાઓમાં સમાવેશ થઇ જાય છે. ત્રણ દેવતાઓની ત્રિપુટી–ત્રિદૈવત્વ(ટ્રિનિટિ)નો સિદ્ધાન્ત તમામ ધર્મોએ માન્ય રાખ્યો છે.

નીચે એક કોષ્ટક આપીએ છીએ તેને લક્ષપૂર્વક સમજી લેવાની વાચકને ભલામણ છે.

બ્રહ્મ		ક્ષત્ર
૧ અગ્નિ अग्रणीर्भवति	સોમ सुनोतेः	ઈંદ્ર इन्द्रच्छत्रूणां दारयिता
૨ ઉન્નતિ (વૃદ્ધિ)	સ્થિરતા (પુષ્ટિ)	રક્ષા (શત્રુનાશ)
૩ બ્રહ્મા (ઉત્પત્તિ)	વિષ્ણુ (સ્થિતિ)	મહેશ (સંહાર)
૪ પ્રગતિ (પ્રોગ્રેસ)	સ્થિરતા (પર્મેનન્સ)	રક્ષણ (પ્રોટેક્શન)
૫ વ્યવસ્થા (લેજીસ્લેચર)	ન્યાય (જુડીશિયલ)	શાસન (એક્ઝીક્યુટિવ)
નોંધ:–બ્રહ્માનું એક નામ વિધિ છે. વિધિ એટલે કાયદો.		
૬ પિંગલા	ઇડા	સુષુમ્ના
૭ પિત્ત	કફ	વાત
૮ નાભિ	શિર	હૃદય

ઉપરના કોઠકમાં પહેલા આંકડાવાળાં આસન અગ્નિ, સોમ અને ઇન્દ્રનો સામાન્ય સંબંધ બતાવે છે. તેના ચોથા અને પાંચમા આસનમાં એના એજ ત્રણ દેવો આધિભૌતિક ક્ષેત્રમાં (સમાજમાં અથવા રાષ્ટ્રમાં) કયા કયા વિશેષ રૂપમાં પ્રકટ થાય છે તે બતાવ્યું છે. ૬ ઠ્ઠા, ૭ મા અને ૮ મા આસનોમાં એજ દેવતાઓ હરકોઈ વ્યક્તિના શરીરમાં કયે કયે રૂપે રહે છે તે બતાવ્યું છે.

હવે પ્રથમ આપણે અગ્નિ અને સોમના એકબીજા સાથેના સંબંધનો વિચાર કરીએ. 'अग्निषोमौ' એવું અગ્નિ અને સોમનું યુગલ વૈદિક સાહિત્યમાં ઘણુંજ જાણીતું છે. અગ્નિ એ પ્રગતિ, ઉન્નતિ અને વૃદ્ધિનું મૂર્ત સ્વરૂપ છે. અગ્નિ વડે જે ઉન્નતિ વગેરે સધાય છે તેને સ્થિર કરવાનું, પોષણ આપવાનું કામ સોમનું છે. અગ્નિ એ 'अग्रणी' આગળ લઇ જનાર શક્તિ છે. સોમ તેમાં રસ રેડે છે. એકલો અગ્નિ અને એકલો સોમ જીવન નીભાવવાને માટે પૂરતા નથી. બેઉના પરસ્પર સહકારથી જીવનનો નિભાવ થાય છે. બેઉ એકબીજાની ન્યૂનતા પૂરી કરે છે, બેઉ એકબીજાના પૂરક (કોમ્પ્લીમેન્ટરી) છે. એક બાજુએ ઉન્નતિ અને પ્રગતિ પણ થતી રહેવી જોઈએ અને બીજી બાજુએ જે પ્રગતિ થઇ હોય તેમાં સ્થિરતા પણ આવવી જોઇએ. અગ્નિએ કરેલી વૃદ્ધિને સોમ પુષ્ટિ આપે છે. એટલા માટે સોમને અગ્નિનો દાયાદ એટલે સગો સંબંધી કહ્યો છે—સોમ જે તેને આપે છે તેને (દાયને) ગ્રહણ કરનાર—આદાન કરનાર—એવો એ શબ્દનો અર્થ છે. दायम् आदत्ते इति दायादः। અગ્નિ અને સોમનું એકબીજા સાથેનું દાયાદનું સગપણ વાચકે બરાબર લક્ષમાં રાખવું.

અંગ્રેજ તત્ત્વવેત્તા જોન સ્ટૂઅર્ટ મિલ શાસન (ગવર્નમેન્ટ)નો ઉદ્દેશ પ્રગતિ (પ્રોગ્રેસ) અને સ્થિરતા (પર્મેનેન્સ)

એ બે શબ્દો વડે સમજાવે છે. એનું તાત્પર્ય એ છે કે, જો રાષ્ટ્રને ઉન્નત કરવું હોય તો તેની ઉન્નતિને સ્થિર અને પુષ્ટ કરવી જોઇએ. પણ આ બેઉ બાબતો રાષ્ટ્રના આન્તરિક કલ્યાણની સાથેજ સંબંધ ધરાવે છે. જો બહારના જગતનું અસ્તિત્વજ ન હોય તો ઉપર ગણાવેલી બે બાબતો વડે બધો ઉદ્દેશ સિદ્ધ થઇ જાય. પરંતુ વસ્તુસ્થિતિ એથી જુદી છે. જેવું અંદરનું જગત છે તેવું પાછું બહારનું જગત પણ છે. એ બહારના જગતમાંથી અંદરના જગતની ઉન્નતિમાં વારંવાર અડચણો પેદા થયા કરે છે. તે ઉપરથી 'મિલ' પ્રોટેકશન–સંરક્ષણ નામનું એક ત્રીજું તત્ત્વ બતાવે છે. પ્રગતિ અને સ્થિરતા મળીને અંતે એકજ તત્ત્વ બની જાય છે. પછી આ 'अग्निषोमौ' ના યુગલની સાથે इन्द्र મળે છે ત્યારે એ ત્રણ મળીને એક નવુંજ યુગલ બને છે. આજકાલની રાજનૈતિક પરિભાષામાં કહેવા જઇએ તો આ નવા દ્વંદ્વને દિવાની (સિવિલ) અને લશ્કરી (મિલિટરી) એ બે તત્ત્વોનું બનેલું કહેવું પડે. વેદમાં આમાંના એકને 'ब्रह्म' અને બીજાને 'क्षत्र' કહ્યું છે. બ્રહ્મ-(સિવિલ)માં પ્રગતિ અને સ્થિરતા બેઉ તત્ત્વો સમાઇ જાય છે–વ્યવસ્થા અને ન્યાય (લૉ એન્ડ ઑર્ડર) બેઉ આવી જાય છે. યાસ્ક મુનિ 'इन्द्र' શબ્દનો અર્થ 'इन्द्रन् शत्रूणां दारयिता' એવો બતાવે છે. જે દેવતા પોતે ઐશ્વર્ય ભોગવતો રહીને શત્રુઓનો નાશ કરે તેનું નામ 'इन्द्र.' વ્યવસ્થા–(લેજિસ્લેચર)નો પતિ બ્રાહ્મણ છે. રાષ્ટ્રમાં કાયદો અને બંદોબસ્ત (લૉ એન્ડ ઑર્ડર) યથાયોગ્ય રીતે જાળવ્યાથી કાયદાનો અમલ સ્થિર થાય છે, અને તેથી રાજ્યની વ્યવસ્થા બરાબર જળવાઇ રહે છે. પણ માણસના સ્વભાવમાં એવું પણ એક તત્ત્વ છે કે જે તેના પોતાનાજ ઘડેલા કાયદાઓને પાળવા નથી દેતું—કાયદાની અવગણના કરવાની

પોતે તો પ્રવૃત્તિ નથીજ કરતું, પણ ઉલટો તેનો વિરોધ કરે છે. આથી કરીને કાયદાને અમલમાં મુકાવવાને વાસ્તે ઇન્દ્રની એટલે એક્ઝીક્યૂટિવ શક્તિની જરૂર પડે છે.

આગળ જતાં આ ત્રણ દેવતાઓમાંથી પાૈરાણિક બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિપુટી બને છે અને એ નવા નામથી હવે જગત તેમને ઓળખે છે.


વળી પ્રસ્તુત મંત્રમાં 'પ્રયતનોરિંવ' એમ કહીને તેમાં વ્યક્તિગત દેહની ઉપમાનો ઉપયોગ કર્યો છે; તેથી આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આ ત્રણ દેવતાઓ કેવું સ્વરૂપ ધારણ કરે છે તે પણ આપણે સમજી લેવું ઘટે છે. યોગ-શાસ્ત્રના મત પ્રમાણે આપણા શરીરની જમણી બાજુએ પિંગલા નામની એક મુખ્ય નાડી આવેલી છે, એને સૂર્ય-નાડી પણ કહે છે, જેનું કાર્ય ઉત્પત્તિ અથવા ગતિ કરવાનું મનાય છે. ડાબી તરફ બીજી એક નાડી છે, જેને ઇડા અથવા ચન્દ્રનાડી કહે છે, જેનું કામ શરીરમાં સ્થિરતા ઉત્પન્ન કરવાનું છે. એ બેઉની વચમાં બેઉને જોડી દેનારી એક ત્રીજી નાડી છે, જેને યોગશાસ્ત્રમાં સુષુમ્ણા એવું નામ આપ્યું છે. આયુર્વેદશાસ્ત્રમાં પણ પિત્ત અને વાતનું જોડકું બતાવ્યું છે અને એ બેઉનું શરીરમાં સંચાલન કરનાર 'વાત' શક્તિ છે, એ પણ ઘણી જાણીતી વાત છે. આ વાતનો સારાંશ એ છે કે, ઉપર ગણાવેલા ત્રણ દેવતાઓ, અગ્નિ, સોમ અને ઇન્દ્ર, શરીરની અંદર વાત, પિત્ત અને કફરૂપે કાર્ય કરે છે, અગ્નિ શારીરિક બળ ઉત્પન્ન કરે છે, શરીરની અંદર રહેલી ગરમીના રૂપમાં તેમાં પ્રાણનો, જીવનનો સંચાર કરે છે. સોમ શરીરમાં રસ ઉત્પન્ન કરે છે અને શરીરની ગરમીની સામે પોતાનું બળ વાપરીને શરીરને સ્થિર રાખે છે. આ બેઉ દેવતાઓ વડે પ્રાપ્ત થએલી જીવનશક્તિનું ઇન્દ્ર રક્ષણ કરે છે. શરી-

રની અંદર રોગના હુમલાની સામે ટક્કર લેવાની જે શક્તિ રહેલી છે તે ઇન્દ્રનીજ શક્તિ છે. રોગના હુમલાને અટકાવવાનું અને તેને પાછો હઠાવવાનું કામ શરીરની અંદર છેલ્લામાં છેલ્લી ઘડી સુધી લાગલગાટ ચાલ્યા કરે છે તે કામ ઇન્દ્રની શક્તિનું છે. યોગશાસ્ત્રમાં સ્થૂળ શરીરની અંદર આ ત્રણ દેવતાઓનાં સ્થાન નીચે પ્રમાણે બતાવ્યાં છેઃ—અગ્નિનું સ્થાન નાભિમાં છે, વાણીનું મૂળસ્થાન પણ ત્યાં આગળ છે. એની સાથે મુકાબલો કરનાર સોમનું સ્થાન મસ્તકના ઉપરના ભાગમાં છે. એ બેઉ શક્તિઓ હમેશાં એકબીજા ઉપર ક્રિયા–પ્રતિક્રિયા કર્યાજ કરે છે. પણ એ બેઉની વચ્ચે શરીરના મધ્યબિન્દુમાં (હૃદયમાં) ઇન્દ્રદેવનું સ્થાન છે. ત્યાં રહ્યો રહ્યો તે શરીરના તમામ કાર્યનું સંચાલન કર્યો જાય છે. આગલા મંત્રમાં કહ્યું હતું કે ઇન્દ્ર હૃદયની અંદર આગ સળગાવે છે તે આ તત્ત્વને લક્ષમાં રાખીનેજ કહ્યું હતું. ઇન્દ્રનું સ્થાન હૃદયમાં છે. અપરાધ કરનારને સજા કરીને સુધારવાનું કામ તેનું છે. શરીરમાં એકઝીક્યૂટિવ–શાસનકારિણી શક્તિ ઇન્દ્રની છે.

આ ત્રણ દેવતાઓનાં સ્વરૂપ અને તેમના પરસ્પરના સંબંધ વિષે આટલી બધી વિસ્તારપૂર્વક ચર્ચા અમે એટલા માટે કરી છે કે, ૧૩ મા મંત્રનું રહસ્ય સમજવાને આ ચર્ચા ઘણીજ ઉપયોગી થઈ પડશે.

હવે વાચક પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરશે તો અગ્નિ, સોમ અને ઇન્દ્ર નામની પરમાત્માની ત્રણ શક્તિઓ આખા જગતમાં સર્વત્ર કેવી રીતે કાર્ય કરી રહી છે તે પ્રત્યક્ષ જોઇ શકશે. એ ત્રણમાં ઉન્નતિના દેવ અગ્નિનો પ્રતિનિધિ બ્રાહ્મણ છે. એ બ્રાહ્મણ દેવપીયુ ન થતાં દેવબન્ધુજ હોય છે; કારણકે તે દેવોના–સૃષ્ટિના–સત્ય નિયમોને રહીનેજ આચરણ કરે છે, પરમાત્માની અગ્નિ-

શક્તિનો સાચો પ્રતિનિધિ થવાનોજ હમેશાં પ્રયત્ન કરતો રહે છે. તેથી કરીને પરમાત્માની સોમશક્તિ તેને પોતાનો ખાદ્ય-ખોરાક-આપે છે અને તેણે કરવા ધારેલા ઉન્નતિના કાર્યક્રમને પોષવાને, સ્થિર કરવાને માટે હમેશાં તૈયારજ રહે છે. વળી પરમાત્માની ઇન્દ્રશક્તિ તેના કાર્યમાં હરકત કરનાર વિઘ્નોને મારી હઠાવવાને માટે વજ્રને સજ્જ બનીને ઉભીજ હોય છે. આ પ્રમાણે પરમાત્માની અનંત શક્તિ આ ત્રણ દેવતાઓરૂપે સાચા બ્રાહ્મણને તેના કાર્યમાં મદદ કર્યાજ કરે છે. આમાં મૂળ વાત એટલીજ છે કે, જે માણસ પોતે પરમાત્માના, અગ્નિસ્વરૂપનો સાચો ઉપાસક બને છે તેને પરમાત્મા સોમ અને ઇન્દ્ર દેવતારૂપે મદદ કરે છેજ અને પરમાત્માની અનંત શક્તિ તેને તેના કાર્યમાં સફળ કરવા તેની પૂંઠે ઉભીજ રહે છે.



શક્તિનો સાચો પ્રતિનિધિ થવાનોજ હમેશાં પ્રયત્ન કરતો રહે છે. તેથી કરીને પરમાત્માની સોમશક્તિ તેને પોતાનો દયાદ-સગો-ગણે છે અને તેણે કરવા ધારેલા ઉન્નતિના કાર્યક્રમને પોષવાને, સ્થિર કરવાને માટે હમેશાં તૈયારની તૈયારજ રહે છે. વળી પરમાત્માની ઇન્દ્રશક્તિ તેના કાર્યમાં હરકત કરનાર વિઘ્નોને મારી હડાવવાને માટે સદાએ સજ્જ બનીને ઉભીજ હોય છે. આ પ્રમાણે પરમાત્માની અનંત શક્તિ આ ત્રણ દેવતાઓરૂપે સાચા બ્રાહ્મણને તેના કાર્યમાં મદદ કર્યાજ કરે છે. આમાં મૂળ વાત એટલીજ છે કે, જે બ્રાહ્મણ પોતે પરમાત્માના અગ્નિસ્વરૂપનો સાચો ઉપાસક બને છે તેને પરમાત્મા સોમ અને ઇન્દ્ર દેવતારૂપે મદદ કરે છેજ અને પરમાત્માની અનંત શક્તિ તેને તેના કાર્યમાં સફળ કરવા તેની પૂંઠે ઉભીજ રહે છે.





મંત્ર ૭ મો

બ્રાહ્મણને ગળી જવો તો સહેલો છે; પણ હજમ કરવો મુશ્કેલ છે.

[illegible]

[illegible]

[illegible]

તેવો ખોરાક મળી ગયો છે. અને તે તેં તારા મનમાં કોઈ વાર કલ્પ્યું, પણ એવા રાજાને પેટ ભરે છે કે જે તું ખરેખર તું ધારે છે તેવા સહેલા શિકાર નથી હોતા. તે અનેક વિપત્તિઓથી ભરેલા છે. તું તેમને પેટમાં ઉતારી દે તે વખતે તને ભલે ઝટ અંદર ઉતરી જાય તેવા અને સ્વાદિષ્ટ લાગે, પણ યાદ રાખજે કે તું તેમને હજમ તો નહિજ કરી શકે. તારા પેટમાં ગયા પછી તારા શરીરમાં તેઓ હજારો પ્રકારના ઉપદ્રવ ઉત્પન્ન કરશે.


પોતાના પશુબળનો અભિમાની રાજા પોતાને મહેશ્વર ધારણશક્તિવાળો-અર્થાત્ પાચન કરવાની તાકાત ધરાવનારો માને છે. તે પોતાને 'મત્સ્ય'×સમજે છે. તે બ્રાહ્મણને પીડે છે, ગળી જાય છે એ વાત ખરી, પણ તેને હજમ તો નથીજ કરી શકતો. જેમ જીભને સ્વાદિષ્ટ લાગે પણ પેટમાં પથ્થરની માફક ચોંટી જાય એવી એકાદ અપથ્ય વસ્તુ કોઈ ખાઈ તો જાય, પણ ખાધા પછી તેને પેટમાં સખત ચૂંક આવે છે. એ ચૂંકને મટાડવાને માટે તે વળી આકરાં ઓસડીઆંના ફાકા મારે છે. તેનાથી થોડા વખતને માટે ચૂંક તો દબાઈ જાય છે, પણ તેને આખે શરીરે કાં તો ફોલ્લીઓ અને ગુમડાં ફૂટી નીકળે છે અથવા તો તેને ઝાડા કે ઉલટી થઈ છૂટી જાય છે અથવા હેડકીઓ આવે છે અથવા છેવટે ગાંડો પણ થઈ જાય છે. તેમ ઉપર કહ્યો તેવો રાજા સત્યાગ્રહી બ્રાહ્મણને સતાવે છે. બ્રાહ્મણ એ બધો જુલમ મૂંગે મોઢે સહન કરે છે. એ જુલમના બદલામાં તે પોતે રાજા તરફ હિંસાવૃત્તિ રાખતો નથી; તેને સામો સતાવતો નથી તેથી કરીને રાજા તેને રસ લઈ લઈને સતાવતો જાય છે; પણ સત્યાગ્રહી બ્રાહ્મણે આપેલાં મૂંગાં બલિદાનને લીધે જ્યારે આખો દેશ રાજાની સામે ઉશ્કેરાઈ જાય

× 'મલ મલ્લ ધારણે' એ ધાતુમાંથી 'મત્સ્ય' શબ્દ બન્યો છે. (મૂળલેખક)

[illegible] અને જેઓ રાજ્યમાં રહેલા પ્રજાના ઉપર [illegible] આવે [illegible] તેની સામે રાજ્યથી કંઈ થઈ શકતું નથી. કેમકે [illegible] કરવાનું [illegible] તેના જેવી તેની હિંમત [illegible] જાય છે. તેને [illegible] પડતું નથી. તેના [illegible] જાય છે, તેને [illegible] ઉપર ઉઠતી [illegible] છે. જેટલા [illegible] છે, તેના ભાગમાં [illegible] છે અને આખું રાજ્યતંત્ર એકસાથેજ આવી પડશે [illegible] ઊભી થાય છે. કારણ કે [illegible] તેની અને [illegible] અતિશય ઉશ્કેરાયેલી પ્રજાનો કોપ [illegible] પ્રજાના ઉપદ્રવ કરે છે, તેને રાજ્યશક્તિથી [illegible] નથી. રાજસત્તા પણ [illegible] તો [illegible] છે. ઉશ્કેરાયેલા લોકસમૂહ સામુદાયિક બળવાનો ઝુંડો [illegible] છે. સરકારી કચેરીઓ, મકાનો વગેરેને આગ લગાડી-ને [illegible] તેના ભુક્કા કરી દે છે, સરકારી અમલ-દારોનાં [illegible] ગુપ્ત રીતે અથવા ખુલ્લી રીતે ખૂન થાય છે અને એવાં એવાં ઘણાં ભયંકર ગુન્હા કરવા ઉશ્કેરાયેલી [illegible] તૈયાર થઈ જાય છે. આ બધા ઉપદ્રવોને રાજા કદાચ [illegible] પશુબળથી દબાવી દે તોપણ સત્યાગ્રહીઓએ પોતા-નાં બલિદાનથી પાયેલાં અને પોતાનાં લોહીથી સીંચેલાં [illegible] દેશમાં એટલાં ફાલ્યાં હોય છે, તેમનો પ્રભાવ લોકો-ના માનસ ઉપર એટલો દઢ અને ચિરસ્થાયી થઈ ગયો હોય છે કે પરિણામે રાજાનું સૈન્ય, જેના ઉપર તેનો મુખ્ય આધાર છે, તેજ આખરે ફરી બેસે છે. સરકારી અમલ-દારો નોકરીઓ છોડી દે છે. આજે રાજાને પેગામ મળે છે કે આટલા અમલદારોએ રાજીનામાં આપી દીધાં. બીજે દહાડે વળી નવી આફતના સમાચાર આવે છે કે અમુક [illegible] જુદાં જુદાં ખાતાંના નોકરોએ બહુ સખત હડતાલ પાડી છે; વળી તેને ખબર મળે છે કે કારખાનાં

મીલોઓ અને ખાણોમાં કામ કરતા કામદારોની દેશવ્યાપી હડતાલ પડી છે; અમુક પ્રાંતના લોકોએ કર નહિ ભરવાની લડત ઉપાડી છે; પ્રાંતની જેલો સત્યાગ્રહી કેદીઓથી ચીકાર ભરાઇ ગઇ છે અને બીજા નવા આવતાજ જાય છે; તેમને રોટલા ખવડાવવા માટે તિજોરીમાં નાણું નથી; લશ્કરનો પગાર ચઢી ગયો છે; લોકો સરકારને નાણું ધીરવાની ના પાડે છે; રાજ્યનો વેપાર તારાજ થઇ ગયો છે; બંદરની, આવકવેરાની, સ્ટાંપની આવક ઉપર મીંડું દેવાઇ ગયું છે; આવા આવા ઉપદ્રવોની પરંપરા ઉભી થયાજ કરે છે. એક ઉપદ્રવ શમાવે તો તેની જગ્યાએ બીજા દશ ઉભા થાય છે. રાજા બહાવરો બહાવરો બની જાય છે. રાજા સત્યાગ્રહીને સતાવે છે, તેને ગળી જાય છે, પણ હજમ નથી કરી શકતો એવું જે ઉપર કહ્યું હતું તેનું આવું વિગતવાર સ્વરૂપ છે.

હજમ થાયજ કેવી રીતે? હજમ કરવાની શક્તિ જે અગ્નિની છે તેનેજ તેણે દબાવી દીધી પછી હજમ કરવાની આશાજ શી? અગાઉના મંત્રમાં કહ્યું હતું કે બ્રાહ્મણ રાષ્ટ્રશરીરના અગ્નિને ઠેકાણે છે. જઠરાગ્નિને દબાવી દઇને ખોરાકને પચાવવાની આશાજ કેવી રીતે રખાય? મૂળ મુદ્દાની વાતજ એ છે કે રાજામાં રાજ્યમાં થતા ઉપદ્રવોને દબાવી દેવાની, તેમને હજમ કરી જવાની જે શક્તિ છે તે તેને પ્રજાની પાસેથી મળી છે. તેનો મુખ્ય આધાર લોકમતના ઉપર છે. જે રાજાની પાછળ બળવાન લોકમતનો ટેકો હોય તે રાજ્યમાં પોતાનું ધાર્યું કરી શકે છે. પણ તે ક્યાંસુધી? જ્યાંસુધી તેનાં કામને લોકમત અનુમોદન આપે ત્યાંસુધી જ. કોઇ પણ રાજા ભલે ગમે તેવો બળવાન હોય તોપણ તે પ્રજાના મોટા ભાગની ઇચ્છાને ઠોકરે મારીને કાંઇજ કરી શકતો નથી. ટુંકામાં કહીએ તો રાજા પ્રજાના બળથીજ બળવાન છે. એથી ઉલટું જ્યારે રાજા પોતાના રાજ્યમાં



મંત્ર ૮ મો

બ્રાહ્મણ કયા ધનુષ્ય વડે દેવપીયૂનો નાશ કરે છે ?

> जिह्वा ज्या भवति कुल्मलं वाङ्
> नाडीका दन्तास्तपसाभिदिग्धाः ।
> तेभिर्ब्रह्मा विध्यति देवपीयून्
> हृद्बलैर्धनुर्भिर्देवजूतैः ॥

જે ધનુષ્યની (जिह्वा ज्या भवति) જીભ દોરી અથવા (प्रत्यंचा) પણછ છે, (वाङ् कुल्मलं) ગોળામાં ઉચ્ચારેલો શબ્દ જેનો બાણદંડ એટલે તીરનું બરૂ અથવા સાંઠું છે, (नाडीकाः दन्ताः) નાડીઓ એટલે જ્ઞાનતંતુઓરૂપી જેને બાણાગ્ર એટલે ભાલોડું છે કે જે (तपसा अभिदिग्धाः) ભાલોડાને તપ વડે તીક્ષ્ણ બનાવ્યાં છે (तेभिः) એવા (देव-जूतैः) દેવોના બળથી પ્રેરાએલા-ફેંકાએલા (हृद्बलैः धनुर्भिः) હૃદયબળરૂપી ધનુષ્ય વડે (ब्रह्मा) બ્રાહ્મણ-પ્રજાનો સત્યાગ્રહી નેતા (देवपीयून्) દેવદ્રોહી પ્રજાપીડક રાજાને અને તેના અધિકારીઓને (विध्यति) વીંધી નાખે છે.

આ મંત્ર ખાસ લક્ષપૂર્વક સમજી લેવા જેવો છે. આખા સૂક્તમાં આ મુખ્ય મંત્ર છે. રાજાની જુલમથી પીડાતી પ્રજા પાસે જે એક માત્ર શસ્ત્ર છે તેનું સ્વરૂપ આ મંત્રની અંદર બતાવ્યું છે. એ શસ્ત્રની-એ ધનુષ્યની

રચના કેવી છે તે પણ સમજી લેવા જેવી છે; કારણકે એ સામાન્ય કામઠું નથી પણ બ્રાહ્મણની વાણીરૂપી ધનુષ્ય છે.

એ ધનુષ્યની પણછને ઠેકાણે બ્રાહ્મણની જીભ છે. (આ જમાનામાં કલમ પણ હોઇ શકે.) તેની જીભમાંથી નીકળેલો શબ્દ બાણની ગરજ સારે છે. બાણનું ભાલોડું જે તેના વિરોધીના કાળજામાં ભોંકાય છે તે તેની પ્રાણ-વાહક નાડીઓ અથવા જ્ઞાનરજ્જુઓ છે. વળી જેવી રીતે સાધારણ તીરનાં અણીઆંને ઝેર પાઇને અથવા તો અગ્નિમાં તપાવીને ઝેર અથવા પાણીદાર બનાવવામાં આવે છે તેવી રીતે બ્રાહ્મણ પોતાની વાણીરૂપી ધનુષ્ય વડે છોડવાના બાણ-ને પોતાના તપ વડે, કષ્ટ સહન કરવાની પોતાની શક્તિ વડે તીક્ષ્ણ બનાવે છે. એ ધનુષ્યના કામઠાની જગ્યાએ તેના હૃદયનું બળ કામ આપે છે. એ ધનુષ્યની પણછને ચઢાવ-નાર, તેને ખેંચીને બાણને ફેંકનાર બ્રાહ્મણના હૃદયમાં વાસો કરનારા દેવતાઓ છે. આવા ધનુષ્ય વડે પ્રજાનો સત્યાગ્રહી નેતા બ્રાહ્મણ પ્રજાદ્રોહી અને દેવપીયૂ રાજાને તથા તેના અધિકારીઓને વીંધી નાખે છે.

આ રૂપકને બરાબર સમજી લેવા માટે અર્થાત્ વાણી વડે શત્રુનો વેધ કેવી રીતે થાય છે તેને યથાવત્ સમજી લેવા માટે વાણીના સ્વરૂપને વિષે વધારે ઉંડા ઉત-રીને વિચાર કરવાનું પ્રયોજન રહે છે. વાણીનું સ્વરૂપ કેવું છે અને તેનામાં કેટલું સામર્થ્ય છે તેનો જો વાંચનારને જેવો જોઇએ તેવો ચોખ્ખો ખ્યાલ આવી જાય તો પછી વેદના આ રૂપકમાં રહેલા ભાવ સમજવાનું કામ ઘણું સહેલું થઇ પડશે.

૧–વાણીનું સ્વરૂપ

વાણીને વિષે સામાન્ય રીતે લોકોના મનમાં એવો ખ્યાલ હોય છે કે 'જીભ વડે શબ્દનો ઉચ્ચાર કરવો' એ જ

વાણીનું કાર્ય છે. શબ્દનો ઉચ્ચાર એજ વાણીનું કાર્ય છે અને આપણા મનના વિચારોને બીજાના મન ઉપર પહોંચાડવા એટલુંજ વાણીનું સામર્થ્ય છે. પણ ખરૂં જોતાં વાણીનું કાર્ય એથી ઘણુંજ વધારે વ્યાપક છે અને તેના સામર્થ્યની મર્યાદા પણ આપણે માનીએ છીએ તે કરતાં ઘણીજ વધારે બહોળી છે. વૈદિક સાહિત્યમાં જેને 'વાક્' દેવતા કહે છે અને ત્યાર પછીના સંસ્કૃત સાહિત્યમાં જેને 'વાણી' કહે છે તે ઊંડાણ અને વિસ્તારમાં, એક રીતે વધારે વ્યાપક અર્થવાળા શબ્દો છે.

પ્રથમ ઉંડાણુ ઉપર દ્રષ્ટિ રાખીને વાણીના અર્થ અને કાર્યનો વિચાર કરીએ. વાણીનો આરંભ આપણે ધારીએ છીએ તેમ જીભ આગળથી નથી થતો. પણ × તેનું મૂળ તો મૂળાધાર ચક્રના પ્રદેશમાં છે. જીભ આગળથી તો વાણીનું ઘણુંજ સ્થૂળ અને અત્યંત મર્યાદિત સ્વરૂપ પ્રકટ થાય છે. મૂળાધારથી નીકળીને જીભ સુધી આવતાં આવતાં વાણી ચાર પગથીઆં ઓળંગીને ઘણીજ સંકુચિત થઈ જાય છે. વાણી પોતાના સ્થૂળ રૂપમાં પ્રકટ થાય તે પહેલાં નીચે જણાવેલાં ચાર પગથીઆં તેને ઓળંગવાં પડે છે. એટલા માટે તેને 'ચતુસ્પદા' કહી છે. એ દરેક પગથિયું ઓળંગતી વખતે તે જે જે સ્વરૂપ લે છે તેને આપણા દેશના ઋષિમુનિઓએ અકેકે જુદું જુદું નામ આપ્યું છે. મૂળાધાર પ્રદેશમાં રહેલી વાણીને 'પરા' વાણી કહી છે. આ વાણીમાં જ્ઞાનનું સ્થૂળ સ્વરૂપ નથી હોતું; તેમ તે કયા વિશેષ પ્રકારનું છે તે પણ કહી શકાતું નથી. ત્યાં તો તમામ જ્ઞાન અપરિમિત અથવા સામાન્ય રૂપે–નિર્વિશેષ–નિરાકાર–રૂપેજ રહેલું હોય છે. ત્યાંથી એક પગથિયું આગળ

× વાચક પોતે કોઈપણ શબ્દનો ઉચ્ચાર કરી જોશે તો તેનો ધક્કો નાભિની નીચેના ભાગ સુધી છેક મલદ્વાર સુધી લાગતો જણાશે. —અનુવાદક

ચાલતાં વાણીમાં જ્ઞાનનો વિશેષ પ્રકાર તો ઉત્પન્ન થાય છે; સામાન્યની જગ્યાએ વિશેષજ્ઞાન થઈ જાય છે, પણ તેણે હજુ કશો આકાર ધારણ કર્યો હોતો નથી. આ દશામાં તે 'પશ્યન્તી' વાણી કહેવાય છે. પશ્યન્તીનું સ્થાન નાભિમાં હોય છે. પછી ત્યાંથી આગળ વધીને તે હૃદય સુધી પહોંચી જાય છે. ત્યાં તે 'મધ્યમા' અથવા માનસવાણી કહેવાય છે. અહીં પહોંચ્યા પછી જ્ઞાન આકાર અને પ્રકાર બેઉ વડે મર્યાદિત થઈ જાય છે; મતલબ કે આ દશાનું જ્ઞાન વાણીનું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે આપણે મનમાં કંઈ વિચાર કરતા હોઈએ છીએ ત્યારે પણ આપણે જો કે કંઈક બોલતા નથી તોપણ આપણે વાણીમાં જ વિચાર કરીએ છીએ, આપણા વિચાર વાણીના પ્રયોગના બીબામાં ઢળાઈ તૈયાર થાય છે—મનમાં ને મનમાં પણ આપણે શબ્દો રચીને વાક્યોની રચના કરતા હોઈએ છીએ. જો આપણે શબ્દો અને વાક્યોને મનમાં ને મનમાં ગોઠવીને આપણે [illegible] મોટેથી બોલીએ છીએ. અહીં આપણે [illegible] ઉચ્ચારણ કરીએ છીએ. પાછલી બે વાણી—'પરા' અને 'પશ્યન્તી' આકાર વગરની હોય છે, તેથી કરીને [illegible]

[illegible]

[illegible]

ઈએ તે તો સૌને પરિચિત એવી સ્થૂળ વાણી છે, જે મોઢામાંથી નીકળતા શબ્દ–અવાજનું રૂપ ધારણ કરે છે. વાણીનું મૂળ હૃદયમાં છે એ વાત સમજી જવામાં તો કોઈને પણ જરાએ અઘરૂં પડે એમ નથી; કારણ કે વિચાર પ્રથમ હૃદયમાં ઉત્પન્ન થાય છે અને પછી આપણે તેને જીભ વડે બહાર પાડીએ છીએ એ તો સૌના જાતિ અનુભવની બાબત છે; પણ વાણીનું ખરેખરૂં મૂળ સ્થાન હૃદયમાં નહિ પરંતુ એથી વધારે નીચે મૂળાધાર આગળ છે. વાણીમાત્રનો ઉદય ત્યાં આગળથીજ થાય છે. વાણીની ઘણી મોટી અને મજબૂત જડ ત્યાં આગળજ છે.

આટલું વિવેચન વાણીના ઉંડાણને માટે પૂરતું છે. હવે એના વિસ્તારને વિષે વિચાર કરીએ. શબ્દસંકેતનો–ભાષાની સંજ્ઞાઓનો ઉપયોગ આપણે બોલવામાં તેમજ લખવામાં, બેઉમાં કરીએ છીએ. લખવાની લિપિની શોધ થયા પછી અને થોડોક વખત થયાં છાપખાનાની શોધ થયા પછી વાણીનું ક્ષેત્ર ઘણું વિશાળ થઈ ગયું છે. * આપણે બોલીએ તે વાણી છે અને લખીએ તે પણ વાણી છે. એ અર્થમાં પ્રેસ અને પ્લેટફોર્મ એ બધાં વાણીનાંજ અંગ છે. એકલા લખેલા કે છાપેલા અક્ષરોજ નહિ, પણ ચિત્રો, વ્યંગચિત્રો (કેરિકેચર્સ, કાર્ટૂન્સ) એ બધાંએ વાણીનાં સ્વરૂપ છે. એ પ્રમાણે એકલા બોલેલા બોલજ નહિ પણ હસવું, રડવું, ગાવું, વગાડવું, સીસોટી વગાડવી–એ

આનું એક જૂનું ઉખાણું છે તેમાં ઉપર બતાવેલું વાણીનું મૂળ તત્ત્વ રહેલું છે. મહેનતથી એક બનવાથી વૈખરી વાણી કંઠ થાન બહાર લાવે છે.—અનુવાદક

* અનુ. ... 'બ્રોડકાસ્ટિંગ' ની શોધથી એક માણસ બોલે ... આખા દુનિયામાં સર્વત્ર સાંભળી શકાય છે.—અનુવાદક

બધા વાણીના જુદા જુદા પ્રકાર છે.× ઈશારતો, વાવટાઓના સંકેત (ફ્લૅગ સિગ્નલિંગ), નૃત્ય, વકતાઓ ટેબલ પર હાથ પછાડે અથવા હાથના મોઢાના જુદા જુદા ભાવદર્શક ચાળા કરે એ બધું વાણીમાંજ ગણાય છે. આપણે આપણા મનના વિચારને, લાગણીઓને જે જે રીતે સામા માણસને દર્શાવીએ તે જુદા જુદા પ્રકારની વાણીજ છે. કોઇ કોઇ વાર તદ્દન મૌન ધારણ કરવું એ ભારેમાં ભારે વાણીનું કામ કરે છે અને કોઈ કોઈ વાર તો ઘણાજ મહત્ત્વના વિચાર માત્ર મૌન વડેજ દર્શાવી શકાય છે.÷ વળી મોઢાની તરેહ તરેહની આકૃતિ, આંખોનો પ્રસંગે પ્રસંગે બદલાતો રંગ, એ બધાં વાણીની ગરજ સારે છે. બોલ્યાચાલ્યા વગર પોતાનું કામ કર્યે જવું એ પણ મૂંગુ વ્યાખ્યાન બની જાય છે.

અસલના લોકો તેમના કરતાં અગાઉના સમયમાં થઈ ગએલા લોકોનાં વચનોનો સંગ્રહ કરવા માટે તેમની સ્મરણશક્તિનો ઉપયોગ કરતા હતા. અસલ ઘણા જણને સારાં સારાં સુભાષિતો કંઠસ્થ હતાં. વેદ વેદાંગ વગેરે આજ સુધી એ રીતેજ સચવાઇ રહ્યાં છે. પણ આજે હવે આપણે વાણીને સાચવી રાખવામાં છાપખાનાની મદદ લઇએ છીએ. વળી ગ્રામોફોન દ્વારા બોલનારનો અવાજ અને તેનાં બીજાં ખાસ લક્ષણયુક્ત બોલનારની વાણીને લાંબા વખત સુધી સાચવી રાખવાનું સાધન આપણે શોધી કાઢયું છે. આ બધાં સાધનો મારફતે વાણીને એક જગ્યાએથી બીજી

× [illegible] આપણી સરકાર પણ કબૂલ રાખે છે. [illegible] અનુવાદક

÷ [illegible]

गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ।—અનુવાદક

જ્યારે પહોંચાડી દેવાનું કામ ઘણું સરળ થઈ ગયું છે. તાર, ટેલિફોન, વાયરલેસ, રેડિયો એ બધી શોધખોળ વડે બે જગ્યાઓ વચ્ચેનું અંતર નહિ જેવું રહ્યું છે અને એ બધાં વડે આપણે વાણીનો ઉપયોગ વધારી દીધો છે. એક એક દિવસમાં સંખ્યાબંધ આવૃત્તિઓ કાઢનારાં વર્તમાનપત્રો સમાચારને આખા જગતમાં ફેલાવી દે છે અને સાથે સાથે જાહેર ખબરો ઉપર જીવનારાઓની રોજીને પણ ખૂબ ઉત્તેજન આપે છે.

૨-વાણીની શક્તિ

ઉપર ગણાવેલાં સાધનોને લીધે વાણીનો વિસ્તાર તો ઘણો વધી ગયો છે એ વાત ખરી, પણ તેની સાથે તેનું સામર્થ્ય તેટલા પ્રમાણમાં વધ્યું નથી, ઉલટું ઘટ્યું છે. વાણીનું સામર્થ્ય કેવું અને કેટલું છે તે તો આપણે આજે ભૂલીજ ગયા છીએ. વાણી એ કેવું જબરજસ્ત અસ્ત્ર છે, એ જો તેના ખરા અર્થમાં સમજી લેવું હોય તો વાણીમાં કેવી કેવી શક્તિઓ કેટલા પ્રમાણમાં રહેલી છે તેનો યથાવત્ ખ્યાલ આપણા મનમાં ઠસાવી લેવો જોઇશે. આજકાલ વાણીનું સામર્થ્ય તેના વિસ્તારમાં-પ્રૉપેગેન્ડા અથવા પ્રચાર કરવાની શક્તિમાં-કેટલું છે તે ઉપરથીજ તેનું માપ કાઢવાની આપણને ટેવ પડી છે. હાલના વખતમાં તો પોતાના વિરોધીઓની વિરુદ્ધમાં ખૂબ પ્રચાર કરવો-પ્રૉપેગેન્ડા ચલાવવો-એજ મોટું હથિયાર મનાય છે. પણ ખરી રીતે જોતાં વાણીના ઉંડાણમાં જે મહાન અદ્ભુત શક્તિ ભરી છે તેની સરખામણીમાં તેના વિસ્તારની શક્તિ કયા હિસાબમાંજ નથી. ધનુષ્યની પણછને કાનસુધી ખેંચીને છોડેલું તીર ઘણે દૂર સુધી જાય છે, તેમ જેની વાણી જેટલા ઉંડાણમાંથી નીકળે તેટલી તે વધારે પ્રભાવવાળી હોય છે. "અમુક માણસ ખરા અંતઃકરણથી બોલે છે"

અથવા "અમુકના શબ્દો તેના અંતઃકરણના ઉંડાણમાંથી નીકળે છે" (હી સ્પીક્સ ફ્રૉમ ધી બૉટમ ઑફ હિઝ હાર્ટ) એવું જ્યારે આપણે બોલીએ છીએ, ત્યારે સાચા દિલથી કહેલા શબ્દોમાં—અંતરના ઉંડાણમાંથી નીકળેલી વાણીમાં કેટલી તાકાત છે તેનો આપણે પુરાવો આપીએ છીએ. અંતરનું ઉંડાણ એટલે બીજા શબ્દોમાં કહીએ તો "સત્ય" છે. જેના હૃદયમાં જેટલું સત્ય હોય, જેટલા પ્રમાણમાં તે શુદ્ધ હોય તેટલા પ્રમાણમાં તેની વાણીમાં જોર આવે છે. આ મંત્રમાં હૃદય—બળની ધનુષ્યની સાથે સરખામણી કરી છે તેનું રહસ્ય એ છે કે "શુદ્ધ અને સાચું હૃદય" એ [illegible]જ બળવાન વસ્તુ છે. "આ તો એના આત્માનો અ[illegible]
છે" એવું આપણે બોલીએ છીએ ત્યારે તેના હૃદયના
[illegible] પાછળ પણ એક બીજી વધારે બળવાન શકિત
છે એવું આપણે આડકતરી રીતે કબૂલ કરીએ છીએ.
[illegible] નીકળતી માનસિક વાણીનો અનુભવ તો આપણને
[illegible] ઘણો છેજ; પણ નાભિ અને મૂળાધારમાંથી
[illegible] અને 'પરા' વાણીનો આપણને સાધા-
[illegible] હોતો નથી તેથી તેનું કાર્ય સમજ-
[illegible] નડે છે. પણ મનની પવિત્રતા અને
[illegible] આપણે આપણા મનમાં જેમ જેમ
તેમ આ 'પશ્યન્તી' અને 'પરા' વાણી
[illegible] થતો જશે. સાચા અને શુદ્ધ
આ બે વાણીઓનાજ અવાજ છે.
[illegible] 'દેવજૂતિ' શબ્દનો ઉપયોગ કર્યો
[illegible] છે કે એ વાણીનું [illegible] બળ [illegible]
કોઈ મનુષ્યનું અંતઃકરણ નથી, પણ
[illegible] આત્મામાંથી તેને [illegible]
[illegible] વાણીના [illegible]
[illegible]

નહિ પણ પરા વાણી છે. દેવ એટલે તો ઇંદ્રાદિ દેવતાઓમાંનો હરકોઈ એક દેવ, પણ એ બધાના મૂળમાં તો એક પરમાત્માજ છે. આપણી વાણી પશ્યન્તીના સ્થાનમાંથી ઉત્પન્ન થાય છે કે પરા વાણીના સ્થાનમાંથી ઉત્પન્ન થાય છે, એ કાંઇ મુદ્દાનો સવાલ નથી. મુદ્દાનો સવાલ તો આપણું હૃદય શુદ્ધ થયું છે કે નહિ તે છે. સત્યનો આપણા દિલમાં વાસો થયો છે કે નહિ તે જોવાનું છે. આપણું હૃદય અસત્યના મેલથી, અસત્યના વિક્ષેપથી મુક્ત થઇને વદન ચોખ્ખું થયું છે કે નહિ તેટલુંજ જોવાનું છે.

"सत्येन पन्था विततो देवयानः ।"

"આ દેવયાનનો (દેવોને આવ જા કરવાનો) માર્ગ સત્યનોજ બનેલો છે." એટલા માટે આપણા હૃદયમાં દેવોનો વાસો થાય એવું જો ઇચ્છતા હોઈએ તો આપણે બરાબર ગોખી રાખવું જોઈએ કે, દેવો તો દેવયાન માર્ગે જવા આવવાવાળા છે. માટે આપણે સત્યનું સેવન કરવું જોઈએ. સત્યનું સેવન કર્યાથી હૃદયમાં દેવતાઓ આવી વસે છે અને પછી જે વાણી આપણા મુખમાંથી નીકળે તે પશ્યન્તી અને પરા વાણીના ઉંડા ઉંડા ઉત્પત્તિસ્થાનમાંથી નીકળવા લાગે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે જે કરવાનું છે તે માત્ર સત્ય અને કેવળ સત્યનુંજ સેવન કરવાનું છે. આપણી અંદર અને બહાર, વિચારમાં અને આચારમાં કેવળ સત્ય, સત્ય ને સત્યજ હોય. વાણીમાં જે ગૂઢ શક્તિ છે તે સત્યમાંથીજ ચાલી આવે છે. વાણીમાં રહેલી એ મૂળ સાચી શક્તિનો વિચાર કરીનેજ પતંજલિ મુનિએ લખ્યું છે કેઃ—

"सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ।"

સત્યનું આ ઉંડું બળ પતંજલિએ પારખ્યું હતું અને વ્યાસ મુનિએ પણ તેને સારી રીતે ઓળખી લીધું

હતું, જેથી કરીને ઉપર ટાંકેલા યોગસૂત્ર ઉપર ટીકા કરતાં વ્યાસદેવ લખે છે કે જે મનુષ્ય પોતાની અંદર સત્યની પ્રતિષ્ઠા કરે છે તેની વાણીમાં એટલું બધું સામર્થ્ય આવી જાય છે કે તે જે કહે તે સફળજ થાય છે. આ સામર્થ્યનું ઉદાહરણ આપતાં વ્યાસ કહે છે કેઃ—

"धार्मिको भूया इति भवति धार्मिकः, स्वर्गं प्राप्नुहीति स्वर्गं प्राप्नोति, अमोघास्य वाग्भवतीति ॥"

સત્યની પ્રતિષ્ઠા કરનાર મનુષ્ય જો કોઇને કહે કે 'તું ધાર્મિક થઈ જા' તો તરત તે માણસ ધાર્મિક થઇ જાય છે, તે કોઈને કહે કે 'તને સ્વર્ગની પ્રાપ્તિ થાઓ' તો તરતજ તેની વાણી ફળે છે અને તે માણસને સ્વર્ગલોકની પ્રાપ્તિ થઈ જાય છે. એ પ્રમાણે તે જે કહે તે તરતજ ફળે છે. તેની વાણી અમોઘ ફળ આપનારી બની જાય છે. તે જે કાંઈ કહે તે ફળ્યા વગર રહેજ નહિ એટલું બધું તેની વાણીમાં બળ આવી જાય છે. સત્યમય વાણીનું આવું અદ્ભુત સામર્થ્ય છે. વાચક તેના ઉપર વિચાર કરે, તેનું મનન કરે અને તેને હ્રદયમાં ધારણ કરે.

આપણામાં અસત્ય એટલી હદ સુધી ઘર કરી બેઠું છે કે પ્રથમ તો પતંજલિ વ્યાસના કથન ઉપર આપણો વિશ્વાસજ બેસતો નથી. આપણે સત્યના ઉપર શ્રદ્ધા ન રાખીએ તો સત્યનું તો કાંઇજ બગડી જવાનું નથી; બગડશે તો આપણુંજ બગડશે. બાકી સત્ય વાણીમાં એટલી શક્તિ ભરી છે કે તે જે કાંઇ બોલી નાખે તે ફળ્યા વગર રહેજ નહિ. પણ તેને માટે તો આપણે હ્રદયમાં સત્યનારાયણની પધરામણી કરીને દેવયાન માર્ગ ઉપર પગલાં માંડવાં જોઇશે. તેમ કરી જોઇશું તો આપણને પણ સત્યના મહિમાનાં દર્શન થશે. વર્તમાન સમયના મહાસત્યનિષ્ઠ મહા-

આ ગાંધીજી જ્યારે કહે છે કેઃ—

"ભારતવર્ષમાં જો આજે માત્ર એકજ પૂરેપુરા સત્યાગ્રહી (સાચા પુરુષ) હોય તો તે આજે ને આજેજ ભારતવર્ષને સ્વરાજ અપાવી શકે છે; કારણ કે તે જે કાંઈ કહેશે તેનો પ્રભાવ તેની વાણીમાં રહેલા સત્યના બળને લીધે લોકોના ઉપર એટલો બધો પડી જશે કે તે જે કહેશે તે લોકોને માન્યેજ છૂટકો છે." ત્યારે ગાંધીજી પતંજલિનું કહેલુંજ કહે છે. પતંજલિએ યોગદર્શનમાં પ્રકટ કરેલા સત્યને તે પોતાની ભાષામાં અને પોતાની પરિસ્થિતિ અનુસાર ફરીથી કહે છે. આવું કહેતી વખતે ગાંધીજી પોતે પણ સત્યના બળનો અનુભવ કરીનેજ કહે છે; કારણકે તે પોતેજ મોટા સત્યનિષ્ઠ પુરુષ છે.

માટે મારા પ્રિય બંધુઓ! હું તમને ફરી ફરીને કહું છું કે વાણીનું બળ તેના ઊંડાણમાં છે–તેને દેવો તરફથી મળેલા બળમાં રહેલું છે, પ્રચારમાં–પ્રોપેગેન્ડા–માં નથી. પ્રચાર તો અસત્યનો પણ થાય છે. એવા પ્રચારમાં કશુંજ બળ નથી. એટલું હમેશાં કાળજામાં કોતરી રાખજો કે આ જગત ઉપર સૌથી છેલ્લામાં છેલ્લો અધિકાર તો એક પરમાત્માનોજ છે અને તે સત્યસ્વરૂપ છે. અગ્નિ, ઇંદ્રાદિ દેવતાઓ, જેઓ પરમાત્માના રાજ્યના મુખ્ય અધિકારીઓ છે તેઓ સત્યમય અચળ નિયમોને અનુસરીનેજ જગત ઉપર રાજ્ય કરે છે. એ બધા સત્ય નિયમોને માટે વેદમાં એક 'ऋत' શબ્દ છે. 'ऋत' એટલે સત્ય. વેદમાં દેવોને અનેક ઠેકાણે 'ऋतावृधः'–સત્યની વૃદ્ધિ કરનારા કહ્યા છે, અને તેમને 'ऋतावानः'–સત્યમય એવાં એજ અર્થસૂચક વિશેષણો લગાડયાં છે. એટલા માટે આ સંસારમાં આખરે તો સત્યનુંજ રાજ્ય છે એ રખે ભૂલી જવા. સત્યનો આશ્રય લેનારને તો બ્રહ્માંડાધિપતિ પરમાત્મા-

ની અનંત શક્તિ મદદ કરવા ચાલીજ આવે છે. તેનો તો કોઈ વાળ પણ વાંકો કરી શકતું નથી. પણ જે સત્યનો આશ્રય છોડી દે, જે જગતના અધિપતિનોજ દ્રોહ કરે, જે 'ऋत' સત્યના નિયમોનો ભંગ કરે તેને સફળતા મળેજ કેવી રીતે? માટે હવે સૌ સાવધાન થઈ જાઓ. જગતમાં થોડી વાર અસત્ય ફાવી જતું દેખાય તે જોઈને ભ્રાન્તિમાં ન પડો. અનુભવી ઋષિમુનિઓ જે કહી ગયા છે તે સાચું જ છે એવો વિશ્વાસ રાખો. સત્ય વાણીમાં ઋષિઓ કહે છે તેવું મહાન સામર્થ્ય છેજ. તેની સામે કોઇ ગમે તેટલું પ્રચારકાર્ય ચલાવે તોપણ તે અંતે તો નહિજ ફાવે.

વાણીમાં તો આખા જગતને હલાવી નાખવાનું બળ છે. આપણે એટલુંજ માની બેઠા છીએ કે વાણીનું કામ માત્ર એક જણના વિચાર બીજાને જણાવવા પૂરતુંજ છે. પણ ખરી રીતે એવું કહેવું જોઈએ કે વાણીનું કામ 'શક્તિરૂપ જ્ઞાનનો' નો ફેલાવો કરવાનું છે. કારણ કે સંસારના ચક્રને ચલાવનાર કોઈ શક્તિ હોય તો તે જ્ઞાનશક્તિ છે અને તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાનું કામ વાણી કરે છે. માટે વાણીજ ખરી રીતે આખા જગતનું ચક્ર ચલાવી રહી છે. એટલા માટે તો વેદના 'વાગામ્ભૃણી' નામના એક સૂક્તમાં જેમાં વાણી પોતે પોતાને વિષે એક ઘણુંજ પ્રભાવશાળી વ્યાખ્યાન આપે છે, તેમાં પરમાત્માની મહાવાણી બોલે છે કે:—

"મારામાં તમામ દેવતાઓનો વાસો છે. હુંજ સઘળું નિયમન કરું છું. હું આખા વિશ્વને ચલાવી રહી છું. જે કાંઈ થાય છે તે બધું મારી મદદથીજ થાય છે. તમામ પ્રકારનું જ્ઞાન અને કર્મ હુંજ મેળવું છું. ઈત્યાદિ"

(ઋગ્વેદ, ૧૦-૧૨૫)

માટે જે કાંઈ થાય છે તે બધું ભગવાનની પ્રેરણાથી

પેદા થાય છે એમ સમજવું જોઈએ.× સૃષ્ટિની ઉત્પત્તિ શબ્દમાંથી થઈ છે એવો ઇશારો તમામ ધર્મશાસ્ત્રોમાં છે. ભગવાનના "શબ્દ"માંથી જે ઝણકાર પડે છે તે જગતની અંદર થયા કરે છે. જગત આજ રીતે બન્યું છે, અને નથી બન્યું છે. પણ ખરી વાત એ છે કે આપણે ભગવાનની વાણીને સમજીજ નથી શકતા. આપણે ઘણું કરીએ તો આપણી પોતાની વાણીની રચનાશક્તિને જોઈને ઇશ્વરની વાણીની કાંઇક કલ્પના કરી શકીએ એટલુંજ. જગતમાં "સત્યસંકલ્પ" મહાત્માઓ પેદા થાય છે અને તેમનો દરેક સંકલ્પ સફળ થાય છે એ વાત આપણા માનવામાં પણ કદાચ ન આવે. સાચું કહીએ તો તેમને બોલવા માટે જીભનો પણ ઉપયોગ કરવો પડતો નથી. તેઓ તો મધ્યમા વાણીનોજ પ્રયોગ કરે છે. તેમના મનમાં જેવો સંકલ્પ ઉત્પન્ન થયો કે વસ્તુ તે ફળ્યોજ જાણવો. આવા "સત્યસંકલ્પ" મહાત્માઓનું વર્ણન કરતાં ઉપનિષદ્ કહે છે કેઃ—

"स यदि पितृलोककामो भवति संकल्पादेवास्य पितरः समुत्तिष्ठन्ति ।" (છાન્દોગ્ય, ૮–૨–૧)

"તેને જો પિતૃલોકની ઇચ્છા થાય તો તેના એક સંકલ્પથી તેની આગળ પિતૃઓ હાજર થઈ જાય છે." વાણીની આવી અપાર શક્તિથી આપણે ઘણાજ દૂર નીકળી ગયા છીએ તેનું એકજ કારણ છે કે, અસત્યમાં પણ કાંઇક બળ તો છે એવું હજી આપણને દેખાય છે.

સત્યને સંપૂર્ણપણે ધારણ કરવાનું કામ અલબત્ત ઘણુંજ મુશ્કેલ છે; પણ જે સત્યને જેટલે અંશે ધારણ કરે તે તેટલી ઉંડાઇમાં જઇને સત્યમય હોવાની નજીક

× ખ્રિસ્તીઓના બાઇબલમાં સંત જોનની ગાથામાં પહેલુંજ વાક્ય આવે છે કે—આ જગતનો આરંભ થયો તે પહેલાં એકલો શબ્દજ હતો અને તે શબ્દ ઇશ્વરની પાસે હતો.—અનુવાદક

જઈ પહોંચે છે અને તેટલા પ્રમાણમાં તેની વાણી અમોઘ નીવડે છે. જે વિરલા સત્યસંકલ્પ મહાત્માઓના આત્મા સત્યમય દેવની સાથે જોડાઇ ગયા હોય છે, તેમની વાણી તો 'પરા' વાણીના ઉંડાણમાંથી ઉત્પન્ન થાય છે અને તેથી કરીને તેની અસર તો કુદરતના છેક છેલ્લા છેડા સુધી પહોંચી જાય છે, એટલે સુધી કે તેની વાણી વડે જડ પ્રકૃતિમાં પણ ફેરફાર થઈ જાય છે. જે યોગીઓ આટલે સુધી પહોંચ્યા નથી, જેમણે પરમતત્ત્વની સાથે પૂર્ણ યોગ હજી નથી કર્યો પણ ઘણે અંશે સત્યમય તો થયા-જ હોય છે તેમની વાણી 'પશ્યન્તી' વાણીના ઉત્પત્તિ-સ્થાનમાંથી ઉત્પન્ન થાય છે; તેની અસર પશુઓ સુધી એટલે ઉતરતી શ્રેણીની સચેતન સૃષ્ટિ સુધી પહોંચે છે. એવા યોગીઓ પોતાની વાણી વડે પશુઓના સ્વભાવને પણ ફેરવી નાખે છે. ત્યાર પછી ત્રીજા વર્ગના મહાત્માઓ આવે છે, જેમણે સત્યની એટલી હદ સુધી સાધના કરી હોય છે કે પોતાના મનમાં જે હોય તેજ કહે છે. તેઓ સત્યનો પૂર્ણ અનુભવ તો નથી કરી શકયા; સંપૂર્ણ સત્ય તો તેમને હાથ નથી આવ્યું; પણ સત્યનો જેટલો અંશ તેમણે જોયો છે, અનુભવ્યો છે, તેટલોજ-બરાબર તેટ-લોજ-તેઓ બોલી નાખે છે. એવા પુરુષોની વાણી તેમના હૃદયમાંથી ઉત્પન્ન થાય છે અને તેની અસર ઓછામાં ઓછી માણસો ઉપર તો જરૂર થાય છે. ત્યાર પછી છેલ્લા વર્ગમાં આપણે બધા આવીએ છીએ કે જેમનાથી સ્થૂળ સત્યનું પણ પૂરૂં પાલન થતું નથી અને મનમાં હોય તેવું ચોખ્ખેચોખ્ખું બોલી શકતા નથી. તેથી કરીને આપણી વાણી તો હૃદયમાંથી નહિ પણ જીભમાંથીજ નીકળે છે. તેથી કરીને તે બીજા લોકોના કાન સુધીજ પહોંચે છે, તેમનાં હૃદયમાં સોંસરી પેસી શકતી નથી.

છટાદાર અને મીઠું લાગે એવું બોલનારાની દુનિયા-

ાં ખોટ નથી. તેમનું બોલેલું તે વખતે ઘણું આનંદદાયક પણ લાગે, પણ તેની અસર હૃદયના ઉપર લાંબો વખત ટકતી નથી. એથી ઉલટું લોકમાન્ય ટીળકનાં ભાષણ વક્તૃત્વકળાની દૃષ્ટિએ ઘણાં ખામીવાળાં હતાં, પણ તેમના બોલેબોલ સાંભળનારના દિલમાં તીરની પેઠે ખૂંપી જતા અને તેની અસર તેમના ઉપર લાંબા વખત સુધી કાયમ રહેતી.

એજ પ્રમાણે હાલના સમયમાં લોકો વાણીનો ઘણોજ ઉપયોગ કરે છે, અને તેમાંજ વાણીની બધી શક્તિ છે એવું માની લે છે. પણ જેની લોકોના મન ઉપર અસર થાય છે તે ઝાઝું બોલવાની પણ હૃદયના ઉંડાણમાંથી બોલવાની છે. અસલના ઋષિમુનિઓ જે કહેતા હતા તે સૂત્રરૂપે કહેતા હતા. યુદ્ધનો આરંભ કરતા પહેલાં નેપોલિયન પોતાના સૈનિકો આગળ ઘણું ટુંકું ભાષણ કરતો, પણ તેટલા શબ્દોમાં તો તે તેમનામાં પ્રાણ ભરી દેતો. મહાત્મા ગાંધીજીના ટુંકા ભાષણમાં પણ કેટલું બળ છે તે સૌ જાણે છે. જેની વાણીમાં જેટલું બળ તેટલું તે થોડાક શબ્દોથી પણ પોતાનું કામ કાઢી લે છે. પ્રાણવાન માણસને લાંબુ ભાષણ આપવાની જરૂરજ પડતી નથી. જેઓ "સત્યસંકલ્પ" થયા હોય છે તેઓ તો વૈખરી વાણીમાં બોલતા પણ નથી. મનમાં ને મનમાંજ કરેલી ખરા અંતઃકરણની પ્રાર્થનાની કેટલી અસર થાય છે તે હવે વાચકો સમજીજ ગયા હશે. વેદોમાં જેટલાં સ્તોત્રો અને પ્રાર્થનાઓ છે તે બધાનું આજ પ્રયોજન છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે, વાચિક જપના કરતાં ઉપાંશુ જપ

* [illegible] —અનુવાદક

છે. સત્યની સાથે નિર્ભયતા સહજ એકાકારરૂપેજ રહેલ છે.

सत्याकाशि मयं कर्णाश्चन् ।

હૃદયની અંદર સત્ય અને નિર્ભયતા આવી જાય છે ત્યારે તેમાં ખૂબ બળ આવે છે. હૃદયની "દેવી સંપદ"નો વ્યાખ્યા કરતી વખતે ગીતાએ "अभयं सत्त्वसंशुद्धिः" એવા શબ્દોથી શરૂઆત કરી છે. ત્યારે વાણીરૂપી ધનુષ્યના કામઠાને ઠેકાણે સત્યથી પરિપૂર્ણ થએલા હૃદયનું બળ છે અને જીભ તો માત્ર એ ધનુષ્યની દોરી અથવા પણછનુંજ કામ કરે છે. એની મારફતે શબ્દરૂપી બાણ છૂટે છે. જેમ પણછના ધક્કાથી તીર છૂટે છે, તેમ જીભની ક્રિયાથી શબ્દરૂપી બાણ છૂટે છે.* કામઠાની સહાયતા વગર એકલી પણછ તીર ફેંકી શકતી નથી. તેટલા માટે પણછને ધનુષ્યના કામઠાની સાથે બાંધી દેવામાં આવે છે. તેજ પ્રમાણે જીભ પોતે સ્વતંત્રપણે એકલી તો કાંઇજ બોલી શકતી નથી, પણ હૃદયમાં જ્યારે અમુક અભિપ્રાય જાહેર કરવાની ઇચ્છા થાય છે ત્યારે હૃદયના વેગથી જીભમાં બોલવાની વૃત્તિ અને શક્તિ ઉત્પન્ન થાય છે. જીભ હૃદયની આશ્રિત છે, જેમ પણછ ધનુષ્યના કામઠાની આશ્રિત છે તેમ. એટલા માટે

* આ ઠેકાણે "જીભ" અને "શબ્દ" એ બેનો ઉપયોગ ફક્ત ઉપલક્ષણ તરીકેજ કર્યો છે. મંત્રમા તો જીભને ઠેકાણે जिह्वा અને શબ્દને ઠેકાણે वाक् પદ છે. એ બેઉ શબ્દોને માત્ર शब्दज કહ્યા છે; नाडीकाः નાડીઓ—જ્ઞાનતંતુઓની ગણના પણ નિઘંટુમા તો વાણીના વાચક શબ્દોની સાથેજ કરી છે. તેથી 'जिह्वा' અને 'वाक्' શબ્દોનું ભાષાંતર જીભ અને શબ્દ કરીએ તો તે અધૂરો અનુવાદ કહેવાય. એટલા માટે આ ઉપલક્ષણ તરફ વાચકનું લક્ષ ખેંચવાની જરૂર છે. વાણી વડે પોતાના પ્રભાવની છાપ બીજા ઉપર પાડવાની ક્રિયાનું ઉપલક્ષણ वाक् (શબ્દ) છે. વળી જે જે સાધનો (પુસ્તક, લિપિ વગેરે)થી આપણે આપણા પ્રભાવનો વિસ્તાર કરીએ તે બધાનું ઉપલક્ષણ 'जिह्वा' છે.

હૃદયને ધનુર્દંડ અથવા કામઠાની સાથે સરખાવ્યું છે. થોડા વખત ઉપર વાણીના ઉત્પત્તિસ્થાન વિષે જે વિવેચન કર્યું હતું તે ઉપરથી વાચકો એટલું તો સમજ્યાજ હશે કે હૃદય પણ વાણીનું એક અંગ છે—વાણીની ઉત્પત્તિનું વચલું પગથિયું છે. જેમ ધનુષ્યના કામઠાની સાથે પણછનો જેવો જોઇએ તેવો યોગ થયો હોય તોજ તેની મારફતે તીર છૂટી શકે છે, તેમ હૃદયબળ અને જીભ, એ બેનો યથાવત્ યોગ થયો હોય તોજ મોઢામાંથી શબ્દ નીકળી શકે છે. શબ્દરૂપી બાણમાં જે અર્થ રહેલો છે તેને પ્રેરનાર તો હૃદયજ છે, જીભ નહિ. જીભ તો માત્ર ધ્વનિ—આવાજનેજ ઉત્પન્ન કરીને બહાર કાઢે છે. શબ્દરૂપી બાણ છૂટે તે પહેલાં ઉપર કહી તે બધી ક્રિયા થાય છે.

જે સામા માણસના હૃદયમાં જઇને ભોંકાય છે તે તીરનું ભાલોડું અથવા અણી શાની બનેલી છે તેનો વિચાર કરીએ. એ અણીની સાથે પ્રાણવાહક નાડીઓ, જેને હાલના વિજ્ઞાનશાસ્ત્રમાં જ્ઞાનતંતુ અથવા જ્ઞાનરજ્જુ (નર્વ્ઝ) એવું નામ આપ્યું છે, તેની સરખામણી કરી છે. આપણે નવીન શારીરવિજ્ઞાન શાસ્ત્રની મદદથી જાણીએ છીએ કે આપણા શરીરની બધીજ ઇન્દ્રિયોને શબ્દ, સ્પર્શ વગેરેનું જ્ઞાન જ્ઞાનતંતુઓની મદદથીજ થાય છે. આપણા મોઢામાંથી નીકળેલો શબ્દ સામા માણસના કાન ઉપર અથડાઇને તેના શરીરના જ્ઞાનતંતુઓની મારફતે તેને આપણા શબ્દનો અનુભવ કરાવે છે. એ રીતે બોલનારના જ્ઞાનતંતુઓની અસર સાંભળનારના જ્ઞાનતંતુઓ ઉપર થાય છે. બોલનાર જેટલું અંતઃકરણની વેદના(લાગણી)પૂર્વક બોલે છે, તેટલાજ પ્રમાણમાં તે સાંભળનારના અંતઃકરણમાં પણ તેવાજ પ્રકારની વેદના અથવા લાગણીઓને ઉત્પન્ન કરાવે છે. બોલનારનો શબ્દ તેના જ્ઞાનતંતુઓના આવેગથી જેટલો પ્રાણ-

ઉત્પન્ન થયો હોય છે, તેટલા પ્રમાણમાં તે સાંભળનારના જ્ઞાનતંતુઓને પણ ગણગણાવી શકે છે. એટલા માટે શબ્દરૂપી બાણની અણીની સાથે પ્રાણવાહક નાડીઓની અથવા જ્ઞાનતંતુઓ (નર્વ્ઝ)ની સરખામણી કરી છે. આપણાં ઉપનિષદોમાં બતાવેલા વિજ્ઞાન પ્રમાણે આજ અભિપ્રાય એથી પણ વધારે સ્પષ્ટ રીતે સમજાય છે. ઉપનિષદોમાં જેમ મનને સર્વવ્યાપક માન્યું છે, તેમ પ્રાણતત્ત્વને પણ સર્વવ્યાપક માન્યું છે. જ્યારે આપણે કોઈ પણ શબ્દનો ઉચ્ચાર ભારપૂર્વક કરીએ છીએ ત્યારે આપણા શરીરમાંનો પ્રાણ કંપે છે અને તેના વડે સર્વવ્યાપક પ્રાણમાં પણ તેવો જ કંપ (વાઇબ્રેશન્ઝ) ઉત્પન્ન થાય છે. આપણા પ્રાણની ગતિ એ સર્વવ્યાપક પ્રાણની-સૂક્ષ્મ લહરિઓની મારફતે સાંભળનારના પ્રાણની સાથે અથડાઈને તેનામાં પણ તેવી જ લહરિ અથવા કંપ પેદા કરે છે. × આપણા શબ્દોની સાથે આપણે પ્રેરેલી આપણા પોતાના પ્રાણની લહરિઓ સાંભળનારના પ્રાણની સાથે અથડાય છે અને તેનામાં પોતાના જેવી જ ગતિ ઉત્પન્ન કરે છે. એટલા માટે પ્રાણની લહરીઓને આપણા શબ્દરૂપી બાણની અણી કહી છે.

એ અણી શાની બનેલી છે એટલું સમજી લીધા પછી તેનામાં તીક્ષ્ણતા શાથી આવે છે તે સમજવું અઘરું નહિ પડે. એ શબ્દબાણની અણીમાં, સાંભળનારના હૃદયમાં એકદમ ખોંસાઈ જવાનું બળ ક્યાંથી આવતું હશે? લોખંડનાં તીરનાં ભાલોડાંને તો આગમાં તપાવીને પાણીદાર કરવામાં આવે છે અથવા તો તેમને ઝેર પાઈને ઝેરી બનાવાય છે;

× સ્વર [illegible] સ્વરજ્ઞાનકના [illegible] નગરેશ્વ ત્રિનાર, દેવતા, [illegible] —[illegible]

તેથી કરીને તેઓ શત્રુના શરીરમાં ઘોચાઇને તેને પોતાના ઝેરને લીધે હણે છે. પણ આ શબ્દરૂપી બાણનું શું? એને કયી ભઠ્ઠીમાં તપાવ્યું હશે? એના જવાબમાં મંત્રમાં કહ્યું છે કે "तपसाभिदिग्धा" આ બાણની અણીઓને તપ વડે તપાવીને તીક્ષ્ણ અને પાણીદાર બનાવેલી છે. એનામાં જે તીક્ષ્ણતા છે, જે તેજ છે તે તપમાંથી ઉત્પન્ન થએલાં છે. તપ એટલે દુઃખ સહન કરવાની શક્તિ. બોલનારે પોતે જેટલી તપશ્ચર્યા કરી હશે, સત્યને સમજવા માટે તથા તેને જીવનમાં ઉતારવા માટે જેટલાં કષ્ટ ઝીલ્યાં હશે, તેટલા પ્રમાણમાં તેના સત્ય કથનમાં વેગ આવશે અને સાંભળનારના અંતઃકરણ ઉપર તેના શબ્દ તેટલાજ વેગથી જઇ અથડાશે અને તેને ઘાયલ કરશે. આ શસ્ત્રના પ્રયોગ સામા માણસને દુઃખ દેવાનો તો સવાલજ નથી. આ તો પોતે જાતેજ દુઃખ સહન કરી કરીને પોતાના શબ્દે એવી તીક્ષ્ણતા ઉત્પન્ન કરવાની છે કે જે સામાના અંત[illegible] વીંધીને તેનામાં પણ સત્યની જ્યોત જગાડે. અહીં પોતે અનુભવેલા સત્યને સામાના હ્રદય સુધી પહોંચાડવાનો જ ઉદ્દેશ છે, બીજાનો હ્રદયપલટો કરવાનો છે: તેથી કરીને [illegible] સત્યને પ્રાપ્ત કરતાં આપણે પોતે જેટલા કષ્ટ સહન કરીને તપશ્ચર્યા સાધી હશે તેટલા પ્રમાણમાં આપણી વાણી [illegible] તેજથી તીક્ષ્ણ અને કાર્યસાધક [illegible] અને [illegible]

[illegible]

ખેંચનાર કઇ શક્તિ છે તેનો હવે વિચાર કરીએ. તેનામાં જે બળ આવે છે તે ક્યાંથી આવે છે? એના જવાબમાં 'દેવજૂતૈઃ' શબ્દ વાપર્યો છે. બ્રાહ્મણના હૃદયમાં આવી વસેલા દેવો અભય, પવિત્રતા, સત્ય વગેરે દેવભાવો એ ધનુષ્યને "જવ" એટલે વેગ આપે છે. એ ધનુષ્યમાં જે. મુખ્ય કાર્ય-કારિણી શક્તિ છે તે "દેવોની શક્તિથી ભરપૂર થએલું હૃદય-બળ છે. હાલની ચાલુ ભાષામાં કહેવું હોય તો એને "સંકલ્પ-શક્તિ" અથવા "મનોબળ" (વિલપાવર) કહેવું પડે. ખરેખરી વાણી તો હૃદય-બળજ છે. અંદરની માનસ-વાણી અથવા અંતરનો અવાજ કહીએ તોપણ ચાલે. બ્રાહ્મણનું ખરેખરું ધનુષ્ય જો કોઇ હોય તો તેના હૃદયની વાણીજ છે. જીભ, વાક, નાડીઓ એ તો બધાં તે વાણીનાં અંગ ઉપાંગ છે. અને તેને ગતિ આપનાર તો તેના હૃદયમાં બેઠેલા દેવતાઓ છે. જે ધનુષ્યની મદદથી બ્રાહ્મણ દેવપીયૂનો વિનાશ કરે છે, તેનો હૃદયપલટો કરી નાખે છે તે આ દેવતાઓથી પ્રેરાએલું "દેવજૂત" હૃદય-વાણીરૂપી ધનુષ્ય છે.

૪–એ ધનુષ્યને પકડી તો જુઓ!

સત્યાગ્રહી પાસે જો કોઈ અસ્ત્ર હોય તો આ એક-લુંજ છે. મનુ ભગવાને કહ્યું છે કે "આથર્વણ શ્રુતિ" એજ બ્રાહ્મણનું હથિયાર છે. આવી સાચી અંતરની વાણીને બોલનારા આવા હથિયારથી શત્રુનો પરાજય કરનારા–તપ-સ્વી પુરુષો દરેક યુગમાં પેદા થયાજ કરે છે. એવા તેજ-સ્વી પુરુષોના હૃદયમાંથી નીકળેલી વાણી વડે આખા દેશ-ભરમાં ક્રાન્તિ પેદા થાય છે. તેના એક ઈશારાથી હજારો લાખો માણસો તેની આજ્ઞાનો અમલ કરવા ચપોચપ તૈયાર થઇ જાય છે વાણીરૂપી આ મહાન અસ્ત્રના મુકા-બલામાં તોપો અને બડૂકો તો ઝખ મારે છે. વીર વલ્લભ-ભાઇની વાણી બારડોલીના ખેડૂતોના હૈયામાં ઉતરી ગઇ;

તેથી કરીને તેઓ શત્રુના શરીરમાં ઘોચાઇને તેને પોતાના ઝેરને લીધે હણે છે. પણ આ શબ્દરૂપી બાણનું શું? એને કયી ભઠ્ઠીમાં તપાવ્યું હશે? એના જવાબમાં મંત્રમાં કહ્યું છે કે "तपसाभिदिग्धा" આ બાણની અણીઓને તપ વડે તપાવીને તીક્ષ્ણ અને પાણીદાર બનાવેલી છે. એનામાં જે તીક્ષ્ણતા છે, જે તેજ છે તે તપમાંથી ઉત્પન્ન થએલાં છે. તપ એટલે દુઃખ સહન કરવાની શક્તિ. બોલનારે પોતે જેટલી તપશ્ચર્યા કરી હશે, સત્યને સમજવા માટે તથા તેને જીવનમાં ઉતારવા માટે જેટલાં કષ્ટ ઝીલ્યાં હશે, તેટલા પ્રમાણમાં તેના સત્ય કથનમાં વેગ આવશે અને સાંભળનારના અંતઃકરણ ઉપર તેના શબ્દ તેટલાજ વેગથી જઇને અથડાશે અને તેને ઘાયલ કરશે. આ શાસ્ત્રના પ્રયોગમાં સામા માણસને દુઃખ દેવાનો તો સવાલજ નથી. અહીં તો પોતે જાતેજ દુઃખ સહન કરી કરીને પોતાના શબ્દોમાં એવી તીક્ષ્ણતા ઉત્પન્ન કરવાની છે કે જે સામાના અંતરને વીંધીને તેનામાં પણ સત્યની જ્યોત જગાડે. અહીં તો પોતે અનુભવેલા સત્યને સામાના હૃદય સુધી પહોંચાડવાનોજ ઉદ્દેશ છે, બીજાનો હૃદયપલટો કરવાનો છે; તેથી કરીને એ સત્યને પ્રાપ્ત કરતાં આપણે પોતે જેટલાં કષ્ટ સહન કરીને તપશ્ચર્યા સાધી હશે તેટલા પ્રમાણમાં આપણી વાણી સત્યના તેજથી તીક્ષ્ણ અને કાર્યસાધક બની હશે અને તેટલે દરજ્જે આપણે સાંભળનારનો હૃદયપલટો કરીને તેનામાં તે સત્યનો ઉદય કરવામાં સફળ થઇશું. હથિયાર ઘસવાથી ધારવાળું થાય છે તેવીજ રીતે જે સત્યને માટે કષ્ટ સહન કર્યું હોય છે તેનામાં તેટલી તીક્ષ્ણતા આવે છે. દાખલા તરીકે જેમણે દેશને માટે જાતે કષ્ટ વેઠયું હોય છે તેમના દેશહિતના ભાષણમાં ઘણું બળ આવે છે અને સાંભળનારના ઉપર ઉંડી છાપ પાડે છે.

આ તો જાણે ધનુષ્યની રચનાની વાત થઇ, પણ તેને

ખેંચનાર કઇ શક્તિ છે તેનો હવે વિચાર કરીએ. તેનામાં જે બળ આવે છે તે ક્યાંથી આવે છે? એના જવાબમાં 'દેવજૂતઃ' શબ્દ વાપર્યો છે. બ્રાહ્મણના હૃદયમાં આવી વસેલા દેવો અભય, પવિત્રતા, સત્ય વગેરે દેવજ તો એ ધનુષ્યને "જવ" એટલે વેગ આપે છે. એ ધનુષ્યમાં જે ગુપ્ત કાર્ય-કારિણી શક્તિ છે તે "દેવોની શક્તિથી ભરપૂર થએલું' હૃદય-બળ છે. હાલની ચાલુ ભાષામાં કહેવું હોય તો એને "સંકલ્પ-શક્તિ" અથવા "મનોબળ" (વિલપાવર) કહેવું પડે. ખરેખરી વાણી તો હૃદય-બળજ છે. અંદરની આત્મ-વાણી આપણ અંતરનો અવાજ કહીએ તેપણ ચાલે. બ્રાહ્મણનું ખરેખરૂં ધનુષ્ય જો કોઇ હોય તો તેના હૃદયની વાણીજ છે. જીભ, વાક, નાડીઓ એ તો બધાં તે વાણીનાં અંગ ઉપાંગ છે. અને તેને ગતિ આપનાર તો તેના હૃદયમાં બેઠેલા દેવતાઓ છે. જે ધનુષ્યની મદદથી બ્રાહ્મણ દેવપીયુનો વિનાશ કરે છે, તેનો હૃદયપલટો કરી નાખે છે તે આ દેવતાઓથી પ્રેરાએલું "દેવજૂત" હૃદય-વાણીરૂપી ધનુષ્ય છે.

૪–એ ધનુષ્યને પકડી તો જુઓ!

સત્યાગ્રહી પાસે જો કોઈ અસ્ત્ર હોય તો આ એક-જ છે. મનુ ભગવાને કહ્યું છે કે "આથર્વણ શ્રુતિ" એજ બ્રાહ્મણનું હથિયાર છે. આવી સાચા અંતરની વાણીને બોલનારા આવા હથિયારથી શત્રુનો પરાજય કરનારા–તપસ્વી પુરુષો દરેક યુગમાં પેદા થયાજ કરે છે. એવા તેજસ્વી પુરુષોના હૃદયમાંથી નીકળેલી વાણી વડે આખા દેશભરમાં ક્રાન્તિ પેદા થાય છે. તેના એક ઈશારાથી હજારો લાખો માણસો તેની આજ્ઞાનો અમલ કરવા ચપોચપ તૈયાર થઇ જાય છે. વાણીરૂપી આ મહાન અસ્ત્રના મુકાબલામાં તોપો અને બંદૂકો તો ઝખ મારે છે. વીર વલ્લભભાઇની વાણી બારડોલીના ખેડુતોના હૈયામાં ઉતરી ગઇ;

કારણ કે તેમની વાણીમાં એવું તેજ હતું કે તેને માન્યા વિના તેમનો છૂટકોજ ન હતો. તેનું પરિણામ આખા જગતે દીઠું કે આવડા મોટા વિશાળ બ્રિટિશ રાજ્યની તોપો એક ખૂણે પડી રહી. એજ પ્રમાણે જો ગાંધીજીની વાણી આખા ભારતના હૃદયમાં વસી જાય તો સ્વરાજ તો જોતજોતામાં આવીને ઉભું રહે. એજ ગાંધીજીની વાણીની પ્રેરણાથી સને ૧૯૨૧–૨૨માં દેશમાં એટલું બળ વ્યાપી ગયું હતું કે હજારો લોકો રાજીખુશીથી ભારેમાં ભારે કષ્ટ સહન કરવા તૈયાર થઇ ગયા હતા. એ બધો એકજ વ્યક્તિની "દેવજૂત" હૃદયવાણીનો પ્રતાપ હતો.. ત્યારે એ હથિયાર તો આપણા સૌના હૃદયમાં પડેલુંજ છે. આપણે તેને ઉપાડીએ એટલીજ વાર છે. આપણે બધા એક વાર એ હથિયાર ઉપાડતા થઇએ તો પળવારમાં કેટલું મહાન પરિણામ આવીને ઉભું રહે? જગતની આગળ આ વેદોક્ત અસ્ત્રની સફળતાને સિદ્ધ કરવાનું કામ આપણું ભારતવાસીઓનુંજ છે. એ આપણા લોકોનુંજ વિશેષ કાર્ય છે. આ નવા અસ્ત્રનો પ્રતાપ આપણે એક વાર જગતની આગળ સાબિત કરી દઇએ તો તોપોમાં ઝાડવાં ઉગે અને દારૂગોળાની રાખ બની જાય અને તોપો, મશીનગનો અને ઝેરી વાયુની ચિન્તાથી ત્રાસી ગએલી અને ઇર્ષ્યા તથા દ્વેષથી હેરાન હેરાન થઇ ગએલી જગતની પ્રજાઓ સુખી અને નિશ્ચિન્ત થઇને ભારતમાતાનાં સંતાનોને આશિષ દે. પણ આપણે અસત્યને છોડવું પડશે. આપણા હૃદયને શુદ્ધ કરવું પડશે. એટલું કર્યું એટલે તે એની મેળેજ દેવોને વસવા લાયક થશે–તે "દેવજૂત" દિવ્ય ધનુષ્ય બની જશે. ઓ ભા[illegible]ઓ ! એ ધનુષ્ય તમારૂંજ છે. તમે તેને એક વાર પક[illegible] તમે જગતને ચકિત કરી ના[illegible] આપણી બંદુકો નથી તેથી શું થ[illegible]

ઇશ્વરે આપણા એકે એકના હાથમાં આપ્યું તો છે, અને તે હથિયારને વેગ આપવા માટે તે જાતેજ આપણા હૃદયમાં બેઠેલો છે. પછી તમારે બીજું શું જોઇએ?

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।

પણ હૃદયમાં બિરાજનાર પરમાત્મા આ ધનુષ્યને ચલાવે, તેને 'જવ' (ગતિ) આપે તેને માટે આપણે એકજ કામ કરવાનું છે અને તે કર્યા વગર નજ ચાલે. આપણે આપણાં હૃદયને તદ્દન ચોખ્ખાંચટ કરી નાખીએ; અસત્યનો એક નાનો સરખો ડાઘો પણ ન રહેવા દઇએ, દ્વેષ, હિંસા, ભય, કાયરતાની એમાં છાયા પણ ન હોય–એટલું કરીએ એટલે આપણે આપણા ભાગનું કામ પૂરું કર્યું કહેવાય, પછી બાકીનું કામ પરમાત્મા પોતેજ કરી લેશે. તે કામ તેનું છે. આપણું હૃદય ઉપર ગજાવેલા મેલ ધોવાઇ જતાં જેમ જેમ ખાલી થતું જશે, તેમ તેમ તે જગ્યાએ સત્યસ્વરૂપ દેવનો નિવાસ થતો જશે. પછી તે પોતેજ એ ધનુષ્યને જેટલે અંશે "દેવજૂત" બનાવશે તેટલે દૂર સુધી એ ધનુષ્ય તાકી શકશે. આ અસ્ત્રના પ્રયોગને સફળ કરવાને માટે પહેલું જરૂરી કાર્ય તો તેને "દેવજૂત" બનાવવાનું છે. તેટલું કરી લીધા પછી એક બીજું કામ કરવાનું બાકી રહે છે અને તે બાણની અણીને તીક્ષ્ણ કરવાનું. બાણ ધનુષ્યમાંથી જોરથી છૂટે તો ખરૂં, પણ જો તે બૂઠું હોય તો તેનો ઘા નકામો જવાનો, તે શત્રુની આરપાર નહિ નીકળી જાય. માટે પ્રથમ હૃદયને શુદ્ધ કરીને તેને દેવને વસવા લાયક કર્યા પછી વાણીરૂપી બાણની અણીને "તપસાનિશિતધા" તપ વડે તીક્ષ્ણ કરવી જોઇશે; આપણે તપ કરવા–કષ્ટ સહન કરવા તૈયાર થવું જોઇશે. સ્વાધીનતારૂપી મહાન સત્યની પ્રાપ્તિને માટે આપણે તમામ પ્રકારનાં કષ્ટ સહેવા તૈયાર થવું જોઇશે અને પછી તો જેમ જેમ

આપણું તપ સિદ્ધ થતું જશે, તેમ તેમ આપણી વાણીની તીક્ષ્ણતા વધતી જશે, તેના વડે આપણા દેશબંધુઓનાં હ્રદયમાં આપણે સ્વાતંત્ર્યનો પ્રકાશ ફેલાવી શકીશું અને સાથે સાથે અંગ્રેજ ભાઇઓનાં હ્રદયમાં પણ તેમના સ્વાર્થને લીધે જે અંધકાર જામ્યો છે તેને પણ આપણે દૂર કરી શકીશું.

આની સાથે બીજી યાદ રાખવા જેવી બાબત એ છે કે આ ધનુષ્યનો સૌથી પહેલો ઉપયોગ તો આપણે આપણા [illegible]ંધવોની સામેજ કરવો પડશે. પરદેશી ભાઇઓ ઉપર [illegible] અસર ત્યાર પછીજ થાય. પહેલાં તો સ્વાધીનતા-[illegible]ને આપણાજ દેશી ભાઇઓનાં હ્રદયની અંદર [illegible]ોઇશે, સ્વતંત્રતા ભોગવવાની તૃષ્ણા તેમનાં દિલમાં [illegible] પડશે. એમ કરતાં કરતાં પ્રથમ તો આપણા [illegible]ઓમાં હ્રદયપલટો કર્યા પછી અંગ્રેજ ભાઇ-[illegible] આપણે ચારાર કરી શકીશું.

બધુંજ કાર્ય હ્રદય-વાણીરૂપી દિવ્ય
[illegible] શકશે એમાં સંદેહ નથી. હ્રદયના
[illegible] વાણી સામાનું હ્રદયનું પ[illegible]
[illegible]ને ઉણપ હોય તો [illegible] ધનુ
[illegible] વીર પુરુષોનીજ છે. ધનુષ્ય [illegible]
[illegible] આપવું પડે એમ નથી. [illegible]
[illegible] અનાદિકાળથી [illegible]
[illegible] છે. એને [illegible], [illegible]
[illegible] ઉપયોગ કરવા [illegible]
[illegible] જરૂરી બાબતો [illegible]
[illegible] શુદ્ધિ અને (૨) [illegible]
[illegible] હ્રદય, [illegible], [illegible].
[illegible]
[illegible]

તેમાં કશું નવું જોવા જવું પડે એમ નથી. હવે અહીં બે જ ચીજ વસ્તુઓ. એક તો મનુષ્યને "દેવદૂત" બનાવવાની તૈયારી, અને બીજું તીરની અણીને લપકવાની જગ્યામાં તાકીને તીરનું કરવાનું કામ. જો એ કામ છે તો ઘણાં અઘરાં, પણ મનુષ્યની શક્તિ પણ કાંઇ જેવી તેવી છે? બેહદ શક્તિ છે ને? વીરતાની કસોટી પણ અઘરાં કામ પાર ઉતારવામાંજ છે ને?

હવે આ બે બાબતો વિષે જરા વધારે વિચાર કરીને તેને પૂરેપુરી સમજી લઇએ. (૧) યાદ રાખજો કે પોતાના મનુષ્યને સંપૂર્ણ રીતે "દેવદૂત" દેવર્ષિત બનાવવામાં આખા દેશમાં એકજ મહાપુરુષ સફળ થાય તોપણ બસ છે. જે મહાપરાક્રમી વીરપુરુષ 'પત્ત' વાળી સુધી પોતાના મનુષ્યની પણછને ખેંચી શકે તે તો પોતાના એકજ ચંદ્રપથી ભારતને સ્વતંત્રતા અપાવી દે. તેની એક પ્રાર્થના-જ બસ છે. "ભક્તજનનકે સંકટ ક્ષણમાં દૂર કરો" એવું જે આપણે ગાઇએ છીએ તે તદ્દન સાચું છે. પણ પ્રાર્થના હૃદયના ઉંડામાં ઉંડા ભાગમાંથી નીકળવી જોઇએ. એવી એકજ પ્રાર્થના કોઇ યોગ્યતાવાળો પુરુષ કરે તો ભગવાન ખરેખર એક ક્ષણવારમાં દેશના માથાનાં તમામ સંકટો વીખેરી નાખે. અસલના વખતના બ્રાહ્મણોએ એક હુંકાર કરીને વેત રાજાને મારી નાખ્યો હતો એમ કહેવાય છે તેમાં કશુંજ અસંભવિત નથી. પ્રાચીન કાળના ઋષિ-મુનિઓ વેદના મંત્રો વડે ધાર્યું કામ કરી શકતા હતા. આજે આપણામાં એટલું બળ રહ્યું નથી; કેમકે આપણાં હૃદય અસત્ય, દ્વેષ વગેરે નાના પ્રકારના મળથી ગંધાઇ ઉઠયાં છે. પણ આપણે આપણાં હૃદયને પૂરેપુરાં-મેલનો એક છાંટો પણ ન રહે એટલી હદ સુધી સાફ ન કરી શકીએ અને તેથી ઠેઠ કાન સુધી મનુષ્યની પણછ ન

ખેંચી શકીએ તોપણ શું ? પરાવાણી સુધી પોતાના ધનુષ્યને ખેંચનારા મહાત્માઓ તો ઘણા વિરલાજ હોય અને તેઓ જગતમાં ઘણા લાંબા સમયને અંતરેજ પ્રકટ થાય છે. આપણે તેટલી હદ સુધી હૃદયની શુદ્ધિ કરીને બળ ન મેળવી શકીએ તેથી છેક નાહિંમત શા માટે થઈ જઇએ ? આપણે આપણાથી ખેંચાય ત્યાં સુધી તો ખેંચીએ અને આપણાથી જેટલે અંશે બની શકે તેટલા પ્રમાણમાં આપણા હૃદયને દેવપ્રેરિત બનાવીએ. આપણાથી બની શકે તેટલા પ્રમાણમાં હૃદયને સત્ય અને પ્રેમથી ભરી દઇએ. એટલું તો આપણે સૌ કરી શકીએ છીએ. આપણે હાલ એટલુંજ કરીએ તોપણ આપણાં હૃદયની વ્યાકુળતાની અસર આપણા દેશબંધુઓનાં હૃદય ઉપર જરૂર થશે અને તેથી આખો દેશ જાગ્રત થઇને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે આળસ મરડીને બેઠો થઇ જશે.

(૨) આપણા વિચારનું પ્રત્યક્ષ પરિણામ આવતાં જો વિલંબ થાય તો નક્કી માની લેવું કે, તેનું કારણ બીજું કાંઇજ નહિ પણ આપણા તપની ઉણપને લીધે આપણું બાણ જેવું જોઇએ તેવું તીક્ષ્ણ નહિ થયું હોય. એવું જણાય તો ધીરજ રાખીને વધારે ઉગ્ર તપ આદરવું અને તેમ કરીને આપણા બાણની અણીને વધારે તીક્ષ્ણ બનાવવી એજ આપણું કર્તવ્ય છે. તપની તીક્ષ્ણતા તો એવી છે કે આખરે વજ્રને પણ ભેદી નાખે છે; તો પછી મનુષ્યના હૃદયનો પલટો કરવો એનો તો હિસાબજ શો ? એ તો તેને માટે રમત જેવું છે. વીર પુરુષો કદી હિંમત હારી જતા-જ નથી. આપણા અસ્રને સફળ થવામાં જો વિલંબ થાય તો ખાત્રીપૂર્વક માની લેવું કે આપણામાંજ ઉપર કહી તેમાંની ગમે તે એક પ્રકારની અથવા બેઉ પ્રકારની ઉણપ હોવીજ જોઇએ. કાં તો આપણું ધનુષ્ય દેવપ્રેરિત નહિ થયું

[illegible] ... કોઈ પણ [illegible] તો નથી જતું? [illegible] કોઈથી [illegible] કરીને, આત્મશુદ્ધિ કરવા માંડે જવું. [illegible] ઘોર તપ કરવા મંડી જવું. આવું કરતાં કરતાં જો જે [illegible] કરવાં કેવી શક્તિનો [illegible] આવે તો [illegible] પરંતુ છોડી દેવું, પણ ઈશ્વરે આપેલા દિવ્ય આયુધને તો કદી છોડવું જ નહિ. યાદ રાખજો કે વીર પુરુષને મોત હોતું જ નથી, વીર પુરુષ શરીર છોડવા પછી પણ મરેલો જ નથી, પણ તે તો પોતાના હાથમાંનું અસ્ત્ર છોડી દે ત્યારેજ મરે છે. દુઃખ, કષ્ટ અને મૃત્યુથી ડરી જનાર પુરુષ ખરો પુરુષ નથી. એવા પુરુષને તો આ દિવ્ય અસ્ત્રને હાથ અડાડવા-નો અધિકારજ નથી. સત્યને માટે મરી ફીટવા જે તૈયાર થાય છે તેજ આ દિવ્ય ધનુષ્યની પણછ ચડાવી શકે છે.

એટલા માટે ફરીથી યાદ દેવડાવું છું કે "હૃદયની શુદ્ધિ" અને "તપની તીક્ષ્ણતા" એ બે દિવ્ય સંપત્તિઓ જે વીર પુરુષોની પાસે હોય તેઓ આ ધનુષ્યની પણછ ચડાવીને સત્યના સંગ્રામમાં આગળ ધપે અને બીજા બાકીના લોકો આ બે સંપત્તિઓની કમાણી કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરતા કરતા પેલા વીર પુરુષોની પાછળ પાછળ ચાલ્યા આવે. આટલુંજ જો આપણે કરીશું તો નક્કી માની લેજો કે, ભગવાનની અપાર શક્તિ આપણને સહાય કરવા આપણી સાથે ને સાથેજ હશે—આખા જગતને પ્રેરનારી તે દેવાધિદેવ પરમાત્માની પરાવાણીની શક્તિ આપણી—

ભારતવાસીઓની–ફરજ છે. આ આટલુંજ આપણું કર્તવ્ય છે. એ કર્તવ્યનું ધ્યાન કરીને આપણે ઉદ્યમ કરવા મંડી જઇશું તો આપણા જગતની કાન્તિ બદલાઈ જશે અને જેને નિહાળીને દેવતાઓ પણ મનમાં હરખાય એવી કોઈ દિવ્ય ભૂમિ બની જશે.

ભારતવાસીઓ ! ઋષિમુનિનાં સંતાનો ! આ કામ તમારૂં એકલાનુંજ છે; વસિષ્ઠ અને વાલ્મીકિના વારસોનું છે. તમને તેમના દિવ્ય અસ્ત્રનો વારસો મળ્યો છે. એ વારસાને ઓળખો, તેનો ઉપયોગ કરતાં શીખો. જગત તમારી રાહ જોઈ રહ્યું છે.





મંત્ર ૯ મો

આ તો અમોઘ અસ્ત્ર છે.

तीक्ष्णे षवो ब्राह्मणा हेतिमन्तो यामस्यन्ति शरव्यां न सा मृषा।
अनुहाय तपसा मन्युना चोत दूरादव भिन्दन्त्येनम् ॥

(हेतिमन्तः) આવા હૃદયબળરૂપી ધનુષ્યવાળા (तीक्ष्णेषवः) અને ઉપર કહ્યા મુજબ તપ વડે તીક્ષ્ણ કરેલાં બાણવાળા (ब्राह्मणाः) તે બ્રાહ્મણો (यां शरव्यां अस्यन्ति) જે જે બાણોનાં સમૂહને છોડે છે (न सा मृषा) તે કદી પોતાનાં નિશાન ચૂકતાંજ નથી. (तपसा मन्युना च) તપ અને મન્યુ એટલે જે જે અશુભ હોય તેને દૂર કરવાની તીવ્ર ઇચ્છા, એ બે વસ્તુઓ વડે (अनुहाय) શત્રુની પૂંઠ પકડીને એવી કુશળતાપૂર્વક (एनं) તે દેવપીયુને (दूरात्) દૂર રહ્યા રહ્યા (अवभिन्दन्ति) ભેદી નાખે છે.

આ મંત્રમાં એક વિશેષ વાત કહી છે તે એ છે કે ગયા મંત્રમાં વર્ણવેલી હૃદય-વાણીરૂપી ધનુષ્યને ધારણ કરનારા બ્રાહ્મણો જે જે બાણને છોડે છે તે કદી વ્યર્થ જતાંજ નથી-તેઓ પોતાનું નિશાન કદી ચૂકતાંજ નથી— તેઓ જે જે વિરોધીના તરફ તાકીને પોતાનાં બાણ છોડે છે તેને આબાદ વીંધી નાખે છે. વ્યાસમુનિએ જેને વિષે "अमोघा अस्य वाग् भवति ।" (તેની વાણી અમોઘ ફળ

આપનારી થાય છે) એવું કહ્યું છે તે અમોઘ વાણીનો મહિમા આ મંત્રમાં વર્ણવ્યો છે. છતાં વ્યાસમુનિને આવું લખવાની જે વેદવચનમાંથી પ્રેરણા મળી તેના ઉપર હજી આપણે શ્રદ્ધા ન રાખીએ? આ વેદવાક્યની સત્યતા ઉપર જો આપણા મનમાં શ્રદ્ધા પેદા થાય તો આપણામાં અસાધારણ બળ આવી જાય, સત્યનિષ્ઠ થવાને માટે આપણને ભારે વેગ મળી જાય. કારણ કે જેને પોતાના અસ્ત્રના અમોઘપણામાં એક વાર દૃઢ વિશ્વાસ બેસી જાય તે કોઈ કાળે પોતાના આવા અનુપમ અમોઘ અસ્ત્રને હાથમાંથી હેઠે તો નજ મૂકે. સત્ય નિષ્ઠાના આટલા બધા ઉંચા આદર્શને આપણે આજ ને આજ ન પહોંચી વળીએ એ વાત ખરી, પણ એક વાર જો આ વેદવચનને શ્રદ્ધાપૂર્વક હૃદયમાં પધરાવીએ તો પછી તેના વડે આપણી ઉન્નતિ તરફની કૂચમાં ડગલે ને પગલે આપણને બળ અને મદદ તો મળતાંજ રહેશે. કારણકે જેટલા પ્રમાણમાં આપણે સત્યનિષ્ઠાને આપણી પોતાની કરી હશે તેટલા પ્રમાણમાં આપણું હૃદય દેવપ્રેરિત બન્યું હશે અને તેટલા પ્રમાણમાં આપણાં બાણને પણ આપણે સફળ થતાં જોઈશું. કહેવાનું તાત્પર્ય એ છે કે, ગમે તેટલી થોડી સત્યનિષ્ઠા પણ નકામી તો નથીજ જવાની. તે જેટલી હોય તેટલી પણ કાંઈ ને કાંઈ શુભ પરિણામ તો બતાવશેજ બતાવશે. સંપૂર્ણ સફળતા તો અલબત્ત ઘણી દૂર છે, પણ તેને પ્રાપ્ત કરવાનો જો કોઈ માર્ગ હોય તો આ એકલોજ છે અને નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરનારને તેની વહેલી મોડી આ રીતેજ પ્રાપ્તિ થાય છે, એ બે બાબતો ઉપર તો આપણો દૃઢ વિશ્વાસ બેસી જવો જોઇએ. વેદ જે કહે છે તે આટલુંજ કહે છે. આ દિશામાં કરેલો આપણો નાનો સરખો પ્રયત્ન પણ નિષ્ફળ તો નથીજ જતો. તોપ બંદૂકથી લડાતાં હિંસક યુદ્ધોમાં સેંકડે ઘણા ગોળા અને દારૂ વ્યર્થ જાય છે. યુરોપના છેલ્લા મહાયુદ્ધ

પછી તપાસ કરતાં જણાયું હતું કે પુષ્કળ દારૂગોળો નકામો ગયો હતો; કેમકે તોપોમાંથી જેટલા ગોળા છૂટે તે બધા કાંઈ દુશ્મન ઉપર નથીજ પડતા. ઘણાખરા આડાઅવળા જાય છે. પણ સત્યમય વાણીમાંથી છૂટેલાં બાણ તો એવાં છે કે કદી ફોકટ જાયજ નહિ. એ તો "રામબાણ" જ છે. "રામબાણ"ને ઠેકાણે "દેવદૂત વાણી"–દેવોએ પ્રેરેલાં વાણીરૂપી બાણ કહીએ તોપણ ચાલે. આપણી પોતાનીજ નિર્બળતાને લીધે કદાચ આપણને આ અસ્ત્ર દ્વારા એકદમ સફળતા ન એ મળે, પણ એજ અસ્ત્ર વડે આપણને આપણી શક્તિ અને યોગ્યતાના પ્રમાણમાં ચોક્કસ સફળતા મળવાનીજ છે એટલું અત્યારે આ અસ્ત્રની અમોઘતાની બાબતમાં આપણે ચોખ્ખેચોખ્ખું સમજી લઇએ તો બસ છે. આપણી ભવિષ્યની સફળતાનો આધાર આટલી ચોખ્ખી ધારણા ઉપરજ છે. કારણકે જેને આ અસ્ત્રની અમોઘતા ઉપર પૂરો વિશ્વાસ નહિ હોય તે કાં તો આ દિવ્ય અસ્ત્રને પકડવાજ તૈયાર નહિ થાય, અથવા કદાચ પકડશે તોપણ અધવચ છોડી દેશે. એટલા માટે શરૂઆતથીજ કેટલાક અગત્યના મુદ્દા હૃદયમાં ખૂબ પાકા ઠસાવી લેવા જેવા છે અને તે એ કે આ અસ્ત્ર અમોઘ છે, "ન સા મૃષા" તે કદી ખાલી જતુંજ નથી. તે આપણને વિજયના છેલ્લામાં છેલ્લા શિખર સુધી જરૂર લઈ જશે. વળી આપણી સત્ય નિષ્ઠામાં એટલું બળ હોય કે આપણે ધનુષ્યને જેટલું ખેંચવું જોઇએ તેટલું ખેંચી શકતા હોઇએ તો તો તેનું ફળ એકદમ આપણી સામેજ આવીને ઉભું રહે. આટલા થોડાક મુદ્દા આપણે ખૂબ વિચારપૂર્વક સમજીને પાકા કરી લેવા જોઇએ. "ન સા મૃષા" એ શબ્દો તો આપણી રગેરગમાં રમી રહેવા જોઇએ.

એ શસ્ત્રને શા કારણથી અમોઘ કહ્યું છે તેનો વિશેષ વિચાર કરીએ. એનું કારણ એ છે કે બ્રાહ્મણ તપ અને

એવો કે તેથી કરીને અન્યનું [illegible] 'કેવું' [illegible] પ્રેમ
[illegible] મન્યુની [illegible] અને [illegible]
એટલા માટે 'મન્યુ' શબ્દના તાત્વિક અનુવાદ કરીએ
કેમ તો 'અશુભ ભાવને દૂર કરવાની તીવ્ર ઇચ્છા, જે
ખુબ દિલ હોય પણ જેમાં દ્વેષ, ક્રોધ એમાંનું કાંઇ પણ
ન હોય' એવી લાંબી વ્યાખ્યા આપવી પડે. [illegible]
[illegible] તેના હૃદય-
માંથી [illegible] [illegible] [illegible]
અને તે ઇચ્છા એ પછી તીવ્ર હોય તો તે પોતાના હૃદય-
ની સિદ્ધિને માટે પોતાના માથા ઉપર દુઃખના ડુંગર
ઝીલવા તૈયાર રહેવું, ઉપર કહી તેવી બધી દુઃખ સહન
કરી લેવાની તૈયારી, જેને આપણે એક શબ્દમાં "તપ"
કહીએ છીએ, તે આપણા બીજા પગને ઉપાડે છે. એ
પ્રમાણે તપ અને મન્યુ, એ બે પગની સામટી મદદથી
સત્યાગ્રહી બ્રાહ્મણ પોતાના વિરોધીના છેક હૃદય સુધી
પહોંચી જાય છે. એમાં તપ અને મન્યુ, બેઉનો બરાબર
મેળ હોય તોજ કામ સધાય છે. તપ એકલું હોય તો તે
એક બાજુએ પડી જાય, પણ સામાવાળાના હૃદય સુધી
તો નજ પહોંચાડે. હૃદય તરફ તો મન્યુજ ગતિ કરાવી
શકે. તપ વિરોધીની નજીક જવાની ગતિ આપે અને
મન્યુ યોગ્ય દિશા બતલાવતું જાય તોજ હૃદય સુધી
પહોંચી જવાય. તેવીજ રીતે એકલા મન્યુથી સામાનું
હૃદય જીતી શકાતું નથી. એકલી ઇચ્છાથી શું વળે ? કષ્ટ
સહન કરવાની તૈયારી પણ સાથે જોઇએજ ને ? સામા-
વાળાને સુધારવાની ખાતર આપણે કરેલા તપ વડે, તેને
માટે સહેલા કષ્ટ વડે તેના હૃદય સુધી પહોંચી જવાનો
માર્ગ ખુલ્લો થઇ જાય છે. અશુભને દૂર કરવાની જેટલી
તીવ્ર ઇચ્છા હશે અને તેને ખાતર કષ્ટ સહન કરવાની
જેટલી તૈયારી હશે તેટલા પ્રમાણમાં સામાવાળાના હૃદયનો

કબજો જલદી મળી જશે. આના એક ઉદાહરણ તરીકે આપણા દેશની હાલની સ્થિતિનો વિચાર કરીએ. દેશની ગુલામી આપણા આત્માને જેટલી ખટકે તેટલો મન્યુનો તીવ્ર ભાવ આપણા હૃદયમાં જાગી ઉઠશે, અને એ ગુલામી દશાને દૂર કરવાને માટે વ્યાકુળ થઇને આપણે આકરામાં આકરાં તપ કરવાને તૈયાર થઇશું. પોતાના દેશની ગુલામી અવસ્થાનો તીવ્રતા (મન્યુ)થી અનુભવ કરનાર કોઇ મહા-પુરુષ ભારતવર્ષમાં હોય કે જે તે ગુલામીને દૂર કરવાને માટે પોતાનું તમામ સાંસારિક સુખ, ધન, માન વગેરેનું બલિદાન દેવાનેજ નહિ પણ પોતાના મનમાં સ્વતંત્રતાની સાચી કિંમત આંકીને તેને ખાતર પોતાના મોંઘા પ્રાણનું પણ બલિદાન દેવા તૈયાર હોય-એકજ જિંદગીમાં નહિ પણ લાખો કરોડો વાર જન્મ લઇ લઇને 'સ્વતંત્રતા દેવી'ને ચરણે પોતાના પ્રાણની ભેટ હૈયાની ઉલટની સાથે પ્રસન્ન-ચિત્તે ચઢાવવા તૈયાર હોય તો તેવો એકજ મહાપુરુષ આબઘડી ભારતને સ્વરાજ અપાવી દે, તે પોતાનાં તપ અને મન્યુ વડે અંગ્રેજોનો હૃદયપલટો પળવારમાં કરી નાખે.

તપ અને મન્યુમાં એવો પ્રભાવ છે કે તે આપણા વિરોધીની સાથે એક પળવારમાં આપણો મેળ કરાવી દે છે. એ વિરોધી ગમે તેટલો દૂર હોય તોપણ શું થઈ ગયું ? અહીં અંતરનો સવાલજ નથી. 'दूरादवामिन्द्रन्त्येनम्' આ આન્તરીય યુદ્ધમાં બેઉ વિપક્ષીઓની વચ્ચેનું સ્થૂળ અંતર જેવું કાંઇ છેજ નહિ. ગમે તેટલું અંતર હોય તોપણ તેથી કશી અડચણ નડતી નથી. છેલ્લામાં છેલ્લી ઢબની તોપોના ગોળા ઘણામાં ઘણું તો ૪૦ કે ૫૦ માઇલ સુધી ગોળા ફેંકી શકે છે. પણ આ હૃદય-વાણી-માંથી છૂટેલું બાણ તો સાત સમુદ્રની પાર જઇને ઠેઠ ઇંગ્લંડના રહેવાસીઓની ઉપર જઇને અથડાય છે. ઠેઠ એટલું પણ નહિ પરંતુ જેના તરફ નિશાન તાકયું હોય

કેવળ આ દેહમાં નહિ પણ કે જે અંતિમ દેહમાં
...લો હોય તો ત્યાં પણ તેની ક્રિયાઓમાં [illegible] વધે છે.
અને મનુષ્યની મર્યાદાઓ છોડીને [illegible] નિરંજન
રહે ત્યાં સુધી પણ થઈ શકે છે.

હવે આ અસ્ત્રના પ્રકરણનો ઉપસંહાર કરીએ તે
પહેલાં આટલા બધા વિવેચનનો સારાંશ શો થશે તેનો
એક વાર ફરીથી આપણે વિચાર કરી લઈએ. પહેલો મુદ્દો
તો એ કે દરેકાઇ માણસ, જેની ઉપયોગ કરવાની ઇચ્છા
હોય તે, આ અસ્ત્રનો ઉપયોગ કરી શકે છે. શરત માત્ર
એટલીજ કે પાછલા ખંડમાં કહ્યા મુજબ તેણે હૃદયને
શુદ્ધ કરવું અને તપ કરવું. આટલું કર્યાથી અસ્ત્ર તો જેવું
જોઈએ તેવું તૈયાર થઈ જશે, પણ તેનો ઉપયોગ કરતાં
આવડે એટલા માટે એક બીજી શરત પાળવી પડશે. હૃદય
તો શુદ્ધ થવુંજ જોઈએ, પણ એ શુદ્ધ હૃદયની અંદર જેનો
સર્વથા વિનાશ કરવોજ ઇષ્ટ છે એવાં અસત્યોને માટે
મન્યુનો પણ અનુભવ થવો જોઈએ—તેને દૂર કરવાને મનમાં
તીવ્ર ઇચ્છા જાગવી જોઈએ. આપણે જે જે તપ કરીએ તે
માત્ર પોતાની વાણીને તીક્ષ્ણ કરવાને માટેજ નહિ પણ
વિરોધીઓનાં હૃદય જીતી લેવાની યોગ્યતા મેળવવાને માટે
પણ તપ કરવાની જરૂર રહે છે. સારાંશ એ થયો કે, આ-
પણાં શુદ્ધ થએલાં હૃદયમાં અશુભ માત્રને દૂર કરવાની તીવ્ર
ઇચ્છા કરતાં કરતાં તપનું અનુષ્ઠાન કરવું જોઈએ.

આપણે જે કાંઈ કરવાનું છે તે તો તપજ કરવાનું
છે. આ વાણીરૂપી શસ્ત્ર પકડવાને માટે "ખૂબ વાચાળ
થવું જોઈએ" આવો અર્થ તો કોઈ નહિજ કરે. વાણીને
અસ્ત્ર બનાવવાને માટે પ્રથમ વાણીનો સંયમજ કરવો જો-
ઈએ. એ વિષે તો શરૂઆતથીજ ભાર મૂકીને કહ્યું છે. એટલા
માટે વાચાળપણાની ટેવને તો પહેલેથીજ છોડી દેવાની છે.



મંત્ર ૧૦ મો

વૈતહવ્યોનો નાશ

ये सहस्रमराजन्नासन् दशशता उत ।
ते ब्राह्मणस्य गां जग्ध्वा वैतहव्याः परा भवन् ॥

(ये सहस्रं अराजन्) જે હજારો ઉપર રાજ્ય કરતા હતા (उतदशशताः आसन्) જેમની પોતાની સંખ્યા સેંકડો જેટલી હતી (ते वैतहव्याः) તે વીતહવ્ય લોકો રાષ્ટ્રયજ્ઞમાં વાપરવા પ્રજાએ આપેલા કરરૂપી હવિને ખાઈ જનારા સરકારના અમલદારો [ब्राह्मणस्य गां जग्ध्वा] બ્રાહ્મણની વાણીને ખાઇ જવાના અપરાધને લીધે [पराभवन्] હારી ગયા-તેઓ પણ તેમના રાજા અથવા સરકારની સાથે માર્યા ગયા.

'વૈતહવ્ય' શબ્દનો અર્થ પ્રારંભિક વિવેચનમાં ખુલાસાવાર સમજાવ્યો છે. 'શત' અને 'સહસ્ર' એટલે બરાબર સો કે હજાર નહિ પણ 'મોટી સંખ્યાવાળા' એવોજ કરવાનો છે. વેદના શબ્દકોશ 'નિઘંટુ'માં એ શબ્દોનો અર્થ 'ઘણા' એવોજ કર્યો છે. એટલા માટે આ શબ્દોમાં અમુક મુકરર કરેલી સંખ્યાનો ભાવ લેવાનો નથી; પણ એનું તાત્પર્ય એટલુંજ છે કે, આ વૈતહવ્યો-ધનલોભી રાજા અથવા સરકારને મદદ કરનારા બીજા સેંકડો અમલદારો ઘણી મોટી સંખ્યાવાળી પ્રજા ઉપર પોતાની સત્તાનો કોરડો

ચલાવતા હતા અને એવા અમલદારોની સંખ્યા પણ ઘણી મોટી હતી. તેઓ રાજ્યના કરને પોતાનાજ ઉપભોગમાં વાપરી ખાવાને વાસ્તે ઉધરાવતા હતા; એટલે રાષ્ટ્રયજ્ઞના હવિને રાષ્ટ્રયજ્ઞમાં વાપરવાને બદલે-કર ભરનાર પ્રજાના હિતમાં વાપરવાને બદલે-પોતેજ ખાઇ જતા હતા તેથી રાષ્ટ્રયજ્ઞના હવિને ખાઈ જવાના ભારે પાપને લીધે અંતે તેઓ માર્યા ગયા.

ધનલોભી રાજા અથવા સરકારની જ્યારે એટલી હદ સુધી અવનતિ થઇ ગઇ કે રાષ્ટ્રયજ્ઞના હવિને ખાઇ જતાં પણ તેમને કશી શંકા કે લજ્જા ન રહી, ત્યારે દેશના બ્રાહ્મણવર્ગથી દેશમાં ચાલી રહેલી ધોળા દહાડાની લુંટ સહન થઇ શકી નહિ, તેથી તેમણે આ પાપની વિરુદ્ધ પોકાર કરવા માંડયો. ત્યારે પેલા વૈતહવ્યોએ તેમની વાણીનેજ બંધ કરી બ્રાહ્મણની નિર્દોષ વાણીરૂપી ગાયનીજ હત્યા કરી. આ પાપને લીધે તેઓ બધા માર્યા ગયા.

હવે ઉપર કહેલા પાપને લીધે વૈતહવ્યોનો નાશ કેવી રીતે થાય છે તે વાચકો બરાબર સમજી તો ગયાજ હશે. આ નાશની વિગત હવે પછીના બે મંત્રોમાં ખુલાસાવાર આપેલી છે તેથી અમારા પોતાના શબ્દો કરતાં ખુદ વેદના શબ્દોમાંજ વાચક સાંભળે એ વધારે ઇચ્છવાજોગ છે.





મંત્ર ૧૧ મો.

બ્રાહ્મણની વાણી મરતી મરતી તેમને તો મારતી જાય છે.

गौरेव तान् हन्यमाना वैतहव्याँ अवातिरत् ।
ये केसरप्राबन्धायाश्चरमाजामपेचिरन् ॥

(ये) જે વૈતહવ્ય લોકો (केसरप्राबन्धायाः) સંસારમાં સુખનો ફેલાવો કરવા માટે જેને બંધનરહિત રાખવી જોઈએ તે વાણીની (चरमाजां) છેલ્લામાં છેલ્લી ચેતવણીને પણ (अपेचिरन्) પચાવી જાય છે–અર્થાત્ તેને ગણકારતા નથી (तान् वैतहव्यान्) તે વૈતહવ્યોને (हन्यमाना गौः एव) મરતી મરતી બ્રાહ્મણની વાણીએજ (अवातिरत्) હરાવી દીધા છે.

બ્રાહ્મણનો સ્વભાવજ એવો છે કે પોતાની વાણીરૂપી તપોમય અને અમોઘ અસ્ત્રનો ઉપયોગ કરતાં પહેલાં પોતાના વિરોધીઓને ફરી ફરીને ચેતવણી આપીને સાવધાન કરવા. લડાઈ શરૂ કરતાં પણ, તેમના ઉપર પોતાનું શસ્ત્ર અજમાવતા પહેલાં પણ, તેમને તેઓ એક વાર ફરીથી ચેતવણી આપે છે કે વખતે તેઓ તેમની શિખામણ સાંભળે અને પોતાની નીતિ બદલે. આ છેલ્લી ચેતવણી× (चरमाजा)

---

* चरमा=अन्तिमा=છેલ્લી. अजा=अजनम् चेष्टनम् । 'અજા' નો અર્થ યાસ્ક મુનિ अजनम् એટલે ચેષ્ટા, પ્રયત્ન એવો કરે છે. પણ પશ્ચિમના પંડિતોને તો अज એટલે બકરા સિવાય બીજું સૂઝતુંજ નથી. (મૂળલેખક)

ને પણ જ્યારે તે મદોન્મત્ત રાજા અને તેના સભાસદો સ્વીકારતા નથી ત્યારે તેમના ઉપર પેલા અમોઘ શસ્ત્રનો પ્રહાર થાય છે, અને તેની આણમાંથી નમ્યા વગર તેમનો આપનો પણ છૂટકો થતો નથી. ગમે કેટલોય જે રાજા પોતાના અભિમાનમાં તલ્લીન થઈને પ્રભુને કયા હિસાબ-માં લેખવતો ન હતો તેને આજે પ્રભુની આણને નમવું પડે છે અને તે જે કહે તે હાજી હા કરવું પડે છે. તેણે પોતાની તરફથી તો પ્રભુની વાણીને મારી ફરીને ફૂંકી નાખી હોય છે તેથી પહેલાં તો તે પ્રભુની (પરમાત્મા) છેલ્લી ચેતવણીને સ્વીકારતો પણ નથી. પરંતુ પાછળથી હાર ખાઈને આખરે તેને પ્રભુના કથનનો અક્ષરે અક્ષર કબૂલ રાખવો પડે છે. એ રીતે પ્રભુવાણી મરતાં મરતાં વૈતહવ્યને તો નમાવે છે.

જો તેણે પ્રભુની છેલ્લી ચેતવણી કાને ધરી હોત તો વધારે સારૂં થાત; પણ જેને સત્તાનો મદ ચડ્યો હોય તે તેની કિંમત સમજેજ કેવી રીતે? એ વાણી તો * કેસરપ્રાયન્ત્યા સર્વના સુખને માટેજ પ્રવૃત્તિ કરતી હોય છે તેથી તેને કદી બંધનમાં રખાયજ નહિ, તે કદી પરાધીન થાયજ નહિ અને કોઈ તેમ કરવા જાય તો તેના હમણાં કહ્યા તેવાજ હાલ થાય.

---

* "केसरप्रायन्त्याः" એ એક સ્ત્રીલિંગી શબ્દનું છઠ્ઠી વિભક્તિનુ રૂપ છે અને તે સ્પષ્ટ રીતે વાણીનુંજ વિશેષણ છે. કે सुखे सुखनिमित्तं सराय सरणाय प्रकर्षेण अयन्धा बन्धन-रहिता। (મૂળલેખક)

(આ સંસ્કૃત વાક્યનો અર્થ ઉપર આવી ગયો છે.)

સંહારીને વૈતહવ્ય રાજા પોતાના અહંકારના પાપની પૂર્ણાહુતિ કરે છે. એવા રાજાઓ ભલેને સેંકડો હોય તોપણ શું થયું? પૃથ્વી તેમનો ભાર સહન કરતી નથી. પૃથ્વીજ તેમનાં સિંહાસનને ફગાવી દે છે. પ્રજાની અંદર એક જબરદસ્ત ક્રાન્તિ ફાટી નીકળે છે. વૈતહવ્યોનું બહારનું બળ તો એટલું બધું પ્રબળ હોય છે કે તેમની હાર થશે એવો સંભવ પણ દેખાતો નથી, કોઈના મનમાં સંદેહ પણ આવતો નથી; પણ બ્રાહ્મણના મહાન તપની આગળ જોતજોતામાં તેની હાર થઈ જાય છે ત્યારે આટલી મોટી પ્રબળ રાજસત્તા કેવી રીતે હારી ગઈ તે જોઈને સાધારણ લોકોને તો આશ્ચર્ય પેદા થાય છે. આ ભાવ પ્રકટ કરવાના હેતુથી 'અસંભવ્યમ્' શબ્દ વાપર્યો છે.





મંત્ર ૧૩ મો

દેવપીયુ અને દેવબન્ધુ

देवपीयुश्चरति मर्त्येषु, गरगीर्णो भवत्यस्थिभूयान् ।
यो ब्राह्मणं देवबन्धुं हिनस्ति, न स पितृयाणमप्येति लोकम् ॥

(देवपीयुः) દૈવી ભાવનો દ્વેષ કરનારા મનુષ્ય (मर्त्येषु गरगीर्णः चरति अस्थिभूयान् भवति) સંસારમાં ઝેર પીનાર મનુષ્યની માફક ફરે છે અને ઝેર ખાનારની માફકજ તેના શરીરમાં માત્ર હાડકાંજ રહે છે. (यः) એવો દેવપીયુ મનુષ્ય (देवबन्धु ब्राह्मणं हिनस्ति) દૈવી ભાવને પોષનારા બ્રાહ્મણની હિંસા કરે છે. (सः पितृयाणं लोके अपि न एति) તેને પિતૃયાન લોકની પણ પ્રાપ્તિ થતી નથી.

બ્રાહ્મણ દેવબન્ધુ છે અને પ્રજાદ્રોહી રાજા દેવપીયુ હોય છે. આવો બ્રાહ્મણ, જેની કુમકે દેવતાઓની શક્તિ છે તે પેલા દેવપીયુ રાજાને સહજમાં હરાવી નાખે એમાં આશ્ચર્ય પણ શું? દેવોની સાથે બાખડી બાંધીને આ જગતમાં કોણ જીવતો રહ્યો છે? બ્રાહ્મણ દેવબન્ધુ હોવાથી તેનું હૃદય દેવપ્રેરિત બન્યું છે; તેથી તેના હૃદયમાં મહાન્ દૈવી શકિત સ્ફુરી રહી છે, અને એ શકિત આઠમા મંત્રમાં કહ્યા મુજબ તેની વાણીમાં અપાર શક્તિ રેડી રહી છે. બીજી બાજુએ દેવપીયુ રાજાના હૃદયમાં તો ઈંદ્રેજ હોળી સળગાવી હોય છે. (જુઓ મંત્ર ૫મો) તો પછી દેવબંધુની

જિત ન થાય તો બીજું શું થાય? દેવબન્ધુની સાથે લડાઇમાં ઉતરવાથી દેવપીયુના શા શા હાલહવાલ થાય છે તેનું આ મંત્રમાં વર્ણન કર્યું છે.

સંસારમાં મનુષ્યોની ગતિના બે પ્રસિદ્ધ માર્ગ છેઃ (૧) દેવયાન (૨) પિતૃયાન. વૈદિક સાહિત્યમાં આ બેઉ માર્ગનાં ઘણી જગ્યાએ વર્ણન કર્યાં છે. તેનો મર્મ સમજી લેવાને માટે વાચકને નીચે આપેલું કોઇક લક્ષપૂર્વક વાંચી જવાની ભલામણ કરીએ છીએ.

દેવયાન	પિતૃયાન
૧ અપવર્ગ આધ્યાત્મિક ઉન્નતિ	ભોગ ભૌતિક ઉન્નતિ
૨ બ્રહ્મચર્ય દ્વારા આત્મતેજની વૃદ્ધિ કરવી	સંયમપૂર્વક સંતાનોત્પત્તિ કરવી
૩ ઉંડાણ	વિસ્તાર

આ બેઉ માર્ગ ઘણાજ સ્વાભાવિક છે. પિતૃયાનના કરતાં દેવયાન માર્ગ ઉંચા પ્રકારનો તો છે છતાં પિતૃયાન પણ સ્વાભાવિક માર્ગ છે. જીવનો સ્વભાવ ભોગ તરફ વળવાનો હોય છે. પછી તેને જેમ જેમ ભોગના તુચ્છપણાનો અનુભવ થવા લાગે છે, તેમ તેમ તે કુદરતી રીતે અપવર્ગ તરફ વળતો જાય છે. આ મંત્રમાં તો એવું કહ્યું છે કે દેવપીયુને પિતૃયાન લોકની પણ પ્રાપ્તિ થતી નથી. એનું તાત્પર્ય એ કે, તેની આધ્યાત્મિક ઉન્નતિની વાત તો એક બાજુએ રહી, પણ સાંસારિક ઉપભોગ પણ તેનાથી સ્વાભાવિક રીતે ભોગવાતા નથી. તે ભોગ ભોગવવામાં એટલો આસક્ત બની જાય છે કે દાખલા તરીકે ભોજનનો વિચાર કરીએ તો તે ભોજનના સામાન્ય નિયમો પણ નથી સાચવી શકતો. તેથી કરીને તેનું ભોજન ભોજન નહિ પણ એક પ્રકારનું વિષ બની જાય છે. એને પરિણામે તેની

શારીરિક ઉન્નતિ પણ થતી નથી. આ ભાવને પ્રકટ કરવાના હેતુથી 'अस्थि भूयान्' પદનો ઉપયોગ કર્યો છે. તેણે ખાધેલો ખોરાક તેને પોષણ આપવાને બદલે ઝેર જેવો થઈ ગયો હોય છે તેથી કરીને તેના શરીરનું સત્ત્વ, શ્રેષ્ઠ ભાગ દહાડે દહાડે ક્ષીણ થાય છે. નવાં માંસમજ્જાને વીર્ય તો બનેજ નહિ અને જે હોય તે પણ સૂકાતાં જાય એટલે બાકી રહે એકલાં હાડકાં. શરીર સૂકાઇને આખરે હાડપિંજર જેવું થઈ જાય. પાશ્ચાત્ય સભ્યતાનું આંધ અનુકરણ કરનાર જાપાનની પ્રજાને ભારતનો સંદેશો સંભળાવતાં રવીન્દ્રનાથ ટાગોરે બરાબર આવીજ ઉપમા આપી હતી. તેમણે જાપાનના લોકોને કહ્યું હતું કે, પોતાની જાતીય સંસ્કૃતિ, માનવતા, ન્યાય, ધર્મ વગેરે અગત્યની વસ્તુઓને ભોગે એકલા ધનના ઢગલા કરવાથી દેશ નિર્જીવ અને હાડપિંજરોના ઢગલા જેવો બની જાય છે. જેમ કોઈ પોતાના શરીરનાં રસ, રુધિર, વીર્ય, ઓજસ્ વગેરેનો નાશ કરીને એકલાં હાડકાંજ વધાર્યા કરે તેવુંજ પરિણામ આખા દેશના સંબંધમાં આવે છે. દેવપીયુની પણ આવીજ દુર્દશા થાય છે.

તેની આવી દુર્દશા થવાનું કારણ એ છે કે, તેણે દેવોની હિંસા કરી હતી, દેવોના નિયમોનો ભંગ કર્યો હતો, તેમનો સક્રિય વિરોધ કરવા તે તૈયાર થઈ ગયો હતો. આ વાત ભાર દઈને જણાવવાને માટે મંત્રમાં "देव-बन्धुं ब्राह्मणं हिनस्ति" એવું વાક્ય મૂક્યું છે. જો તે રાજામાં દેવયાનના માર્ગ ઉપર ચાલવાનું બળ ન હોત તો ઝાઝી હરકત ન હતી. તે પિતૃયાણ માર્ગ ઉપર ચાલી શકત. પરંતુ અહીં તો તે દેવયાનનો ચોખ્ખો વિરોધ કરે છે, દૈવી સંપત્તિને ધારણ કરવાનું તેનાથી ન બને તોપણ ચાલે; પણ એટલેથીજ ન અટકતાં જે દેવહિંસક (દેવપીયુ) બને છે તેને માટે તો પિતૃયાનનો બીજા નંબરનો માર્ગ

પણ બંધ થઈ જાય છે. તેને ભોગ ભોગવવાની ઈચ્છા હોય તો ભલે ભોગવે, પણ ભોગ ભોગવવા માટે દૈવી નિયમોનો ભંગ ન થાય એટલી કાળજી તો તેણે રાખવીજ જોઈએ. મતલબ કે, ભોગવાસનાથી અંધ બની જઈને પોતે દેવબન્ધુને ઠેકાણે દેવપીયુ ન બની જાય એટલી સાવચેતી તો રાખવીજ જોઈતી હતી. દેવબન્ધુ અને દેવપીયુ, એ બેની વચ્ચેની એક ત્રીજી અવસ્થાની આપણે કલ્પના કરી શકીએ છીએ, જે અવસ્થા દેવપીયુની પણ નહિ અને દેવબન્ધુની પણ ન હોય એવી છે. તેને આપણે "પિતૃબન્ધુ" એવું નામ આપીએ તોપણ ચાલે. આ ત્રણે અવસ્થાનાં લક્ષણ આપણે બરાબર સમજી લેવાં જોઈએ.

દેવોએ આ જગતના વ્યવહારને માટે સ્થાપેલા સત્ય નિયમો જેને વેદમાં "ઋત" એવું નામ આપ્યું છે તેનું યથાવત્ સંપૂર્ણ પાલન કરનાર દેવબન્ધુ કહેવાય. એ નિયમોનું પાલન કરતો કરતો તે દેવયાન માર્ગ તરફ વળે છે.

દેવોએ રચેલા આ નિયમોનું ઉલ્લંઘન ન કરતાં પોતાના આચરણને પિતૃલોકના નિયમોની મર્યાદામાં બાંધી રાખીને જે પોતાના વ્યવહાર કર્યે જાય છે તે પિતૃયાન માર્ગ ઉપર ચાલવાનો અધિકારી થાય છે.

પણ જે દેવોના નિયમોનો ભંગ કરીને પિતૃયાન માર્ગ તરફ વળવાની મનમાં ઉમેદ રાખે છે તે તો ચોખ્ખો દેવપીયુ બને છે અને તેને માટે પિતૃયાનનો માર્ગ પણ રહેતો નથી.

આ તો બધું દેવપીયુની દુર્દશાનું વર્ણન થયું. હવે એથી વિપરીત આચરણ કરનારા જેઓ દેવબન્ધુ કહેવાય છે તેઓ કેવી સુંદર અવસ્થા ભોગવે છે, તેનું વર્ણન આના પછીના મંત્રમાં આપ્યું છે.

મંત્ર ૧૪ મો

સતાવાયેલો બ્રાહ્મણ કેવી અવસ્થામાં રહે છે?

अग्निर्वै नः पदवायः सोमो दायाद उच्यते ।
हन्ताभिशस्तेन्द्रस्तथा तद् वेधसो विदुः ॥

(अग्निः वै नः पदवायः) અગ્નિસ્વરૂપ પરમાત્મા અમને નિશ્ચયપૂર્વક આગળ ને આગળ દોરતા રહીને અમારા ×માર્ગદર્શક થાય છે; (सोमः दायादः उच्यते) સોમરૂપી પરમાત્મા અમારો દાયાદ છે; ('દાયાદ' શબ્દનો અર્થ છઠ્ઠા મંત્રમાં વિસ્તારથી બતાવ્યો છે.) (इन्द्रः अभिशस्ता हन्ता) જેઓ અમારી હિંસા કરવા આવે છે તેમનાથી ઇન્દ્ર અમારૂં રક્ષણ કરે છે; (तत् तथा वेधसः विदुः) જ્ઞાનયુક્ત બ્રાહ્મણો બરાબર આવીજ અવસ્થાનો અનુભવ કરે છે.

દેવબન્ધુ બ્રાહ્મણો રાજાની આટલી બધી ભારે શક્તિને જુએ છે છતાં તેઓ શા માટે તેનાથી ભય પામતા નથી? તેમના માથા ઉપર ભયંકરમાં ભયંકર દુઃખોની ઝડીઓ વરસે તોપણ તેઓ શા કારણથી હિંમત હારી જતા નથી? શા માટે તેઓ દુઃખ, જુલમ, ગરીબાઇ, કેદખાનાનો ત્રાસ અને ફાંસીના લાકડાને પણ નોતરતા હશે? આ બધા પ્રશ્નોનો ઉત્તર આ મંત્રમાં આવ્યો છે. દેવબન્ધુ બ્રાહ્મણ તો પોતાની ઉઘાડી આંખે જોઈ શકે છે કે પરમાત્મા અગ્નિ, ઇન્દ્ર અને સોમ એ* ત્રણે દેવતાઓરૂપે તેને બધો વખત બળ અને મદદ આપ્યાજ કરે છે.

અંતમાં અમારી એટલી પ્રાર્થના છે કે આવી શ્રદ્ધાનો કાંઇક અંશ ભગવાન આપણને પણ આપો!

× 'पदवायः' શબ્દની વ્યાખ્યા નીચે પ્રમાણે છેઃ—

पदं ज्ञातव्यस्थानं वाययति गमयतीति पदवायः ।

* આ ત્રણે દેવતાઓના કાર્યનું છઠ્ઠા મંત્રમાં વિસ્તારથી વિવેચન કર્યું છે. (મૂળલેખક)



૧૫—ઉપસંહાર

इषुरिव दिग्धा नृपते पृदाकूरिव गोपते ।
सा ब्राह्मणस्येषुर्घोरा तया विध्यति पीयतः ॥


(नृपते) હે મનુષ્યોનું રક્ષણ કરનાર રાજા! (दिग्धा इषुः इव) બ્રાહ્મણની વાણી ઝેર પાએલાં તીરની ગરજ સારે છે. (गोपते) ગૌના વાણીરૂપી ગાયના-રક્ષક રાજા! (पृदाकूः इव) બ્રાહ્મણની વાણી નાગણ બની જાય છે. सा ब्राह्मणस्य घोरा इषुः तया पीयतः विध्यति) બ્રાહ્મણની વાણી એ તો તેનું ભયંકર હથિયાર છે. તેના વડે તેઓ દેવોની હિંસા કરનારને વીંધી નાખે છે.

સૂક્તનો (ઉપસંહાર કરતાં વેદ રાજાને 'नृपते' અને 'गोपते' એવાં બે વિશેષણ વડે સંબોધન કરે છે. સાચા અર્થમાં નૃપતિ એટલે મનુષ્યોના રક્ષક થવું એ રાજાનો ધર્મ છે. વળી ગોપતિ થવાને માટેજ-નિર્દોષ ગૌનું પાલન કરવાને માટેજ-દેવોએ તેને રાજા બનાવ્યો છે. પૃથ્વી, ગાય અને વાણી-ખાસ કરીને બ્રાહ્મણની વાણી-એ બધી 'ગૌ'-ઓના (જુઓ પ્રારંભિક વિવેચન) રક્ષણને માટે તથા બીજી જે જે વસ્તુઓ રક્ષણ કરવા યોગ્ય છે તેમના સર્વના રક્ષણને માટે રાજાની જરૂર પડે છે. કોઇ કોઇ વાર રાજા ખોટાપણે પ્રજાની પણ હિંસા કરે છે. (મંત્ર ૧૨ મો) વળી

કોઈ વાર બ્રાહ્મણની વાણીરૂપી 'ગૌ'ની હિંસા કરે છે. (મંત્ર ૨. ૧૦) તેથી કરીને એવા રાજાને નૃપતે અને ગોપતે એવાં સંબોધન કરીને એક વાર ફરીથી સાવધાન કરવાનો આ છેલ્લા મંત્રનો ઉદ્દેશ છે.

આ રીતે બ્રાહ્મણની વાણીરૂપી 'ગૌ'નું વર્ણન પૂરૂં થાય છે.

આવી બ્રાહ્મણની વાણી જો કે સદા મંગલરૂપા અને કલ્યાણ કરનારીજ છે તોપણ પ્રસંગવશાત્ ઝેરમાં બોળેલાં તીરનું કામ પણ કરે છે; કોઈ કોઈ વાર છંછેડાએલી ભયંકર નાગણ પણ બની જાય છે. એવી ચમત્કારી બ્રાહ્મણની 'ગૌ' અસુર લોકોનો સંહાર કરવાને માટે અમોઘ દિવ્ય ધનુષ્યના રૂપમાં પણ ચમકવા લાગે છે. પણ તે બધું છતાં જે સ્વભાવે કરીને સદાય શિવરૂપા અને અભયદાયિની છે તે બ્રાહ્મણની ગૌને આપણા પુનઃ પુનઃ પ્રણામ હો.



हृदयतरंगनी टिप्पणी

['હૃદયતરંગ' પુસ્તકમાંના કેટલાક શબ્દો અથવા વાક્યોના અર્થ વધારે સ્પષ્ટ કરવાના હેતુથી થોડુંક વિશેષ વિવેચન કરવાની અમને જરૂર જણાય છે. આશા છે કે વાચકોને આ ઉપયોગી જણાશે. દરેક ટિપ્પણની આગળ બે આંક આપ્યા છે તેમાંનો પહેલો આંક તરંગની સંખ્યાનો છે, અને બીજો તરંગના પેટાભાગનો છે. એવા દરેક પેટા ભાગ આગળ × × આવી ફૂદડીની નિશાની કરેલી છે.]

૧–૩ એકવીસ હજાર અને છસો...રાતદિવસ મળીને પ્રત્યેક માણસ કુલ ૨૧૬૦૦ વાર શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે એવી ગણત્રી છે. આ હિસાબ પ્રમાણે તંદુરસ્ત માણસ એક મિનિટમાં પંદર વાર શ્વાસ લે છે.

૩–૩ यच्च काम...कलाम् 'संतोषादनुत्तमसुखलाभः ।' પાતંજલ યોગસૂત્રમાંના આ સૂત્ર (૨–૪૨) ઉપર વિવેચન કરવા માટે ઉપરનો એકજ શ્લોક વ્યાસને પૂરતો લાગ્યો છે. આ શ્લોકની મતલબ એવી છે કે 'સંસારમાં કામના જે જે સુખ શક્ય છે અને એથીએ ઘણા ઉંચા પ્રકારનાં દિવ્ય સુખ દેવતાઓ ભોગવે છે તે બધાનો સરવાળો પણ તૃષ્ણાનો ક્ષય કર્યાથી થતાં સુખના સોળમા ભાગ જેટલો પણ નથી.

૪–૧ આ વિભાગમાં કાવ્ય અને ક્ષણિક વૈરાગ્યની અવસ્થાનું વર્ણન છે.

૫–૪ પિંડારા નામની એક કન્યાએ. આ પ્રાચીન ગ્રીક દંતકથા હૉથૉર્નની 'વન્ડરબૂક'મા વિસ્તારથી આપેલી છે.

૫–૭ દેખાવમાં સુંદર અને મનોહર લાગતી તે પેટી... અસલ કથામા પિંડારાની પેટીનું વર્ણન બરાબર આવુંજ છે.

૫–૧૩ સકંચામાં ઘલાવીને પીસાવે...ઉકળતા તેલમાં તળાવે ઇ૦ આવી જાતની બધીજ સજાઓ અસલના જુલમી રાજાઓ કરતા હતા એવી હકીકતો મળી આવે છે.

૫–૧૬ પેલા બંગાળી જુવાનનું...ખુદીરામ બોઝનું.

૫–૧૬ દયાનંદની મુખકાન્તિ...સ્વામી દયાનંદની જીવન-કથાના લેખક પંડિત ગુરુદત્ત દયાનંદના અવસાનસમયનું વર્ણન

કરતાં લખે છે કે તેમની કાન્તિ છેલ્લી ઘડીએ એટલી પ્રસન્ન થઇ ગઇ હતી કે જેવી ઘણા સમયથી વિખૂટા પડેલા કોઇ પરમ મિત્રનો મેળાપ થતાં સ્વાભાવિક રીતે મોઢા ઉપર આનંદથી ચમકે છે તેવી.

૫–૧૬ કાળા પાડા ઉપર સ્વારી કરનાર...પુરાણોમાં યમના સ્વરૂપનું બરાબર આવુંજ વર્ણન છે.

૫–૧૭ પ્રકાશ સુધા...સંસ્કૃતમાં 'સુધા' શબ્દના અનેક અર્થ પૈકી એક અર્થ ભીંત ધોળવામાં વપરાતો ચૂનો, સફેદો એવો પણ થાય છે અને આ પંક્તિમાં એજ અર્થમાં વપરાયો છે.

૬–૨ અપમાનામૃતની...તૃષ્ણા રાખવી.

अमृतस्यैव यौकांक्षेदपमानस्य सर्वदा । (મનુસ્મૃતિ ૨–૧૬૨)

૬–૪ કનક કામિની...રામકૃષ્ણ પરમહંસના આ જાણીતા શબ્દો છે. શાસ્ત્રોમાં જે ત્રણ એષણાઓ બતાવી છે તેમાંની પુત્રૈષણા એ 'કામિની'નું અને વિત્તૈષણા એ 'કનક'નુંજ નામાંતર છે. ત્રીજી એષણા જેને શાસ્ત્રમાં લોકૈષણા કહી છે તેનું બીજું નામ પ્રતિષ્ઠા અથવા યશની ઇચ્છા છે. સંન્યાસી આ ત્રણે એષણાઓને તજી દે છે.

૬–૬ 'अचलप्रतिष्ठ' જુઓ ગીતા અધ્યાય ૨, શ્લોક ૭૦.

૬–૮ કાદવવાળું પાણી...ઈશ્વિર તરફથી પ્રાપ્ત થએલી પ્રતિષ્ઠાને જો આપણે દિવ્ય વૃષ્ટિ કહીએ તો પછી માણસે આપેલી પ્રતિષ્ઠાને કાદવવાળા પાણી સાથેજ સરખાવાય ને ?

૭–૧ સત્યના મહાવ્રતનું...એના સંબંધમાં જુઓ યોગદર્શન ૨–૩૧.

૭–૧ ભારે પ્રલોભનની પળ...સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરતા પહેલાં લગભગ દરેકે દરેક સંત મહાત્માને જે પ્રલોભનની અવસ્થામાંથી પસાર થવું પડયું છે તેનું આ પેરામાં સૂચન છે.

૭–૨ મારી એક 'કોઠી' સ્થપાય એટલીજ...અંગ્રેજ વેપારીઓએ તેમના કામની શરૂઆત સુરતમાં પહેલવહેલી એક 'કોઠી' સ્થાપીનેજ કરી હતી. કોઠી એટલે માલની વખાર અને ઓફિસ.

૭–૪ મહાયુદ્ધ...દાખલા તરીકે મહાભારતનું યુદ્ધ. એનું ... તો સામાન્ય બોલાચાલીમાંથીજ થયું હતું.

૭–૫ તેના શાહેનશાહનો...નેપોલિયનનો.

૮–૨ સત્વ, રજ, તમ—જુઓ ગીતા અધ્યાય ૧૪,

ગીતા ૧૩.૧૮.૮.

૮-૨ 'ક્રોધ, ઝઘડા અને જુસ્સો.' — [illegible] કે [illegible] પામો, [illegible] કરો [illegible] [illegible]. [illegible] અને આનંદનો નાશ કરો.

૯-૨ વિભૂતિઓ—એને માટે જુઓ વેદાંતદર્શન. પાદ ૩.

૯-૩ અધ્યાસ—એને માટે જુઓ વેદાંતદર્શન ૧-૧૮,૧૪ અને ગીતા, ૧-૩૫.

૧૦-૧ તમારે આદેશ કરે છે—પ્રકૃતિ પુરુષને આદેશ છે. જુઓ સાંખ્યકારિકા ૫૧ થી ૬૦.

૧૦-૨ તારા હૃદયમાં ભગવાન પોતેજ બિરાજે છે.

'हृदि ह्येष आत्मा।' પ્રશ્નોપનિષદ ૩-૬, ૧-૨ ગીતા, ૧૮-૬૧.

૧૦-૩ ઓ અમૃતના સંતાન! 'शृण्वन्तु सर्वे अमृतस्य पुत्राः'। વેદ.

૧૦-૩ તે આનન્દમાંથી ઉત્પન્ન થઈ છે......લીન થઇ જવાની છે. એને માટે જુઓ તૈત્તિરીય ઉપનિષદની ભૃગુવલ્લી, ૬-૧.

૧૧-૭ આ લેખમા અગ્નિ તે દુ:ખ અને કામનાઓને કહ્યો છે; કારણ કે પરિણામે બેઉ એકજ પદાર્થ છે. કામનાની અંદર 'ઇચ્છા, વિપરીતેચ્છા, કામના, કલ્પનાના કામક્રોધ વગેરે આવેગ' એ બધાંનો સમાવેશ થાય છે.

૧૧-૨ પહેલુંજ સત્ય......"સંસારમાં દુ:ખ છે."

૧૧-૨ યોગશાસ્ત્ર......યોગદર્શનના સાધનપાદનું ૧૫ મું સૂત્ર જોવું.

૧૧-૨ 'ई जग जरत्ये......आगि.' જુઓ કબીરની બીજકની સાખીઓ. એના પછીની પંક્તિનું વિવેચન આના પછીના વિભાગમાં કર્યું છે.

૧૧-૪ 'कृष्णवर्त्मा' અર્થાત્ અગ્નિ. અગ્નિ કૃષ્ણવર્ત્મા કહેવાય છે; કારણકે તે પોતાની પાછળ કાળો અવશેષ મૂકતો જાય છે. આ વાંચીને મનુનો નીચે મુજબનો આદેશ યાદ આવે છે:—

न जातु कामः कामानामुपभोगेन शाम्यति।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

૧૧-૫. વૈશ્વાનર અગ્નિ—જુઓ ગીતા, ૧૫-૧૪.

૧૧-૬ આધુનિક સભ્યતાનો સિદ્ધાન્ત......આ પેરેગ્રાફમાં જે સિદ્ધાન્તનું વર્ણન છે તેને ઓળખાવનારાં બે પ્રસિદ્ધ વચનો છેઃ- (૧) આપણા જીવનનું ધોરણ (સ્ટેન્ડર્ડ ઑફ લાઇફ) ઉંચુ ને ઉંચું કરતા જાઓ. (૨) નેસેસીટી ઇઝ ધી મધર ઑફ ઇન્વેન્શન. જેમ જેમ લોકોને જરૂર પડતી જશે તેમ તેમ શોધખોળ થતી જશે.

૧૧-૮ કપિલ મુનિના 'શાસન'ના પ્રદેશમાં......તાત્પર્ય એ કે સાંખ્યશાસ્ત્ર વાંચો. શાસ્ત્રો શાસન અથવા અનુશાસન કરે છે; માટેજ તે શાસ્ત્ર કહેવાય છે.

૧૧-૯ ત્રણ પ્રકારના અગ્નિમાં......આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક. જુઓ, સાંખ્ય ૧ કારિકા.

૧૧-૯ **"ઐકાન્તિક"** અને **"આત્યંતિક"** એને માટે જુઓ સાંખ્યની કારિકા ૧ લી.

૧૧-૯ ચોકકસપણે હોલવી શકે છે......એનું નામ ઐકાન્તિક દુઃખનિવૃત્તિ. ફરીથી બીજી વાર દુઃખ ઉત્પન્ન ન થાય એવી રીતે તેનો સદાને માટે અંત આવી જાય.

૧૧-૯ ઔષધિ—શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે તેનો આવોજ અર્થ થાય છે.

૧૧-૧૧ જેટલી અને જેવી આગ લગાડવા ઇચ્છે... આ વચનમાં ખાલી ચળવળ કરવાનોજ ધંધો લઇ બેઠેલાઓનું સૂચન છે.

૧૧-૧૬ 'અનિકેત' એને માટે જુઓ ગીતા અધ્યાય ૧૨-૧૯.

૧૧-૧૬ અમારે હાથેજ સળગાવેલી...આગ—પોતાનોજ ઉત્પન્ન કરેલો પુત્ર જેમ પ્રિય લાગે છે તેમ.

૧૨-૪ શ્રેયસનો માર્ગ—જુઓ કઠોપનિષદ ૨-૧,૨.

૧૨-૬ 'હિરણ્મય પાત્ર' જુઓ ઇશોપનિષદનો ૧૫મો મંત્ર.

૧૩-૩ ખોળીઆં (કોશ)—અન્નમય, પ્રાણમય વગેરે પાંચ કોશ.

૧૩-૪ પાંચ જાતના તાંતણા—પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ, એ પાંચ તત્ત્વોના પીળો, સફેદ, લાલ, લીલો અને કાળો એવા પાંચ ક્રમવાર રંગના તાંતણા.

૧૩-૪ લાખો પ્રચાર—ચોરાસી લાખ યોનિનું અહીં સૂચન છે.

૧૩-૬ બીજા વિદ્વાનોનો એવો [illegible] છે કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

૧૩-૬ આત્મશક્તિ—[illegible] [illegible] [illegible]...[illegible] [illegible] આત્માને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

૧૩-૭ આપણા શાસ્ત્ર—[illegible]...[illegible] [illegible] [illegible] [illegible] [illegible].

૧૩-૭ 'શ્રાવ્ય' ઉપનિષદોમાં તેઓને માટે [illegible] શબ્દ વાપર્યો છે.

૧૫-૧ પાશ્ચાત્ય દેશોનો એક વિદ્વાન...[illegible].

૧૫-૬ 'पूर्वपापविमुक्त' જુઓ [illegible] ૧-૨૧

૧૬-૮ 'द्राघीयांसमनुपश्येत पन्थाम् ।' એને માટે જુઓ ઋગ્વેદ ૧૦-૧૧૭-૫-૧૬-૧-૨૯,૩૦ અને ગીતા ૨-૬૯.

૧૬-૨ આગલી રાતે પગાંમાં પણી ઊંચ લેવાનો પ્રાકૃતિક ચિકિત્સાશાસ્ત્રનો એકાદ સિદ્ધાંત છે કે આરોગ્ય ઇચ્છનારે આગલી રાતે જેટલું ઊંઘાય તેટલું ઊંઘી લેવું. આધ્યાત્મિક આરોગ્યને માટે પણ એજ નિયમ છે કે રાત્રિના પૂર્વાર્ધમાં જેટલી ઊંઘ લેવાય તેટલી સારી.

૧૬-૩ 'अवसितायधिकार.' જુઓ યોગશાસ્ત્ર.

૧૬-૩ ગુણાતીત—જુઓ ગીતા, અધ્યાય ૧૪, શ્લોક ૨૦-૨૫

૧૬-૩ જીવન સંકોચાતું જાય છે. એને માટે જુઓ કુસુમાંજલિ, સ્તવક ૨, કારિકા ૩.

૧૬-૩ ખૂબ ખાવાથી આયુષ્યનો નાશ થાય છે. આ વચન [illegible] મનુનું છે.

૧૭-૩ આ પ્રમાણે ન્યૂટન પોતાને વિષે કહે છે.

૧૭-૮ 'अनेक जन्मसंसिद्धिः' જુઓ ગીતા, ૬-૪૫

૧૮-૨ 'જીવન'-'અમૃત' આ બેઉ શબ્દો સંસ્કૃતમાં જળ અથવા પાણીના નામ છે.

૧૮-૨ માણસ...બધુંજ જાણી લે છે.—એને માટે જુઓ મુંડક ઉપનિષદ ૧-૩ અને છાંદોગ્ય ઉપનિષદ ૬-૧-૩.

૧૯-૨ ગીતા, ૩-૧૩

૧૯-૨ ઋગ્વેદ ૧૦-૧૧૭-૭

"એમાં સ્ત્રીસમાજની શક્તિ, પવિત્રતા તથા મહત્તા વિષે જેવો પ્રકાશ રામાયેલો છે; તેવો બીજા કોઇ પણ ગ્રંથમાં નથી દેખાતો."

"મેં મારી કોમના કેટલાય વિવાહોમાં કન્યાઓને રામાયણ દહેજમાં આપી છે, કે જેથી તે પતિવ્રત ધર્મ પાળનારી થઇને સ્ત્રી-જાતિની મહત્તા માટે ગર્વ રાખે. આથી જોકે મારી જ્ઞાતિએ તો મને કલંકિત કરવાનું બીડું ઉઠાવેલું; પરંતુ મેં સ્પષ્ટ કહી દીધું કે રામાયણ કંઇ માત્ર હિંદુસમાજનો ગ્રંથ નથી પણ આખી દુનિયાના માણસોની સંપત્તિ છે. × × હાલમાં પશ્ચિમની સભ્યતાએ ભારતીય આદર્શની ભવ્યતાને ટાળવા–ભૂંસવામાં કસર નથી રાખી; અને તેથી આમારી નૈતિક શક્તિ પ્રાયઃ અમાંજ ધર્મકાર્યોને માટે ક્ષીણ થતી ચાલી છે."

સૈયદ કાસીમઅલી સાહિત્યાલંકાર

"આજથી ત્રણસો વર્ષ પહેલાં તુલસીદાસરૂપી મધુપે સંસ્કૃત ભાષાનાં અનેક રામાયણ, પુરાણ, કાવ્ય, ઇતિહાસ, નાટક, સ્મૃતિ, ઉપનિષદ અને સંહિતારૂપી અત્યંત સુંદર ફૂલોનો મધુર રસ એકત્ર કરીને તુલસીકૃત રામાયણરૂપી જે મધ તૈયાર કર્યું હતું તે હજી સુધી આર્ય–હિંદુઓને ઘેરઘેર મોજુદ છે; અને મધ જેમ અનેક શારીરિક વ્યાધિઓ ટાળવામાં ઔષધિઓને સહાય આપે છે, તેમ રામાયણરૂપી મધ અનેક વ્યાધિઓ ટાળવામાં સહાય કરે છે. વળી મધ જેટલું જૂનું થતું ચાલે છે તેટલોજ તેનો સ્વાદ અધિક મધુર થતો જાય છે. (તો આ રામાયણરૂપી મધ તો સાડાત્રણસો વર્ષ જેટલું જૂનું છે; એટલે એની મીઠાશનું તો કહેવુંજ શું ! રામાયણરૂપી મધનું મહત્વ આથી પણ સમજાશે કે) એમાંનો એક માત્ર અયોધ્યાકાંડ રચવામાંજ તેના મધુકર મહર્ષિ તુલસીદાસજીએ દોઢસોથી વધારે સંસ્કૃત ગ્રંથોનો રસ ગ્રહણ કર્યો છે.

"હવે આ પ્રશ્ન સ્વભાવતઃ સામે આવે છે કે, શું સંસ્કૃતના બધા ગ્રંથ તુલસીદાસજીને કંઠસ્થ હતા ? અમે જેટલા પણ ઉંડા ઉતરીએ છીએ તેટલા આ અદ્વિતીય રામાયણની અદ્ભુત પ્રતિભા જોઇને ચકિત થઇએ છીએ. સંસ્કૃતરૂપી નંદનકાનનમાં વિચરણ કરીને તુલસીદાસરૂપી ભ્રમરે સમસ્ત ફૂલોનો રસ એકઠો કરીને જે મધુ-મિષ્ટ અને અતિ હિતાવહ મધ હિંદુ જાતિને દાન કર્યું છે તેની તુલના આ સંસારમાં કોઇ પણ દાન સાથે થઇ શકે નહિ."

પંડિત રામનરેશ ત્રિપાઠી